સંદેશ પ્રકાશન મંદિર   પુસ્તક ૮ મું.

[illegible]

લેખક:

શ્રી. મંજુલાલ સાકરલાલ દેસાઈ

પ્રકાશક:

'સંદેશ લિમિટેડ' વતી

નંદલાલ ચુનીલાલ બોડીવાળા

સોલ એજન્ટ

એન. એમ. ઠક્કરની કું.

બુકસેલર્સ: પબ્લીશર્સ:

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

પ્રથમાવૃત્તિ] મૂલ્ય રૂ. ૪-૦-૦ [સને ૧૯૪૪

પ્રત : ૨૮૦૦

મુદ્રક અને પ્રકાશક
"સંદેશ લિમિટેડ" વતી
નંદલાલ ચુનીલાલ
બોડીવાળા

મુદ્રણસ્થાન
ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ,
માધુભાઈ કોલોની,
અમદાવાદ.

અર્પણ

ભગવતી !

રૂઢીગત સંસ્કારો, વંશાગત માન્યતાઓ અને દેહગત વાસનાઓને પતિના નવતર માર્ગમાં સાથે ભેળવા ફગાવી દીધાં

છતાંએ સ્વત્વ અને વ્યક્તિત્વ જાળવીને જ પતિ સાથે તાદાત્મ્ય સાધ્યું અને એ રીતે

પ્રાચીન આર્યોએ કલ્પેલો દાંપત્યનો આદર્શ વ્યવહારમાં સિદ્ધ કરી બતાવ્યો.

એવાં ગુજરાતનાં પનોતાં પુત્રી

સ્વ. કસ્તુરબા

તમારા ચરણે આ પુસ્તક ધરી ધન્ય થાઉં છું

—મંજુલાલ દેસાઈ

આમુખ

સૌંદર્ય વિવિધરંગી છે. તેને અનેક કલા હોય છે. સત્ય પણ અનેકરંગી હોય છે. તેને અનેક પાસાં હોય છે. આમાં સૌંદર્યની કોઈપણ કલા કે સત્યના કોઈપણ પાસાનું નવતર દર્શન આલેખવું એજ કોઈપણ પુસ્તક લખવાનું કારણ હોવું જોઈએ. પ્રકૃતિ, સમાજ, ભાવના કે પોતાની સંવેદના એમાં કાંઈપણ સુંદર કે કાંઈપણ સત્ય લાધ્યું હોય એજ વાચકવર્ગ આગળ રજુ કરવાનો લેખકનો હેતુ હોવો જોઈએ.

અને બની શકે ત્યાંસુધી લેખક પોતાની વસ્તુની રજુઆત કલાત્મક રીતે કરવી જોઈએ. કલાત્મક એટલે વાચકને રંજન થાય એવી રીતે એટલોજ અર્થ નહિ. કલા રંજનાત્મક તો હોય જ, પણ તે સાથે તે કલ્યાણાત્મક જોઈએ. **કલ્**=ગતિ કરવી, વધતા જવું એ ઉપરથી બન્ને શબ્દો નીકળ્યા છે. આથી વાચકના હૃદયમાં એકલો આનંદ જ નહિ, પણ સહૃદયતા, અનુકંપા અને સાથે પોતાના જીવનમાં સંયમ, શક્તિ કે માનવતા વધારવાનો ઉલ્લાસ પ્રગટે એ રીતે એની આગળ વસ્તુ રજુ થવી જોઈએ.

ટુંકમાં ઉપનિષદ્કારોએ '**सत्यं शिवं सुंदरम्**' એવી માનવજીવનની સર્વોચ્ચ કક્ષા કલ્પી છે. તે કક્ષાએ પહોંચવાની કે પહોંચવાનો પ્રયાસ કરવાની આછીઆછી યે ઇચ્છા પ્રેરે તો જ પુસ્તક, ચિત્ર, શિલ્પ કે સંગીતનું સર્જન સપ્રયોજન ગણાય.

અલબત્ત, ત્રિવિધ ઉપાધિથી પ્રચૂર, જીવનથી થાકેલા, ત્રાસેલા કે કંટાળેલા મનુષ્યના ચિત્તને પોતાના તાત્કાલિન પરિવારોથી દૂર કરી, નવીજ કોઇ દુનિયામાં વિહારાવી, સંસારયાત્રાના શ્રમ ઉતારે કે ભૂલાવે, અને એ રીતે જીવનકલહમાં વધારે ઉત્સાહથી ઝૂઝવાનું બળ આપે એવા કલ્પનામય અને હળવા સાહિત્યને નકામું કહી શકાય નહિ. છતાં એવા સાહિત્યથી

મળતો આનંદ કે વિરામ કેટલો સાત્ત્વિક અને શુદ્ધ છે, તેનાથી ઉપજતી લાગણીઓ કેટલી ઉર્ધ્વગામી કે અધોગામી છે, તેના ઉપર એવા સાહિત્યની કસોટી અંકાવી જોઇએ. દારૂ, ઘેનની દવા, ચિત્તને એકાગ્ર કરે એવી રમતો, સંગીત, વાદ્ય અને પુસ્તકો—આ સર્વે વસ્તુ માનવીને પોતાના પરિવારોથી દૂર કરી નવી જ દુનિયામાં જાણે ઘસડી લઈ જવાની શક્તિ ધરાવે છે. આથી કાંઇ આ દરેક વસ્તુનાં મૂલ્ય કે ઉપયોગિતા સરખી નથી!

સાક્ષરી મંડળોથી અલિપ્ત, સાક્ષરી પરિભાષાથી અજ્ઞાન એવાં મારાં આ નમ્ર મંતવ્યો છે. પણ ત્રીસ* કરતાં વધારે વર્ષ પહેલાના સંકલ્પને પરિણામે લખાતો પુરાણકથાઓને લગતો મારો આ પહેલો ગ્રંથ પ્રજા આગળ રજુ કરતી વખતે એ લખવાનું કારણ, અને તેમાં અનુસરવાનો પ્રયત્ન થયો છે એ ધોરણ મારે વાચકો અને વિવેચકો આગળ રજુ કરવાં જોઇએ એમ મારૂં માનવું છે.

આ ધોરણ લક્ષ્યમાં લઇએ તો તરત સવાલ ઉઠે છે, કે જ્ઞાનની અનેક કેડીઓ વણખેડાયેલી પડી છે ત્યારે ખૂબ ચવાયેલી, ખૂબ જાણીતી આ જરી પુરાણી–પુરાણકથાઓને આલેખવાનો હેતુ શો? એમાંની ઘણી-ખરી કથાઓ અસત્ય નહિ તો અસત્યનાં ભારોભાર મિશ્રણથી ભરેલી કહી શકાય. એમાં ચમત્કારનું એટલું મિશ્રણ છે, કે આંખે જોઇને જ સાચું માનનાર આ વિજ્ઞાનવાદી યુગમાં આવી વસ્તુની શકયતા કોઈ સ્વીકારે નહીં. આમ અસત્ય લાગતી વિગતોવાળા આ કથાનકોથી કઇ કલ્યાણક સંવેદના ઉપજાવવા લેખક માંગે છે એવો કોઇ સવાલ ઉઠાવે તો તે યથાર્થ નથી એમ ન કહેવાય.

એ ઉપરાંત, શોષિતવર્ગોની જાગૃતિના આ યુગમાં અનાદિકાળથી નર જાતિ પાસે શોષણ પામેલા નારીવર્ગ સમક્ષ તેમને અપેલા સનાતન અન્યાયના પ્રતિક જેવી પતિપૂજા અને પતિને સર્વ સમર્પણ કરવાની ભાવના રજુ કરવામાં કયું વૈયક્તિક કે સામાજીક હીત સધાય છે એ પ્રશ્ન

*જુઓ પરિચય.

પણ લેખકને પૂછી શકાય છે. અને એ પ્રશ્નો સંતોષકારક ખૂલાસો માગે છે. આ પ્રશ્નોનો યથાશક્તિ જવાબ હું નીચે આપું છું.

દરેક પ્રજાને પોતાની દંતકથાઓ, લોકકથાઓ અને પુરાણકથાઓ હોય છે. એ દરેક કથાઓમાં–ખાસ કરીને પુરાણકથાઓમાં–ચમત્કાર અને કુદરત વિરોધી કે કુદરતથી પર એવાં તત્વો આમેજ થયેલાં હોય છે. એ તત્ત્વો કેમ દાખલ થયાં તેની વૈજ્ઞાનિક ચર્ચા માટે અહીં અવકાશ નથી. પણ કોઇ પણ પદાર્થ, વ્યક્તિ કે કથામાં નૂતનતા (Novelty), ગૂઢતા (Mystery) કે અસાધારણ સાહસ (Daring) ના હોય તો બીજાઓને તેનામાં રસ પડતો નથી. આમ રસ નિષ્પત્તિ માટે આ ત્રણે કે ત્રણમાંથી એક પણ વસ્તુની જરૂરીયાત છે. માનવજીવનના પ્રારંભકાળમાં દેવો અને ચમત્કારોમાં લોકોને શ્રદ્ધા હતી, તેથી ચમત્કૃતિનું તત્વ પુરાણકથાઓમાં આમેજ થાય એ સ્વાભાવિક છે, પણ તેથી અત્યારના જમાનામાં એ તત્વ એટલી રસનિષ્પત્તિ કરી શકતું નથી એમ કહી શકાય. પણ ઘણાખરા માનવીઓનાં માનસ હજી પ્રાથમિક દશાથી આગળ વધેલાં નથી, હજી નાના દેવો નહિ તો ઈશ્વરની ચમત્કારશક્તિમાં શ્રદ્ધા છે, ત્યાં સુધી સામાન્ય જનસમાજમાં, સ્ત્રીઓમાં અને બાળકોમાં ચમત્કારોથી રસનિષ્પત્તિ થાય છે. આ વસ્તુ આપણા સિનેમાપ્રયોજકોના અનુભવની વાત છે. છતાં આ કારણથી જ ચમત્કારવાળું સર્જન કાંઇ ઉંચી કક્ષાનું ગણી શકાય નહિ, અને હું આ કારણ રજુ કરી મારો બચાવ કરવા માંગતો નથી.

પણ રસનિષ્પત્તિ કરતાં રસસાતત્ય એ વધારે અગત્યનું છે. ઉપરના ત્રણ તત્વો વાચકનું ચિત્ત આકર્ષે, એટલું જ. પણ એના ચિત્તને લાંબો વખત પકડી રાખવા એનામાં બીજા ભાવો ઉત્પન્ન કરવા જોઇએ. એથી જ વસ્તુની રજુઆતમાં જ નહિ, પણ વસ્તુની પોતાની અંદર ઉપર જણાવેલી વ્યાખ્યા પ્રમાણેની કલાનું તત્વ જોઇએ. એટલું જ નહિ પણ લાંબા વખત સુધી રસ સાતત્ય જાળવવા એ તત્વમાં પ્રજાના માનસને અનુકૂળ બીજાં ચિરંતન તત્વો ભળવા જોઇએ. આથી જ જુદી જુદી પ્રજાની પુરાણકથાઓમાં ભેદ પડે છે.

સામાન્ય રીતે રસસાતત્ય માટે વ્યક્તિ અને સમાજની વણપૂરી આકાંક્ષાઓનો પડઘો પાડતી વસ્તુઓ જરૂરી છે. કવિશ્રી ન્હાનાલાલે કહ્યું છે કે, "વણમાણ્યા રસો વાધી સ્નેહરાશિ બને, સખી!" આ વાક્યને જરા પલટીએ,–સ્નેહને બદલે રસ શબ્દ મૂકીએ એટલે રસ સાતત્યનું મુખ્ય કારણ આપણને મળે છે. જેમ કોઈ પણ પ્રજાની કહેવતો એ પેઢી દર પેઢીના અનુભવોનો નિચોડ હોવાથી તે પ્રજાના માનસ અને બુદ્ધિનો ખરો ખ્યાલ આપે છે, તેમ પુરાણકથાઓએ તે તે પ્રજાનાં વણપૂર્યા અભિલાષ અને આદર્શોનો ખ્યાલ આપે છે. જેમ એ અભિલાષ વધારે તીવ્ર, એ આદર્શો સાધવાની ભાવના વધારે ઉગ્ર તેમ એ કથાઓ વધારે ચિરંજીવ થાય. જુદા જુદા દેશોની પુરાણકથાઓ કેટલે અંશે તે તે દેશની પ્રજાની આકાંક્ષાઓ બતાવે છે એ વિસ્તાર ભયે અહીં અપાતું નથી પણ કોઈ પણ અભ્યાસી આ સત્ય જોઈ શકશે.

આ ઉપરાંત આપણી પુરાણકથાઓ (ખાસ કરીને મહાભારતની)માં એક વિશિષ્ટ તત્ત્વ છે. એ વાર્તાઓ સમર્થ અને કલ્પનાશીલ કવિઓએ આલેખેલી છે. જમાને જમાને તેમાં જમાનાને અનુકૂળ ફેરફારો થયા છે. છતાં એ બધા ફેરફારોમાંયે એણે અમુક મૂળ સ્વરૂપ સાચવી રાખ્યું છે. આથી જ આપણી પ્રજાએ જે આદર્શો પેઢીદર પેઢી સેવ્યા છે, જે સંસ્કૃતિ સાધવાની,—જે પ્રજાજીવન જીવવાની—અભિલાષાઓ છેક પહેલેથી અત્યાર સુધી પોષી છે, તે આદર્શો અને તે અભિલાષાઓ આ કથા-માંથી વ્યક્ત થાય છે. આથી આ કથાઓને યથાર્થ રૂપે સમજવામાં આવે તો આપણી પ્રજાનું આંતરમન (Subconscious mind) આપણે બરાબર સમજી શકીએ. અને જ્યાં સુધી આ આંતરમન આપણે ન સમજીએ ત્યાં સુધી પ્રજાને સારી પ્રગતિને માર્ગે લઈ જવાના પ્રયત્નો નિષ્ફળ કે મુશ્કેલ થાય. કારણ કે બાળકની માફક પ્રજાના મનોવિકાસ માટે તેનું માનસ એકલું બાહ્ય નહીં પણ આંતર માનસ–પૂરું સમજવું જોઈએ.

બીજી વસ્તુ પર પણ ધ્યાન ખેંચવું ઘટે છે. મહાભારત, રામાયણ અને બીજી પુરાણકથાઓમાં હીન અને વિપથગામી ઘણાં તત્ત્વો છે.

હલકા માનસના પ્રતિબિંબ જેવી ઘણી કથાઓ છે. તે વખતના નિકૃષ્ટ સમાજ જીવનનું વાસ્તવિક દર્શન કરાવતી ઘણીએ હલકી કોટીની કથાઓ છે. આ ઉપરાંત આ ગ્રંથોને સર્વસંગ્રહ જેવા બનાવવાનો પ્રયત્ન થયો છે. તેથી તેમાં તેની આગળના વખતથી ચાલતી આવેલી કથાઓ પણ છે. આ બધું છતાં એમાંથી લોકોની પોતાની આકાંક્ષા અને અભિલાષાને રૂચે એવી જ કથાઓ જ સર્વત્ર પ્રચાર પામી છે. બાકીની વાર્તાઓ તો માત્ર સમાજશાસ્ત્રના અભ્યાસી પુરતી એ પુસ્તકોમાંજ જળવાઈ રહી છે. દાખલા તરીકે નિયોગ, પત્નીદાન, સ્વેચ્છ વ્યભિચાર અને નિર્બંધ લગ્ન વ્યવહારને લગતી ઘણીએ વાર્તાઓ આપણા શાસ્ત્રીઓ પણ જાણતા નથી. આમ પ્રજાએ આ રીતે જે વાર્તાઓ ચૂંટી કાઢી છે, તે વાર્તાઓજ પ્રજાના આંતરમનને સમજવામાં ઉપયોગી છે. અને મેં એવી વાર્તાઓનો જ અહીં ઉપયોગ કર્યો છે.

આ સાથે બીજી એક વાત પર પણ લક્ષ્ય ખેંચવું જોઇએ. હંમેશના જીવનમાં આપણે ઘણા મનુષ્યો જોઈએ છીએ, કે જેમના આચાર અને વિચારમાં ભેદ હોય છે. પણ તેથી તેમના વિચારો હસી કાઢી શકાય નહિ. ઉલટું ઘણીવાર તો આ વિચારો કડવા અનુભવને પરિણામે બંધાયા હોવાથી વધારે સન્માન્ય છે. દાખલા તરીકે દારૂ પીનાર દારૂના દોષ જણાવે, તે જે દારૂને અડયો નહીં હોય તેના અભિપ્રાય કરતાં વજનદાર જ લેખાય. એથી પુરાણકારો પોતે આદર્શ જીવન નહોતા જીવતા માટે તેમનાં વચનો નકામા એ વાત યુક્તિ પુરઃસર નથી જ. એટલું જ નહિ, પણ જેમ દારૂને વગોવનાર દારૂડીઓ પોતાનાં મતની નબળાઈને લીધે દારૂ છોડી શકે નહિ, તેથી કાંઇ તેણે ગણાવેલા દોષ ખોટા ઠરતા નથી, તેમ આદર્શોને સમજનાર કે રજુ કરનાર પોતે એવું જીવન ગાળી શકે નહિ તેથી તે આદર્શો હસી કાઢવા જેવા લેખાય નહિ.

તેમજ વ્યવહારમાં એક આદર્શ મુશ્કેલ કે અશક્ય હોય માટે તેની ઉપેક્ષા થઈ શકે નહિ. સત્ય, અહિંસા, અસ્તેય વગેરે સર્વ ધર્મને માન્ય

એવા નીતિસૂત્રો વ્યવહારમાં જવલ્લે જ મુકાય છે, માટે તે નકામા છે એમ કહેવું કેટલું સાચું છે, તે સમજાવવાની જરૂર નથી.

આટલા માટે આર્યોએ પોતાની પ્રજા માટે લગ્નનો જે આદર્શ ઘડ્યો હતો, જે જાતના કુટુંબજીવનની તેમની આકાંક્ષા હતી, તે સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરવાના હેતુથી આ પુસ્તક લખાયું છે. આર્યોએ એ આદર્શ જીવનમાં ઉતાર્યો હતો એ કહેવું ઇતિહાસથી વિરુદ્ધ છે. પણ તેથી એ આદર્શો મહાન નથી, ઇચ્છવાજોગ નથી કે અનુસરાય એમ નથી એમ કહેવું ખોટું છે, એટલું જ નહિ, પણ જો કડક છતાં સાચા શબ્દો વાપરીએ તો આવા આદર્શોની અવગણના એ પ્રજાનો દ્રોહ છે. મેં પુસ્તકમાં એક ઠેકાણે લખ્યું છે એમ 'ભાવના અને આદર્શ' એજ કોઈ પણ રાષ્ટ્રનું સાચું ધન છે. વિદ્યા કરતાંયે એ વધારે પ્રાણપ્રદ અને પ્રાણયુક્ત (Vital) છે. જે પ્રજાના આદર્શો અને ભાવના નાશ પામે છે તે પ્રજાનું વ્યક્તિત્વ અને પ્રાણ પણ નાશ પામે છે, અને જેટલે અંશે પોતાના સંમાન્ય અને સર્વોચ્ચ આદર્શો છોડી એથી નીચા આદર્શો સ્વીકારે છે એટલે અંશે એ પ્રજાનું પતન થાય છે. આ કથનની પૂર્તિ માટે અવકાશ નથી, નહિ તો હિંદનાજ ઇતિહાસમાંથી જેમ જેમ આચારગત ધર્મમાં ફેરફાર થયા તેમ તેમ પ્રજાજીવન કેવું ઝડપથી પલટાયું તેનો ઇતિહાસ રસમય થઈ પડત.

અસ્તુ. આમ આર્યોએ કલ્પેલા લગ્નના આદર્શને તેમણે જ હજારો વર્ષો સુધી સંમાનેલી કથાઓ દ્વારા રજુ કરવાનો આ પ્રયાસ મેં કર્યો છે. ઉપર જણાવેલા બે પ્રશ્નોમાંનાં પહેલાંનો આ જવાબ છે.

હવે સવાલ એ ઉભો રહે છે કે, સ્ત્રીઓની પરાધીનતા અને ક્રમેક્રમે આવેલી અધમ દશાને પોષે એવી કથાઓ શા માટે રજુ કરવી? આ વસ્તુનો જવાબ આ પુસ્તકમાંથી મળી રહેશે. 'પતિજ એ પરમેશ્વર,' 'સતીત્વ (અવ્યભિચાર) એજ સ્ત્રીનો પરમ ધર્મ,' 'પતિએજ સ્ત્રીની પરમ ગતિ' એવા એવા નારીસમાજ અને તેથીએ વધારે પુરુષસમાજને અધોગતિ તરફ દોરતા સિદ્ધાંતનું આમાં સમર્થન જ નથી. મારે કબુલ કરવું જોઈએ, કે આ પુસ્તક જુનવાણી

સંપ્રદાયોનું પૂરક થશે એ હેતુથી મને લખવા સોંપાયેલું, પણ પ્રજાએ સેવેલી બધી માન્યતાઓ કૈં પ્રજાના આદર્શ તરીકે ગણાય નહિ. 'સનાતન ધર્મ'ને નામે 'સનાતન' પણ નહિ અને 'ધર્મ્ય' પણ નહિ એવી ઘણીએ વસ્તુઓ આપણે નભાવી છે. અત્યારે હિંદુ સમાજમાં પતિપત્નીનો જે સંબંધ આદર્શ ગણાય છે તે એવી અસનાતન અને અધર્મ્ય માન્યતા પર રચાયો છે. રાષ્ટ્રને નિર્જીવ અને હતવીર્ય બનાવનારી એ માન્યતાના વિરોધ તરીકેજ આ પુસ્તકમાં આર્યોનો સનાતન અને ધર્મ્ય આદર્શ આપ્યો છે. એ આદર્શ છે દાંપત્યનો–પતિ પત્નીનો નહિ. એ આદર્શમાં પુરુષ પતિ (પાલક) નથી, ભર્તા (ભરણપોષણ કરનાર) નથી. સ્ત્રી ભાર્યા (ભરણ પોષણને યોગ્ય) કે દારા (સંતાન પ્રાપ્તિને યોગ્ય) નથી. બન્ને વિભક્ત પણ નથી. બન્ને મળીને એકજ વ્યક્તિ છે–દંપતી એમને સ્વતંત્ર્ય વ્યક્તિત્વજ નથી, એમને એકમેકથી અલગ જીવનજ નથી; અને છતાં જ્યારે અલગ વ્યક્તિત્વનું ભાન થાય, જ્યારે સમાજ કે સમષ્ટિને માટે વિખૂટા પડવું પડે, ત્યારે પણ મન અને આત્માની એ એકતા તૂટતી નથી. કવિએ સાચું કહ્યું છે કે,

નેત્ર વિખૂટાં છો પડે, ભલે દૂર હો અંગ.
જ્યાં ધ્રૂવ ત્યાં ધ્રૂવ માછલી, એજ પ્રેમના રંગ.

આપણાં લગ્નનો ખરો આદર્શ આ છે, એવી ત્રીસ ત્રીસ વર્ષના ચિંતન પછીની મારી માન્યતા છે. એ આદર્શની સિદ્ધિમાંજ નર અને નારી બન્નેનો અને સમગ્ર માનવકુળનો અંતીમ ઉત્કર્ષ છે એ મારી શ્રદ્ધા છે. અને તેથીજ વર્તમાન હિંદુ જીવનના વિષમય વમળમાં સપડાયેલી મારી અનેક બહેનો આગળ તત્કાલીન દુર્વ્યવસ્થાને અનુકૂળ ક્રાંતિકારક ભાવના રજુ નહિ કરતાં મેં મારા આ પ્રથમના મૌલિક પ્રકાશનમાં એ આખરી આદર્શ રજુ કર્યો છે. વર્તમાન સંસારની સમસ્યાના ઉકેલ માટે મારાં આગામી કથાનકો 'મનનો મેળ' અને 'જીવનનાં મર્મ' માં યથાશક્તિ માર્ગદર્શન કરાવવાની મને હોંશ છે. અત્યારે તો પિતૃઓના

ભવ્ય વારસાને નાલાયક નીવડેલા પુરુષોએ પોતાની તુચ્છવૃત્તિઓ સંતોષવા શાસ્ત્રોના અર્થ મનફાવતા ઘટાવી, કે શાસ્ત્રોમાં ગોટાવાળી નારી સમાજ અને સાથે પોતાનુંયે સત્યાનાશ વાળ્યું છે, એટલોજ ઉલ્લેખ કરી, અર્ધનારીશ્વરનાં એ બે અડધીઆઓ (નર અને નારી) ને એ આદર્શનો અંગુલીનિર્દેષ કરીને વિરમું છું. આ પુસ્તકના વાંચનથી જો એક પણ દંપતીને સાચા દાંપત્યની ક્ષણિક પણ ભૂખ પ્રગટશે તો મારો પ્રયાસ સાર્થક થશે. નહિ તો યે અત્યાર સુધી નહિ આચરાયેલા, અને હવે 'જૂનવાણી' કહી ભૂલાતા જતા, એક ભવ્ય આદર્શ તરફ આંગળી ચીંધવાનો મને સંતોષ તો છે જ. એમાં સત્યં શિવં સુંદરં તત્વ કેટલું છે, એ વિવેચકોએ નક્કી કરવાનું. એ તત્વ છે જ એવી મારી તો સકારણ શ્રદ્ધા છે. એવી શ્રદ્ધા ન હોત તો આ પુસ્તક છપાતજ નહિ.

મંજુલાલ શાકરલાલ દેસાઇ.

(આ પુસ્તકના 'હસ્ત મેળાપ' નામ માટે પરિશિષ્ટ જોવું.)

પરિચય

"વૈશમ્પાયન ઋષિ એણી પેરે બોલ્યા ....
સુણ જનમેજય રાય! ...."

હવે લોપ થવા માંડેલી એ માણભટ્ટની કથાઓમાંથી મેં ચાલીસ વર્ષ પૂર્વે પહેલી વાર પુરાણકથાઓનું જ્ઞાન મેળવ્યું.

સાત વર્ષની કૂમળી વયે ભીષ્મ અને અર્જુન, દ્રોણ અને કર્ણ, કૃષ્ણ અને દુર્યોધનનાં નામો મારા કલ્પના પ્રદેશમાં સજીવ વ્યક્તિ કરતાં યે વધારે પ્રાણવાન બની રહ્યાં. કુંતા અને દ્રૌપદી, સીતા અને અહલ્યા, દમયંતી અને મંદોદરી, રેણુકા અને અનસૂયા, ભિન્ન ભિન્ન પ્રભાવ અને પ્રતિભા ભરી એ મૂર્તિઓએ મારા નાનકડા હૃદય પર કાબુ જમાવ્યો.

બારડોલીમાં અમારા ઘર સામેના ચોકઠામાં જ માણભટ્ટ કથા કરતા. મારી બે સદ્‌ગત બહેનો, ચંદ્રલક્ષ્મી (ડૉ. ચંદુલાલનાં પત્ની) અને રસિકગૌરીને રોજ સવારે મારે આગલી રાત્રે સાંભળેલી કથા કહી જવી પડતી, કારણ કે મામલતદારની પુત્રીઓ તરીકે તેમનાથી કથામાં અવાતું નહિ. આમ નિત્યના પુનરાવર્તનથી પુરાણની સર્વે કથાઓ મારા ચિત્તમાં કોતરાઇ રહી.

તે પછીને વરસે મારા પિતાજી પાસે પુરાણાર્થ પ્રકાશ અને ચંદ્રકાંત પડમાં હતાં, તેમાંના વાર્તા ભાગ વાંચી ગયો, અને બીજે વરસે મારી મોટી બેન પાસેથી સતિમંડળ અને ચરિત્ર ચંદ્રિકા વાંચવા મળ્યાં. પુષ્કળ વાંચન શોખને લીધે બીજાં પણ ઘણાં પુસ્તકો વાંચ્યાં, અને એ રીતે પ્રાચીન સંસ્કારોના અમૂક પૂર્વગ્રહો બંધાયા.

સને ૧૯૧૦ માં મેં આંગ્લ કવિ ટેનીસનનું A Dream of Fair Women નામનું કાવ્ય વાંચ્યું. તદ્દન સ્વાભાવિક રીતે જ યુરોપી કથાઓની નારીઓ સાથે ભારતવર્ષની રમણીઓની સરખામણી થઇ, અને તે વખતથી જ આ પુસ્તક જેવું કાવ્ય કે પુસ્તક લખવાનો સંકલ્પ થયેલો.

આજે ચોત્રીસ વર્ષ પછી એ સંકલ્પને હું મૂર્તરૂપ આપું છું. એ ઢીલ પાછળ સંજોગોની પ્રતિકૂળતા કરતાં બીજાં કારણો હતાં. એમાં મુખ્ય કારણ હતું ઇતિહાસનું પરિશીલન, અને તેને અંગે બાળપણમાં આંકેલા મૂલ્યનું પરિવર્તન—આથી જ્યાં સુધી મારા મનમાં એ કથાઓનું હાર્દ બરાબર ન ઊતર્યું, અને એને રજુ કરવામાં સમાજની કે કોઈ વર્ગની જરાયે સેવા થશે એવું ન લાગ્યું ત્યાં સુધી મેં એ રજુ કરવાની આતુરતા સેવી નહીં.

કારણ કે ઇતિહાસના અભ્યાસે એ મને સ્પષ્ટ સમજાવ્યું કે આવી છૂટી છવાઇ દંતકથાઓનાં ધોરણ પર જે આપણે પુરાતન ભારતની સંસ્કૃતિનો ખ્યાલ લઇએ તો એ આડે રસ્તે લઇ જાય. વળી આ કથાઓની ભભકે મારા મનમાં આર્યોની પુરાતન સંસ્કૃતિ માટે જે પૂજ્યભાવ ઉત્પન્ન થયો હતો, તે જેમ જેમ મૂળ ગ્રંથોના બીજા ભાગોનો અભ્યાસ કર્યો તેમ લય પામ્યો. એટલું જ નહિ, પણ ખૂબ સહૃદયપૂર્વક (અને ઘણે અંશે પક્ષપાતથી) કરેલી કસોટીમાં પે એ ગ્રંથોમાંથી રજુ થતી તાત્કાલીન સંસ્કૃતિમાં બહુ અભિમાન કરવા જેવું લાગ્યું નહિ. આ સંજોગોમાં પુરાણ કથાઓ લોકો પાસે રજુ કરવાની મને ઇચ્છા થઈ નહિ.

આ ઉપરાંત ગત મહાયુદ્ધ પછી પ્રજાના માનસમાં જબ્બર પલટો આવ્યો. પશ્ચિમમાં તે પહેલાં અને તે પછી તો વિશેષે કરીને વિચારોની જોસભરી ક્રાંતિ થઇ હતી. અસહકારનાં આંદોલન સાથે એ ક્રાંતિએ અહીં પણ અસર કરી. સાથે સાથે વિદેશી સત્તા સાથે વિદેશી સંસ્કારો અને વિદ્યાનો વિરોધ ઊભો થયો, અને જૂનવાણી સંસ્કૃતિને નવાં મૂલ્યો અપાવા લાગ્યાં. યુવાન માનસ Freud, Havelock Ellis, Mary Stopps અને છેવટે Uptain Sinclair અને રશિયન ક્રાંતિકાળના સાહિત્યકોની અસરમાં આવ્યો. પ્રજામાં વાંચન ભૂખ વધી, તે સાથે પ્રચારલક્ષી અને અલ્પપ્રાણ સાહિત્ય વધ્યું. આ સંજોગોમાં જૂના આર્ય સંસ્કારોને નવા રૂપમાં લાવવાનો પ્રયાસ રૂચીકર ન જ લાગે.

હવે એ ઉકળાટનાં પૂર શમતાં જાય છે. આ મહાયુદ્ધે પ્રજાને વધારે વિચારશીલ બનાવી છે. શહેરોમાંથી ગામડામાં યે વાચનભૂખ ફેલાતી જાય છે, અને પ્રજા ગંભીરતાથી જીવનનાં નવાં મૂલ્યાંકન માંગે છે.

આ વખતે શ્રી. નંદલાલભાઈએ મારી પાસે સંસારજીવનને લગતા એક પુસ્તકની માગણી કરી. મૂળ તો એમનાં પ્રકાશન 'જીવનસખી'ના પૂરક તરીકે એ પુસ્તક માંગ્યું હતું. પણ એ પુસ્તકના ગયા જમાનાને અનુકૂળ રૂઢીગત વિચારો સાથે મારા પુસ્તકને મેળ ખાય એમ નહોતું. આથી આ પુસ્તક સ્વતંત્ર સર્જન તરીકે જન્મ લે છે.

છેવટે, વાચકોને એક વિનંતિ–પુસ્તક પ્રેસમાં ગયું ત્યારે હું પગમાં ઓપરેશનથી ઇસ્પિતાલમાં પડયો હતો એટલે ભૂલો રહી ગઇ હોય એ ભૂલો સુધારી લે. અને મારા વક્તવ્યમાં ભૂલો લાગે, તે જણાવે. એજ.

મંજુલાલ સા. દેસાઇ.



પ્રકાશક તરફથી

ભાઈ શ્રી. મંજુલાલ દેસાઈનું "હસ્તમેળાપ" નામનું આ પુસ્તક 'સંદેશ ગ્રંથમાળાના' વાંચકો સમક્ષ રજુ કરતાં અમને ઘણો જ આનંદ થાય છે. 'હસ્તમેળાપ' એ નામ ખૂબ જ સૂચક છે.

યજ્ઞવેદિ અને લગ્નવેદિ: એની આસપાસ આર્યસંસ્કૃતિના આદર્શો રચાયા છે. જગતની સર્વ સંસ્કૃતિઓ કરતાં, આર્યસંસ્કૃતિની જે ઉત્તમતા અને ભવ્યતા છે તે, લગ્નજીવનના આદર્શોને જ આભારી છે.

આર્યો લગ્નને પ્રાણુવિકાસનું પગથિયું માને છે, ઉર્ધ્વગમનની પાવનકારી યાત્રા રૂપે માને છે, લગ્ન એ આર્યોને મન વિલાસ કે વિષયવાસનાનું સાધન નથી, પણ આર્યોનું લગ્ન એ તો એક વ્રત છે–યજ્ઞ છે. સમાજરચનાનું સૌથી મહત્વનું અંગ એ આ ગૃહસ્થાશ્રમ છે. વનમાં જઈને તપશ્ચર્યા કરતાં કોઈ તપસ્વી કરતાં પણ, ગૃહસ્થના ધર્મો વધુ વિકટ અને કઠિન હોય છે. અને તેથી જ ગૃહસ્થાશ્રમને ચારે આશ્રમોમાં સર્વોત્તમ પદ અપાયલું છે.

આર્યોનું લગ્ન એ એક ધાર્મિક બંધન છે. અગ્નિ સાક્ષિએ વર અને કન્યા સપ્તપદીની પ્રતિજ્ઞા લે છે. અને એ રીતે હસ્તમેળાપ થતાં જ પતિપત્ની બન્ને લગ્નજીવનની આકરી દિક્ષા ગ્રહણ કરે છે. આપણા એ લગ્નજીવનના ગહન, ઉન્નત, પવિત્ર આદર્શોનું નિરૂપણ કરતો આ ગ્રંથ ભાઈ શ્રી. મંજુલાલે તેમની લાક્ષણિક શૈલીમાં લખ્યો છે. તેમની ભારે બુદ્ધિમત્તા, આ વિષયનો તેમનો ઊંડો અભ્યાસ અને તેમની આદર્શગામી આર્ષ દૃષ્ટિ એ સર્વ આ પુસ્તકને પાને પાને જોવામાં આવે છે અને આજે જ્યારે આર્યોની એ પ્રાચીન લગ્નભાવના પશ્ચિમની સંસ્કૃતિના ઝંઝાવાત નીચે છિન્ન વિછિન્ન થઈ જવાનો ભય ઊભો થયો છે, ત્યારે એ ભવ્ય આર્યસંસ્કૃતિનો પ્રતિઘોષ ગજવતો આ ગ્રંથ જનસમાજને ખૂબ જ ઉપયોગી થઇ પડશે, એવો મને વિશ્વાસ છે.

આર્યલગ્ન એ કરાર નથી પણ એક ધર્મ સંબંધ છે. પુરુષ અને સ્ત્રી એ જ અંગના બે વિભાગ રૂપ છે. પત્ની એ પતિની સહધર્મ-ચારિણી છે, તેની અર્ધાંગના છે, તેના ગૃહની સ્વામિની-ગૃહિણી છે. અગ્નિ સાક્ષીએ વર-વધૂનો જે હસ્તમેળાપ થાય છે તે, જીવનભરના સહ-ચારનો સંકલ્પ છે.

પરસ્પરની અણિશુદ્ધ એકનિષ્ઠાની પ્રતિજ્ઞા, એ આપણા લગ્નજીવનનો આદર્શ છે. આપણી આખીયે આર્યસંસ્કૃતિનું મંડાણ આ લગ્નસંસ્થા ઉપર છે, અને એ લગ્નસંસ્થા જે દિવસે છિન્નભિન્ન થશે તે જ દિવસે આપણી સનાતન સંસ્કૃતિનો ધ્વંશ થશે, અને સંસ્કૃતિનો નાશ થતાં જ આર્યપ્રજાનો પણ વિનાશ થઇ જશે. હજારો વર્ષથી ભારતવર્ષની પ્રજા પોતાનું જે અસ્તિત્વ જાળવી રહી છે તે આ સંસ્કૃતિને જ આભારી છે.

પરંતુ આજે કેટલાક કહેવાતા સમાજ સુધારકો, સુધારાને નામે, આપણી આ સનાતન લગ્નસંસ્થા ઉપર કારમું આક્રમણ કરીને, આપણી સંસ્કૃતિના મૂળમાંજ ઘા કરવાના પ્રયાસો કરી રહ્યા છે. તે ઉપરાંત આજે પ્રેમને નામે લગ્નના પ્રપંચો ખેલાઈ રહ્યા છે. સમાજની અખંડિત એકતા અને સમાજની પ્રતિષ્ઠાના પાયારૂપ સંયમને વિસરીને સ્વચ્છંદાચારને વશ થયેલા ઘણા મોહાન્ધ બનેલા યુવક યુવતિઓ, લગ્નનો સાચો આદર્શ વિસરી જઇને વિપંથે ઘસડાઇ રહ્યા છે, તેમ જ કેટલાક કહેવાતા સુધારકો, સુધારાને નામે કાયદા અને રાજ્યનો આશ્રય લઇને લગ્નસંસ્થાને ખેર વિખેર કરવાનાં પગલા ભરી રહ્યા છે. અલબત્ત, સંસ્કૃ-તિને અનુરૂપ લગ્નસંસ્થાની ખામીઓ દૂર કરવાને લગતા પ્રયાસો સામે મારે કાંઇ કહેવાનું નથી. પરંતુ કેવળ સુધારણા અને ક્રાન્તિને નામે ભારતની આ લગ્નસંસ્થા સામે પ્રહાર કરનારાઓ સમાજની ભારેમાં ભારે કુસેવા કરી રહ્યા છે.

આપણા સમાજ સુધારકો લગ્નપ્રથાને લગતા જે જે કાયદાઓ કરવાની ઝુંબેશ ઉઠાવી રહ્યા છે, તેઓ મોટે ભાગે આર્યલગ્નની સાચી

ભાવનાને વિસારીને લગ્ન કોઇક કોન્ટ્રાક્ટ હોય તેવી જ માન્યતાથી દોરવાઇ રહેલા, હોવાથી તેઓ આપણી સંસ્કૃતિને માથે ભારે આપત્તિ નોંતરી રહ્યા છે. આપણી લગ્નસંસ્થાને સુધારવી જ હોય તો તેની પુરાતન ભાવના સજીવન કરવાની જરૂર છે અને આ ગ્રંથના લેખકનો મૂળ ઉદ્દેશ પણ એજ રહેલો છે. પ્રાચીન ભારતમાં લગ્નનો આદર્શ કેવો ભવ્ય હતો. તેનું અનુપમ શબ્દચિત્ર લેખકે આ ગ્રંથમાં આલેખ્યું છે અને એ રીતે હીન બની રહેલી આપણી લગ્નભાવનાને ફરીવાર સજીવન કરવામાં અને ભાન ભૂલેલા માનવીઓને સાચો રાહ દર્શાવવામાં આ પુસ્તક ખરેખર ખૂબ જ ઉપયોગી થઈ પડશે એમ મારૂં માનવું છે. લગ્નની સમસ્યા એ તો આપણા સમાજનો એક "શેષ" પ્રશ્ન છે. એ પ્રશ્નનો ઉકેલ આ પુસ્તકમાં કેટલે અંશે થયો છે તેની તુલના કરવાનું તો વાંચકો ઉપર છોડું છું. પ્રત્યેક યુવક યુવતિને આ પુસ્તક અવશ્ય મનન કરવા જેવું છે. અને તેમાંથી મળી શકે તેટલી પ્રેરણા મેળવી લેવા જેવી છે. મહાગુજરાતની સંસ્કારી પ્રજાને ચરણે આવું ઉપયોગી અને પ્રેરણાત્મક પ્રકાશન રજુ કરતાં મને ખરેખર ખૂબજ હર્ષ થાય છે.

આ પુસ્તકની ભાવનાને બરાબર ઝીલીને, તેને સુયોગ્ય ચિત્રો દોરી આપવા માટે, ગુજરાતના જાણીતા કલાકાર **શ્રી. કનુભાઈ દેસાઇએ** ઉઠાવેલ પરિશ્રમ માટે હું તેમનો આભારી છું. પુસ્તકનું કવર ચિત્ર ખૂબજ સૂચક છે અને એ ચિત્રદ્વારા આપણી લગ્નભાવનાના આદર્શને મૂર્ત કરવામાં શ્રી. કનુભાઈની પિંછી ખરેખર કમાલ કરી ગઇ છે, એમ કહેવું અતિશ્યોક્તિભર્યું નહિ ગણાય.

શ્રી. કનુભાઇએ પોતાની અનેકવિધ રોકાણો વચ્ચેથી, **'હસ્તમેળાપ'** માટે ખાસ સમય મેળવીને, પ્રસંગોને અનુકુળ એવા ચિત્રો અમને તૈયાર કરી આપીને આભારી કર્યાં છે.

અંતમાં ગુજરાત આપણી આર્ય લગ્નભાવનાના પ્રતિબંધ ઝીલતા, 'હસ્તમેળાપ'ને, ઉમળકાભર્યો આવકાર આપશે એવી શ્રદ્ધા સાથે વિરમું છું.

સંદેશ પ્રકાશન મંદિર,
અમદાવાદ.


નંદલાલ બોડીવાળા
મેનેજીંગ ડિરેક્ટર
'સંદેશ લિમિટેડ.'

અનુક્રમણિકા:



અંજલી

કામને બાળીને જેણે
અર્ધનારી ધર્યું રૂપ.
સદા કલ્યાણમૂર્તિ એ
દક્ષિણામૂર્તયે નમઃ॥



હિરણ્મયી સીતા સ્થાપી
આદર્યો અશ્વમેધને,
વિયોગે યોગ માણંતા,
રામ [illegible]યવૈ નમઃ ॥

અદ્વૈત દંપતી કેરું, આર્ષ દષ્ટે નિહાળતા
પ્રેમવેદ તણા દ્રષ્ટા, વાલ્મિકે તે નમોનમઃ ॥


मंगलाष्टकम्



આકાશે ઉડુવૃંદ નર્તન કરે સાનંદ કલ્લોલતાં,
ને આશીર્વચનો વદે પિતૃગણો કલ્યાણવાંછા ભર્યાં;
એ રૂડાં શકુનો મહિં પગ ધરે સંસારયાત્રાપથે,
સદ્ભાવી યુવતીયુવાયુગલ આ પામો સદા મંગલમ્ ૧



સ્પર્શી અંગુલી માત્રથી તિમિરને ઉચ્છેદી નાંખે ઉષા,
દેહે ભર્ગ વરેણ્ય સૃષ્ટિ સહુને આરોગ્ય ને પ્રાણદા;
એવાં ભર્ગ સુરેખ વિશ્વપતિનાં સંસારમાં સોહતાં,
હોંસીલું યુવતીયુવાયુગલ આ પામો સદા મંગલમ્ ૨



શીળી શારદ રાત્રિમાં મદભરી ઘેરી બજી બંસરી,
ને રાસે રસરેલ દે અમરને અપ્રાપ્ય રેલી રહી;
એવા પ્રેમ ભરેલ દંપતીઉરે સંવાદી ઊઠે સુરો,
ને રાચો યુવતીયુવાયુગલ આ પામી સદા મંગલમ્ ૩

આશીર્વાક્ય

શ્રી શૈલેન્દ્ર તણાં તુષારશિખરો
જેવી હજો કીર્તિ ને,
શ્રી માર્તંડ તણા પ્રભાત કરશું,
આયુષ્ય ઓપી રહો.
ને ઇંદુસરતી સુધાસરિત શી,
શાંતિ સદા ભોગવો;
પામો એ, બડભાગી બેલડી સદા
सत्यं शिवं सुंदरम् ॥

મેંદી રંગ લાગ્યો રે!

શૉક્યના સાહેબાને એટલું કહેજો
તારી માનીતીની ઊડી આંખરે
મેંદી રંગ લાગ્યો રે,

ઊઠો સપાઈઓ, ઊઠો ભાઈબંધીઓ!
તમે હલકે બાંધો હથિયાર રે,
મેંદી રંગ લાગ્યો રે.

કોઈક સંસ્કારી બાળાએ, ઉપાડેલું અને ખૂબ હોંસથી ઝીલાતું આ ગીત આસો સુદ પાંચમની રાત્રે ખાડીઆમાં ફરતાં મારે કાને પડયું.

અશ્વિન શુકલની ચાંદનીમાં ગજબ માધુર્ય હોય છે, અને એ માધુર્યમાં ગુજરાતણે શોધેલો અને પોષેલો ગરબો અજબ વધારો કરે છે.

આ ગીત સાંભળી મારા પગ તે તરફ વળ્યા. ફરીથી તે ગીત ગવાયું. મેં સાંભળ્યું.

ત્યાં ઘડિયાળમાં દસના ટકોરા થયા. દૂર નદીપાર જવાનું હતું. મોટરો તો મળે એમજ ન્હોતું. ઝડપથી પગ ઉપાડવા માંડયા.

કલાકેક પછી ઘર પાસે પ્હોંચ્યો, દૂર ક્ષિતિજમાં નાનેરો ચંદ્ર આથમતો હતો. વાતાવરણમાં બાળકીઓનાં ગીત, નિર્દોષ તોફાન અને હસાહસ રેલાતા હતાં.

સ્ત્રીઓનાં મુક્ત આનંદ માટે જ આપણે આસો સુદ ફાજલ રાખી છે, છતાં એ ગરબા, એ આનંદ અત્યારે ઓછા થતા જાય છે, એ રીતે પ્રજાનાં સ્ત્રીત્વને આપણે હાની કરતા નથી?

ઘર પાસે આવતાં વળી દૂરથી અવાજ આવ્યો—

શૉકયના સાહેબાને એટલું કહેજો
તારી માડી મરે ઘેર આવ્ય રે,
મેંદી રંગ લાગ્યો રે.
માડી મરે તો ભલે મરે.
એને બાળજો ઓરડી હેઠ રે.
મેંદી રંગ લાગ્યો રે,

ઘરમાં દાખલ થયો ત્યારે આ એક જ ગીતની બે ટૂંકો મારા મગજમાં ઘૂમતી હતી.

અને પથારીમાં પડ્યો ત્યારે એનાજ ભણકારા કાનમાં ગાજતા હતા.

અને ચિત્ત વિચારચકડોળે ચઢ્યું. "માતા પહેલી કે પત્ની? આ ગીત લોકગીત છે. લોકમાન્યતા કે લોક ઇચ્છાનો એમાં ચિતાર છે. તો માતાના મોત કરતાં પત્નીની દુખતી આંખ જેના હૈયાને વધારે હલાવે એ પુરુષ કેવો હશે?

"એ કલ્પના શું પુરુષની વિષયલોલુપતા બતાવે છે, કે પત્નીના પ્રેમનું વશીકરણ? એ વશીકરણ એવા કયા સહચારમાંથી જન્મ્યું હશે કે, પરદેશવાસી પતિ—બીજી પત્નીને વરેલો છતાં આટલા સંદેશાથી કામકાજ પડતાં મૂકી ઘર તરફ આવવા નીકળે?

લોકભાષામાં કહીએ તો પારકી જણીમાં એવાં શાં કામણ વસ્યાં હશે કે, માતા, બહેન, ભાઇ—એક લોહીની એ પ્રીત કરતાં એની પ્રીત વધી જતી હશે?"

અને મને યાદ આવ્યો ગયા વૈશાખમાં જોયેલો એક લગ્ન પ્રસંગ—

"સાવધાન, સાવધાન," ના ઘોષ પુરા થાય છે. ગોર મહારાજ ઘંટડી વગાડે છે—અને વરકન્યાનો હસ્તમેળાપ થાય છે.

એ હસ્તમેળાપ, એ જાણે પરસ્પરનો કોલ હોય તેમ તે પળથી વરવધુની નવી દુનિયા ઉભી થાય છે. એવા કોલને અંગે જ ઉપરના ગતિમાંનો નામક સ્વદેશ નહિ આવ્યો હોય ?

સુતી વખતે આવેલા આ વિચારના પ્રતિબિંબો રાત્રી આખી જાણે મગજમાં પડતા જ રહ્યા અને આર્યોનાં દાંપત્યનાં અનેકવિધ ઓળા મેં સ્વપ્નામાં જોયા......ભૂત અને વર્તમાનની અનેક આકૃતિઓ મારા સ્વપ્નપટ પર આલેખાઇ.

ચિત્રમાળા

-**પહેલો** આવ્યો, મરણ પામેલી પત્નીને અર્ધું આયુષ્ય આપી જીવતી કરનાર.

અને તરત જ પાછળ ઉભી હતી **સાવીત્રી**–ખુદ યમરાજના પાશમાંથી પતિને છોડાવનારી મહિમાવન્તી મહિલા.

પાછળ શરમાળ મુગ્ધાના ભાવ સાથે કોણ ઊભી હતી ? એ તો હતી **પદ્માવતી–જયદેવની** પત્ની–જેણે પતિપ્રેમની પરમ મર્યાદા દેખાડી; અને જોડેજ રંગીલો **જયદેવ**–જેણે પત્ની પ્રેમની પરાકાષ્ઠા દાખવી.

અને આધે, ગંગાના તીર પર કોણ બેઠું છે ? વિદ્યા અને વિલાસ, જ્ઞાન અને રસ તેના લલાટને ઉજવાળે છે. નયનો દઢતા અને આત્મશ્રદ્ધાથી ઝગે છે : અને પડખે છે એની મુસ્લીમ–પત્ની: હા ! એ છે **જગન્નાથ. પંડિત**–જેના શ્લોકે શ્લોકે ગંગા પગથિયાં ચડી–જેણે પ્રેમનું સામ્રાજ્ય સમાજ કે ધર્મથી ચડિયાતું છે એ સાબિત કર્યું તે.

અને ચાર દિશાએ ચિતરાતાં આ ચાર ચિત્રો વચ્ચે બીજી અનેક આકૃતિઓ તરવરે છે. જો પેલાં **અરુંધતી**—જેનાથી વસિષ્ઠ પોતે પોતાને પવિત્ર થયેલા માને છે તે–હજીએ જાણે અસર્વિપદ પતિને અપાવવું હોય તેમ પતિ સેવામાં મશગુલ.

અને જુઓ, પેલી વૃંદા અને વધારે જાજ્વલ્યમાન વ્યક્તિઓ આગળ આવે છે. પણે મહાસાગર માપવા નીસરતા વહાણ પર અગત્સ્યને પ્રેરતી લોપામુદ્રા દેખાય છે. અને દૂર રેણુકા અને અનસૂયા પણ ઉભાં છે! જેમનાં પતિઓનું સામર્થ્ય તેમનાં સ્વાર્પણ પર અવલંબતું હતું. કો :સામ્રાજ્ઞીના ગર્વથી પતિના રથને આંગળીથી ટકાવી દૈત્યોને ડારતી કૈકેયી આવે છે. પાછળ આવે છે શરમાળ સીતા—નારીજાતને થયેલા :સનાતન દ્રોહની પ્રતીકઃ અને તેની જોડે જ ઇતિહાસથી ઉવેખાયેલી ઉર્મીલા અને માંડવી !

હીણાતું સ્ત્રીત્વ અનુભવતાં હૈયું કંપે છે, આંખો ભીની બને છે. આંખો લૂછતાં તો દૃશ્યે પલટો લીધો છે. પુરુષે સખા થવાનું છોડી દીધું છે. બહુપત્નીવાદની પાશવલીલામાં ફસાઇ લગ્નનું મહાત્મ્ય એણે વિસાર્યું છે. પણ હજી એ, સ્ત્રી તો જીવન-સખી થવા મથે છે.

અને આવે છે મહિમાવન્તી મહિલાઓનો સંઘ-પણ તેમાંથી ઓળખાય છે તો બેજ—એક દમયંતી-બીજી વાસવદત્તાઃ-

ફરી દશ્ય બદલાય છે-નર્મદાનાં નીર વચ્ચે માહિષ્મતિના કાંગરા દેખાય છે. પશુ અને પંખીઓ પણ જ્યાં વેદના વાદ કરે એ સ્થાનમાં સાક્ષાત સરસ્વતીના અવતાર જેવી ભારતી બિરાજે છે. અને તત્વજ્ઞાનની પરમ સીમાઓ સ્પર્શે છે. ઈતિહાસ આખોએ ભૂલાઇ જાય, તોયે તેનું એક જ નામ હિંદના સ્ત્રીત્વને ગૌરવ દેવા બસ છે.

અને આ લોકોત્તર નારીને પ્રણામ કરી માથું ઉંચકું છું. ત્યાં નવુંજ દશ્ય નજરે પડે છે. દૈત્યો સામે રણે ચડેલી કૈકેયી પરંપરા દૃષ્ટિગોચર થાય છે. ગુપ્ત સામ્રાજ્ય સ્થાપનારી કુમારદેવી-યવનદળમાં ફસાયેલા પતિને છોડાવી આખરે જોહરના બલિદાન દેતી પદ્મિની-પતિની સાથે યુદ્ધે ચડતી તારામતી-રણથી પાછા હઠેલા પતિને કર્તવ્યપથ દાખવતી ચંદ્રાવતી-અને રણચડતા:

પતિની પહેલાં સહગમન કરતી હાડીરાણી–જ્વલંત જીવન-સખ્યનાં–સહચાર અને સહકારનાં આવાં દશ્યો નજરે પડે છે.

વિચારચક્રાવો વેગ પકડે છે; સાથે આંખને પણ તમ્મર આવે છે અને સ્વપ્નપટ પણ ફૂદડી ફરતું લાગે છે.

અને 'સખા' બનવાનું ભૂલી બેઠેલા હસ્ત મેળાપના મહિમાવંતા કાલને ભૂલી ગયેલા પુરુષની અવહેલના ન ગણકારતી, ગૂંગળાવતા સમાજ બંધનો અને પીલી નાંખતી.
રૂઢિઓની નાગચૂડમાં ફસેલી છતાં–નિરક્ષર, નિર્ધન, નિરાધાર એવું હીણુંપદ પામેલી છતાં–પતિની સખી થવા મથતી પ્રાંત પ્રાંતની નારીઓનાં જૂથેજૂથ ઉભરાય છે. એ પ્રયાસની અથડામણ કોક કરુણાંત મહારાસનું રૂપ લે છે અને લાગણીઓના આવેશથી આંખો મીંચાઈ જાય છે.

મીંચેલી આંખો છતાં વિચાર વહેણ થંભતું નથી. ઉન્નત આદર્શો વાળો ભવ્ય ભૂતકાળ—કીર્તિમંત મધ્યયુગ. કંગાળ છતાં પ્રયત્નશીલ વર્તમાન–આ વિચારોથી મન ભરાઈ જાય છે. ફરી આંખ ઉઘડે છે, અને દેખાય છે એકજ ચિત્ર–કૈલાસવાસી અર્ધનારીશ્વરનું–દાંપત્યના આર્યોના સર્વોચ્ચ આદર્શનું. એ ચિત્ર ચિત્તને સ્થિરતા અર્પે છે, અને એને પ્રણામી હું કલમ હાથમાં લઉં છું.

અને સ્વપ્નમાં જોયેલાં દશ્યો યથાશક્તિ અહીં આલેખું છું.



[૧] લગ્નનો મંત્ર

ભૂતકાળના પડળો જાણે ચિરાય છે, અને મારી આંખ સામે સરસ્વતીનો કાંઠો દેખાય છે.

આથમતાં સૂર્ય પાસે જાણે પ્રેરણા માંગતો હોય તેમ એક જુવાન ઋષિકુમાર સાયંકાલની અંજલિ અર્પે છે.

તેના મુખ ઉપર ચિંતન અને ચિંતાની રેખાઓ છે. એ કુમાર છે, મહર્ષિ ઉદ્દાલક આરુણીનો યુવાન પુત્ર શ્વેતકેતુ.

આર્યોની સંસ્કૃતિ તાજી જન્મતી હતી. સમાજ વ્યવસ્થા હજી ઘડાતી હતી. સશક્ત, સુરેખ અને તંદુરસ્ત નરનારીનો એ સમાજ હતો. અને સમાજબંધન હજી વ્યક્તિની ઇચ્છા પર આધાર રાખતું.

શ્રમવિભાગના ધોરણે અને સંતાન ઉછેરની સરળતા માટે પુરુષો અને સ્ત્રીઓ ઘર માંડતા. પણ મધ્ય આફ્રિકાની કેટલીક જાતિઓ અને ઑસ્ટ્રેલીઆના મૂળ વતનીઓ અત્યારે પણ કરે છે તેમ પુરુષ અને સ્ત્રી ઇચ્છા મુજબ સહચાર સાધી શકતા. લગ્નબંધન જેવું હજી કાંઈ હતું નહિ.

આમ જાતીય આવેગ અને સામાજીક સગવડ પરજ સ્ત્રી પુરુષના સંબંધ ઘડાયા હતા. પક્ષીઓના જીવનથી વધારે ઉન્નત એ જીવન નહોતું, અને તેથી જ પ્રભાવશાળી, પ્રગતિમાન વ્યક્તિઓને તેમાં ઊણપ લાગતી. અને એવી ઊણપ લાગવાથી જ શ્વેતકેતુ આજે વિચારે ચડ્યો હતો.

તેણે અંજલિ આપી અને આથમતા સૂર્ય સામે મીટ માંડી. “દેવ, જગતના ખૂણે ખૂણા અજવાળો છો. મારા અંતરમાં આજે અંધકાર છે; તે અંધકાર પણ દૂર કરો. પુરુષ અને સ્ત્રીના સંબંધ શું સંતાનપ્રાપ્તિ પૂરતાં જ છે? સહજીવન શું ગરજનો સોદો જ છે? માણસ શું પશુથી જરાએ ચડિયાતો નથી......? સત્યના દૃષ્ટા, આ કુપથ્યના દ્રષ્ટા, ભગવાન ભાસ્કર! આદેશ દો! હું ઉદ્દાલક આરૂણીનો પુત્ર અને સામનો ઉદ્દતા શ્વેતકેતુ વિનવું છું કે આદેશ દો.

અને તેણે ત્રાટક આરંભ્યું.

આથમતા સૂર્યની બે બાજુથી જાણે બે વાદળીઓ ઉપર સરકે છે. એક છે રક્તવર્ણી, બીજી સુવર્ણ જેવી. ચંપકવર્ણી એ વાદળીઓ જાણે લંબાય છે,—અન્નેરૂપ લંબાવેલા હાથ જેવાં લાગે છે, અને ડૂબતા સૂર્ય વચ્ચે એમનાં આંગળાં ભીડાય છે.

અને ધ્યાનમગ્ન શ્વેતકેતુને કર્ણે જાણે મંત્ર સુણાય છે,—એજ મંત્ર જાણે આકાશમાં ચાલે જાય છે, અને ધીમા વહેતા પવનમાં વાદળીઓ ફરીથી ગોઠવાય છે.

આમ શ્વેતકેતુને લગ્નના મહામંત્ર લાધ્યા,—

અને જ્યારે તેણે પોતાની સહચરી શોધી....

અને જ્યારે એણે પોતાની સહચરી શોધી ત્યારે એ મંત્રથી તેણે તેને સ્વીકારી.

અને હજીએ, 'સાપ જાય અને લિસોટા રહે' તેમ એજ મંત્ર દરેક હિંદુ લગ્નમાં ઉચ્ચારાય છે. ખરે એ મંત્રમાંજ માનવ લગ્નનો આદર્શ છે.

એ મંત્ર આ રહ્યાઃ—

आत्मना तेऽऽत्मानं संदधामि।
प्राणैस्ते प्राणान्संदधामि ॥

“તારા આત્મા જોડે મારો આત્મા જોડું છું. તારા પ્રાણ સાથે મારા પ્રાણ જોડું છું.”

પુરુષે પોતાની જીવનસખીને આપેલો આ કોલ આર્યાવર્તમાં સર્વેએ સ્વીકાર્યો. અને પુરુષ અને પ્રકૃતિની બેલડી સમી નરનારીઓની બેલડીઓ ખરેખર જીવનસંવાદનાં ગાન ગુંજવા લાગી.

અને આર્યવર્તના ઉત્કર્ષ માટે મથતા, દૂર અરણ્યોમાં સત્ય શોધવા મથતા તપસ્વીઓએ એ સમોવડીઆ સ્ત્રીપુરુષોની એકતાનથી રાચતી બેલડીઓમાં પુરુષ પ્રકૃતિના દ્વૈત–અદ્વૈતનો મહામંત્ર જોયો:—

द्वा सुपर्णा सयुजा सखायै ।
समानं वृक्षं परिषस्वजाते ॥

"બે સરખી સુંદર પાંખોવાળા, સાથે જોડાયેલા પક્ષીઓ મૈત્રી માટે એકસરખી રીતે [પોતાના આધાર રૂપ] વૃક્ષને વારંવાર વળગી રહે છે."

નર નારીની સમાનતાનો–ભવેભવની આ ઐક્યભૂખનો–આવો આદર્શ જગતની કોઈ પણ સંસ્કૃતિ બતાવશે ?



[૨] જીવન અને મરણમાં પણ સાથે

દેવોને પ્રિય કાશ્મિરને એક મનોહર લતાકુંજ નજરે ચડે છે. ધીમાં વહેતાં એક ઝરણને કાંઠે એક યુવાનના ખોળામાં માથું મૂકી એક યુવતી બેભાન પડી છે.

એ યુવાન છે, ઋષિકુમાર રૂરૂ. એ યુવતી છે એની નવ-વિવાહિતા પત્ની પ્રમદ્વરા.

પણ આ પ્રેમીઓની રસમસ્તી નથી—જળકેલિ કે વનકેલિથી થાકેલી પ્રિયતમા અહીં પ્રિયકરના ખોળામાં આરામ લેતી નથી. આ તો અકાળે મરણ પામેલી પ્રેયસીને ખોળામાં લઈ બેઠેલો હતાશ પ્રણયી છે.

હમણાં જ પૂરબહારમાં એમનાં યૌવનની વસન્ત મહેકવા માંડી હતી. જે પૂર્ણચંદ્રે તેમના ઉલ્લાસ ઊછળતા લગ્ન સમારંભ પર અમીવર્ષણ કર્યું હતું, તે ચંદ્ર હજી ફરી પૂર્ણાવસ્થાએ પહોંચ્યો નહોતો, ત્યાં તો તેમના નિરંતર આનંદ ઉપભોગની કાળને અદેખાઈ આવી. અને પુષ્પકુંજમાં વનકેલિ કરતાં પ્રમદ્વરાને સર્પ ડસ્યો.

રૂરૂએ શક્ય બધા ઉપાય અજમાવ્યા. પ્રેયસીનો અંગુઠો ચૂસી ઝેર કહાડી નાખવા પ્રયત્ન કર્યો; અમૃતવલ્લરીનો રસ રેડયો, પણ બધું વ્યર્થ: પતિના ખોળામાં માથું મૂકી પ્રમદ્વરા મૃત્યુ પામી.

અને આઘાતથી મૂઢ બનેલો રૂરૂ પોતાની સહચરીના કાળા પડતા મુખ સામે જોઈ રહ્યો.

પણ વ્રત, અભ્યાસ અને તપશ્ચર્યાથી સુદૃઢ બનેલું મન એમ લય પામે એમ નહોતું. પળવારના આઘાત પછી તેના મગજે કામ કરવા માંડ્યું.

અને તેને સાંભર્યું: પોતાનું સંવનન–પોતાનું લગ્ન–બંનેએ પરસ્પરને દીધેલાં કોલ–અને જે મંત્રથી તેણે પ્રમદ્વરાને સ્વીકારી હતી તે મંત્રો:

"તારા આત્મા સાથે મારા આત્માને જોડું છું–પ્રાણ સાથે પ્રાણ—!"

અને વીજળીના ઝાટકા જેવો ઝાટકો તેના મગજને લાગ્યો. તેજસ્વી, ટેકીલા, દૃઢ નિશ્ચયી આર્યોનું ખમીર તેની નસોમાં ઊછળી આવ્યું. શું એ મંત્ર ખોટા હતા ? શું એની પ્રતિજ્ઞા અસત્ય હતી ? શું એનો નિશ્ચય ઢીલો હતો ?

જો એ મંત્ર સાચા હોય, તેની પ્રતિજ્ઞા સાચા દિલની હોય, તેનો સંકલ્પ ખરા મનથી કરેલો હોય તો, તેમની આ બેલડી તૂટે કેમ ?

લમણે હાથ દઈ બેસી રહેનારા–ભાવિને દોષ દઈ પોતાની નિર્બળતા છુપાવનારા અથવા મિથ્યા તર્કવાદની ઓથ નીચે મનની કલુષિતતા ઢાંકનારા હાલના 'આર્ય' નામ લજવતા નામશેષ આર્યો જેવો એ હતવીર્ય, ચેતનહીન માનવી નહોતો. પ્રકૃતિનાં પરમતત્વો જીતનાર, દેવોને યે વશ કરનાર, આગ્રહી, નિષ્ઠાવાન આર્યોનો એ પુરુષાર્થી પ્રતિનિધિ હતો.

અવર્ણનીય મૃદુતાથી તેણે પ્રિયાના મસ્તકને ફૂલના રચેલા ઓસીકા પર મૂક્યું. અકથ્ય કોમળતાથી તેના કપાળ પર હાથ ફેરવ્યાં, અને ત્રિભુવનને ડારતો હોય તેમ તેના મસ્તક પાસે ઉભો.

તેણે ચતુર્દિશામાં નજર ફેરવી. અંતરીક્ષમાં આઘે જોયું,

અને આકાશમાં વિહરતા શુદ આઠમના ચંદ્ર સામે મીટ માંડી. ચંદ્રદેવ! તમારાં કિરણોમાંથી સુધા–અમૃત વરસે એમ કહેવાય

છે. તો........" તેણે અંજલિ રચી અને આર્યાવર્તનું મહાસ્તુતિવાક્ય સહેજ ફેરફાર સાથે ઉચ્ચાર્યું.

॥ मृत्योर्मामृतं गमय ॥

આશાભર્યા નયને તે ચંદ્ર સામે નીરખી રહ્યો. અને થોડીવારે પ્રિયતમાના મુખ સામે જોયું.

પણ વ્યર્થ. ત્યાં તો મૃત્યુની કાળાશ વધતી જતી હતી.

પળવાર તેણે નિરાશા અનુભવી. પછી ગૌરવભરી એ યાચના કરતા ઋષિને બદલે રણે ચડતા આર્ય યોદ્ધાના ભાવ તેના મોં પર તરિવર્યા! તેણે પ્રિયતમાની એક પ્રદક્ષિણા કરી. જળથી તેની આસપાસ કૂંડાળું રચ્યું. અને ફરીથી અંતરીક્ષમાં મીટ માંડી પોકાર કર્યો.

"પ્રમતિ અને ઘૃતાચિનો પુત્ર, દેવોનાયે દેવ, પિતા વરુણ! હું રુરુ, આર્યોના તપ, સદાચાર અને નિષ્ઠાના બળે તમને આમંત્રુ છું; પક્ષીઓના પથના જ્ઞાતા! આર્યત્વના આધારરૂપ અખંડ દાંપત્યને નામે તમને આહ્વાન કરૂં છું."

"દેવ, દેવાધિદેવ! જવાબ દો! શું અમારી નિષ્ઠા ખોટી છે? શું અમારા મંત્રો જુઠા છે? શું અમારી વાણી અસત્ય છે?"

દિશાનાં કંદરોમાંથી સૂસવતા પવનો વાય છે—દૂરથી સફેદ વાદળીઓ દોડી આવતી દેખાય છે, વૃક્ષોના પાંદડાં જાણે મર્મર રુદન કરતાં હોય તેમ ખળભળે છે.

"ઉત્તર દો, દેવ! અમારી ભાવના જો વિશુદ્ધ હોય, અમારો સંકલ્પ જો સાચો હોય તો અમારા અદ્વૈતનો ઉચ્છેદ કેમ થયો?"

હૃદયના ઊંડાણમાંથી, દર્દના આવેગભર્યા આવેશથી, છતાં સ્વસ્થ આગ્રહથી ઘોષતા આ શબ્દોના પડઘા દિશાઓમાં પડે છે. પ્રતિભાસંપન્ન યુવાનના હૃદયના આક્રંદથી જાણે પ્રકૃતિ ક્ષોભ પામે છે.

પવનના સૂસવાટા થંભે છે, ચંદ્રની આસપાસ સુંદર જળકૂંડું રચાય છે.

ફરીથી વધારે વિષાદ અને વધારે આગ્રહભર્યો અવાજ ઊઠે છે.

"આર્યોના આરાધ્યદેવ! મંત્રોના દર્શક પિતા! ઉત્તર દો. અગ્નિ સમક્ષ સત્યસંકલ્પથી જોડાયેલા આત્મા વિખૂટા પડે જ કેમ?"

અને દૂર, સુદૂર યુદ્ધના દુંદુભિ ગાજતાં હોય તેમ દિશામાંથી પડઘા પડે છે:

"જોડાયેલા આત્મા વિખૂટા પડે જ કેમ?"

રુરુ આજુબાજુ નિહાળે છે. આ પડઘામાં એને લાગે છે કે, દેવો માનવનો ઉપહાસ આદરે છે.

તેણે સ્વસ્થતાથી મૃત પ્રિયતમાના મુખ સામે જોયું, અને તેના મુખ પર કઠોર નિશ્ચય છવાયો.

"બે દેહમાં એક જ આત્મા જેવું અમારું ઐક્ય હતું; પિતા વરુણ, એ દેહ વિખૂટા પાડવા તમે તૈયાર થયા છો. પણ તે હું થવા દઈશ નહિ. મને પણ લો."

તેણે પદ્માસન વાળ્યું. પ્રમદ્વરાના મુખ પર મીટ માંડી, અને કહ્યું:

"મને નહિ છોડવાનો તેં કોલ દીધો હતો: તને નહિ છોડવાનો મેં કોલ દીધો હતો. તો થોભ, અંતરીક્ષમાં—

આકાશમાં—અવકાશમાં જ્યાં હો ત્યાં ઊભી રહે, મારી પ્રમુ! હું આવું છું. મારા અનન્ય પ્રેમની—તારા અજોડ સહચારની—આપણા અખંડ દાંપત્યની તને આણ છે. જ્યાં હો ત્યાં થોભ! હું પલકવારમાં આવું છું."

પવનની એક ધીમી લહેર આવી: જાણે પ્રકૃતિને કંપારી વછૂટી હોય! વૃક્ષો પણ આછું આછું સળવળ્યાં: જાણે હીબકાં લેતાં હોય!—ચંદ્ર પર એક આછી વાદળી પસાર થઈ—જાણે

ચંદ્રને શરમ આવતી હોય; અને રુરુએ આત્મઘાત માટે કટારી ઉગામી.

આકાશ જાણે રુદન કરતું હોય તેમ આછા છાંટા પડયા; પક્ષીઓ વિલાપ કરતાં હોય તેમ ચિત્કાર કરી ઊઠયાં; બ્રહ્માંડ જાણે ઝબકતું હોય તેમ આછી વીજળી ચમકી.

અને રુરુની છરી હજી તો તેના હૃદયમાં પેસે છે, ત્યાં મેઘ જેવો અવાજ સંભળાયો—'સબૂર.'

અને વીજળીની એક આછી ચમક સાથે દેવદૂતનાં દર્શન થયાં.

અભિજાત આર્યોની સુજનતાથી અતિથિ સત્કારવા માટે રૂરૂએ હાથ જોડયા.

"ભગવન્, કામ સેવા હોય તો ફરમાવો. મારે મોડું થાય છે."

"શેનું મોડું થાય છે?" દેવદૂતે હસીને કહ્યું.

"દેવ, દૂર વૈતરણીને કાંઠે મારી પ્રિયતમા મારી રાહ જુએ છે. એક એક પળ અત્યારે એક એક યુગ સમાન છે. માટે આદેશ દો દેવ, જેથી હું ઝટ એને મળી શકું."

"વત્સ," માત્ર માતાના જ સૂરમાં સંભળાય એવા હેતભર્યા અવાજે દેવદૂતે કહ્યું. "વૈતરણીનાં તો યમરાજનાં તેડાં હોય. ત્યાં કાંઈ સ્વેચ્છાએ જવાય છે?"

"પણ, દેવ, અમે પરસ્પરને કોલ દીધા છે. એ પાળવા માટે મારે જવું જ જોઈએ."

વત્સ, આયુષ્ય ખૂટે ત્યારે ત્યાં જવાનું. એમ બળાત્કારે જીવનદોરી ના તોડાય."

અધિરાઈ અને અણગમાથી રુરુ ઊભો થયો. "મને વાદવિવાદ માટે ફુરસદ નથી. દેવ! આપને કામ ન હોય તો હું મારે પથે પ્રસરું."

"એક પગ, વત્સ," દેવદૂત તેને ખભે હાથ મૂકીને બોલ્યાઃ "પ્રમદ્વરાએ કોલ તોડયોઃ તે તને મૂકીને ચાલી ગઈ, તો તારે શા માટે આગ્રહ રાખવો જોઇએ ?"

શિષ્ટાચાર સાચવવાને ખૂબ સંયમથી રુરુએ પોતાના ક્રોધને વશ રાખ્યો, "દેવ, માફ કરો. પ્રમદ્વરા અસહાય હતી. તેણે સ્વેચ્છાથી કોલ નથી તોડયો. હું અસહાય નથી. એની ભૂલ હું સુધારીશ."

વાતાવરણમાં નીરવ શાંતિ પ્રસરી હતી. અલૌકિક પ્રસન્નતાથી દેવદૂત રુરુ તરફ જોઈ રહ્યા હતા.

"વત્સ, વિધાતાનાં વિધાનો ગહન હોય છે. એને અનુસરવામાં જ માણસાઇ છે."

અધિરાઇ દાખવતો રુરુ બોલ્યો.

"દેવ. મેં કહ્યું ને કે મને અત્યારે વાતચીત માટે ફુરસદ નથી. આ બધાનો નિર્ણય હું યમના દરબારમાં કરીશ."

"તારો માર્ગ સુખરૂપ હો! દેવે શાંતિથી ઉચ્ચાર્યું. "પણ ભરયૌવનમાં આત્મઘાતથી તને રોકવાનો કોઇ રસ્તો ?"

"એકકે નહિ–સિવાય કે પ્રમુ પાછી જીવતી થાય."

"તે કેમ બને ? વિધાતાએ એને માટે નિર્મેલું આયુષ્ય એણે ભોગવ્યું છે પણ એક રસ્તો છે!"

"શો ?" ઉત્સુકતાથી રુરુએ પુછ્યું.

"તારૂં અર્ધું આયુષ્ય એને આપ."

"મારું ? મારું બધું તેનું જ છે ને! અમારો બન્નેમાંયે સરખોજ ભાગ છે ને! અને આટલા શબ્દો મુખમાંથી નીકળતાંજ પ્રમદ્વરાએ આળસ મરડયું.

રુરુ દિગ્મૂઢ થઈ ઊભો. દેવદૂત અલોપ થયા હતા. વાદળાં વિખરાઇ ગયાં હતાં. ચાંદની ચમકારા મારતી હતી. પક્ષીઓના


આછા કલરવ સંભળાતા હતા. દૂર પશ્ચિમમાં ચંદ્ર જાણે હસતો હતો. પ્રભાતની મીઠી વાયુલહરી લહેરાતી હતી. અને ઝાડોનાં પાન સંગીત સાથે નાચતાં હતાં.

જાણે પ્રકૃતિ દાંપત્યના આ અજોડ દર્શનથી રાસ રમવા તૈયારી કરતી હોય !

અને નૈમિષારણ્યે દાંપત્યનો મહામંત્ર સુણાવ્યો. પ્રત્યેક સવારે આર્યાવર્તમાં દંપતીઓ કુલદેવતા કે વૈશ્વાનરની આરાધના વખતે ગાવા લાગ્યાં—

" सह नाववतु सह नौ भुनक्तु "

" તે (દેવ) અમને બન્નેને સાથે રક્ષો. અમને બન્નેને સાથે ભક્ષો."



[૩] મૃત્યુમાંથી અમૃતમાં

પણ બીજી કોઇ પણ પ્રજાએ નહિ કલ્પેલા એવા પુરુષના પ્રેમાર્થે ત્યાગના આ દશ્યથી ઊઠેલી આનંદની લહરીઓ હજી તો લહેરાતી હતી, ત્યાં તો આનંદમાં ભરતી ચડી. કારણ કે શરદના રૂપેરી વાદળની આડમાંથી ચંદ્ર જેમ ડોકીયું કરે તેમ મારા ચિત્તઆકાશમાં એક સુકોમળ રાજમણીએ દર્શન દીધાં.

એ તો હતી, જગતના સર્વે પ્રેમ શીલસુરીની યે મહા-આચાર્યા–આત્મલગ્નની અદ્‌ભૂત ઉપદેષ્ટા–સ્રીત્વના સર્વાંગસુંદર મર્મો સ્પષ્ટ કરતી, પ્રેમના પરિપૂર્ણ રૂપની વ્યાખ્યા વર્ણવતી, સંસારના સોહાગનો સુલભમાર્ગ ચીંધતી–**સાવિત્રી** !.

મહાભાગી **સત્યવાન**ની સ્મરણમાત્રથી પવિત્ર કરતી તે પુણ્યશાળી પત્નીની કથા હિંદુ માત્ર જાણે છે. એનાં આચરેલાં વ્રત દરેક હિંદુ નારી આચરે છે. એના અજોડ મહિમાથી પ્રત્યેક હિંદુ–એના જીવનના દરેક પાઠથી ઊલટો વર્તતો છતાં–ગૌરવથી માથું ટટાર રાખે છે.

ગમે તેટલીવાર એની કથા વાંચો, ગમે તેટલી વાર એના જીવનનો વિચાર કરો, પ્રત્યેકવાર તમને એમાં વધારે સુંદરતા સાંપડે–તમને નવું જાણવાનું મળે–તમે વધારે આનંદ અનુભવો. કારણ કે, ચંદન જેમ ઘસાય તેમ વધારે સુગંધ આપે છે તેમ એના જીવનપ્રસંગોનો સુવાસ હરેક પુનરાવર્તન વખતે મગજને તર કરે છે; કુંદન તપાવે વધારે તેજ પકડે, તેમ એના જીવનની જાજ્વલ્યતા એને વધારે અને વધારે દેદીપ્યમાન કરે છે.

અને તેથી બહુ જાણીતી છતાંય કદી પૂરી ન જણાય, એવી એની કથાને યથાશક્તિ આલેખવા હું પ્રયત્ન કરૂં છું.

મારા સ્વપ્નપટમાં મેં એને પહેલી દીઠી એના પિતાના ઘરમાં. સુયોગ્ય પતિની પસંદગી કરવા માટે એણે કરેલી યાત્રાનો થાક હજી ઊતર્યો નહોતો. પણ આત્માની જોડ લાધી હતી, તેના આનંદને લીધે તેના મુખ પર એ થાકનાં ચિહ્નોયે રહ્યાં નહોતાં. પણ અંતરમાં ઉભરાતો એ આનંદ તે મુખ પર જણાવા દેતી નહોતી. ત્યાં તો માત્ર શાંત, નિર્મળ, પ્રફુલ્લતા જ વિલસતી હતી.

સામે તેના પિતા મદ્રરાજ અશ્વપતિ બિરાજ્યા હતા. અને એક આસન પર તેની માતા બેઠી હતી. પાસે વીરાસન વાળી બેઠેલો વૃદ્ધ મંત્રી સાવિત્રીની યાત્રાનું વર્ણન કરતો હતો. એ યાત્રામાં તે સાથે હતો.

મંત્રીનું વર્ણન પુરૂં થયું અને તે રજા લઇ ઉઠયો. માતાને પિતા બન્નેયે પુત્રી તરફ જોયું.

પિતાના મુખ પર ઊંડી વિચારની કરચલીઓ છવાઇ. માતાના મુખ પર ચોકખો વિષાદ હતો.

કારણ કે સાવિત્રીએ જે પુરુષની પસંદગી કરી હતી તેને નહોતું ગામમાં ઘર કે સીમમાં ખેતર. પદભ્રષ્ટ અંધરાજા દ્યુમત્સેનનો તે પુત્ર હતો. અને તપોવનમાં ઋષિ જેવું અકિંચન જીવન ગાળતા પિતાની સાથે ઋષિકુમાર જેવું જીવન ગાળતો હતો.

અને અઢાર અઢાર વર્ષની કઠોર તપશ્ચર્યા પછી ભગવતી સાવિત્રી દેવીના વરદાનથી મળેલા આ એકના એક સંતાનને આવો પતિ મળે એ કયા માતાપિતાને રૂચે ? સદાયે રાજવૈભવમાં ઊછરેલી આ લાડકી પુત્રીને કયા માબાપ ગરીબાઇમાં ધકેલવા માગે ?

અશ્વપતિએ પોતાની પુત્રી સામે જોયું. સરળ દિલના એ રાજવીની પોતાની પુત્રી પર અપાર મમતા હતી. અને તેનું

દિલ દૂભવવા તે કદી હિંમત કરે એમ નહોતું. વળી પોતાની પુત્રીના શાણપણમાં તેમને વિશ્વાસ હતો, છતાં તેમને આ પસંદગી બહુ રુચી હોય એમ લાગ્યું નહિ.

'બેટા,' ખૂબ વાત્સલ્યથી રાજાએ કહ્યું. "મંત્રીજીની વાતથી તો એમ લાગે છે કે, તારી કાંઈ ભૂલ થતી દેખાય છે. સત્યવાન કુળવાન છે એ ખરૂં, પણ શાલ્વોએ એના પિતાને પદભ્રષ્ટ કર્યા છે, અને એ કુટુંબે રાજકુળ મટી ઋષિજીવન સ્વીકાર્યું છે. તેં એને વિષે તપાસ કરી છે ?"

"પિતાજી," લજ્જાની સુરખી ઉભરાઈ, છતાંયે દૃઢ પણ વિનયી અવાજે તેણે કહ્યું: "ઋષિઓમાં મેં તપાસ કરી હતી અને આખા તપોવનમાં એમના ચારિત્ર્ય, અભ્યાસ અને સુજનતા માટે બે મત છે જ નહિ."

પિતાના મોં પર જરા નિરાંત દેખાઇ. એમનો વિરોધ શમતો લાગ્યો. સાવિત્રીએ પણ નિરાંતનો નાનો નિ:શ્વાસ મૂક્યો. રાજરાણીની ચકોર અને જાગ્રત આંખોથી આ ફેરફાર છૂપો રહ્યો નહિ.

પશુયોનિમાં પણ પિતા કરતાં માતા વધારે સંતાન વાત્સલ્ય હોય છે. રાજરમણીએ જોયું કે, પતિ તો સત્યવાનની વિદ્વત્તા અને શીલથી સંતોષાઈ જશે. પણ ઘર નિભાવવાની મુશ્કેલીઓનો તો એ ગૃહિણીને પૂરો ખ્યાલ હતો. વિદ્યા અને શીલને ગમે તેટલું માન મળે, પણ ગૃહસંસારનો આધાર તો વિત્ત પર હોય છે ને? એટલે તદ્દન નિર્ધન પતિને રાજકન્યા પરણે એમાં રાજરાણીને કશું ઠીક લાગતું નહોતું. છતાં પતિના જવાબની અપેક્ષાએ તે શાંત રહી.

"એમ હોય તો ઝાઝો વાંધો નથી." રાજાએ સહેજ અચકાતાં જવાબ આપ્યો.

તરત રાણીએ બોલ પકડી લીધો: "શું વાંધો નથી?" પતિ સાથે કદીએ વિરોધ દર્શાવ્યો ન હોવાથી અત્યારે સામા

પડતાં તેનો સ્વર જરા ધ્રૂજ્યો: "એકલી વિદ્યા કે સુજનતાથી સંસાર નભવાનો હતો? જીવનનિર્વાહ માટે કાંઇ સાધન તો જોઇએ ને?"

"માતા," સાવિત્રીએ જવાબ વાળ્યો, "તારી વાત સાચી છે. પણ નિર્વાહસાધન તો પુરુષ પેદા કરી લે છે ને!"

"હા. પુરુષ મેળવે એ ખરું. પણ સાધન તો જોઇએ ને? એને જમીન નથી, ઘર નથી, ધન નથી, સત્તા નથી. બેટા, લગ્ન એટલે વર અને ઘર બન્ને–એકલો વર નહિ. માટે મારી તો આ બાબતમાં જરાએ સંમતિ નથી."

"તારી માતાનું કહેવું છેક ખોટું નથી, બેટા." વૃદ્ધરાજા દાઢી પંપાળતા બોલ્યા: "એ વાત પણ વિચારવા જેવી છે."

"પિતાજી, તમે પણ આવા વિચારો ધરાવો છો? લગ્ન એટલે વર ને ઘર બે ખરાં, પણ ઘર ગૃહિણી પર આધાર રાખે છે ને! અને પુરુષાર્થ હશે તો નિર્વાહમાં શી મુશ્કેલી આવશે?"

"એમ તો પશુઓ યે ક્યાં પેટ નથી ભરતાં?" માતાએ જરા કડવાસથી કહ્યું.

સાવિત્રીના સૌમ્ય મુખ પર સહેજ કઠોરતાની છાંટ આવી જતી રહી. "માતા, એવો સમય પણ આવશે જ્યારે લગ્નમાં ઘર એજ મુખ્ય વસ્તુ થશે. અને ત્યારે લગ્ન એ લગ્ન નહિ રહે, સંસાર નહિ રહે, પણ વ્યવહારિક સગવડ બની જશે."

કોક મંત્રદ્રષ્ટા જ ભાખી શકે એવું આ આર્ષદર્શન જોઇ મમતાળુ અશ્વપતિ હોંશમાં આવી ગયા: "સાચું, બેટા સાચું. લગ્નમાં વર જ મુખ્ય વસ્તુ છે." અને પોતાની પત્ની તરફ ફરતાં તેમણે કહ્યું: "દેવી, તમારૂં કહેવું ખરૂં હોય તો યે સાવિત્રીની બાબતમાં ચિંતા કરવા જેવું શું છે? આપણું બધું કોનું છે?"

માતા જવાબ આપે તે પહેલાં જ સાવિત્રી બોલી ઊઠી. "ના, પિતાજી, પત્નીના પિયરની મૂડી પર જીવતો પતિ મારે

ના ખપે. ધુમત્સેનની પુત્રવધૂ નિષ્કિંચન જ હોય, નહિ તો પુરુષના પુરુષાર્થને અને તેથી દંપતીના સહચારને ઊણપ જ આવે."

"પણ તારું છે તે તેનું જ છે ને?" જરા ગુંચવાતાં રાજાએ પૂછ્યું.

"મારું સર્વસ્વ એમનું છે, એ ખરું. પણ પિતાજી, એ સર્વસ્વ કદીએ તેમના સર્વસ્વથી વધારે ન જોઈએ. ગુણ, શીલ કે દ્રવ્યમાં એવું કજોડું થાય તો તે વયના કજોડા કરતાંયે ભયાનક થશે." ફરીથી લગ્નની સફળતાનો નવો સિદ્ધાંત પુત્રીએ ઉચ્ચાર્યો.

બિચારા અશ્વપતિ! વ્યવહારની આવી સાદી સીધી વાતને આવા સિદ્ધાંતની કસોટી પર ચઢતી જોઈ તે તો અવાક જ થઈ ગયા. છેવટે માથું ખંજવાળતાં તેમણે કહ્યું: "પણ તો પછી તમારું લગ્ન કેમ સંભવે? મારી તું વારસ છે, અને રાજકુળના રીતરિવાજેઃ તારું પોતાનું ધન તો હશેજ ને?"

"જરાએ નહિ." જરાએ અચકાયા વગર સાવિત્રીએ જવાબ આપ્યો, "જો હું વરું તો તેમની સ્થિતિને અનુરૂપ બનીને જ વરી શકું. એટલે તમારો વારસો કે દાયજો મને ખપે નહિ."

રાજાજી પૂરા મહાત થયા. તેમણે તરત મેદાન છોડયું અને કહ્યું: "સ્ત્રીઓને સમજવા પુરુષ સદાયે અશક્ત છે એ આજે સમજાયું. તું અને તારી માતા જ નિર્ણય કરી લો. મારી તો બધામાં સંમતિ છે જ."

"એટલે તમારી પુત્રી એક ભિખારણ પેઠે પહેર્યે લુગડે જ સાસરે જાય એમાં તમારી સંમતિ છે ખરું?" રાણીએ અજબ કટાક્ષથી કહ્યું.

"માતા," પિતાની મુંઝવણ ન વધે તેથી સાવિત્રીએ જ જવાબ આપ્યો. "કટાક્ષના કડવા બોલથી કૈં વસ્તુસ્થિતિ સુધરવાની છે? અને મહેણાં એ કાંઈ દલીલ નથી. છતાં જો હું ભિખારીને વરું તો મને ભિખારણના સ્વાંગ જ શોભે, ને!"

રાણીનો પિત્તો ઉછળી આવ્યો, "ત્યારે તું તારું ધાર્યું જ કરવાની એમ? તને અમારા અભિપ્રાયની જરાએ કિંમત નથી એમ જ માનવું ને?" આવેશથી રાણીની આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

અશ્વપતિ માટે આ વસ્તુ અણધારી હતી. **નારીણાં રોદનંબલમ્**॥ સ્ત્રીઓ માટે રુદન એ જબરું શસ્ત્ર છે. તે ઓરડો છોડી ગયા.

અને સાવિત્રીનું હૃદય પણ ભરાઈ આવ્યું. કદીએ જેણે અનુચિત આજ્ઞા કરી નહોતી, કદીએ જેની આજ્ઞા પોતે વિલોપી નહોતી, એ માતાનાં આંસુ–અલબત્ત ઉકળાટનાં આંસુ–તોયે–તેના હૃદયને અસર ન કરે એ કેમ બને?

તે ઉભી થઇ. માતાના પગ પાસે બેઠી. પોતાના હાથ તેના ઘૂંટણ પર મૂકયા, અને બોલી: "માતા, માતા, તને હું દુઃખી કરવા માગું છું એમ તું માની જ કેમ શકે છે? લે, તારી ઇચ્છા નહિ હોય તો હું ત્યાં નહિ વરું. બસ બીજું કાંઇ તારે જોઇએ છે?"

રાણીના મુખ પર હર્ષની છલક આવી ગઇ. તેણે પુત્રીને છાતી સરસી લઇ માથું સુંઘ્યું. "હું જાણતી'તી જ કે મારી સાવિત્રી કદીએ મારું વેણ લોપે નહિ. એ તો બ્હેન, અનુભવ તને શીખવશે કે મારું કહેવું સાચું છે. તારા જેવી રાજપુત્રી તો શ્રેષ્ઠ રાજકુળમાં જ શોભે."

અને સાવિત્રી માતાના આલિંગનથી છૂટી થઇ. પોતાની આજ્ઞાંકિતતાનો માતાએ કરેલો અર્થ જોઇ તે ચોંકી, અને ભવિષ્યમાં ફરી આવો અથડામણનો પ્રસંગ ન આવે તે માટે બોલી: "પણ માતા તું પૂરું સમજી નથી. મારું વચન તું પુરું સમજી લે. હું દ્યુમત્સેનના પુત્રને તારી અનુમતિ વગર નહિ વરું, એ સાચું. પણ તે સિવાય બીજે કયાંય પણ નથી પરણવાની, એ પણ તારે સમજી લેવું જોઇએ."

પોતાની પૂરી જીત થયેલી માનતી રાણી આ ધડાકાથી સજ્જડ બની ગઈ. પળવાર બુદ્ધિ બહેર મારી ગઈ હોય તેમ પુત્રી સામે જોઈ રહી, પછી પૂછ્યું, "તારા કહેવાનો ભાવાર્થ ન સમજાયો. શું તારાં લગ્ન અહિં ન થઈએ તો તું અવિવાહિત રહેશે ?"

"જરૂર, માતા." સાવિત્રીએ ખચકાયા વગર કહ્યું: "મનથી વરેલા પુરુષ સિવાય બીજાનું પાણિગ્રહણ કેમ થાય ? એવું વર્તન તો વ્યભિચાર ગણાય. એટલે એવા કાર્યમાં તું મને પ્રેરી શકશે ?"

પુત્રીની સચોટ દલીલ માટે માતા પાસે જવાબ નહોતા. અને દલીલમાં હારે તેને રોષ તો ચડે છે જ ને !

"તને તો નહિ પહોંચાય, બહેન !" બળાત્કારથી રોષ દાબતાં તે બોલીઃ "આવું જાણતી હોત તો તને સ્વયંવરની યાત્રા જ ન કરાવત. ઘેર બેઠાં જ લગ્ન લેત."

કોક અજબ ભાવ સાવિત્રીના મુખ પર રમી રહ્યો. "માતા, એવો સમય પણ આવશે જ્યારે માતાપિતા જ સંતાનોના લગ્ન ગોઠવશે, અને અજાણ્યાં સ્ત્રીપુરુષ સંસારમાં સાથે જોડાશે. અને તે વખતથી જ લગ્ન અને સમાજનું પતન શરૂ થશે."

લગ્ન વિષેના નવા નવા મંત્રો સરજતી પુત્રી સામે માતા આભી બની જોઈ રહી. ગુંગળામણ અને ક્રોધ અને નિરાશા –આવા અનેક ભાવોના શંભુમેળાએ તેને અવાક બનાવી.

અને એ ગુંગળામણ કોઈ પ્રકારનું સ્પષ્ટ રૂપ લે, અને ફરીથી અણછાજતો પ્રસંગ ઊભો થાય તે પહેલાં મહારાજા અશ્વપતિ પાછા આવ્યા–સાથે એક અતિથિને લઈને.

'દેવી' રાજાએ છુટકારાના ભાવવાળા શબ્દો ઉચ્ચાર્યા, "આ અણીને પ્રસંગે આપણને માર્ગદર્શન દેવા જાણે મહર્ષિ નારદ પધાર્યા છે. એ આપણને કહેશે તેમ કરીશું."

રાણીએ પણ છુટકારાનો નિઃશ્વાસ નાંખ્યો. આપણી બુદ્ધિ કામ ન કરે, આપણી હામ હાથમાં ન રહે ત્યારે પારકાને માથે જવાબદારી ઢોળવી મીઠી લાગે છે. રાણીએ દેવર્ષિને પ્રણામ કર્યા, અને અર્ધ્ય અંદરથી લાવી. સાવિત્રીએ દેવર્ષિના ચરણ સ્પર્શ્યા.

'आयुष्मति भव।' દેવર્ષિએ આશીર્વાદ કહ્યા. "બોલો, રાજન્, તમારી શી મુંઝવણ છે?"

રાજાને બદલે રાણીએ જવાબ આપ્યો. "ઋષિરાજ, સાવિત્રીએ રાજકુળને ન છાજે એવી પસંદગી કરી છે, તે માટે આપ આવ્યા તે પહેલાં એ ચર્ચા ચાલતી હતી."

"ન છાજે એવી?" ઋષિએ આશ્ચર્યથી કહ્યું: "હું સાવિત્રીને બરાબર ઓળખું છું. શુદ્ધ હૃદય કદીએ અણછાજતી વાંછના કરે જ નહિ. સાવિત્રીના અંતઃકરણમાં એવી વાંછના જન્મે જ નહિ. ઠીક, એ કોને વરવા ચાહે છે?"

પુત્રીના વખાણથી આનંદ પામી અશ્વપતિ બોલી ઊઠયા: 'દ્યુમત્સેનના પુત્ર સત્યવાન સાથે.'

"સત્યવાન?" સહેજ વિચાર કરી નારદ વધા: "પસંદગી તો સારી છે. રાજપુત્રો કે ઋષિકુમારોમાં એનો જોટો નથી. ખરે, તમારી પુત્રીને યોગ્ય એ એકજ છે."

અશ્વપતિનું મુખ હર્ષથી છલકાઇ ગયું. નારદની પ્રશંસા મળી. હવે શું જોઇએ?

સાવિત્રીનું મુખ પણ આનંદથી ખીલી ઊઠયું. પણ લજ્જાભારે તેણે માથું નમાવી દીધું.

રાણીના મુખ પર અસંતોષ રહ્યો, પણ વિષાદ ઓછો થયો. છતાં તેમણે પોતાનો મુદ્દો છોડયો નહિ.

"પણ, દેવર્ષિ, તેની અવસ્થાનો યે વિચાર કરવો જોઈએ ને."

"રાણી, તમારૂં કહેવું બરાબર છે. પણ પુરુષાર્થ અને પરાક્રમવાળો પતિ હોય તો ધન વૈભવ તો કાળે મળી રહેશે."

"અને ધન, વૈભવ સિવાય સુખ ન જ મળે એમ નથી. સુખ તો ગરીબાઈમાં પણ મળી શકે છે." ખૂબ લજ્જાથી ધીમે સ્વરે સાવિત્રીએ કહ્યું.

"હા, હા, દેવર્ષિ સાચું કહે છે." એક મડાગાંઠનો ઉકેલ આવતો જોઈ આનંદમાં આવેલા અશ્વપતિ બોલ્યાઃ

"ધન, વૈભવ એ તો ભાગ્યની વાત છે."

"પણ ભાગ્ય કોણે જોયું છે?" પોતાની બાજી હાથથી જતી જોતાં રાણીએ લૂલો વિરોધ ચાલુ રાખ્યો.

આ શબ્દો સાંભળતાં જ દેવર્ષિએ દૂર દૂર આકાશમાં નજર નાંખી. તેમના વદન પર પહેલાં ગંભીરતા અને પછી ઘોર વિષાદ ફેલાયો. એક ઊંડા નિઃશ્વાસ સાથે તેમણે નજર ફેરવી અને સાવિત્રી સામે જોયું.

"બેટા, તારી માતાનું કહેવું ઠીક લાગે છે. સત્યવાનનું આયુષ્ય માત્ર એકજ વર્ષનું છે. આવતા જ્યેષ્ઠની પૂર્ણિમાએ તો તે પિતૃલોકમાં સંચરશે; માટે એની ઝંખના છોડી કોઇ બીજાને વર."

પળવાર સાવિત્રી આ આઘાતજનક સમાચારથી આભી બની. પળવાર તેની આંખમાં વિહ્વળતા, વિષાદ, નિરાશાના ભાવ તરવરી રહ્યા. પણ તે પળવારજ. ભગવતી સાવિત્રીદેવીની તે વરદાન–દત્તા–પુત્રી હતી. પળવારમાં તેણે સ્વાસ્થ્ય મેળવ્યું.

અને ઈંદ્રાણીને યે ઈર્ષ્યા આવે એવું ગૌરવ તેના રૂપાળા મુખ પર છવાયું: "ઋષિરાજ, આ શબ્દો તમારા મુખમાં શોભે છે ખરા?"

પળવાર ગંભીર શાંતિ છવાઈ રહી. બ્રહ્માના પ્રિયપુત્ર, વિષ્ણુ અને શંકરના પ્રીતિપાત્ર એવા સકળ દેવગણને પૂજ્ય એવા

આ ત્રિલોકગામી ઋષિવરને આમ કહેવાય ? પુત્રીની ધૃષ્ટતાથી માતા આભી બની. પિતા દિંગ થયા અને ઋષિના મુખ પર સ્મિત છવાયું.

પોતાના શબ્દોથી જાણે પોતેજ ભૂલ કરી હોય તેમ જરા નરમ અવાજે સાવિત્રીએ આગળ ચલાવ્યું: "દેવર્ષિં, આત્મા ઓળખે તે વર. આત્માએ આત્માને પિછાન્યો છે. એ ભવોભવનાં લગ્નને આ ભવે તોડવા કહો છો ?"

દેવર્ષિંની આંખમાં ચિંતનનાં ઊંડાણ ઊતર્યાં. જન્મમરણથી યે પર એવા અતૂટ સ્નેહલગ્નનો માનવકુલનો મહાઆદર્શ એમણે મૂર્તિમંત થતો જોયો.

અને ત્રિકાળજ્ઞાની એ મુનિવરનાં નેત્રો ભાવિના અંધારપટને ભેદવા લાગ્યાં અને સદાસર્વદા દેવોનો મદ ઉતારવા મથનારા એ ઋષિ ભાવિના આખરી દર્શનથી જાણે રાચ્યા હોય તેમ એમનાં નયનો હસી ઊઠયાં.

તેમણે અગાધ મમતાથી સાવિત્રીના મુખ પર દૃષ્ટિ ફેંકી: "દેવોનેયે અગમ્ય એવું તારૂં દર્શન છે. બાલા, દેવોનેયે પૂજ્ય એવી તારી પ્રતિભા છે." અને ઉત્સાહથી ઉભરાતા, વાત્સલ્યથી છલકાતા સુકોમળ ભાવોથી તેમનો અવાજ ગર્જી ઊઠયો. "અને અનંત-કાળ સુધી વિશ્વવંદ્ય રહેવાની તારામાં યોગ્યતા છે. બેટા, તારા સત્ય અને શુભ સંકલ્પને અવરોધવાની ઇચ્છા પણ કેમ કરાય ? જા, બેટા, તારે યથેષ્ટ માર્ગે જા–તું બન્ને કુળ તારશે તો ખરીજ. પણ માનવકુળ પણ તારે લીધે તરશે." અને અપાર સ્નેહ અને અજોડ માધુર્યથી તેમણે તેના શિર પર હાથ મૂકયો અને કહ્યું: "તારી સર્વે વાંછનાઓ ફળો." સ્મિત વેરતા મુખથી, અમી-ઝરતા નયનથી અને ભાવભર્યા અંતરથી તેમણે આશીર્વાદ આપ્યા.

મારા સ્વપ્નપટ પર આ ચિત્ર આલેખાયું ત્યારે મારાં અંતરનાં દ્વાર જાણે ઊઘડી ગયાં–કદંબ અને પારિજાતકની સુવાસ ફેલાઇ રહી અને સહસ્રચંદ્રોનો પ્રકાશ જાણે રેલાઈ રહ્યો.

ભાવોની એ ઉન્માદ ભરતીમાં ચિત્ર ક્ષણવાર લુપ્ત થયું. અને પછી મેં જોયો દ્યુમત્સેનનો આશ્રમ.

અછડાતી વિજળી લાગી હોય એવા વડના ઝાડને તમે જોયું છે? એનાં ઘણાંક પાંદડાં બળી ગયાં છે; ઘણીક ડાળીઓ તૂટી ગઈ હોય છે; છતાં યે વનરાઇનો એ રાજવી, અડવો, બરવો લાગતો છતાંયે, પોતાનું ગૌરવ ગુમાવતો નથી. જર્જરકાય તેનું થડ હજીએ પવનના ઝપાટા આગળ નમતું આપતું નથી. અને હજીયે તેની ડાંખળીઓ પ્રાણીમાત્રને આશ્રય આપવા આતુર હોય તેમ ડોલી રહે છે.

એવા મર્મભેદક ગૌરવથી શાલ્વોએ દેશનિકાલ કરેલો અંધ રાજા તાપસના વેશમાં પોતાની પર્ણકુટી પાસે બેઠો હતો. ક્ષત્રિયોજ દાખવી શકે એટલી આસાનીથી તેણે પોતાનું દુર્ભાગ્ય જીરવ્યું હતું. મહાલયને સ્થાને ઝુંપડી હતી, દાસ–દાસીઓનાં જુથને બદલે વયદુર્બળ પત્ની અને સુકોમળ પુત્ર હતાં. સુવર્ણના સુંવાળા સિંહાસનને સ્થાને ખરબચડું, ઘસાયેલું દર્ભાસન હતું. અનેકોને પોષનાર પાસે આજે અતિથિઓને આપવા ફળમૂળ અને જળ સિવાય કાંઈ નહોતું. છતાં અપંગ, અનાધાર અને અકિંચન તે રાજભ્રષ્ટ રાજવીના મુખ પર સ્વસ્થતા, સંતોષ અને ગૌરવ હતાં. ખરે, ધન વૈભવને માણસના આત્મ સંતોષ સાથે ઘણી ઓછી લેવા દેવા છે.

અને સામે બેઠા હતા અશ્વપતિ–સબળ મદ્રરાજ્યનો એ સમૃદ્ધિસંપન્ન રાજા નિષ્કિંચન દ્યુમત્સેનને પોતાની પુત્રી સત્યવાન માટે સ્વીકારવા વીનવતો હતો.

"રાજન" દુ:ખભર્યા પણ ગૌરવપૂર્ણ અવાજે વૃદ્ધ અંધે જવાબ આપ્યો. "રાજ્યાસનથી હડસાયેલા અમો તમારી ઉદારતા ન સમજીએ એવાં નથી. તમારી પુત્રી સ્વીકારવાથી સત્યવાનનું ભવિષ્ય સુધરી જાય છે એ પણ સાચું. વ્યવહારની બધી દષ્ટિએથી વિચારતાં આ લગ્નમાં તમને

નુકસાન છે. અમને કેવળ લાભ જ છેઃ અને તે લાભ પણ એટલો અકલ્પ્ય અને અણચિંતવ્યો છે કે, અમે આ માગણી ન સ્વીકારીએ તો જગતમાં કોઈ પણ અમને બેવકૂફ જ લેખે; પણ મહારાજ......" થાકથી જરા થંભી, ઉધરસ ખાઈ તેમણે કહ્યું: "હજીએ દ્યુમત્સેન એવો સ્વાર્થી નથી થયો, હજીએ તેની અવદશાએ તેના આત્માને એટલો હણ્યો નથી કે તે પોતાની વૃદ્ધાવસ્થા સાચવવા ખાતર પોતાના પુત્રના ભવિષ્યને ઊજવાળવા ખાતર, એક સુકોમળ, રાજવૈભવમાં ઉછરેલી, કોડભરી કન્યાનો ભોગ લે. રાજન્, આપનો ઉપકાર નહિ ભૂલાય. પણ આપ કહો છો તે યોગ્ય નથી. માટે જાઓ, આપની પુત્રીને યોગ્ય રાજકુળમાં વરાવો. દુર્દશામાં ઘેરાયેલાં અમો તેના ભાગ્યને બગાડવાનું પાપ ન કરી શકીએ."

"આર્યપુત્ર ખરું કહે છે." પાસે બેઠેલી સત્યવાનની માતાએ કહ્યું: "અમે યે એક વખત રાજ્યસાહેબી માણી છે. અને તે જતાં જે કષ્ટ થાય છે તે અનુભવ્યું છે. એ અનુભવ તમારી પુત્રીને અમે કેમ કરી આપી શકીએ? રાજન્, તમારી પુત્રીને બોલાવો. અમે તેને આશીર્વાદ દઈએ કે, તે કદીએ અમારી અવસ્થા અનુભવે નહિ. એની સ્થિતિને યોગ્ય કો રાજપુત્ર તેને ભગવાન વરૂણ અપાવે એવી અમારી પ્રાર્થના છે."

ક્ષણવાર આજુબાજુ ગંભીર સન્નાટો છવાઈ ગયો. સંસારે કદીએ નહિ જોયેલું આ દશ્ય હતું. એક અકિંચન રાજપુત્રને પુત્રી આપવા તૈયાર થયેલા અશ્વપતિની દીલાવરી પર આફરીન થઈ ગયેલો ઋષિસમાજ આ એનાથીયે ચડીઆતી ખાનીદાની જોઈ સ્તબ્ધ થઈ ગયો. પલવાર પ્રકૃતિ પણ જાણે સ્તંભી ગઈ.

અને દૂર બેઠેલી સાવિત્રીના હૃદયમાં અકથ્ય ભાવોની ભરતી આવી. એના મુખ પર પારાવાર આનંદ ઝળહળી ઊઠયો.

આ તેના પસંદ કરેલા પતિનાં માતાપિતા! સંસારમાં અલભ્ય એવી નિઃસ્પૃહતાભરી ખાનદાની તેઓ દાખવતા હતા. ખરેજ, આવા દંપતીની પુત્રવધુ થવાનું ભાગ્ય પણ નાનું નહોતું.

અશ્વપતિએ આ મુંઝવણુ કલ્પી નહોતી, દેશભરનાં રાજકુળો તેમની પુત્રીને સ્વીકારવા આતુર હતા. કોઇ તેમનાં વેણુ પાછાં ઠેલે એ સંભવતું જ નહોતું, ત્યારે અહીં! અહિં તો તેમણે જુદું જ જોયું. અહિં આવતાં પહેલાં તેમણે માનેલું કે દારિદ્ર નિવારવાનો આવો સુંદર સુયોગ દ્યુમત્સેન કદી જવા નહિ દે. પણ સુજનતા અને તર્કસિદ્ધ ખાનદાનીએ તેમની ઇચ્છા આડે જબરો ખડક ઉભો કર્યો હતો.

તેમણે ઋષિઓને વીનવ્યા. કોક ઋષિઓએ દ્યુમત્સેનને સમજાવ્યા. કોક કટૂબોલાએ એમ પણ કહી નાંખ્યું: "લક્ષ્મી ચાંલ્લો કરવા આવે છે ત્યાં મોં શું કામ ધોવા જાઓ છો?"

અને આંખો જતાં પહેલાં જે યોદ્ધાએ અનેક સમરાંગણો ગજવ્યાં હતાં તેનો અવાજ વૃદ્ધાવસ્થા ખંખેરી નાંખી ગાજી ઊઠયો, "ઋષિજી, જેનાં ધર્મ તે તે જાણે. લક્ષ્મીની લાલચે હું એક કન્યાની ગરદન મારું તો મારૂં ક્ષાત્રવટ લાજે, મારી કુળ પ્રતિષ્ઠા નાશ પામે. તપોવનમાં રહીને હું રાજધર્મ હજી ભૂલ્યો નથી; અને ભૂલીશ તોયે માનવતા તો નહિજ ભૂલું."

મંડળ આખું શાંત બની ગયું. વાતાવરણ કોઈ અગમ્ય ભારથી ગુંગળાવા લાગ્યું.

અશ્વપતિ મૂઢ બની બેઠા. એમનો પરિવાર જડ થઈ ગયો. ઋષિઓ તો છાનામાના જોઈ જ રહ્યા.

અને સાવિત્રીને લાગ્યું કે, ખાનદાનીના આ અજબ ખડક પર તેની આશાનૌકાના ચૂરા થશે.

પણ તે પણ રાજકુળની હતી. તેની નસોમાં પણ દુર્જય ક્ષત્રિયોનું લોહી હતું. તેનામાંયે સ્વાર્પણની અદ્દભુત તમન્ના હતી. તે આમ પરાજય સ્વીકારે એવી નહોતી.

સંકોચ, ક્ષોભ, લજ્જા તેણે હટાવી દીધાં. કુળવધુઓની પરંપરાની રીત તેણે છોડીઃ અસાધારણ પ્રસંગો પણ અસાધારણ વર્તન માગી લે છે.

અને ધીર ગંભીર પગલે તે દ્યુમત્સેનની પાસે આવી પ્રણામ કર્યાં અને કહ્યું: "વંદન કરૂં છું પિતાજી!"

સંસ્કારી, સુકોમળ એ અજાણ્યો સ્વર સાંભળી અંધ રાજવીએ કહ્યું: "આશીર્વાદ, બેટા, કોણ છે તું?"

"હું સાવિત્રી, પિતાજી, આપની પુત્રવધુ."

આ ઉદ્દગારથી ઋષિસમાજ ચોંકી ઊઠ્યો. એક મહાગંભીર નાટક રમાતું હોય તેમ દરેકની સર્વે ઇંદ્રિયો સચેત થઇ.

વૃદ્ધરાજવીનું હૈયું ભરાઈ આવ્યું. તેમણે હાથ લંબાવી સાવિત્રીના શિર પર મૂકયો અને કહ્યું: "શાંત થા! બેટા, વગર વિચાર્યું ના બોલીએ. તું તો મારી પુત્રી છો તને અમારા દુર્ભાગ્યની ભાગીદાર હું નહિ બનાવું."

સત્યવાનની માતાએ પણ કહ્યું: "દીકરી, તારી ઉદારતાથી અમને પાપમાં ના મૂક. તારો ભાવ છે એ બહુ છે, પણ અમારે તારો ભોગ લેવો નથી."

નાટક જાણે કટોકટી પર ધસતો હતો. સમર્પણની આ સરસાઈ વેગ પકડતી હતી. ઋષિસમાજ ઊત્સુકતાથી જોઇ રહ્યો.

કુળવધુને છાજે એવા મીઠા સ્વરથી સાવિત્રીએ કહ્યું: "પિતાજી, મને પાછી મોકલવાની વાત કરશો જ નહિ. હું તો તમારા પુત્રને કયારની યે વરી ચુકી છું અને!......" જરા ટટ્ટાર થતાં વધારે ગૌરવથી તેણે કહ્યું, "ક્ષત્રિવટના ક્યા સિદ્ધાંત પર હું મનનાં માનેલા પતિને છોડી શકું? કયા સિદ્ધાંત પર તમે શરણે આવેલી મને તરછોડી શકો? ના ના, પિતાજી, જે રાજવટને લીધે તમે મને સ્વીકારવા ના પાડો છો, તેજ રાજવટ મને પાછા જતાં રોકે છે. હવે તમારે કરવું હોય તેમ કરો. શરણાગતને આશ્રય આપવાનો રાજધર્મ મારે સંભારવાનો હોય જ નહિ."

કોઈ અદ્ભૂત દર્શનથી જ ઊપજતો અવર્ણ્ય આનંદ ઋષિઓના મુખપર છવાવા લાગ્યો. અશ્વપતિ તો પુત્રીના ચાતુર્યથી ઘેલા જ બની ગયા. દ્યુમત્સેન આ બાલિકાના વકતૃત્વથી ગૂંચમાં પડયા. આ અનુભવ વિનાની, ઊછરતી કન્યાએ તેમની બધી મુત્સદ્દીગીરી ધોઇ નાંખી હતી, તેમને પોતાની જ સિદ્ધાંત જાળમાં જકડયા હતા.

"પણ, બેટા," ડૂબતો માનવી તણખલું પકડે તેમ તેમણે પ્રયાસ કર્યો. "તપોવનનાં દુઃખ દારિદ્રયનો ત્રાસ..."

"પિતાજી, પિતાજી," તેમને અટકાવતાં સાવિત્રીએ કહ્યું: "મને બાળકને શાને શરમાવો છો ? એ ત્રાસ અને દુઃખમાં તમારા જેવો આત્મવૈભવ મળે છે એ ના સમજું એટલી હું નાની નથી. મને તદ્દન નાદાન શાને ગણો છો ?" અને પળવાર આસપાસ નજર નાંખી તેણે કહ્યું, "ઉત્તરાવસ્થામાં તો આર્યોને તપોવન એ જ ધર્મ્ય છે, ને ! એ ધર્મ આર્યો ચૂકશે,—એ જીવનથી આર્યો સૂગાશે ત્યારે આર્યત્વ લય પામશે."

તે શ્વાસ લેવા થંભી. તેનાં વાકયો સાંભળી પવિત્ર બનતા હોય તેમ ઋષિઓ આનંદથી સળવળી ઊઠયા : અશ્વપતિએ હર્ષનાં આંસુ વહાવ્યાં. તેનો પરિવાર તો રૂદન મહામુશ્કેલીએ ખાળતો હતો.

અને દ્યુમત્સેન અને તેની પત્નીના હૃદય આ સુશોભન સ્વાર્પણથી દ્રવી ગયાં. સુખ અને કરુણાના ભારથી તેમની વાણીજ જાણે દબાઈ ગઇ.

સાવિત્રીએ સમર્પણનું પલ્લું પોતાની તરફ ઢળતું જોયું. પણ હજીએ અંધ રાજવી કોઈ નવો તુક્કો કાઢી તેની આશાનો વિરોધ કરે એ ભયથી તેણે નવો દાવ નાંખ્યો. એમ તો યુદ્ધમાં જરાક માર્ગ મળતાં ઘા પર ઘા કરનારા યોદ્ધાઓના કુળની એ હતી, ને ?

તેણે ઋષિસમાજ પર નજર ફેરવી, અને તેમના આગેવાનો તરફ હાથ જોડી તેણે કહ્યું: "ઋષિરાજો, આર્યોનો ઉત્કર્ષ ઋષિઓના માર્ગદર્શન પર અવલંબે છે. જે દિવસે તમે યોગ્ય દોરવણી નહિ આપો તે દિવસે આર્યાવર્ત લય પામશે. તો આ ધર્મસંકટમાં નિર્ણય કરો. તમે મારું કહેવાનું સાંભળ્યું છે. વરૂણની સાક્ષીએ હું મહારાજ દ્યુમત્સેનની પુત્રવધુ બની ચૂકી છું, હવે તેઓ મને ન સ્વીકારે તોયે મારે તો અહિંજ રહેવાનું ને?"

અને ઋષિવૃંદમાંથી એક વૃદ્ધ ઋષિ ઉઠયા; તપોજ્જવલ તેમનાં ભવ્ય મુખ પર બ્રહ્મજીવનનો ઉલ્લાસ હતો. નિશ્ચલ એમની દૃષ્ટિમાં આત્મદર્શનનું અમૃત હતું. સાવિત્રીને જાણે વંદતા હોય તેમ તેમણે કહ્યું, "સુકુમાર વયમાં બાળા, તેં જીવનનો મહામર્મ પિછાન્યો છે! ઋતધર્મમાં તને સલાહ આપવાની કોની હિંમત છે? તું બાળા છે, પણ અમારે મન તો માતાથીયે પૂજ્ય છે. તારા આગમનથી તો આ આશ્રમ તરી જશે. મૈયા, આશ્રમવાસી ઋષિગણો તરફથી હું તને સત્કારું છું. રાજર્ષિ તને સ્વીકારે કે ન સ્વીકારે, આજથી તને અમારા આશ્રમમાં સ્થાન છે જ.

અને આનંદનો ગુંજારવ સર્વત્ર છવાઇ રહ્યો. રાજા અશ્વપતિ ઉલ્લાસથી ઊભા થયા. તેમના જીવનનો ભાર જાણે ઉતરી ગયો હતો.

અને દ્યુમત્સેનને વાચા આવી. હર્ષથી ગદ્‌ગદ કંઠે તેમણે પત્નીને કહ્યું. "દેવી ઊઠો, વધૂને પોંખી લ્યો. આ અદ્‌ભૂત સમર્પણ સામે આપણા બધા પ્રયાસો નકામા છે. અને બેટા," સાવિત્રી તરફ ફરતાં તેમણે કહ્યું: "ઉઘાડી આંખે તું અમારા દરિદ્ર ઘરમાં આવે છે. અહિં તને સાહેલી નહિ મળે. પણ આજથી તું મારી પુત્રી છે. અને પિતાનું ગરીબ ઘર પુત્રી માટે તો સદાએ સુખનું ઘર છે."

\+ \+ \+

અને ઠાઠમાઠ વગર એ આશ્રમમાં એક સાદું લગ્ન ઉજવાયું. ત્યાં ઢોલ નહોતા, શરણાઈ નહોતી. સજાવટનો ભપકો નહોતો.

પણ ત્યાં હતો સાચા પ્રેમનો પમરાટ અને અજોડ ખાનદાનીની ખુમારી.

અને પૃથ્વી પર સાદાઈ હશે–આકાશમાં પિતૃગણોએ કલ્લોલ કર્યો હતો. મરૂતોએ દુદુંભી વગાડયાં હતાં.

અને માત્ર વિલાસમાં રાચતા દેવો જ પોતાને ન મળે એવો દિવ્યપ્રેમ પૃથ્વી પર પ્રગટતો જોવા પોતાની પત્નીઓને તેડી લાવ્યા હતા.

તે પછીની કથા તો બાલક, વૃદ્ધ દરેકને ખબર છે. અને છતાંયે તે લખવાનો લોભ મુકાતો નથી.

શરદના ઝરણા જેવો સમય ઝડપથી પસાર થયો. જેણે આવતાં જ સર્વેને વશ કર્યા હતા, એ સાવિત્રી હવે તો આ આશ્રમમાં સર્વની પ્રીતિપાત્ર બની હતી. સસરાની દરિદ્રતાએ કે આશ્રમજીવનની કઠોરતાએ તેના સુખમાં ઉણપ આણી નહોતી, અને સત્યવાન અને સાવિત્રીનો પ્રેમ વધતો જતો હતો.

છતાં સાસુસસરાની સેવા, ગરીબ ઘરની જંજાળમાં, અને નિત્ય વધતા જતા પ્રેમસહવાસમાં સાવિત્રી નારદની ભવિષ્ય વાણી ભૂલી નહોતી. ભાવિની એ ભયાનક પળ સદાએ તેની નજર સામે હતી.

અને જેઠ સુદ તેરસ આવી. ત્રણજ દિવસ–ત્રણજ ટુંકા દિવસમાં એનો સંસાર ધૂળમાં મળશે–એના જીવનમાં જીવવા જેવું નહિ રહે. પળેપળ જેના સ્નેહ અને સ્મરણથી જીવન પ્રફુલ્લિત રહેતું એ તેનો સૌભાગ્યનાથ સ્વર્ગે સંચરશે !–કેવું ભયાનક દર્શન !

ભાવિના ભેદ ગુપ્ત છે તેજ સારૂં છે. પતિના નિશ્ચિત મૃત્યુનું જ્ઞાન સાવિત્રીના હૃદયમાં શા શા ઉત્પાતો મચાવતું હશે ? આખું વર્ષ આ ભવિષ્ય જાણતાં છતાંય તેણે કેવી રીતે વિતાવ્યું હશે ?

નિરંતર જલતી આશંકા જ્વાળા તેને છૂપાવવાની હતી. જરાકે શોકાતુર એ દેખાય તો તે પોતાની પસંદગીથી-પોતે સ્વેચ્છાએ સ્વીકારેલ ગરીબાઇથી દુભાતી હશે, પસ્તાતી હશે, એમ માનવાને કારણ મળે એવું હતું. એથી વર્ષ દરમિયાન તેણે કદીએ મુખ ઉપરથી હાસ્ય, વર્તનમાં ઉલ્લાસ, અને વાણીમાંથી આનંદ ઓસરવા દીધા નહોતા.

પણ જેમ જેમ એ વિકટ પ્રસંગ પાસે આવતો ગયો તેમ તેમ તેના મગજ પરનો બોજો કેટલો વધતો ગયો હશે એ કલ્પાય એમજ નથી.

અને ત્રણજ દિવસ-માત્ર એકસો સાઠ ઘડી. ત્રયોદશીની સવારે નિત્ય નિયમ પ્રમાણે ઉઠી આશ્રમ સાફ કરતાં તેણે વિચાર કર્યો-હવે શું કરવું? મૃત્યુની અચળુચ આવનારી સ્વારી સામે શો ઉપાય લેવો ? અગોચર રહીને આવનારા આ દુશ્મનને કેવી રીતે હરાવવો ?

અને તેણે વ્રત માંડયાં,-ભગવાન્ શંકરના પ્રતિક સમા વટ-રાજનું પૂજન, અપવાસ, જાગરણ-એ વ્રત હજીએ હિંદુ સ્ત્રીઓ ઉમંગથી પાળે છે. એ વ્રત હજીયે સાવિત્રીની અમરગાથાનું સંભારણું છે.

એ વ્રત પાછળ હેતુ શો હશે ? એકાગ્રતા તો તેનામાં હતીજ. પવિત્રતાની તો તે મૂર્તિજ હતી. દઢતાની તેનામાં જરાએ ઉણપ નહોતી. હા ! અગોચર દૈવી શત્રુ સામે આધ્યાત્મિક બળ મેળવવા માટે એ તપશ્ચર્યા કરી હશે.

અને આવ્યો પૂર્ણિમાનો દિન. પતિનું શરીર તદ્દન સ્વસ્થ હતું. રોગનું જરાયે નામ નિશાન નહોતું. મૃત્યુ કયે માર્ગે હલ્લો કરશે એ કલ્પવું કઠણ હતું. ધીરજથી, કોઈ ન જાણે એમ, સતીએ પતિની ચોકી કરવા માંડી. એણે આગામી મૃત્યુ પોતાના પર નોતરવા **સોઽહમ્ સોઽહમ્**ના જાપ માંડયા.

બપોર થઈ. આશ્રમવાસી પરવાર્યાં. કુટુંબને જમાડી સાવિત્રી પણ પરવારી. તેને તો ત્રણ દિવસથી અપવાસ હતા.

ત્યાં અણધારી રીતે આશ્રમમાં લાકડાં ખુટ્યાંની ખબર પડી. સત્યવાને કુહાડી લઈ જંગલમાં જવા તૈયારી કરી.

સાવિત્રીએ ક્ષિતિજમાં મૃત્યુની સવારી ચડતી જોઈ. જંગલના અજ્ઞાન જોખમોમાં પતિ પગલાં માંડતો હતો. મૃત્યુ ત્યાં સર્પ રૂપે, વાઘ રૂપે એમ અનેક રૂપે હુમલો કરી શકે.

શું કરવું? પતિને ચેતવવા? ના. એના ભયથી સત્યવાન જેવો ક્ષત્રિય યુવક ડરે? ડરે તો પછી તે પોતાના પતિ તરીકે યોગ્ય પણ રહે? અને ન ડરે તો એને જતો કેમ કરી અટકાવાય? અને કોઈ અસત્ય બહાનું કાઢે તો, તો ત્રણ દિવસના વ્રત પર પાણી ફરે, ને!

જગતનાં નર નારીઓ! નાની મુંઝવણોથી ત્રાસી નિરાધાર બનતાં, હિંમત હારતાં, કદીક આપઘાતને માર્ગે જતાં માનવીઓ! આ સુકોમળ બાળાની મુંઝવણનો જરા ખ્યાલ કરો. માત પિતા અને નારદ જેવા ઋષિની ઉપરવટ થઈ તે પોતાની પસંદગીને વળગી રહી હતી. દ્યુમત્સેનના વિરોધ છતાંયે તેણે ધાર્યું કર્યું હતું અને હવે મનની મુંઝવણ જરાએ મુખ પર પણ કળાવા દેવાની નહોતી.

અને તેણે તોડ પણ કાઢ્યો. પતિના જીવનની રક્ષા અર્થે તેણે સાથે જ રહેવું જોઇએ. તેણે પણ જંગલમાં જવાની તૈયારી કરી.

"મારે વન જોવાની હોંસ છે," તેણે પતિ આગળ માગણી કરી.

"પણ તને ત્રણ અપવાસ થયા છે. તેં ત્રણ જાગરણ કર્યાં છે. જેઠના ઘામ તપે છે. આજે નહિ, પછીથી આવજે." હેતાળ પતિએ જવાબ આપ્યો.

"મારે આજે જ આવવું છે. તમારી પાસે કદી કાંઈ માંગ્યું નથી. આટલી માંગણી તમે નહિ સ્વિકારો?"

સદા એવા તત્પર અને સ્નેહાળ પત્નીની આવી માગણી કેમ તરછોડાય ? પણ અપવાસથી દુર્બળ તેને લઇ પણ કેમ જવાય ? સત્યવાનથી સીધી ના ન પડાઈ. તેણે કહ્યું, "પિતાને પૂછીને આવજે."

અને દ્યુમત્સેન પાસે હા પડાવવી તે સાવિત્રીને શેનું મુશ્કેલ હોય ? વર્ષ દહાડામાં પુત્ર વધુ પાછળ ગાંડા બનેલા એ રાજર્ષિ તો તેની એકકે ઇચ્છાને કયારે નકારતા હતા ? એમણે તેના શરીર વિષે ચિંતા બતાવી, પણ સાવિત્રી એમને સહેલાઇથી પટાવી શકી.

અને પછી આ યુગલ મધ્ય જેઠના ધીગતા ઘામમાં મૃત્યુને ભેટવા-બને તો તેને જીતવા ચાલ્યું.

સુખશય્યામાં ઉછરેલી, સુખાસનોમાં પોઢેલી, પાલખીઓ-માંજ વિચરેલી એ રાજકન્યા માટે કપરી કસોટી હતી. ધીખતી ધરણીથી એના પગ પર ઝરોળા ઉઠતા-બળબળતા વાયરાથી એના શરીરે ઝેબ છૂટતા. અને વનપગથારમાં પડેલા કાંટા એને વારં-વાર ડંખ દેતા છતાંયે તેની નજર તો હતી સત્યવાનની આસ-પાસ. રખે ઝાડીમાં છૂપાયેલો કો વનપશુ આવે, રખે ઘાસમાં લપાયેલો કાળ સર્પ ધસે, રખે જર્જરવૃક્ષની લબડતી ડાળ તૂટે–મૃત્યુ આવવાના આ માર્ગો સામે પતિને રક્ષણ આપવા તત્પર તે ચોપાસ ચકોર નજર નાંખતી હતી. તેના અબધૂત આત્મબળથી નજરે આવતા ભૂખનાં અંધારાં તેણે ખાળ્યાં. ઉંઘથી ઘેરાતી આંખો તેણે મીંચાતી રોકી. તાપથી ચડતી તમ્મર તેણે ટાળી. સતત જાગ્રત મનોબળથી તેણે પતિની આસપાસનું નિરિ-ક્ષણ ચાલુ રાખ્યું.

પણ ત્રણ ત્રણ દિવસની અખંડ તપશ્ચર્યાનું બળ કયાં ઓછું હતું ?—વર્ષ પરની અખંડ, તદ્દન ગુપ્ત માટે વધારે બળવાન મનોયાચનાની શક્તિ કયાં ઓછી હતી ? **સોઽહં સોઽહં** ના ત્રણ ઉચ્ચારાયેલા જાપ, રોમેરોમથી નીકળતી સતી જ્યાં પડખે હોય ત્યાં મૃત્યુના આવા રેંજીપેંજી દૂત કયાંથી પાસે ઢૂકે !

સતીના તપને વધારે સશક્ત બનાવવા માટે સોળે કળાએ તપતા ભગવાન દીવાકર પશ્ચિમ તરફ ઢળવા લાગ્યા. ફળમૂળ કાષ્ટ સત્યવાને આણ્યા. અને સાવિત્રીએ ઘેર લઈ જવા તૈયાર કર્યાં. અને કાળ પળ આવી. યમરાજનું અમોઘબાણ વરસતી લૂના રૂપમાં સાવિત્રીની રક્ષણ જાળ છેદી સત્યવાનને વાગ્યું.

"મારું માથું દુઃખે છે." અંતરીયાળ બેસી પડતાં તેણે કહ્યું: "મને તમ્મર આવે છે."

સમજી ગયેલી પત્ની સફાળી તેની પાસે બેઠી. પતિનું શિર તેણે ખોળામાં લીધું, અને અંતરીક્ષમાં તેણે આંખો ઠેરવી. તેના તપ, તેની શ્રદ્ધા, તેની હિંમતની હવે જ ખરી કસોટી હતી. ધીમે ધીમે પતિ ઘેનમાં પડયો, બેભાન થયો, ધીમે ધીમે તેના અંગ ઢીલાં થયાં. ધીમેધીમે તેનું શરીર ઠંડુ થયું.

એની સ્થિતિની કલ્પના તો કરો! એના મનોભાવની આલોચના કરવા કયો કવિ સમર્થ થશે? જગતના કરૂણતમ કાવ્યોના રચનારા પણ નિષ્ફળ જાય, કરૂણાના સાગર સમા રામાયણ, રઘુવંશ કે ઉત્તરરામચરિતના લેખકોએ જે બરાબર ન વર્ણવી શકે એવી કરૂણ અવસ્થા એની હતી.

હજી તો ગઇ કાલે જ રાજમહાલયમાં રમતી, મદ્રદેશની આ સુકુમાર રાજકન્યા ભરવગડે એકલી હતી. ખોળામાં સૂતેલો તેનો પતિ ઝડપથી પ્રાણ ત્યાગતો હતો. તેના જીવન પર અંધારાં વળતાં હતાં.

અને કોઇ ઉપાય જડતો નહોતો, દૂર દૂર સુધી માનવીનો વસવાટ નહોતો, કોઇની મદદ મળે એમ નહોતું, અને મદદ મળ્યે કશું વળે એમ નહોતું.

મધ્ય જેઠના વાદળ વિનાના દિવસમાં એ તેને સર્વે દિશા અંધકારમય લાગી.

પણ તે પળવાર જ. ભૂખ, ઉજાગરા, થાક અને ત્રણેથીયે એ વધારે ત્રાસકર; પતિવિરહની નિશ્ચિતતા એ સર્વેને તેણે ઝડપથી ખંખેરી નાંખ્યા. મરતા પતિના માથા પર તેણે પોતાનો જમણો હાથ મૂકયો, ડાબો હાથ તેણે પોતાના ઉર પર મૂકયો. ગુંગળામણ, ધડકારા દૂર કરવાને. અને જે વખતે સત્યવાને છેલ્લો શ્વાસ છોડયો તે વખતે તેને સ્વસ્થતા સાંપડી. આશાનો છેલ્લો અંશ જતાં નિરાશા–શુદ્ધ, નિર્ભેળ નિરાશા, જે ભયાનક શાંતિ આપે છે તે તેને મળી.

અને તેણે દિશાઓને પડકાર કર્યો–" દિગ્પાળો! વાયુમાં વહતા મરૂદ્ગણો,! સર્વત્ર વ્યાપેલા દેવો,! મારા સત્ય સંકલ્પ લગ્ન, મારા અવિચલિત પતિવ્રત, મારા અતૂટ સત્યપાલનની સાક્ષીએ તમને આમંત્રું છું. મારા જાગતાં, મારા પતિને પ્રત્યક્ષ ઘા કરવા કોઈની તાકાત નથી તેથી અગોચર રીતે તેનો પ્રાણ હરાય છે, દેવો! આ અન્યાય થાય છે, એ અન્યાય તમે કેમ સાંભળો છો?"

વિશાળ વનપ્રદેશમાં નિરવ શાંતિ વ્યાપી. પશુ, પંખી સ્તબ્ધ થઈ મૂક રૂદન કરવા લાગ્યાં. સ્થિર થયેલાં વૃક્ષો અને લત્તાઓ પણ શોક ભારથી નમવા લાગ્યાં.

પતિના લગભગ મૃતદેહને ખોળામાં બરાબર ગોઠવી, તેણે તેના લલાટ પર આછો હાથ ફેરવ્યો. છેલ્લા દૈહિક મિલનના અંતનો એક ઊંડો નિઃશ્વાસ લીધો. અને ફરીથી તેનો પડકાર ગાજ્યો.

"ઓ ગુપ્ત, અગોચર રહી કામ કરતા મૃત્યુના દૂત, અમારાં એકમેકમાં પરોવાઈ ગયેલાં જીવન તારાથી તોડાય નહિ! લે તો બન્ને ને લે, નહિ તો એકકે ને નહિ! તને મારી, મારા તપની, મારા વ્રતની આણ છે."

દિશાઓ સ્થંભી ગઈ. મહાસર્જન કે મહાપ્રલય વખતે જ વ્યાપે તેવી સ્થિરતા વાતાવરણમાં આવી. જાણે પ્રકૃતિનાં સર્વે સત્યો આ કરૂણાંત નાટકને અદ્ધર શ્વાસે જોઈ રહ્યા હોય.

અને દિશાઓ ચીરતો, ગંભીર છતાંય મૃદુ એવો અવાજ દક્ષિણ દિશામાંથી આવ્યો: "તે કેમ બને, બાળા! એનું આયુષ્ય ખૂટયું છે તું તે જાણે છે. તારૂં આયુષ્ય ખૂટયું નથી તો હું તને કેમ કરી લઇ જઉં?"

ગંભીર આવી વિપત્તિથી પણ જેની બુદ્ધિ જરાએ ઓછી થઇ નહોતી, એવી સાવિત્રીએ પોતાના ભાગ્યને આવરતા અંધકારમાંથી નીકળવાનો માર્ગ દીઠો. અવાજની દીશામાં અંજલી જોડી તેણે પુકાર્યું. "મૃત્યુના ઓ પયગામ ધારી, આમ અદૃશ્ય રહી કેમ બોલો છો? ધર્મરાજના તમે પાર્ષદ છો. દર્શન દ્યો. બોલો છો તો દેખાઓ પણ ખરા. તમારાં આતિથ્ય અમને કયારે મળે?"

દિશાઓમાં પમરતું એક હાસ્ય સંભળાયું: "બ્રહ્માએ આખી સૃષ્ટિ સરજી, પણ તને તો ભગવતી સાવિત્રીએ સરજી છે, ને! પણ બેટા, મૃત્યુનું દર્શન ભયંકર છે. એનાથી તો મહારથીઓયે છળે. માટે એ આગ્રહ છોડી દે."

મેધાવિનીએ તરત જવાબ વાળ્યો, "દેવ, ખોટાં બહાનાં રહેવા દો. મારી નસોમાં આર્યોનું ત્રિલોકવિજયી લોહી છે. મારા હૃદયમાં મરણ માટેની ઉત્સુકતા છે. મારા આત્માને ભર્યું જીવન જીવ્યાનો સંતોષ છે. અને આખરે તો દેવ, તમારૂં આતિથ્ય મારે માણવાનું જ છે. દેવ, તમારાં દર્શને હું નહિ છળું! દર્શન દો. મારે પ્રણામ કરવા છે."

અને તેણે અવાજની દીશામાં હાથ જોડી માથું નમાવ્યું. અને માથું ઊંચકયું ત્યાં એની નજરે સ્વયં યમરાજા પડયા.

જગતની બધી પ્રજાઓએ યમનું ચિત્ર ભયંકર કલ્પ્યું છે. માત્ર આર્યોએ જુદું જ કલ્પ્યું છે. આર્યોએ કલ્પેલા યમ તો સૌન્દર્યથી ભરપૂર છે. ગોપીજનવલ્લભ રસરાજ કૃષ્ણના જેવો સુંદર એનો વર્ણ છે. સૂર્યના પુત્રને છાજે એવું એનું તેજ છે. અને પોતે જ ધર્મરાજ છે. એના વદનમાં નિશ્ચલતા હોય, ક્રૂરતા હોય જ નહિ. જગત માત્રના પાપપુણ્યના એ સાક્ષી છે, તેથી

યે વધારે માનવકુળના અતાગ દુઃખના પણ એ સાથી છે. અને તેથી જ યમની કલ્પનાનો બરાબર ચિતાર આપવા સ્વયં બ્રહ્મા જેવા વેદવ્યાસે યુધિષ્ઠિરને યમના પુત્ર ગણ્યા છે.

કોક ભયાનક આકૃતિ નિરખવા તત્પર સાવિત્રીએ જોયું તો, તેની સાથે કારુણ્ય અને વિષાદ ઝરતાં નયનોવાળી સૌમ્ય, પ્રશાંત છતાં યે પ્રતિભાવાન મૂર્તિ દેખાઇ. તેમના હાથમાં દંડ હતો, પાશ હતો, પણ એવા સાધનો તો ઋષિ માત્ર રાખતા જ હતા ને!

વિચક્ષણ બાળાએ દેવને ઓળખ્યા. સુજનતાના આચારથી ટેવાયેલી તેણે હાથ જોડી માથું નમાવ્યું અને કહ્યું.

"પધારો, દેવ, આપ જાતે આવશો એમ તો હું માનતી નહોતી. મારાં અહોભાગ્ય છે કે સદેહે આપનાં દર્શન થયાં."

ચૈત્રમાં ઉનાળાની સાંજે રમતે ચડેલા સાગર જેવો ધીરો ગંભીર અવાજ આવ્યો, "તારા તપના રક્ષણને ભેદવાની બીજા કોની શક્તિ હોય? તારા તેજને ઝીલવાની કયા દૂતની તાકાત હોય? મહિમાવંતી તારા જેવીની પાસેથી પ્રિયના પ્રાણની ભીક્ષા તો મારે જાતે જ માંગવી પડે, ને?"

સર્વસ્વ જેનું હણાતું હતું તે બાળાએ આત્મા પરથી સંયમ ન ગુમાવ્યો. સ્વાભાવિક સુજનતા ના વિસારી, તેણે પોતાના કમંડળથી યમરાજના ચરણ ધોયા, ઝોળીમાંથી ફળ ધર્યાં, અને કહ્યું," "ત્રિલોકના નિયંતા તમે આવા વેણથી આ પુત્રીને શાને શરમાવો છો? ધર્માધર્મના જ્ઞાતા તમે અમારી ભૂલચૂક માફ કરજો દેવ! તમે તો સનાતન અને શાશ્વત—અમે ક્ષણભંગુર માનવી! આપની સેવામાં, આપની ઈચ્છા પૂરવામાં ત્રુટી થાય તે માફ કરશો."

સર્વનાશની ભીષણ પળે, પોતાનું સર્વસ્વ હણનારની સામેની સાવિત્રીની સુજનતાથી યમરાજનો આત્મા દ્રવ્યો.

'વત્સે, માનવજાતમાં મને કદીએ આવો આદર કોઇએ આપ્યો નથી. કોઇ આપવાનું નથી. બેટા, તારા પતિના જીવન

સિવાય કાંઇપણ માગી લે. સજ્જનોનો સત્કાર કદી અફળ રહેવો જોઇએ નહિ. ”

ચતુરાઇમાં પણ જેનો જોટો નથી પાકયો એવી સાવિત્રી સમય ચૂકે એમ નહોતું. એણે પળવાર ઝડપથી વિચાર કર્યો; માંગવા જેવું ઘણું હતું પણ એણે શું માંગ્યું ? એણે માંગ્યું કે એના વૃદ્ધ સસરાની આંખો સારી થાય.

યમરાજના વદન પર હર્ષ છવાઈ રહ્યો. સત્પાત્રે દાનનો ભવ્ય સંતોષ ત્યાં ફેલાયો. સત્યવાનનો આત્મા દેહમાંથી ખેંચી લેતાં તેમણે કહ્યું, “ તથાસ્તુ, વત્સે, જેના ઘર સાથેનો તારો સંબંધ આ પળે પૂરો થાય છે, તેજ તને પહેલાં સાંભર્યો ! બેટા, આ તારી ઉદારતાથી હું પ્રસન્ન છું. બીજું કાંઇ માગી લે–સત્યવાનના જીવન સિવાય ! ”

“ મારા સસરા દેખતા થશે, પણ હવે કોણ તેમની સેવા કરશે ? તેમને તેમનું રાજ્ય પાછું મળો. ” ફરી સાવિત્રીએ પતિના કુળનો જ વિચાર કર્યો.

યમરાજ આ બાળાની ઉદારતા પર આફરીન થઈ ગયા. “ આર્યોમાં ખાનદાની છે, પણ આવી ખાનદાની કયાં યે દીઠી નથી. વત્સે, તારા માતાપિતાને ધન્ય છે કે તને જન્મ આપ્યો. વત્સે, મને મોડું થાય છે, છતાં એકવાર ફરીથી પતિજીવન વિના કાંઇક માંગી લે એટલે હું જઉં. ”

પોતાના પતિના નિર્જીવ દેહને ઉપવસ્ત્રથી ઢાંકી સાવિત્રી ઊભી થઈ, અને યમરાજના ચરણ વંદ્યા.

“ સંસાર ભંગ એવી મારે શું માંગવાનું હોય, દેવ ! પણ મારા પિતાનો નિર્વંશ ન જાય એટલું કરો. ”

સત્યવાનના આત્માને ખૂબ ભાવથી હૃદય સરસો રાખી યમરાજે કહ્યું, “ નહિ જાય. બાળા, જે કુળમાં તારા જેવા રત્નો

પાકે તે કુળનો ધ્વંસ ન થવો જોઈએ. જા, તારા પિતાને અનેક પુત્રો થશે."

અને એમણે દક્ષિણ દિશામાં ત્વરાથી પ્રયાણ કરવા માંડયું.

પણ આ શું? પાછળ કોનાં આછાં આછાં પગલાં પડે છે? કોનો થાકથી હાંફતો કોમળ શ્વાસ સુણાય છે? યમદેવે પાછળ જોયું ત્યાં તેમણે પોતાના પગલે પગલે આવતી સાવિત્રીને પડખે જ જોઈ.

સહેજ વ્યગ્રતા—સહેજ કરૂણા તેમના મુખ પર દેખાયાં. છતાં મમતાથી તેમણે કહ્યું.

" બેટા, આ ઘનઘોર માર્ગ તારા જેવા માટે નથી. પાછી વળ–હવે તારૂં કર્તવ્ય પતિની અંત્યેષ્ઠિ ક્રિયા કરવાનું છે."

" ભગવાન " દુઃખપૂર્ણ સ્વરે તેણે કહ્યું. " આપ જેવાની સંગાથે મને શાનો ડર હોય? અને પતિ એજ સ્ત્રીની પરમ ગતિ છે. મારા પતિ તો આપની સાથે છે. મારાથી તમને કેમ છોડાય? તમે ધર્મરાજ છો. કહો, એ ધર્મ મારાથી ચુકાય?"

પળવાર યમરાજ તેની સામે જોઈ રહ્યા. પતિ પર અગાધ પ્રેમ ધરાવતી આ બાળા પર ક્રોધ કેમ ટકી શકે? નરમાશથી તેમણે કહ્યું, " બેટા, માનવજીવનની સફળતાના મહામંત્રો તું તો સુણાવે છે, પણ તારાથી વિશ્વનો નિયમ ના ઉલ્લંઘાય. માટે પાછી જા—સંસાર ભાર સર્વેને વહેવાના છે."

અત્યંત દુઃખ ભર્યા સ્વરે સાવિત્રીએ કહ્યું, " મહારાજ, ભગવાન—મારે હવે સંસાર સાથે યે શી નિસ્બત રહી છે? મારા પતિનાં જતાં મારો સંસારા તો વેરાન છે! મારે હવે કોણ છે?"

રૂપ, ગુણ, ચતુરાઇ અને ધૈર્યમાં ત્રૈલોક અને ત્રિકાળમ અજોડ એવી આ બાળા સામે યમદેવ જોઇ રહ્યા. એણે સ્વેચ્છાએ વૈધવ્ય સ્વીકાર્યું હતું એ ખરું પણ આવા

અણુમોલ રત્નનું આવું ભાવિ આલેખનાર વિધાતા પર એમને ચીડ ચડી. સર્વે સદ્‌ભાગ્યને યોગ્ય આવા રમણીરત્નના અંધકારમય ભાવિથી એ કંપ્યા. અને એમણે દયાથી છલકાતા સ્વરે કહ્યું, "તારા શબ્દે શબ્દે, બેટા, તું નવે રૂપે દેખાય છે. તારા પુણ્ય શ્લોક ગર્ભમાં તો અવતરવાનું મન થાય. બાળા, હવે છેલ્લો એક વર લે. તારા પતિના જીવન સિવાય કોઈ પણ ચીજ માંગી લે !"

"મારા ગર્ભમાં !" છળી ઉઠતી હોય તેમ તે બોલી. "દેવ, દેવ, બાળકોથી ભર્યો ભાદર્યો સંસાર હોય તો યે કદાચ જીવન નભ્યું જાય. સંતાન જન્મ વિનાનું નારી જીવન વૃથા જ લાગે છે. દેવ, મહારાજ, મને સંતાન આપો."

"તથાસ્તુ," સમય થવાથી અધીરા બનેલા યમદેવ બોલ્યા અને ઝડપથી આગળ ચાલવા લાગ્યા.

છતાં થોડું ચાલ્યા પછી તેમને લાગ્યું કે સાવિત્રી હજી સાથે જ છે. હવે તેમને આ હઠીલી માનુની પર જરા રોષ આવ્યો.

"હવે બસ થયું, સાવિત્રી." જરાક દૃઢ સ્વરે તેમણે કહ્યું: "હવે તું સાથે આવશે તો મારે બીજો ઉપાય અખત્યાર કરવો પડશે." પોતાની આ કૃત્રિમ કઠોરતાથી જાણે શરમાતા હોય તેમ જરા નરમ અવાજે બોલ્યા: "બેટા, પાછી વળ. તને થાક લાગશે. અને હવે વરદાનનો ઝાઝો લોભ કરવો ઠીક નથી."

જાણે વિદાય લેતી હોય તેમ સાવિત્રીએ યમરાજને પ્રણામ કર્યા. "દેવ, મારે વરદાનનો લોભ હતો નહિ અને છે નહિ. પણ દેવ, શાસ્ત્રમાં કહ્યું છે કે સજ્જનો સાથે સાત પગલાં ચાલીએ તો મૈત્રી થાય. મહારાજ, એ મૈત્રીને દાવે આપની સલાહ લેવાની છે."

યમરાજની કઠોરતા હવામાં ઉડી ગઈ. ફરી પાછા એ ખુશખુશાલ બની ગયા. અને હેતપૂર્વક બોલ્યા. "પૂછ, બેટા, જલદી પૂછી લે. મને મોડું થાય છે."

મોઢું નીચું રાખી **સાવિત્રી** બોલી: "ધર્મરાજ, આપ મારા પિતા જેવા છો, એટલે આપને પૂછતાં જરા શરમ આવે છે પણ આપે મને સંતાન થવા કહ્યું, તો મને ગર્ભ તો છે નહિ—અને પતિને આપ સાથે લઈ જાઓ છો, તો આપનું વચન ફળશે કેવી રીતે ?"

યમરાજ આ વિચિત્ર બાળા તરફ જોઈજ રહ્યા. એના સવાલે એમને મુંઝવ્યા. પળવાર ધર્મના એ અધિષ્ઠાતાને આનો ઉત્તર ન સુઝયો.

હજી એ મસ્તક નમાવેલું રાખી **સાવિત્રી** બોલી: "મહારાજ, સ્વયંધર્મરૂપ આપ મને, આપની પુત્રીને પરપુરુષ પાસે ગર્ભાધાન કરાવવા ઉપદેશ આપી શકો નહિ. અને મારાથી એ થાય પણ નહિ. અને તેથી હું મુંઝાઉં છું, કારણ કે મેં વગર વિચારે વરદાન માંગ્યું, અને આપે આપ્યું, તો આપની વાણી નિષ્ફળ જશે, અને તો પછી ધર્મ જેવું રહેશે શું ?"

યમરાજ સાંભળી રહ્યા. પળવાર ગુંચવાયા, અને પછી હસ્યા—ખૂબ મોટે—નદીઓ સમુદ્રને મળતાં હસે છે તેમ—!

"તારી ચાતુરી આગળ હાર્યો, બેટા !" તેમણે ખડખડાટ હસતાં કહ્યું, "સત્યવાન જીવે નહિ તો હું તો જુઠો પડું. અને હું જુઠો પડું એટલે સૃષ્ટિ લોપ પામે." તેમણે હેતથી **સાવિત્રીને** માથે હાથ મૂકયો. "જા, બેટા, જા. તારા પતિની સેવામાં જ્યાં જ્યાં તારા જેવી **સાવિત્રીઓ** હશે ત્યાં હવે યમરાજ ઢૂકશેયે નહિ. જા—અને હવે તને વરદાન આપનારો હું કોણ–તારાં તપ અને પ્રેમ આગળ મૃત્યુ પણ નાશ પામે છે. પણ, જા, મારૂં વરદાન છે, કે કલ્પના અંત સુધી તું લોકોની સ્મૃતિમાં અમર અને અજોડ રહેશે."

* * *

યમનાં વાક્ય મિથ્યા થાય જ નહિ–તે પછીની વાર્તા તો સર્વેને પૂરી વિદિત છે, અને આ અદ્ભુત પરાકાષ્ઠાએ મારા

ચિત્રને એટલું તો સ્તબ્ધ બનાવ્યું કે તે પછીનાં દશ્યો સ્વપ્ન પટ પરથી અણદીઠાં જ સરી ગયાં. માત્ર રહી એક અલૌકિક દર્શનથી થતી આત્માની પરમતૃપ્ત સંવેદના.

અને સાવિત્રીના યમને કહેલા શબ્દો—"સાત પગલાં સાથે લેવાથી સજ્જનોની મૈત્રી થાય છે" એ વાક્ય આર્યાવર્તે લગ્નક્રિયામાં ઉપાડયું. હજીએ લગ્ન વખતે વર કન્યાને આમંત્રે છે— **सखायै सप्तपदा भव ॥** સખા થવા માટે સાત પગલાં લે. અને વરકન્યા બન્ને સાત પગલાં ભરે છે. પણ હાલ તો સાપ ગયા ને લીસોટા જ રહ્યા છે ને! પુરુષ પોતે એ શબ્દો આચરતો નથી—નારી પાસે આચરવા માગે છે!



રુરુ અને સાવિત્રીએ મૃત્યુ સામે જય પામતા જીવન સહચાર દેખાડ્યા. પણ સંસારના કાર્યક્ષેત્રમાં દંપતીના સહચારનું એમાં દર્શન થયું નહોતું. એ દર્શન જાણે ચોથા ચિત્રમાં શરૂ થયું.

તેજોજ્વલ સત્યવાન સાવિત્રીની બેલડી કાળા વાદળ જેવી આકૃતમાંથી નીસરી મેઘધનુષ્યના સુંદર દૃશ્યમાં લય પામે છે, ત્યાં ગ્રીષ્મના સૂર્ય જેવું ઝળહળતું તેજ સ્વપ્ન પટ પર પથરાય છે, અને તેમાંથી સામ્રાજ્ઞીની હંસગતિથી શોભતી એક પ્રમદા પ્રગટે છે. એ હતી લોપામુદ્રા–વિદર્ભરાજની પુત્રી. એના પિતાએ પુત્ર માટે યજ્ઞ માંડ્યો અને તેને સાંપડી પુત્રી ! પણ તે શતપુત્રોનો ખંગ વાળે એવી એ પુત્રી હતી.

અલૌકિક સૌંદર્ય અને અદ્ભુત પ્રતિભા તેને વર્યાં હતાં. એની પ્રતિભાથી અંજાઇ અનેક રાજપુત્રો એની પાસે આવતા. એના ગૌરવથી ભડકી તેઓ પરણવાનું પૂછતા પણ નહિ. સિંહણના સાથી થવાની લાયકાત કૈં બધામાં હોય છે ?

અને એ એકલી સિંહણજ નહોતી ! એનામાં ગરૂડની ગગન ભેદવાની મહત્વાકાંક્ષા હતી. એના જોટાનો નર મળવાની આશા એના સંબંધીઓએ છોડી હતી.

મેં દીઠી ત્યારે એ ગઢને કાંગરે ઉભી દૂર દક્ષિણ તરફ નજર નાંખતી હતી. તે દિશામાં વનની વચ્ચેથી હાથીઓના ટોળા જેવા વિંધ્યના કાળમીંઢ પહાડો ડોકાતા હતા. એ વિકટ વનમાર્ગો પર

લોપામુદ્રા તરસી નજરે જોઈ રહી. પછી તેણે પશ્ચિમમાં પથરાતી ગિરિમાળ પર નજર નાંખી.

ત્યાં તો પાસેની ટેકરી પરથી ઉતરતા એક બ્રાહ્મણ યુવાનને તેણે જોયો. સુકા, ઊંચા બાંધાના તે યુવાને માત્ર મૃગચર્મ ઓઢયું હતું. તેની વિશાળ પીઠ પર બાણનો ભાથો હતો. ખભા પર ધનુષ્ય હતું. હાથમાં દંડ હતો, અને છતાં તે બ્રાહ્મણ હતો. એ એનો પહેરવેશ જણાવતો.

યુવાન પાસે આવ્યો. લોપાની તીણી આંખોએ તેની મુખ-મુદ્રા બરાબર જોઈ. તેની આંખમાં સંયમથી દાબેલો ભભુકતો અગ્નિ જોયો, તેના વિશાળ, ઉપસેલા લલાટમાં બુદ્ધિ અને ચિંતન વાંચ્યા, તેના દૃઢ બીડેલા હોઠ અને સપ્રમાણ હડપચીમાં અડગ નિશ્ચલતા પારખી, તેની તરવરતી ચાલમાં યૌવનનો તનમનાટ દેખ્યો, અને ગરૂડ જેવા નાકમાં સતત સાહસની આકાંક્ષા ઓળખી. "એજ, એજ," તે બબડી–" જેની વર્ષોથી હું વાટ જોઉં છું તેજ."

અને તેણે દાસીને બોલાવી નુતન આગંતુકને તેડાવ્યો.

એ હતો અગત્સ્ય–ભગવાન મૈત્રાવરૂણનો જ્યેષ્ઠ પુત્ર–સપ્ત-સિંધુનો અજોડ મહારથી–આર્ય સંસ્કૃતિનો દિગંતમાં ફેલાવો કરનાર.

જેવી લોપા તેવો જ આ પણ જોડ વિનાનો હતો. સપ્ત-સિંધુને દસ્યુઓના ભયથી મુક્ત કરી, ભરત અને ઈક્ષ્વાકુના કુલોને સત્તા પર સ્થિર કરી, આર્યાવર્તના પર્યટણે અત્યારે એ નીકળ્યો હતો.

લગ્ન જીવનનો તેને મોહ ન હતો–બલ્કે તિરસ્કાર હતો. છતાં મિત્રોના આગ્રહને વશ થઇ તેણે તપોવનો અને રાજકુલોમાં અનેક કન્યાઓ જોઈ.

પણ મુક્ત વિહરતા ગરૂડ રાજને યોગ્ય સહચરી સાંપડી નહિ. છતાં દેશયાત્રાની મઝાહ તેને ખૂબ ગમતી અને તેથી નવા સાહસોની શોધમાં તે હજીએ ભટકતો હતો.

ત્યાં તે આવ્યો. વિદર્ભની રાજધાની પાસે, અને ઉગતા સૂર્યનાં અજવાળામાં લોપામુદ્રાએ તેને જોયો.

પુરુષ કરતાં સ્ત્રીની નજર તીક્ષ્ણ હોય છે. પરભવની પીછાણ સ્ત્રી પહેલી પારખે છે, તેમ વાટ જોતી સિંહણે સિંહને ઓળખ્યો અને સંવનન શરૂ કર્યું.

લગભગ વૈરાગી બનેલો અગત્સ્ય આવા સંવનન માટે તૈયાર નહોતો. લોપાના પિતા પણ એક દૂર દૂરના તપસ્વી તરફનો પુત્રીનો અકારણ આવેગમય ભાવ જોઈ તાજુબ થયા પણ નદીઓ અને સ્ત્રીઓના વેગ કદી રોકાયા છે? સ્વચ્છંદ વિચરવું કે લગ્નગાંઠે બંધાવું એનો પુરો ઉકેલ હજી અગત્સ્યના મગજમાં ઉઠે, તે પહેલાં તો પિતાને સમજાવી પટાવી ફોસલાવી, લોપા તેને પરણી પણ ગઇ!

અને આ વિચિત્ર બાળાએ પરણતાં જ ધડાકો કર્યો. પતિને તેણે જણાવી દીધું કે, યોગ્ય ઐશ્વર્ય ન મળે ત્યાં સુધી સંતાનોત્પત્તિ કરવાની નથી-બ્રહ્મચર્ય જ પાળવાનું છે!

અને આ રીતે સંતાનોને યોગ્ય ઉછેર આપી શકે તેજ માતપિતા થઇ શકે એ માનવધર્મ–પિતૃધર્મનો મહામંત્ર લોપામુદ્રાએ જગતને આપ્યો.

અને અત્યાર સુધી અનેક રાજ્યોને દોરવણી આપતાં છતાંયે, અનેક જનપદોનો સર્જક અને ઉદ્ધારક છતાં યે, બેદરકારી અને બેફીકરાઇથી કેવળ નિસ્પૃહ હોવાથી અકિંચન રહેલા અગત્સ્યને નવી જવાબદારીનું ભાન થયું.

એથી એણે ફરી વિજયયાત્રા આરંભી, અને દક્ષિણાપથના ત્રાસ જેવા રાક્ષસોનો સંહાર કર્યો, અને એ રીતે ધન મેળવી સંસાર આરંભ્યો.

પણ અસામાન્ય એવી લોપામુદ્રાને એવા સામાન્ય જીવનમાં રસ પડે? પ્રગતિશીલ પ્રજાઓનાં ઉત્તમોત્તમ સાહસ શૂરા સંતાનોમાં

મળી આવતી ભ્રમણભૂખ એની નસોનસમાં ભરી હતી. અણુ-દીઠને દેખવાની, અણુતગતા તાગ લેવાની, અણુમાણ્યાં ને માણુ-વાની ભાગ્યશાળી સનાતન યૌવનવંતાંઓને જ મળે છે, એવી સાહસ પ્યાસ તેના હૃદયમાં ભરેલી હતી.

અને એને સાથી પણ એવો જ મળ્યો હતો. દેવોને પે ડારે એવો, અંતરાયો ને અવગણે એવો, આર્યાવર્તનો તે કાળનો સર્વશ્રેષ્ઠ ઋષિ તેને પડખે હતો. પયગંબરોની પ્રચાર ભૂખ, સર્જકોની સર્જન શક્તિ, વિજેતાઓનો અણુનમ આગ્રહ—એનો જાણે એ અવતાર હતો, અને તેથી આ બન્ને દંપતી ઉપડયાં જગતના ઇતિહાસમાં અજોડ એવા વિજય, સંસ્કાર સર્જન અને ધર્મ પ્રચારના પ્રવાસે.

મારા સ્વપ્નપટ પર એમનું બીજું દક્ષિણ યાત્રાનું ચિત્ર હતું. આર્યોની આગેકૂચને અવરોધતો વિંધ્યાચળ હજી દક્ષિણાપથનો માર્ગ રૂંધતો હતો. પ્રતિષ્ઠા પામેલા આશ્રમને પ્રેમથી પૂજતાં સ્વજનોને પાછળ છોડીને આ બેલડી દક્ષિણને માર્ગે નીકળી. કેવું હતું એ દૃશ્ય !

હેમંતની ગુલાબી પરોઢમાં દૂર દક્ષિણમાં ચિત્રકૂટ ભભુકી રહે છે. એના પર નજર નાંખી, સ્થિર, દૃઢ પગલે અગત્સ્ય ચાલ્યા જાય છે.

લોપાએ પહેલાં જોઇ હતી તેવી જ તેમની વસ્ત્રભૂષા છે. અને પડખે છે રાજરાણી જેવા દમામથી ડગલાં માંડતી, તાપસી જેવાં વસ્ત્રોમાં સજ્જ, અને ધનુષ્ય બાણુ અને કટાર ધરતી તેમની જીવન સહચારિણી સ્વ પ્રયાસે મેળવેલી સંપત્તિ ત્યાગી નવીન સાહસવાંછુ જેમ તેઓ પરિવ્રાજકના વેશમાં જ વીચર્યાં હતા.

અને ત્રીજું દૃશ્ય આવ્યું ગોદાવરી તટના આશ્રમનું વિંધ્ય અને સાતપુડાના દુર્ભેદ્ય પહાડો આમના નિશ્ચયબળ આગળ સુગમ બન્યા હતા. આર્યસંસ્કૃતિને દક્ષિણાપથ ઉજાળવાને મહા-માર્ગ મળી ચૂકયો હતો. પૂર્વમાં કૌશાંબીની પશ્ચિમે સોપારાનો

વ્યવહાર માર્ગ રચાવા માંડયો હતો. અને જન સ્થાનમાં પ્રગતિના પૂર રેલાવા માંડયાં હતાં.

અને એ માર્ગે રામ આવ્યા. ઉભયદંપતીને મળ્યા. અને કદાચ એમની જ પ્રેરણા અને સંકલ્પથી આર્ય સંસ્કારોને લંકા સુધી લઇ ગયા.

પણ 'સાધુ તો ચાલતા ભલા.' એ ન્યાય લોપા વિસરે એમ નહોતું. દક્ષિણાપથમાં આર્યત્વને સ્થિર કરવાનું અનુગામીઓ કરશે. એમના જેવાનું એ કામ નહોતું.

અને પરિચર્યા કરતાં જ્યારે તેણે સાગરનાં દર્શન કર્યાં ત્યારે વૃદ્ધાવસ્થાને આરે પણ્ તેની પ્રવાસભૂખ જાગી. અને નભોમંડળમાંયે પ્રશસ્ત સ્થાન અપાવનાર અનુપમ પત્નીની આકાંક્ષા અગત્સ્ય જેવો ન સંતોષે એમ બને? અને મારી નજરે એક નૌકા દેખાય છે. આર્યાવર્તમાં નદીઓમાં વહેતી નૌકા કરતાં એના રૂપ રંગ જુદા છે અને એમાં બેસીને આ દંપતી જગત્ ઈતિહાસનો પહેલો સાગર પ્રવાસ આરંભે છે.

બંગાળના ઉપસાગરમાં વહાણ્ ઝોલાં ખાય છે. હાથમાં હાથ મીલાવી આ સુભગ જોડલું માતૃભૂમિનાં અંતિમ દર્શન કરે છે.

સિંધુ, ગંગા અને ગોદાવરીની વચ્ચેના સઘળા વિસ્તારમાં પોતે સંસ્કાર સીંચન કર્યું હતું, અને તેથી અગત્સ્યને એ ભૂમિને આખરી પ્રણામ કરતા ઉદ્વેગ તો થાયજ. એક આછો નિઃશ્વાસ તેના મુખમાંથી સરી ગયો.

લોપાએ હેતાળ દ્રષ્ટિથી તેના પતિ પર ઠેરવી. પતિના અંતરમાં ચાલતાં ગૂઢ મંથન તે સમજી શકતી હતી. તેણે ધીમેથી પોતાનો હાથ સેરવી પતિના હાથમાં ભેરવ્યો.

"આપણાં સ્નેહીઓ, સંબંધીઓ, સંતાનો અહીં મુકી આપણે જઇએ છીએ તેથી ઉદ્વેગ થાય છે?" ખૂબ મિઠાસથી તેણે પૂછ્યું.

"દેવી, હું મનુષ્ય છું–દેવ નથી." જરા નરમ અવાજે અગત્સ્યે કહ્યું. વિંધ્ય ઓળંગ્યો, પછી ઉત્તરાપથનું નામ લીધું છે? પણ ત્યાંયે ઉત્તર પ્રદેશના સમાચાર મળતા. હવે તો વતન જોડેનો સંબંધ હંમેશ માટે તૂટે છે."

"નાથ." મૃદુ છતાં ગૌરવભર્યા અવાજે તેણે કહ્યું, "હું માતા છું. મારા સંતાનો મુકતાં જે વેદના થાય તે માત્ર કોઈ માતાજ જાણી શકે. પણ માતા છતાં કદીએ હું નથી ભૂલી શકતી કે હું તમારી પત્ની છું. સંસ્કાર સીંચન અને સંસ્કાર સર્જનની એ અનેરી ભૂલથી તમે ભટકતા આવ્યા. મેં તમને સંસારની બેડીમાં બાંધ્યા પણ તે કાંઇ તમારી શક્તિઓ સંકોચાય–તમારૂં અદ્દ્ભૂત કાર્યક્ષેત્ર વિસ્તાર પામતું અટકે એ હેતુથી નહિ. પત્ની તો પતિની પૂર્તી માટે છે. તેથી, નાથ, હું કદીએ વીસરી નથી કે, આપણાં જેવાં માટે આરામ હોય નહિ. આપણે તો જીવન પર્યંત માનવ ઉદ્ધારનો યથાશક્તિ પ્રયાસ કરવો જ રહ્યો. અને તેથી જ આટલી વૃદ્ધવયે પણ અજાણ્યા આ મહાસાગરમાં હું તમને લઇ જાઉં છું."

"પણ મને એકલો જ જવા દીધો હોત તો?" "તો તો મારૂં કર્યું કારવ્યું ધૂળ મળે, ને! નાથ, તે દિવસે તમારો હાથ ઝાલી સહચાર સાચવ્યો. તે સહચાર તોડવાની કોની તાકાત છે? એ સહચાર મૃત્યુ પણ ન તોડી શકે તો આ મહાસાગર શું વિસાતમાં?"

એક પ્રશંસા અને ઉમળકાથી ભરપૂર નજર પોતાની વૃદ્ધ પણ દેદિપ્યમાન પત્ની પર નાંખતા ઋષિએ કહ્યું, "મૃત્યુ પણ ના, તોડે? લોપા? પરભવના તે વાયદા હોય?"

કાળને ભરખી ખાવા તલસતી સિંહણના જેવું, લોપાની આંખોમાં તેજ ઝળકયું. વિધાત્રીના જેટલીજ ભાવિ ઘડવાની અફર શક્તિની દિપ્તી તેના મુખ પર ઝળહળી ઉઠી. નિશ્ચિત અને નિશ્ચલ સત્યનો આગ્રહી અને અટંકી ટંકાર તેના શબ્દોમાં ગાજ્યો. "પરભવના વાયદા શાને, નાથ? આ ભવના અનુભવો શું ઓછા

છે ? એકજ તાલે આપણાં હૃદય નાચ્યાં છે. આપણા મન રાચ્યા છે. એક શ્વાસ અને એક પ્રાણ એવાં આપણે એક સાથે જ સ્વપ્નો આણ્યાં છે અને મૂર્ત કર્યાં છે—સંકલ્પો સેવ્યા છે, સાધ્યા છે. તો, નાથ, એ અતૂટ અંકોડાઓથી સંકળાયેલું જીવન છેદવાની મૃત્યુનીએ શી મજાલ છે ?"

પળવાર અગત્સ્ય લોપાની ઓજસ્વી છટા નિહાળી રહ્યા. અને સહસ્ર રણોના વિજેતા, સહસ્રમંત્રોના ઉત્પાત્તા સહસ્ર ગુરૂકુળોના સ્રષ્ટા, આર્યોના એ સર્વોચ્ચ સંસ્કારસ્વામીની આંખોમાં ત્રિભુવન વિજયી ખુમારી આવી—અવનીમાં અજોડ આવા સહચારની ખુશબોથી જાણે નસેનસમાં નવજીવન આવ્યું—વૃદ્ધાવસ્થા જાણે લોપ પામી. અને તેજસ્વી તારૂણ્યથી તરવરતા સ્વરે તે બોલી ઊઠયા, " સાચું, દેવી, તમારી ઇચ્છાશકિત કોઇ અવરોધી શકતું નથી." એક પળ તેમના મુખપર મૃદુસ્મિત છવાયું, " હું પણ નહિ. આપણું સંવનન યાદ છે ને ?"

લગ્ન વખતે પોતે કરેલા આગ્રહી સંવનનની આ યાદથી લોપાના મુખપર મોહક લાલિમા પ્રસરી રહી. તરૂણી સુલભ એ ભાવથી મુગ્ધ બનતા અગત્સ્ય બોલ્યા, "ભગવતી, અગત્સ્યની યે ઇચ્છા શકિત ને હરાવી શકે તેની સામે બિચારા યમનું શું ગજું ? મારી ખાત્રી જ છે કે સ્વર્ગમાંયે આપણે સાથે હઇશું."

પળવાર લોપાએ અગત્સ્ય સામે જોયું. પળવાર એ ચારે નયનો ભેગાં મળ્યાં, અને ઋષિએ કોક અકથ્ય ભૂખ એ નેત્રોમાં જોઇ.

નયનો ઢાળતાં લોપા બોલી, "ઋષિરાજ, ભગવાન, એટલેથી જ શું આપણને સંતોષ વળશે ? દેહમાં તો સૂક્ષ્મ અને સ્થૂળ બે છે. મૃત્યુ પછી તો માત્ર સૂક્ષ્મ જ રહેશે ? એ સૂક્ષ્મ જ રહેશે ? એ સૂક્ષ્મમાંય શું થોડીપણ જુદાઇ રહેશે ?"

અને આર્યોના સર્વશ્રેષ્ઠ પુરૂષ વરની આંખો નવા અને અદ્‌ભુત મંત્ર દર્શનથી ચમકી રહી. ઉત્સાહના ઉભરાથી ઉછળતા ઉર પર લોપાનો હાથ દાબતાં તેમનો સ્વર ગાજી ઉઠયો, " ભગ-

વતી, આજે તમે દાંપત્યનો અંતીમ આદર્શ ઉલ્લેખ્યો. દેવી, દેવી, એક અને અવિભક્ત આત્માનો મહામંત્ર આજે તમારા વડે હું જોઉં છું અને તમારા સતીત્વ અને મારા તપને લીધે આજે હું સંકલ્પ કરું છું કે, મરણ પછી આપણા આત્મા જુદા નહિ રહે– એ જ્યાં હશે ત્યાં એક અને અવિભક્ત જ હશે!"

પ્રણયસમાધિના આ અત્યુત્તમ દર્શનથી મારો આત્મા મુગ્ધ બન્યો. અને ચિત્રપટ પરનાં દર્શનો ઝડપથી સરવા લાગ્યાં.

અને આ સુભગ બેલડીને જાવા, સુમાત્રા, બલી વગેરે અગણિત ટાપુઓમાં સંસ્કાર–બીજો વાવતી, ધર્મવેલ સીંચતી અને આર્યત્વને ઉદ્બોધતી મેં જોઇ છે.

અને દૂર નૈમિષારણ્યના ઋષિઓએ સહજીવનના મહામંત્રની પહેલી લીટી પૂરી કરી—

सहवीर्यं च करवावहै।

"અમે પરાક્રમો પણ સાથે કરીએ."

પણ આટલાથી મને સંતોષ ના થયો. મારા મનમાં હજીયે અગત્સ્યના છેલ્લા શબ્દો ગુંજતા હતા. "મરણ પછી પણ આપણા આત્મા જુદા નહિ રહે."

આત્મનિષ્ઠાથી બોલાયલાં આ વાક્યો શું સાચાં પડશે? માનવશક્તિની મર્યાદાએ મારા મનમાં શંકા જન્માવી.

—અને એક વીજળીનો ચમકારો થયો; ચિત્રપટની સળંગતા જાણે લોપ થઈ. અને મેં એક વિશિષ્ટ ચિત્ર જોયું...

દૂર દૂર સુગંધી ને લતાઓના વનથી છવાયેલા દ્વિપ-સમૂહમાંથી જાણે અલૌકિક સુવાસ પ્રસરી રહે છે, ધરણીને છેડે સંસ્કાર–સુવાસ ફેલાવીને બે જ્યોતિઓ પૃથ્વીપટ છોડી આકાશે સંચરે છે, અને મધ્યાકાશમાં બેનો સંગમ થઈ એક તારક રચાય છે. એ છે જાણે અગત્સ્યનો તારો–નક્ષત્ર મંડળમાં સર્વેથી અનેક-ગણો પ્રકાશિત તારો.

ખરે! લોપામુદ્રાની ભાવના ફળી હતી. તેનું નામ સાર્થક થયું હતું. તેની મુદ્રા લોપ થઇ, તેનો આત્મા અગત્સ્યમાં મળી ગયો હતો; અને એ બે જ્યોતમાંથી જ અગત્સ્યનો તારો પ્રગટ્યો હતો.

અને આ દંપતીના સુભગ સંમેલન પર નિશાનાથ મંદ મંદ હસતા હતા.

[૫] સ્વર્ગમાંયે સાથે

અને સૂર્ય જેવી પ્રતિભાસંપન્ન લોપામુદ્રાનું ચિત્ર પથરાતી ચાંદનીમાં લય પામે છે, ત્યાં જાણે શરદના પૂર્ણ ચંદ્રમાંથી કોરી કાઢી હોય એવી સૌમ્ય અરુંધતી દેખા દે છે.

ચોદિશ વિસ્તરતા મહાસાગરને સ્થાને સુકુમાર સરસ્વતીનો રમણીય કાંઠો આલેખાય છે. દૂર દૂર કદંબનાં વૃક્ષો ઝૂકી રહ્યાં છે. જે સુંદર પથરાઓએ સરસ્વતીને યશદૂતીનું નામ આપ્યું હતું તેમાંના એક સુંદર પથરા પર પાણીમાં પગ લટકતા રાખી એક બાળા બેઠી હતી.

એનો બાંધો એકવડો અને ઊંચો હતો. મોં લંબગોળ અને તેજસ્વી હતું. લલાટ વિશાળ અને ચિંતનપૂર્ણ હતું.

એણે બંધબેસતો વલ્કલનો પોષાક પહેર્યો હતો. કમ્મરે મૃગચર્મનો પટો હતો; પાસે ધનુષ્ય, ભાથો અને દંડ પડયાં હતાં.

એકાકી, સ્વતંત્ર, તપોજીવન ગાળનાર કન્યાને ધનુર્વિદ્યાનું જ્ઞાન જોઈએ જ ને!

દૂર ક્ષિતિજમાં આથમતા સૂર્ય સામે તે અનિમેષ જોઈ રહી હતી.

એ હતી અરુંધતી—પ્રજાપતિ કર્દમની પુત્રી.

અને સામે એવાજ એકવડા બાંધાનો, કોમળ છતાં સ્નાયુબદ્ધ શરીર કાઠીવાળો યુવાન ઋષિ ઊભો હતો. એના લાંબા

વતી, આજે તમે દાંપત્યનો અંતીમ આદર્શ ઉલ્લેખ્યો. દેવી, દેવી, એક અને અવિભકત આત્માનો મહામંત્ર આજે તમારા વડે હું જોઉં છું અને તમારા સતીત્વ અને મારા તપને લીધે આજે હું સંકલ્પ કરું છું કે, મરણ પછી આપણા આત્મા જુદા નહિ રહે– એ જ્યાં હશે ત્યાં એક અને અવિભકત જ હશે !"

પ્રણયસમાધિના આ અત્યુત્તમ દર્શનથી મારો આત્મા મુગ્ધ બન્યો. અને ચિત્રપટ પરનાં દર્શનો ઝડપથી સરવા લાગ્યાં.

અને આ સુભગ બેલડીને જાવા, સુમાત્રા, બલી વગેરે અગણિત ટાપુઓમાં સંસ્કાર–બીજે વાવતી, ધર્મવેલ સીંચતી અને આર્યત્વને ઉદ્‌બોધતી મેં જોઇ છે.

અને દૂર નૈમિષારણ્યના ઋષિઓએ સહજીવનના મહામંત્રની પહેલી લીટી પૂરી કરી—

सहवीर्यं च करवावहै ।

"અમે પરાક્રમો પણ સાથે કરીએ."

પણ આટલાથી મને સંતોષ ના થયો. મારા મનમાં હજીયે અગત્સ્યના છેલ્લા શબ્દો ગુંજતા હતા. "મરણ પછી પણ આપણા આત્મા જુદા નહિ રહે."

આત્મનિષ્ઠાથી બોલાયલાં આ વાકયો શું સાચાં પડશે ? માનવશક્તિની મર્યાદાએ મારા મનમાં શંકા જન્માવી.

—અને એક વીજળીનો ચમકારો થયો; ચિત્રપટની સળંગતા જાણે લોપ થઈ. અને મેં એક વિશિષ્ટ ચિત્ર જોયું...

દૂર દૂર સુગંધી ને લતાઓના વનથી છવાયેલા દ્વિપ-સમૂહમાંથી જાણે અલૌકિક સુવાસ પ્રસરી રહે છે, ધરણીને છેડે સંસ્કાર–સુવાસ ફેલાવીને એ જ્યોતિઓ પૃથ્વીપટ છોડી આકાશે સંચરે છે, અને મધ્યાકાશમાં એનો સંગમ થઈ એક તારક રચાય છે. એ છે જાણે અગત્સ્યનો તારો–નક્ષત્ર મંડળમાં સર્વેથી અનેક-ગણો પ્રકાશિત તારો.

ખરે ! લોપામુદ્રાની ભાવના ફળી હતી. તેનું નામ સાર્થક થયું હતું. તેની મુદ્રા લોપ થઇ, તેનો આત્મા અગત્સ્યમાં મળી ગયો હતો; અને એ બે જ્યોતમાંથી જ અગત્સ્યનો તારો પ્રગટયો હતો.

અને આ દંપતીના સુભગ સંમેલન પર નિશાનાથ મંદ મંદ હસતા હતા.

[૫]

સ્વર્ગમાંયે સાથે

અને સૂર્ય જેવી પ્રતિભાસંપન્ન લોપામુદ્રાનું ચિત્ર પથરાતી ચાંદનીમાં લય પામે છે, ત્યાં જાણે શરદના પૂર્ણ ચંદ્રમાંથી કોરી કાઢી હોય એવી સૌમ્ય અરૂંધતી દેખા દે છે.

ચોદિશ વિસ્તરતા મહાસાગરને સ્થાને સુકુમાર સરસ્વતીનો રમણીય કાંઠો આલેખાય છે. દૂર દૂર કદંબનાં વૃક્ષો ઝૂકી રહ્યાં છે. જે સુંદર પથરાઓએ સરસ્વતીને યશદૂતીનું નામ આપ્યું હતું તેમાંના એક સુંદર પથરા પર પાણીમાં પગ લટકતા રાખી એક બાળા બેઠી હતી.

એનો બાંધો એકવડો અને ઊંચો હતો. મોં લંબગોળ અને તેજસ્વી હતું. લલાટ વિશાળ અને ચિંતનપૂર્ણ હતું.

એણે બંધબેસતો વલ્કલનો પોષાક પહેર્યો હતો. કમ્મરે મૃગચર્મનો પટો હતો; પાસે ધનુષ્ય, ભાથો અને દંડ પડયાં હતાં.

એકાકી, સ્વતંત્ર, તપોજીવન ગાળનાર કન્યાને ધનુર્વિદ્યાનું જ્ઞાન જોઈએ જ ને!

દૂર ક્ષિતિજમાં આથમતા સૂર્ય સામે તે અનિમેષ જોઈ રહી હતી.

એ હતી અરુંધતી—પ્રજાપતિ કર્દમની પુત્રી.

અને સામે એવાજ એકવડા બાંધાનો, કોમળ છતાં સ્નાયુબદ્ધ શરીર કાઠીવાળો યુવાન ઋષિ ઊભો હતો. એના લાંબા

પાતળા મુખની શોભા, નાનીશી દાઢી અને પીંગળ ઝટાથી ખૂબ વધતી હતી.

એ હતો વસિષ્ઠ મૈત્રાવરૂણ—અગત્સ્યનો નાનો ભાઈ.

ઇતિહાસ આખો ફેંદી વળીએ તોયે પ્રતાપી ભાઇઓની જોડ કોક કોકજ મળી આવે છે, અને તેમાં કલ્પના, કથા કે ઇતિહાસમાં આ બે ભાઇનો જોટો નથી.

બન્નેમાં અજબ પ્રતિભા અને બુદ્ધિ હતાં. બન્નેમાં સંસારને તારવાના કોડ હતો. બન્નેમાં દુર્ગમતમ આપત્તિઓ તરવાની હોંશ અને શક્તિ હતાં. છતાં બન્નેના સ્વભાવમાં ઘણો ફેર હતો.

અગત્સ્યમાં આગ્રહ અને ત્વરા હતાં. વસિષ્ઠમાં દઢતા અને ધૈર્ય હતાં. એકે સિંધુથી રામેશ્વર સુધી અને પછી દરિયા પાર સંસ્કાર સીંચન કર્યું. બીજાએ ભાઇએ ભારતમાં વાવેલી સંસ્કાર—વેલ દઢ કરી અને પોષી. અગત્સ્યે અનાર્યોને આર્યોના આચાર આપ્યા. વસિષ્ઠે આર્યોના આચારોને વિશુદ્ધ અને સબળ બનાવ્યા. આ રીતે બન્નેએ મળી હજારો વર્ષ સુધીનો ભારતનો ઇતિહાસ નિર્માણ કર્યો.

પણ આ તો જરા આડી વાત થઇ. મારા સ્વપ્નોમાં તો વસિષ્ઠ હજી ઊગતો જુવાન જ હતો. અને સરસ્વતીનાં તીર પર તે અરુધતી સાથે ગોષ્ઠી કરતો હતો.

"મૈત્રારૂવણ!" વસિષ્ઠના પ્રશ્નનો ઉત્તર આપતી હોય તેમ અરુંધતી બોલી: "ભવભવના સાથીઓ આપણે આ ભવે મળ્યાં તે પળથી જ જાણીએ છીએને કે, આ સંસારપથ સાથેજ વિતાવવાનો છે? પણ મૈત્રાવરૂણ, એ પથ પર સાથે યાત્રા કરવાની વેળા અત્યારે આવી હોય એમ મને લાગતું નથી."

"મેધાતિથી" વસિષ્ઠના સ્વરમાં આગ્રહ હતો, "સપ્તસિંધુના જનપદોમાં તારી કે મારી જોડ નથી. પણ આમ એકલા એકલા ક્યાં સુધી રહેવું? મારો આશ્રમ, મારી ધેનુઓ તારી વાટ

જુએ છે. કુલમાતાની રાહ જોઇ મારા શિષ્યો થાકે છે. સપ્તસિંધુમાં આપણી વયનાં કોઇ અવિવાહિત જોયાં છે?"

"સપ્તસિંધુમાં આપણી વયનાં તપસ્વીઓ પણ જોયાં છે.?" ગર્વથી ટટાર થતી તે બોલી. "મૈત્રાવરૂણ, કોક અગમ્ય ભાવિની પ્રેરણાથી આપણે બીજાઓથી જુદોજ માર્ગ અખત્યાર કર્યો છે. યુવાનવયમાં આપણને તપસિદ્ધિ લાધી છે. અસામાન્ય વૃત્તિ અને અસામાન્ય વર્તનવાળાં, આપણે શું સામાન્ય જીવન માટેજ સરજાયાં હશું? ના, ના, મૈત્રાવરૂણ. આપણે નસીબે સામાન્ય ઋષિઓનો પુનીત પણ શાંતજીવન વ્યવસાય હોય નહિ. માટે જો આશ્રમ કે ધેનુઓ, શિષ્યો કે ગુરુકુળને માટેજ તમે પત્ની ઝંખતા હો તો આવતા ભવસુધી આપણે બન્નેયે રઝળવાનું રહેશે."

"તપસ્વીની થઈ તું આ શું બોલે છે? લોકસંગ્રહ માટે સંસાર વહેવામાં તને ખોટું શું લાગે છે.?"

"મૈત્રાવરૂણ, પિતા વરૂણ અને માતા સરસ્વતીનો સંપર્ક સાધેલાં આપણે શું એટલાં ક્ષુલ્લક છીએ કે, સંસારની સામાન્ય ઘટમાળાના ચીલે ચાલીએ? આપણે માટે શું એથી મોટાં કાર્યો નહિ નિર્મ્યાં હોય? મૈત્રાવરૂણ, સાચું કહો, તમને શું તમારા ભાઇ જેવાં લોકોત્તર કાર્યોનાં સ્વપ્નાં નથી આવતાં?"

વસિષ્ઠનો દેહ ટટાર થયો. તેની આંખો દૂર ક્ષિતિજ પર જઈ ઠરી. તેમાં સ્વપ્નો ઘેરાવા લાગ્યાં અને એવાજ સ્વપ્નઘેરે અવાજે તેણે કહ્યું, "સાચું છે, અરૂ; મહર્ષિ અગત્સ્ય આર્યત્વને પૃથ્વીગામી બનાવવા હોંસ ધરાવે છે. અને તેથી એ સ્થાને સ્થાને આર્યોના આશ્રમો સ્થાપે છે. મને પણ કોકવાર એવા અભિલાષ જાગે છે. સંધ્યા કરતી વખતે પ્રભાતમાં જાણે ઉદયગિરિ નિમંત્રે છે. મધ્યાન્હે જાણે દક્ષિણદેશ બોલાવે છે. સાયંકાળે મને અસ્તાચળનાં આણાં આવે છે, બ્રહ્માવર્તના હૃદયમાંથી ત્રણ બાજુ વહેલા આર્યત્વના પ્રવાહોમાં જાણે તણાવાનું મને મન થઈ આવે છે."

ભાવનાથી ભરપૂર અને આવેશથી ઉછળતો તેનો સ્વર વાતાવરણમાં જાણે ઘેરા, ગંભીર પડઘા પાડી રહ્યો.

તેના મુખ પર અવર્ણ્ય ભાવો આલેખાયા.

પ્રેમાતુર ચકોરી જેમ ચંદ્રને એકી ટસે નીરખે છે તેમ અરૂંધતી તેના પ્રિયકરના મુખચંદ્રને મુગ્ધ બની ન્યાળી રહે. પૌરુષ, પ્રેરણા અને પ્રતિભાથી ઝળકતા એ મુખડાને પળવાર હૈયા સરસું દાબી દેવાનો એક ઉમળકો તેને થઇ આવ્યો. પણ તે પણ તે પુરુષ વસ્રી સમોવડી જ હતી, ને! તેણે સંયમ સાધવા સરસ્વતીના નીર પર નજર ઠેરવી અને બોલી, “વારુણી, મને પણ એવાં જ સ્વપ્નાં લાધે છે. ભગવતી સરસ્વતીનાં નીર જાણે મને પણ નિમંત્રે છે–તેમના જેવી જ સહસ્ત્ર કોશની મહાયાત્રા કરવા. અને, તેથી જ દેવ, હું અત્યારે સંસાર ધર્મ સ્વિકારવાની ના પાડું છુ.”

“પણ સ્વપ્નાંની યે અવધિ તો હશે, ને?” સ્વપ્નમાંથી વાસ્તવિકતા સાધતા વસિષ્ઠે પૂછ્યું.

“નાથ, વસ્તુઓમાં શ્રેષ્ઠ તે વસિષ્ઠ. અને તપ તે સર્વોચ્ચ ધન. તમે શ્રેષ્ઠ તપસ્વી બની નામ સાર્થક કરો. હું ત્યાં સુધી તમારો માર્ગ રૂંધું છું અને આ રીતે મારૂં નામ સાર્થક કરૂં.”

“તું મારો માર્ગ રૂંધે, અરૂ!” સહેજ હસી વસિષ્ઠે કહ્યું, “તું તો ઉલટી પડખે હોય તો એ માર્ગ સરળ થાય.”

“એમ લાગશે ત્યારે હું પડખે જ હઇશ, ને!”

“પણ તે ક્યારે?–આપણાં નામ તો સાર્થક જ છે, દેવી! હવે ક્યારે આપણે મહાયાત્રા આદરીશું?”

“નાથ,” સ્થિર નયનો સામે જોતાં અરૂંધતીએ કહ્યું, “મહર્ષિ અગત્સ્યે આર્યાવર્ત વિસ્તાર્યું છે. આર્યો પ્રસરતા જાય છે–પણ આર્યત્વનો વેગ એટલો છે? તેથી જયારે વધતા જતા આર્યાવર્તમાં આર્યત્વને સ્થિર કરવું હોય, વધતી જતી સત્તા અને સમૃદ્ધિથી આચારમાં શિથિલ બનતા આર્યોને અનાર્ય બનતા

અટકાવવા હોય ત્યારે તમે બોલાવજો. અને માતા સરસ્વતીના વહાલા તટને છોડીને તમારી સાથે ચાલીશ."

એ સુંદર ચિત્રની કલ્પનાથી ઉત્તેજીત બનતા વસિષ્ઠ બોલ્યા. "અને આપણે સાથે સંચરીશું. હાથમાં હાથ રાખી, ખભે ખભા મિલાવીને, માત્ર આપણા પોતાનાજ સામર્થ્ય પર મુસ્તાક, અને પૃથ્વીમાં સંસ્કારનો પમરાટ ફેલાવીશું. અને આર્યત્વને સ્થિર પાયા પર સ્થાપીશું."

પળવાર આ ભાવિ સ્વપ્નાના દર્શનમાં બન્ને લીન રહ્યાં. પછી અરૂંધતીએ કહ્યું. "પણ તે પહેલાં તમારે સર્વસ્વ તજવું પડશે, ને! બ્રહ્માવર્તમાં સાંધેલું પદ, નિત્ય વધતો અને ફાલતો આશ્રમ, અને જનપદમાં મેળવેલું અગ્રસ્થાન."

"અરૂ, અરૂ. તારે માટે તો માનવો દેહ પણ ત્યાગે. તો આ વસ્તુઓની કિંમત કેટલી! "મેધા તિથી!" વસિષ્ઠના સ્વરમાં પુષ્પધન્વાનો ટંકાર હતો. "તું સાથે આવતી હોય તો ત્રિભુવનનું સામ્રાજ્ય શું વિસાતમાં છે?"

પ્રિયતમનાં આવાં વેણ કઇ વનિતાને રૂચતાં નથી! પળવાર અરૂંધતીના મુખ પર લજ્જા અને ગર્વ ઉભરાયાં. પળવાર પ્રિયકરના બાહુપાશમાં લપેટાવાની સ્ત્રી સહજ ઉત્કંઠા તેના ઉરમાં ઉભરાઈ આવી. પણ તે પળવારમાં જ નિત્ય સાધેલા સંયમને પાછો મેળવી તેણે કહ્યું, "અને ધારો કે હું ના પાડું તો? ધારો કે હું તે વખતે અનંતતામાં મળી ગઇ હઉં તો? તો શું તમે એ સંસ્કારયાત્રા નહિ આદરો?"

અરૂંધતીના શબ્દોએ દોરેલા ચિત્રથી વસિષ્ઠ કંપી ઊઠયો. એના વિનાની એકલતાના ભાનથી એનો આત્મા કંપી ઉઠયો. પળવાર કોક મુંગું મહા રૂદન તેની નસેનસમાં ફેલાઈ રહ્યું. પણ તે પણ સતત્ સંયમી હતો. તેણે સ્વસ્થતા મેળવી અને દ્રઢતાથી કહ્યું, "દેવી, જે આદર્શ તેં રજુ કર્યો છે, તે આદર્શ તું હો કે ન હો, મારે સાધ્યે જ છૂટકો છે. અને તેથી, અરૂ, આવતી પૂર્ણિમાએ હું તને બોલાવીશ."

"અને હું નહિ આવું તો–" પ્રિયકરને ચીડવવાનો સ્ત્રીઓનો સનાતન હક્ક વાપરતાં તે બોલી.

"તો હું એકલો જ જઇશ," એક લાંબો શ્વાસ ખેંચીને તેણે કહ્યું: "પણ તું ન આવે એમ બને, ખરું કે?"

"હું ન આવું એ બને ખરૂં કે?" એના શબ્દનો હસતાં હસતાં અરુંધતીએ પડઘો પાડયો. અને બન્નેના હાથ ભેગા મળ્યા. સરસ્વતીના તીર પર રમતું એક સારસ જોડલું આ પરમ સ્નેહ-દર્શન જોવામાં તરવાનું યે ભૂલી ગયું!

× × ×

અને ચિત્રપટ પલટો લે છે. દૂર સરયૂને કાંઠે, નાનો આશ્રમ છે. આંગણામાં પહેલાં કરતાં દશ વર્ષ મોટી લાગતી અરુંધતી યજ્ઞશાળા સાફ કરે છે. દૂર નદીના પાણીમાં વસિષ્ઠ ઊગતા સૂર્યને આહૂતી આપે છે. પાસેના આશ્રમના અંતે-વાસીઓની પર્ણકુટીઓમાં નિત્યકર્મની વિવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

અને અચાનક કોલાહલ થાય છે. પ્રભાતમાં દૂર સમિધ્ વિણવા ગયેલા ઋષિબાળકો ભયથી દોડતાં આવે છે. ચરવા ગયેલી આશ્રમ ધેનુઓ ફાટી આંખે દોડી આવે છે. આઘેથી આવતા હાકોટાના પડઘાથી વાતાવરણ ગાજી ઊઠે છે. અને એક બહાવરો ગોવાળ દોડતો આવી. અરુંધતીના ચરણ પાસે બેસી પડે છે, અને હાંફતાં હાંફતાં બોલે છે: "માતા, આવ્યો–આવી પહોંચ્યો!"

સહેજ અધિરાઇ, સહેજ ગુસ્સાની રેખાઓ અરુંધતીના રૂપાળા મુખ ઉપર અંકાય છે ": કોણ આવી પહોંચ્યો!"

ગભરાટથી થોથરાતે અવાજે ગોપાળે કહ્યું: "કાળકૌશિક વિશ્વામિત્ર!"

સ્વસ્થ બેદરકારીથી અરુંધતી હસી: "ભલે આવે. તેમાં ગભરાય છે શું? ઋણવાર ગયો તેમ એ પાછો જશે."

"પણ, બા. આ ફેરી એના દિદાર જુદા છે. એણે તાપસનો વેષ સજ્યો છે. અને એનાં આયુધો તો દિવ્ય છે. માતા, એક બાણથી એણે સીમડાના થડને ચીરી નાંખ્યું તે મેં જોયું છે. એણે અગ્ન્યાસ્રથી કંટક વાડ બાળી નાંખી તે મેં જોયું છે. માતા, આ વખતે એ ભારે કરશે!"

"ઠીક, જા." લેશ પણ ગભરાટ વગર અરુંધતીએ તેને રજા આપી અને તે નદી તરફથી આવતા પતિની પ્રતીક્ષા કરવા લાગી.

અને છેલ્લાં વર્ષો તેની નજર સમીપે તરી ગયાં. વસિષ્ઠ સાથે માંડેલી સંસારયાત્રાએ સામાજીક બંધનો રચ્યાં અને સમાજને સ્થિર કર્યો; અને કોશલનું આચાર્યપદ વસિષ્ઠને મળ્યું; એ દિવસોમાં આર્યાવર્તનો પહેલો સામાજીક વિપ્લવ શરૂ થયો. ક્ષત્રિય અને બ્રાહ્મણ વચ્ચેની—સત્તા અને તપ વચ્ચેની—સ્પર્ધામાંથી ઊઠેલી જે આગને ભગવાન પરશુરામે કુરુક્ષેત્રમાં અરાઢ રાજકુળો હણીને ઠારી હતી, તેનો તો આ માત્ર એક તણખો જ હતો. અને એ વિપ્લવનો નેતા હતો વિશ્વામિત્ર!

વસિષ્ઠ-વિશ્વામિત્રના એ મહાન કલહ માટે અહીં સ્થાન નથી. આ સમયે તો પરાજયથી ખિન્ન અને સેનાનાશથી ક્રુદ્ધ થયેલા વિશ્વામિત્રે તપોબળથી દિવ્યાસ્રો મેળવ્યા હતા અને હવે વેર લેવા આ તરફ આવતો હતો.

કોલાહલ વધતો ગયો. આશ્રમમાંથી હરિણો નાસવા લાગ્યાં, પક્ષીઓએ કકળાણ કર્યું, અને વસિષ્ઠ ત્વરિત ગતિએ આવી પહોંચ્યા. "શું છે?" તેમણે ઉત્સુકતાથી પૂછ્યું.

"કાંઈ નહિ", તદ્દન સ્વસ્થતાથી અરુંધતીએ કહ્યું: "વિશ્વામિત્ર પાછા આવ્યા છે."

"એમ!" સહેજ કઠોરતાથી વસિષ્ઠે કહ્યું. અને તેમણે કોલાહલની દિશામાં નજર નાંખી.

અને ઉત્તરના પર્વતોથી આશ્રમનું રક્ષણ કરતી ટેકરી પર વિશ્વામિત્ર દેખાયા.

આ વખતે તેમનો ઢંગ જુદો હતો. સામાન્ય રાજવી જેવો પોષાક તો હતો, પણ મુગટને સ્થાને જટા હતી. તપશ્ચર્યાથી શરીર તાંબાવર્ણું થઈ ગયું હતું અને વેરની એકાગ્ર ધૂનમાંજ કરેલી કઠોર તપશ્ચર્યાને લીધે આંખમાં એક પ્રકારની ઘેલછાનો ચમકારો હતો.

એમના ખભા પર મૃગચર્મ લટકતું હતું અને તેમાંથી ડોકાતાં હતાં ભયંકર અસ્ત્રો-કઠોર તપશ્ચર્યાથી મેળવેલાં દૈવી હથિયારો.

વસિષ્ઠ પર નજર પડતાંજ તેમણે પડકાર કર્યો: "તૈયાર થા, વસિષ્ઠ હવે આખરી ! મુકાબલો છે." અને તેમણે યજ્ઞશાળા પાસેની મોટી શીલા પર તાકીને બાણ છોડ્યું.

વજ્ર પડવાથી તૂટી પડે તેમ તે મહાશીલા જબરજસ્ત કડાકા સાથે તૂટી પડી. વસિષ્ઠની પર્ણકુટિ પાસે આશ્રય માટે દોડી આવેલા આશ્રમવાસીઓના ટોળા ભયથી ચિત્કાર કરી ઊઠ્યા.

અને તેમણે બીજું બાણ ઉઠાવ્યું. આશ્રમથી થોડે દૂર આવેલા વિશાળ શાલવૃક્ષ પર ઘા કર્યો.

અને જાણે વીજળી લાગી હોય તેમ તે મહાવૃક્ષ ચરચરાટ સળગી ઊઠ્યું.

આશ્રમના આશ્રિતો નાસવા લાગ્યા. વિશ્વામિત્રે-ક્રૂર, મશ્કરી ભર્યું અટ્ટહાસ કર્યું.

નાસતા આશ્રિતો પર તિરસ્કારની અને વિશ્વામિત્ર પર ઉપેક્ષાની નજર નાંખતા વસિષ્ઠે પડખે જ સ્વસ્થ ઊભેલી અરુંધતીને

કહ્યું: " અરુ, લાવને મારું ધનુષ્ય ? આનેયે છેલ્લો પાઠ ભણાવી લઇએ."

રાજરાણીના દમામથી ધીરાં ડગ ભરી અરુંધતી આશ્રમમાં ગઇ અને વસિષ્ઠનો બ્રહ્મદંડ લાવી તેમની સામે ધર્યો.

"મેં તો ધનુષ્ય મંગાવ્યું હતું, અરું!" સહેજ ગુંચવાતાં વસિષ્ઠે કહ્યું.

"હિંસા સામે હિંસા ક્યાં સુધી વાપરવી છે, સ્વામી!" કોક ભવ્ય મંત્રદર્શન કરતી હોય તેમ તેણે જવાબ આપ્યો.

"મંત્ર બળથી પ્રેરીત એની હિંસા અહિંસા વિના સમશે ખરી! એને હવે સાચા બ્રહ્મત્વનો ખ્યાલ આપો ને!"

અને આ ભવ્ય મંત્રદર્શનના ઉલ્લાસથી ઊછળતા હૈયા વડે વસિષ્ઠે એ બ્રહ્મદંડ હાથમાં લીધો અને વિશ્વામિત્ર સામે જોયું.

વિશ્વામિત્રે અરુંધતીનું વર્તન જોયું હતું, તેના શબ્દો સુણ્યા; તેમાં રહેલી આત્મનિષ્ઠા પરખી હતી. હવે વસિષ્ઠના નેત્રોમાંની નીડરતા તેમણે નિહાળી. એમનો યે સંકલ્પ શિથિલ થયો.

છતાં એ શિથિલતા તરત જ ઓસરી ગઈ. એમણે ભાથો તપાસ્યો. એક બાણ પસંદ કર્યું અને વસિષ્ઠ પર છોડયું.

દિશાઓ જાણે અગ્નિથી દેદિપ્યમાન થઈ ગઈ. વાતાવરણ જાણે ત્રાસી ગયું. બાણ સીધું વસિષ્ઠ પર આવ્યું. વસિષ્ઠે તે બ્રહ્મદંડ પર ઝીલ્યું. બાણ નિશ્ચેત થઈ ધરણી પર ઢળ્યું.

અને ઉગ્ર સંહારલીલાથી ભભૂકતી આંખો વડે વિશ્વામિત્રે બીજું બાણ સાંધ્યું. વિશાળ અગ્નિશિખાઓ બાણમાંથી ઝરવા લાગી. દિશાઓ જાણે સળગી ઊઠી, પણ તે પણ એમજ હતપ્રાણ બન્યું.

દાંત કચકચાવી વિશ્વામિત્રે એક બાણ કાઢયું, અને બીજાં બધાં ભાંગી નાંખ્યાં. વિદ્યુતની કાળઝાળ જ્યોત જેવું આ બાણ હતું; તે છોડતાં જ વાતાવરણમાં વિદ્યુતના સ્પંદનો જાણે ખરવા લાગ્યાં, સરિતાના પાણી જાણે ખળભળવા લાગ્યાં, અરુંધતી પણ જાણે વ્યગ્ર બની હોય તેમ પતિની પાસે સરકી, પણ એ બાણનો પણ એ જ અંજામ આવ્યો.

અને હતાશ થયેલા વિશ્વામિત્રે બ્રહ્મદૈવત પર નિર્ભર ઊભેલાં એ દંપતી તરફ જોયું અને પોતાની નિષ્ફળતાનો મર્મ પારખ્યો.

તેમણે રાજચિહ્નો ફગાવી દીધાં, ધનુષ્યને વાળીને ભાંગી નાંખ્યું અને સૂર્ય સામે એક નજર નાંખી, ઉત્તર દિશાનો માર્ગ લીધો.

અને ઇતિહાસમાં પહેલીવાર હિંસા ઉપર અહિંસાનું વર્ચસ્વ સાધનાર આ દંપતીએ એકમેક સામે જોયું.

ઉપર સૂર્ય ભગવાન આ દશ્ય જોઇ આનંદી રહ્યા.

*　　*　　*

અને બીજાં વીશ વર્ષ વીતી જાય છે. સરિતા તટ પર ઝૂકતા એક કદંબની નીચેની શીલા પર હવે તો પ્રૌઢ લાગતાં વસિષ્ઠ અને અરુંધતી ચંદ્રોદય પહેલાંનાં નિશાનાં સૌંદર્યનું પાન કરતાં બેઠાં છે.

અરે! આ ચોર પગલે, ઝાડવાઓની ઓથ લેતું કોણ પાસે ને પાસે સરકે છે? કોણ વસ્ત્રમાં વિંટાળેલી ઢાળઝાળ તલવારને બગલમાં જોરથી દબાવી પાસે ને પાસે સરે છે? એની વિકરાળ આંખોમાં આટલું ખુન્નસ શાને ભર્યું છે?

ઓહ! આ તો વિશ્વામિત્ર છે! શું? વર્ષોજૂનાં ઝેર હજી એના ચિત્રમાંથી ઓસર્યાં નથી? તપશ્ચર્યા અને સંસ્કારશુદ્ધિના અદ્‌ભૂત બળથી ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ બનેલા છતાં હજીએ એમનો સ્વભાવ બદલાયો નથી! બ્રહ્માની સ્પર્ધા કરી નવું વિશ્વ સર્જવા જેણે હામ બીડી હતી તે એક નીચ, મારા માફક અહીં કેમ આવે છે?

હા, સમજાયું! દેવોએ આપેલું બ્રહ્મર્ષિપદ હજી વસિષ્ઠે સ્વીકાર્યું નહોતું. સ્વયં બ્રહ્માના વરદાનનથી મળેલું એ પદ જ્યાંસુધી વસિષ્ઠ કબૂલ ન રાખે ત્યાંસુધી એ પદની કિંમત વિશ્વામિત્રને નહોતી, અને તેથી જેમ જેમ વસિષ્ઠ એમનો બ્રહ્મર્ષિ તરીકેનો હક્ક નકારતા ગયા તેમ તેમ તે વધારે ને વધારે તપ કરતા ગયા. પણ હવે એમની ધીરજને હદ આવી લાગે છે!

અને તેથી જ બધાયે તપ પર પાણી ફેરવે એવું ગોઝારૂં કૃત્ય કરવા અંધારી રાત્રિએ અહીં આવ્યા છે!...........

ચોરપગલે તે કદંબની પાછળ આવી લપાય છે. વસિષ્ઠ અને તેમની વચ્ચે એક હાથનું જ છેટું છે...

અને ઊગતા મૃગશીર્ષના તેજપુંજને નિહાળી અરુંધતીના વાક્યો તેમને શ્રવણે પડે છે: " નાથ, તેજોમય આ નક્ષત્રમંડળ જેવું જગતમાં કોનું તપ ઉજ્જ્વળ હશે ? "

અને વસિષ્ઠ તો શાંત જવાબ આપે છે: " દેવી, ભગવાન વિશ્વામિત્ર ! એવું તેજસ્વી તપ જગતમાં કોનું છે ? "

અને છુપાઇને સાંભળતા વિશ્વામિત્રને શું થયું ? તેણે છાતી પર હાથ દાબ્યો—ઊછળી, ફાટી પડતા હૃદયને દાબવાને ! આને હણવા પોતે આ વેષ સજ્યો હતો ? પોતાને માટે આવું માન ધરાવનારના લોહીમાં પોતે હાથ બોળી જીવનભરની તપશ્ચર્યા ખાકમાં મેળવવા માંગતો હતો ? અરે ! પોતે જેને કનડવામાં બાકી નહોતું રાખ્યું તેનું આ સતત્વ !

અને તેના માથામાં જાણે કાટકા બોલ્યા. આંખે હાથ દઇ તે બેસી પડ્યા. શી પોતાની નીચતા ! શી આની ઉચ્ચતા ! ઇંદ્રને યે ડારનાર અને બ્રહ્માના યે હરિફ એવા આ ઋષિને આ ભેદ નિહાળતાં તમ્મર ચડી ગયા.

અને તેમને કાને અરુંધતીનો સ્વર પડ્યો. કોક મનોરમ વિચારમાં તે મુગ્ધ હોય એવી મૃદુતા અને મિઠાશ તેમાં ભર્યાં હતાં: " સાચું, નાથ ! તપશ્ચર્યા તો માત્ર એમની જ. "

અને જેમ બ્રહ્મના દર્શનથી આત્મગ્રંથીઓ ઊકલી જાય છે તેમ વિશ્વામિત્રના હૃદયની ગ્રંથીઓ ઊકલી ગઈ. મમત્વ, ક્રોધ, વેર સર્વે ભસ્મ થયાં.

અને પશ્ચાતાપની પાવનકારી જ્વાળા તેમની નસેનસમાં સળગી ઊઠી, તેણે નસેનસમાંથી વિકાર બાળ્યા.

પરસેવાથી નીતરતા અને સર્વાંગે કંપતા શરીર પર મુશ્કેલીથી કાબુ લાવી તે ઊભા થયા, દોડયા, અને તે દિવ્ય દંપતીના ચરણોમાં લેટી પડયા.

જગત્માતાના માર્દવથી ભગવતી અરૂંધતીએ તેમના માથા ઉપર હાથ મૂકયો. અને વસિષ્ઠે ઊઠી તેમને બાથ ભરી.

અને પ્રેમનો પારાવર ઉલટયો—બંધ તોડીને ઉભરાયો. વિશ્વામિત્રના નયનો મારફતે વહ્યો.

એ પાવનકારી પ્રવાહમાં માથાના બધાયે મળ ધોવાયા, અને વસિષ્ઠે અજોડ મમતાંથી તેમને સત્કાર્યા. "પધારો બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર, અમે તમારી જ વાતો કરતા હતા."

અને આ રીતે-સંપૂર્ણ અહં—સંપૂર્ણ મમત્વને ખાક કરીને વિશ્વામિત્રે બ્રહ્મર્ષિપદ મેળવ્યું.

"પ્રભો !" ગદ્ગદ સ્વરે વિશ્વામિત્રે કહ્યું, "આજે,–જ્યારે મહાપાતક આદરીને હું ઋષિત્વ ગુમાવવાને લાયક બનતો હતો, તે વેળાએ જ આપે મ્હને બ્રહ્મર્ષિપદ આપ્યું ?".

"ઋષિરાજ," વસીષ્ઠે હસીને કહ્યું, "ઓલવાતો દીવો ઝબકે તેમ તમારા રજોગુણે આખરી ઝબકારો કરી લીધો. એ રજોગુણ હતો ત્યાં સુધી તમે રાજર્ષિ જ હતા. હવે એ જતાં તમે બ્રહ્મર્ષિ બન્યા."

"અને, ભગવન્." અતિથીને મધુપર્ક અર્પતાં અરૂંધતી બોલ્યાં, "આપને બ્રહ્મર્ષિપદ મળ્યું એટલે હમારૂં કર્તવ્ય પુરૂં થયું. મહર્ષિ." પતિને સંબોધી તેમણે કહ્યું. "આજે જે સંકલ્પથી આપણે સંસારયાત્રા શરૂ કરી હતી તે પુરી થાય છે હવે પૃથ્વી પરની લીલા સંકેલી લઈએ."

જાણે દેહ છોડવો એ રમત વાત હોય એમ થતો આ વાર્તાલાપ સાંભળી વિશ્વામિત્ર ચમકયા. તેમણે પૂછ્યું, "શાનો સંકલ્પ, ભગવતી ?"

"ઋષિરાજ," વસિષ્ઠે મંદ હાસ્યથી કહ્યું: "અમે પરણ્યા ત્યારે દેવીએ વચન લીધું હતું."

"શાનું?" ઉત્સુકતાથી વિશ્વામિત્રે પૂછ્યું.

"અમારો સંકલ્પ હતો," અરુંધતીએ જ જવાબ આપ્યો: "કે આર્યાવર્તમાં સંસ્કાર–સ્તંભો રોપવાં અને આર્યત્વને સ્થીર પાયા પર મૂકવું."

'અને પછી–' વસિષ્ઠે આગળ ચલાવ્યું. "માનવતા અને સંસ્કારનાં યોગ્ય મૂલ્યાંકન થાય, ભારતવર્ષમાં ધર્મ અને સુરાજ્યના સ્તંભો રોપાય ત્યારે—"

"અને—" અરુંધતીએ પૂર્તિ કરી: "ધન, કુળ કે સત્તા કરતાં ગુણ, શીલ અને ત્યાગ અને તે સર્વેથી યે ઉપર અંતરની સાત્વિક ભાવનાને સર્વોપરીપદ મળે ત્યારે બન્ને યે સાથે જ સ્વર્ગે સંચરવું."

આ લોકોત્તર જીવન–આદર્શની ભવ્યતાથી છક થઈ ગયેલા વિશ્વામિત્ર થોડી પળ મૂંગા જ રહ્યા. પછી બે હાથથી અંજલી જોડતાં કહ્યું: "ભગવાન, ભગવતી, જન્મોજન્મથી સાંકળાએલા, જન્મથી જ દૈવીજીવન જીવતાં તમને હું શું કહી શકું? પણ આપનું કાર્ય હજી પૂરું થયું છે? ગંગા તટ પર આર્યત્વ સ્થીર થયું છે, એ સાચું; પણ ભારતવર્ષનું શું? હૈહયો ભાર્ગવોના ઘોર કલહમાં ક્ષત્રિયોનો ઘાણ વળી ગયો છે. વિધ્યમી પેલી પાર અસુરોનું બળ જામતું જાય છે. આર્યાવર્ત પર રાવણ રાજ્યની ઘોર ડમરી બજે છે. એવે ટાઇમે તમે જાઓ તે કેમ સહેવાય."

'બ્રહ્મર્ષિ,' શબ્દ પર ભાર મૂકી વસિષ્ઠે કહ્યું: "હવે તો તમે છો. રાક્ષસો ને ભારતને તારવાનો ભાર તમારે સહેવાનો."

પાસે પડેલી તલવારને દૂર ફગોટતાં વિશ્વામિત્રે કહ્યું: "ઋષિરાજ, દેવ, શાને શરમાવો છો. મારાં હથિયાર તો તમેજ મુકાવ્યાં; ને મારાથી હવે યોદ્ધા બનાય નહિ."

"પણ તમારી ધનુર્વિદ્યા વગર રાક્ષસોનો નાશ નહિ થાય."

"તો એમ કરો, દેવ!" અરુંધતીએ તોડ કહાડયો: "બ્રહ્મર્ષિને કોઈ સુપાત્ર શિષ્ય મેળવી આપો."

"હા," હોંસથી વિશ્વામિત્રે કહ્યું: "તમારો જ કોઈ શિષ્ય હોય, તમારી જ ભાવનાઓ અને તાલીમ એને મળેલાં હોય અને તમારા આશીર્વાદ અને અનુમતિ હોય તો, હું મારી વિદ્યા એને આપું. પણ તે પણ એક શર્તે—!"

"શી શર્ત?" વસિષ્ઠે પૂછ્યું.

"એ ત્રિભુવન વિજયી યોદ્ધો જ બનશે. એને આદર્શ રાજવી બનાવવાનું તમારું કામ."

વસિષ્ઠ અને અરુંધતીએ એકમેકની સામું જોયું. બન્નેના મુખ પર સ્મિત ફેલાયું.

"એટલે અમારે બીજાં ત્રીશેક વર્ષ સંસારભાર ખેંચવાનો એમજ ને?" અરુંધતીએ હસીને પૂછ્યું.

"ભગવતી, જગતના શ્રેય માટે એ કરવું તો પડશે જ."

પળવાર બધા મૂંગા રહ્યા. ફરી વિશ્વામિત્ર બોલ્યા: "ભગવતી, ભગવાન, આજે તમે મારા આત્માને રક્ષ્યો છે. આજે તમે મને સત્યદર્શન કરાવ્યું છે; એથી હું આટલી ભીક્ષા માગુ છું. તમે મારા ગુરૂને સ્થાને છો. મારા જીવનને સફળ કરવાનો આટલો અવકાશ મને આપવો પડશે."

"બ્રહ્મર્ષિ, આવાં વાકયો બોલી શરમાવો નહિ," વસિષ્ઠે નમ્રતાથી કહ્યું: "તમારી ઇચ્છા તો અમારે આજ્ઞા જેવી. લો, દશરથના પુત્ર રામલક્ષ્મણને તમો લઈ જાઓ. એમને આર્યાવર્તના પરમ રાજવી બનાવો."

"આભાર, ગુરુદેવ," શિર નમાવી વિશ્વામિત્રે કહ્યું: "પણ એક વસ્તુ રહી જાય છે."

"શી?"

"મારી ગુરુદક્ષિણા!" વિશ્વામિત્રે પાસે પડેલું કમંડળ લીધું: "અકિંચન એવો હું બીજું તો શું આપું? પણ ગુરુદેવ, ગાધીનો પુત્ર કૌશિક વિશ્વામિત્ર આજ પોતાનાં તપોબળથી સંકલ્પ કરે છે કે, જ્યાંસુધી એક પણ આર્ય અવનિ પર હયાત હશે ત્યાંસુધી વસિષ્ઠ અરુંધતીની બેલડી એ દંપતી માત્રનો આદર્શ રહેશે."

પવનની એક મીઠી લહેર આવી અને તેણે કદંબની ડાળીઓ ઝૂલાવી આ ત્રિપુટી પર પુષ્પો વેર્યાં.

"બ્રહ્મર્ષિ!" ઉભરાતા હૈયાથી છલકાતે સ્વરે અરુંધતીએ કહ્યું: "અમારો એક અભિલાષ છે."

"શો?" ગાયત્રીના દ્દષ્ટાએ હાથ જોડી પૂછ્યું.

"મહર્ષિ! ભવે ભવે અમે મળીએ છીએ અને છૂટાં પડીએ છીએ. હવે તો એ જુદાઇ સાલે છે."

"ભગવતી, માતા," શિર નીચુ નમાવતાં તે તપસ્વીશ્રેષ્ઠે કહ્યું: "તમારાં તપની સિદ્ધિથી અનંતકાળ સુધી સ્વર્ગમાંયે તમો એકલાં જ રહેશો. જગતની સમતુલા સાચવતા સપ્તર્ષિ મંડળમાં તમારું સ્થાન નિશ્ચિત છે જ."

"અને ત્યાં તારા સંકલ્પ પ્રમાણે, દેવી, આપણે એકને અભેદ્ય રહીશું." વસિષ્ઠે વાત પૂરી કરી.

અને ઊગતા ચંદ્રનો પ્રકાશ તે સ્થાનમાં રેલાઈ રહ્યો.

અને નૈમિષારણ્યે લગ્નનો મહામંત્ર પૂરો કર્યો.

तेजस्वीनावधीतमस्तु

माविद्विषावहै ॥

"અમારાં બન્નેના બધા અનુભવો (જીવન કાર્યો) તેજસ્વી થાઓ અને અમે કોઇનો દ્વેષ કરીએ નહિ.

× ×

અને ચમ દાશરથીએ અરૂંધતીનો સંકલ્પ સિદ્ધ કર્યો. અને હજીએ સપ્તર્ષિ મંડળમાં વસિષ્ઠ અને અરૂંધતી સનાતન ખેલે છે.

અને એમનાં જ વંશજો—વ્યાસ અને શુકદેવે ભારત અને ભાગવત રચી આર્યત્વને સનાતનત્વ આપ્યું છે.

ખરે! ભવભૂતિએ અરૂંધતી વિષે સાચું જ કહ્યું હતું કે, પુણ્યના સાગર જેવા તેના પતિ પણ તેને લીધે વધારે પવિત્ર બને છે.

આવા વિચારોમાં મગ્ન થયેલા મને ચિત્રપટમાં સરયૂતટને બદલે હિમાલયનું દશ્ય ક્યારે આવ્યું તે પણ જણાયું નહિ.



[૬]

શિયળનાં મૂલ્ય

ભગવતી ભારતીની ઉડતી કેશાવલી શા હિમાલય ચોગમ વિસ્તરે છે. એ કેશકલાપમાં પરોવેલાં મોતી અને રત્નો જેવા તેના બરફ ઢાંકયા શિખરો ચારે બાજુ આવ્યા છે, અને વચ્ચે પન્ના જડેલી સુવર્ણ ચાંપ જેવું બદરીવન દેખાય છે.

દૂર દૂર ઉત્તરે ચીનાર, ચીડ અને દેવદારનાં વૃક્ષો આકાશને અડવા જાણે ઊંચા વધતા દેખાય છે. દૂર દક્ષિણે વધારે સંતોષી વટરાજો સ્થિતપ્રજ્ઞ યોગીઓ માફક જટાઝુંડ ફેલાવી આસન બીછાવી બેઠા હતા. અને વચ્ચે બદરી–બોરનું વન આવેલું છે.

અહીં પૂર્વે નરનારાયણે તપ કર્યું હતું. છેલ્લે બાદરાયણે બ્રહ્મસૂત્ર રચ્યું હતું.

ત્યાં જૂગ જૂના એક અશ્વત્થ સામે વ્રતધારી એક બાળા બેઠી હતી.

તેનું ધ્યાન પૂરું થયું. તેણે તે બ્રહ્મવૃક્ષને અંજલી અર્પી, અને કહ્યું, " બ્રહ્મ દેવ! આજ મારા વ્રતની અવધ પૂરી થાય છે. આજ મને ઉત્તર મળવો જોઇએ."

અને વનરાઇમાંથી આકાશવાણી થઇ. "બાળા, પ્રારબ્ધને ખોટું પાડવાનું શાને મથે છે? આ ભવનાં નિર્માણ તો જન્મ સાથે લખેલાં છે."

"તો, દેવ, મારી તપશ્ચર્યા શું નિષ્ફળ જશે?"

"ના, કર્મ એકે નિષ્ફળ નથીજ. પણ વિષ્ણુને તું આ ભવે પતિ તરીકે ન મેળવી શકે. આવતે ભવે તારી આશા ફળશે."

"તો મારે જીવીનેયે શું કામ છે?" હઠે ચડેલી યુવતિ બોલી.

અજબ વાત્સલ્યથી ભરપૂર અદૃશ્ય શબ્દો આવ્યા, "બેટા, હઠ–કોઈ પણ પ્રકારની હઠ–ઇચ્છવા જોગ નથીજ, આ ભવે તને વિષ્ણુ મળશેજ–પણ પતિ તરીકે નહિ."

તેના રમ્ય મુખ પર ગુંચવાડો આવ્યો–"દેવ, પતિ—"

તેના શબ્દોને વચ્ચેથીજ કાપતી આકાશવાણી આવી–"પતિ! બ્રહ્માએ નિર્મેલો તારો પતિ હમણાંજ અહીં આવશે. તે પણ વિષ્ણુનો સમોવડીઓજ હશે. તારે તો વિષ્ણુના વૈભવનાજ અભિલાષ હતા ને!"

અને આ શબ્દો પુરાં થતાં તો દૂર વનની પગદંડી પર ઝડપથી આવતા ઘોડાનાં પગલાં સંભળાયાં. પૂજાપાત્ર દૂર ખસેડી વૃંદા આસન પરથી નીચે આવી.

રાજાની તે પુત્રીએ વિષ્ણુને વરવાની આશાથી તપ આદર્યું હતું. આજે તેના તપનું આ પરિણામ સાંભળી તેને દેવો પર સહેજ ગુસ્સો પણ ચડયો.

એવામાં ઘોડેસ્વાર ત્યાં આવી પહોંચ્યો.

તપથી કૃશ અને લાંબી મુસાફરીથી થાકેલા તેના દેહમાં માંધાતાનું બળ હતું. ધૂળથી ધુસરા તેના ચહેરામાં રૂદ્રનો પ્રતાપ હતો. તેજસ્વી તેની આંખોમાં વિજયાકાંક્ષાનો તરવરાટ હતો.

તેણે વૃંદા સામે જોયું. વ્રત દુર્બળ તેની દેહમાંથી રાજકન્યાનો જોબન સુહાગ નિતરતો હતો. તપોજ્જવળ તેની મુખમુદ્રામાં ત્રિભુવન વિજયી છટા હતી.

અને બ્રહ્માના પ્રેર્યાં અનંગદેવે બાણ સાંધ્યું. કોકિલાયે ટહુકાર કર્યો. મલયના પવનની એક લહેર આવી. અને ભીડી આવતી આમ્ર મંજરીએ ઉભયને પુષ્પાભિષેક કર્યો.

રાજકુમાર અશ્વ પરથી ઊતર્યો. રાજકન્યાને પર્ણકુટી બહાર આસન પાથરી તેનો સત્કાર કર્યો. પરસ્પરની પિછાન અપાવા માંડી.

"હું..............................નો પુત્ર શંખચૂડ છું. ત્રિલોકના રાજ્ય માટે હું પુષ્કર તિર્થમાં તપ કરતો હતો. ત્યાં બ્રહ્માએ મને અહીં મોકલ્યો અને કહ્યું કે, વિષ્ણુપદ અપાવનારી શક્તિ મને અહીં મળશે." મધુપર્ક સ્વીકારતાં કુમારે કહ્યું.

વૃંદાએ પોતાની કથા કરી. રાજકુમારે હાસ્ય કર્યું: "દેવી, આર્યોના દેવ આમજ માનવીઓનો ઉપહાસ કરે છે. પણ આપણાં બન્નેનાં વરદાનનો મર્મ સમજો. તમારૂં સતીત્વ, મારૂં શૌર્ય–મને વિષ્ણુ બનાવશે. અને એ રીતે ઉભયની અભિલાષા ફળશે."

અને ત્યાં અશોકના વૃક્ષ નીચે, માધવીના મંડપમાં વરૂણ, અગ્નિ અને સૂર્યની સાક્ષીએ તેઓ પરણ્યાં.

અને દશ્ય પલટાય છે. ધવલગિરિની દક્ષિણે, ગંડકીના તીર પર ઉત્તર તરફ જતા રસ્તા પાસે એક મહેલના આંગણામાં એક યુદ્ધરથ પાસે આતુર શંખચૂડ ઊભો છે. મહેલમાંથી રાજરાણી વૃંદા, પૂજનથાળ લઈ ઊતરે છે.

આજે તેના દિદાર ફરી ગયા છે. પાર્વતીની શુચિતા અને લક્ષ્મીનું જાજરમાન્ય સૌંદર્ય તેના દેહમાંથી નીતરે છે. રણે ચડતી અંબિકાનું ગૌરવ તેના મુખ પર ઝળહળે છે.

તેણે અશ્વને તીલક કર્યું. રથને અક્ષતથી વધાવ્યો, અસ્ત્રોનું પૂજન કર્યું, અને છેવટે પતિ તરફ ફરી.

"લ્યો, નાથ, આ વૈજયંતિમાળા," પતિના ગળામાં મહામૂલાં પુષ્પોનો હાર પહેરાવતાં તે બોલી: "જ્યાં સુધી વૃંદાનું શિયળ અખંડ હશે ત્યાં સુધી આ માળા કરમાશે નહિ; ત્યાં સુધી તમારો પરાજય થશે નહિ.

પ્રેમથી નીતરતે હૈયે શંખચૂડે તે માળા સ્વીકારી. શ્રદ્ધાથી છલકાતે નયને તેણે વિદાય લીધી......

અને ઝડપથી ચિત્રપટો સરવા લાગ્યાં. રણભેરીના ઉન્મા-દક નાદ અને પરાજિતોના ક્રંદનો કાનને ભરવા લાગ્યાં.

પહેલાં જુદા જુદા દેવો આવ્યા. અગ્નિ ચોડતા અગ્નિ આવ્યા. પાશ રેલાવતા વરૂણ આવ્યા. ગિરીઓ ડોલાવતા વાયુ આવ્યા—સર્વે શંખચૂડથી ત્રાસી ભાગી છૂટયા. આખરે આવ્યા મહેન્દ્ર–ઐરાવત પર સ્વાર થઇને. એમણે વજ્ર ફેંક્યું. વૃંદાએ જાણે હોળી રમતાં ગુલાલ ફેંક્યું હોય એવી આસાનીથી શંખચૂડે તે ઝીલી લીધું અને પોતે શરસંધાન કર્યું અને ઐરાવતે કારમી ચીસ નાંખી. મહેન્દ્ર બાવરા બની કૂદી પડયા ......અને નાઠા.

અને આમ સ્વર્ગનો વિજય પૂરો થયો.

અને પછી તો દેવોની પ્રાર્થનાથી રીઝીને નંદી પર બેસી શંકર આવ્યા. બન્ને યોદ્ધાઓ સામસામે આવ્યા. માથું ધુણાવી મહાદેવ પાછા કૈલાસમાં ચાલી ગયા.

અને છેલ્લે ચડયા વિષ્ણુ. એમનું સુદર્શન પાછું આવ્યું. એમનો ગરૂડ ગભરાઇ ગયો. એ પણ પોતાનું સ્વમાન જાળવી પાછા આવ્યા.

અને પછી બ્રહ્માના કમળાસન પાસે દેવોની પરિષદ ભરાઇ; અમરો પર આવેલી આ અપૂર્વ આપત્તિના નિવારણનો ઉપાય વિચારવા—

"વૃંદાનું શિયળ તૂટે નહિ ત્યાં સુધી શંખચૂડ અમર અને અજિત છે," બ્રહ્માએ પોતાનાં વરદાનોની કથા વર્ણવતાં કહ્યું: "અને એ શિયળ તૂટે એમ નથી."

કૌમારમાં યે જેણે વિકારોને વશ કર્યા હતા, લગ્ન પછીયે જેણે સંયમને શોભાવ્યો હતો, રાગ અને વૈરાગ્યનો જેણે સર્વાંગી મેળ સાધ્યો હતો, એ વૃંદાનું શિયળ તૂટે જ કેમ? આવા વિકટ કોયડાનો ઉકેલ કરતાં બૃહસ્પતિની બુદ્ધિ પણ બહેર મારી ગઇ.

દેવો નિરાશ થઇ બેઠા. ઇંદ્રે લમણે હાથ દીધો. શંકર જાણે સમાધિમાં લીન થવા તૈયાર થતા લાગ્યા.

માત્ર વિષ્ણુ જ સચિંત મને ચિંતવન કરતા હતા.

"એક ઉપાય છે," ગંભીરતાથી બ્રહ્માએ વિષ્ણુને કહ્યું: "વૃંદાના મનમાં ઊંડે ઊંડે તમારા પર ભાવ છે. તમે કદાચ ધારો તો છળથી તેને ચળાવી શકો."

વિષ્ણુ વિચારમાં પડયા. તેમણે અનેકવાર વિધવિધ રૂપો ધરી દેવો, દાનવો અને એકવાર તો સ્વયં મહાદેવને છળ્યા હતા. પણ એક સતીના શિયળનો ભંગ કરવો! વિષ્ણુપદને એ છાજતું હતું?

પણ સર્વજ્ઞ તેમના ચિત્તને આનો ઉકેલ તરત મળ્યો, અને દેવોની આજીજી તેમણે સ્વીકારી.

અને દૃશ્ય પલટો લે છે. ગંડકીને તીરે શંખચૂડના આવાસમાં રણે ચડેલા શંખચૂડ તરફના સમાચારની વાટ જોતી હિંડોળાપાટ પર વૃંદા બેઠી છે. કારણ કે દેવો અને અસુરોનો આખરી સંગ્રામ શરૂ થયો છે. દેવો, ગણો, ભૂતો અને પક્ષોની અગણિત સેના સાથે આ વખતે તો સ્વયં મહાદેવ યુદ્ધે ચડયા છે, અને ત્રિલોકનું ભાવિ એમના અને શંખચૂડના યુદ્ધ પર અવલંબી રહ્યું છે.

પણ વૃંદાના હૈયે ધરપત હતી. પોતાના શિયળથી અમરત્વ પામેલા પતિની રણવિદ્યામાં તેને વિશ્વાસ હતો છતાં યુદ્ધના સમાચારની આતુરતા તો હતી જ.

દૂર ઉત્તરે ધૂળની ડમરી ઊડે છે. ઝડપથી આવતા રથનો ખખડાટ સંભળાય છે. વૃંદા ઊભી થઈ બારીએ આવે છે.

આ શું? ઇંદ્રનો રથ! ઇંદ્રના સપ્તમુખી અશ્વો! ઇંદ્રનો પોતાનો સારથી! આશંકાથી વૃંદાનાં ભવાં સંકોચાય છે. તે ખીંટીએ લટકતી સાંગ હાથમાં પકડે છે.

પણ રથમાંથી આ કોણ ઉતરે છે? ગજરાજના ગૌરવ અને વનરાજની ચપળતાથી આ કોણ પૃથ્વી પર ડગ માંડે છે. એ તો શંખચૂડ છે! સાંગ નોંધવા તત્પર વૃંદાના હૈયામાં વિરોધી ભાવોનો ઉકળાટ અસહ્ય થાય છે. તેની આંખે ક્ષણિક અંધારાં આવે છે.

અને નીચેથી પ્રેમાળ, વિજયઘેરો અવાજ આવે છે, "રાણી દેવો પરાસ્ત થયા છે. જો, મહેન્દ્રનો પોતાનો રથ મેં લઈ લીધો છે. હવે આપણા અભિલાષ પુરા થયા."

અને ઉત્સાહના અતિરેકથી આંધળી બનેલી તે દોડે છે, પતિને વધાવવા.

અરે! નીસરણી ઉતરતાં તેનું ડાબું અંગ કેમ ફરકયું? તેના હૃદયમાં અમુંઝણ કેમ થઇ?

ઉમરો ઓળંગતાં તેને ઠેસ વાગી, તે લથડી પડી.

પણ પડતી વૃંદાને તે પુરુષ હાથમાં ઝીલે છે, અને હૈયા સાથે દબાવે છે.

પતિની હુંફાળી બાથમાં વૃંદા લોચન મીંચી પડી રહી. અણકલ્પ્યા મિલનની મીઠાશ તે અનુભવી રહી. અને ધીમેથી તેની હડપચી ઉંચકી પુરુષે એક અધીરૂં ચુંબન લીધું, અને દીધું.

અને તે ચુંબન સાથે જ વૃંદાને હૃદયમાં કાંઇ થયું. કોક અજાણી વસ્તુના સંપર્કથી થઇ આવે છે એવી કંપારી તેના દેહમાંથી પસાર થઈ. તે બાહુપાશમાંથી છૂટી થઈ, અને ચારે આંખો મળી.

રે! સદાના પરિચિત આ નયનો કેમ આજે અજાણ્યા લાગે છે! હૃદયમાં કોરેલી આ રેખાઓ કેમ આજે જુદી દેખાય છે! પતિ હેમખેમ યુદ્ધમાંથી ફરે ત્યારે થવો જોઈતો ઉમળકો કેમ તેને ઊઠતો નથી!

તે મુંઝવણમાં સ્તબ્ધ બની સામેના પુરુષના મુખપર પણ માર્મિક સ્મિત વિલસતું હતું.

અને ત્યાં તો આકાશમાંથી ઉડતું કૈં આવ્યું, અને વૃંદાના પગ પાસે પડયું.

તે ચમકી બે પગલાં પાછી હઠી, પણ તેટલામાંયે તેના પગ લોહીથી ખરડાયા.

અરે, આતો કોઈનું લોહી નીગળતું માથું છે! ફાટી આંખોએ વૃંદા જમીન પર ફસડાઈ પડે છે. એજ, એજ, લાંબા વાળ જે તેણે અનેકવાર સ્નેહથી સમર્યા હતા! આ શંકાથી તે વાળની લટને ઉંચી કરે છે. એજ અર્ધચંદ્ર જેવું લલાટ જેને તેણે મહિના પર જ વિજય કુંકુમ લગાડયું હતું!

હા! આતો શંખચૂડનું મસ્તક હતું, રૂદ્રને હણવા બાણ તાકતી વખતની તીખાશ હજીએ તેના શૂન્ય નેત્રોમાં દેખાતી હતી. સર્વ સંહારક ક્રોધથી ચડેલાં ભવાં હજી એવાંજ ચડેલા હતા. અને નિશ્ચિત વિજયનું ગર્વિષ્ઠ હાસ્ય હજીયે તેના હોઠ પર રમતું હતું!

બેબાકળી વૃંદા ફાટેલી આંખે જોઇ રહી. અણકલ્પ્યા આ દશ્યથી તેનું મગજ કામ કરતું અટકી ગયું. તેની ઇંદ્રીયો મૂઢ થઇ ગઇ. તેનું શરીર અને મન જાણે જડ થઇ ગયાં.

અને પછી નિર્બળ ત્રાસથી એક કંપારીએ તેની ઇંદ્રીયોને સચેતન બનાવી. શંકામૂઢ તેનું હૃદય જોરથી ધબકવા માંડયું તેની બાવરી આંખોમાં કિન્નાનું ખુન્નસ ઉભરાયું.

"આમ બને જ કેમ?" પોતાના સતીત્વપર પતિનું આયુષ્ય નિર્ભય હતું એ યાદ આવતાં તે બબડી, અને એ માથાપર વિરાજતી વૈજયવંતિ માળા તેણે હાથમાં લીધી.

એ માળાના ફુલ તાજા જ ચીમળાયેલા હતા! કોક વિચિત્ર મુંગળામણ તેને થઈ આવી. પોતાનું શિયળ! મનસા, વાચા, કર્મણા તે કયારે તુટયું હતું?

અને ત્રાસથી જડ તેવા મગજમાં કાટકા બોલ્યા. શંકાની ભયંકર ભૂતાવળથી તેના રોમેરોમ ભભૂકી ઊઠયા અને રથમાંથી ઊતરેલા પુરુષ સામે તેણે જોયું.

પત્નીનેયે છેતરે એવી સામ્યતા છતાં હવે તો વૃંદાને શંકા નહોતીને! તેણે ક્રોધથી ભભૂકતા સ્વરે ચિત્કાર કર્યો: "કોણ છો તમે?"

અને જવાબની રાહ જોયા વગર તેણે પાસે પડેલી સાંગ ઉપાડી સામે નોંધી.

તે પુરુષ સ્થીર બનીને ઊભો રહ્યો, બન્નેની આંખ મળી, અને વૃંદાનો કોપથી ધ્રૂજતો હાથ ક્ષોભથી ધ્રૂજ્યો. સાંગની અણી નીચી નમી.

તે પુરુષના વિશાળ નેત્રોમાંથી કરૂણા, વિષાદ અને મમતા ઝરતાં હતાં. કરેલા છળની શરમની કાળાશ પણ તેની આંખોમાં તરવરતી હતી.

વૃંદાનો કોપ જરા શમ્યો; છતાં દુ:ખથી ચીસ પાડતી હોય તેમ તેણે ફરીથી પૂછ્યું: "મેં તમારૂં શું બગાડયું હતું, કે તમે આવો છળ કર્યો? તમે કોણ છો?"

આગંતુકે એક કંપારી ખાઇ પોતાના મોં પર હાથ ફેરવ્યો, અને આશ્ચર્યથી ફાટતી આંખોએ વૃંદાએ તેમનામાં થતો ઝડપી ફેરફાર નોંધ્યો.

અને લક્ષ્મી સ્વયંવરમાં સર્વે દેવના સમૂહમાંથી સમુદ્રતનયાએ જેને વરમાળ અર્પી હતી એ જુગ જુગના ભક્તજન વલ્લભ, પ્રેમલક્ષણાભક્તિના પાત્ર, ભગવાન ગરૂડ વાહનનું સ્વરૂપ ત્યાં પ્રગટયું.

વિરોધી ભાવોના સંઘર્ષથી વૃંદાના અંગાંગ ધ્રુજવા લાગ્યાં. જેને વરવાના સંકલ્પથી તેણે બાલ્યવયમાં તપ આદર્યું હતું તે આ ભુવન મનોહર પુરુષ–અને તે આવા કારમા પ્રસંગનું નિમિત્ત બની ને! તેના હૈયાની નસેનસ જાણે ખેંચાવા લાગી.

"તમે...તમે...! તમે આવું કર્યું!" આક્રંદ અને આર્જવ ભરેલી ચીસ પાડી તે ભોંય પર ફસડાઇ પડી.

"વૃંદા, તુલસી," જે મમતાભર્યા મોહક સૂરથી ભવિષ્યમાં ગોપીઓના વૃંદ ગાંડા બનવાના હતા એ સૂરથી સૃષ્ટિના સંરક્ષકે કહ્યું: "વિધિના નિર્માણ એવાં, તારી તપશ્ચર્યા એવી, તને મળેલાં વરદાન એવાં, એને જે થયું છે તે ખોટું શું છે?"

છળેલી નાગણ જેવી વૃંદા સટાક ઊભી થઈ. "ખોટું શું થયું છે? તમે મારા આરાધ્યદેવ! અમારા આરાધ્ય પતિ! અને તમારા છળથી એનો વધ! અને તમે મને–વૃંદાને–આવો સવાલ પૂછો છો?"

"વૃંદા, સ્વસ્થ થઇ વિચાર કર. તને વરદાન હતું કે, તને આ ભવે વિષ્ણુ મળશે, અને આવતે ભવે આપણે પતિ–પત્ની થઇશું. તો પછી તારો છળ કરવાનોજ હોય તો હું કરૂં તેજ ઠીકને!"

આ દલીલોનો જવાબ નહોતો. છતાં દુઃખના આવેગ કંઇ એમ શમે? વૃંદાએ આંખે હાથ દીધા. શંખચૂડ–તે સ્નેહાળ, પ્રતાપી, યશસ્વી યોદ્ધો તેને સાંભળી આવ્યો. દેવોનેયે ડારનારો કેવા બાળક જેવા પ્રેમથી તેને વશ વર્તતો હતો! તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં, તેણે ડુસકાં ખાતાં કહ્યું: "તમે પત્થર જેવા છો. અમારી જોડી ખંડતાં તમને કંઇ થયું નહિ?"

કરૂણાથી છલકાતા સ્વરે વિષ્ણુએ જવાબ આપ્યો: "દેવોમાંયે દુર્લભ તમારી જોડી ખંડતાં કોનું હૈયું દુભાય નહિ? પણ તને મળેલાં વરદાનો સામે શું ઉપાય?"

વૃંદાનો પિત્તો ઊછળી આવ્યો! ફરી પાછાં તે વરદાનોનેજ આગળ ધરવામાં આવતાં હતાં!

"વરદાનો! તપશ્ચર્યાથી મળેલાં વરદાનોનો જો આવા છળ અને દુઃખમાં નતીજો આવતો હોય તો તો, ભલે એ વરદાનો નિષ્ફળ જાય; મારે એ નથી જોઇતાં."

"બ્રહ્માનાં વાક્યો ફળ્યા વિના રહે?" વિષ્ણુએ સવાલ પૂછ્યો અને જરા ટીખળથી ઉમેર્યું: "હવે આપણે નભાવ્યેજ છૂટકો છે."

વૃંદાની દેહવલ્લી ક્રોધથી સળવળી ઊઠી. "અને મારો સંકલ્પ અફળ જશે એમ!" તેણે અંતરીક્ષમાં ચોપાસ જોયું અને ત્રાડ મારી: "મારો એ સંકલ્પ સૃષ્ટિના સર્વે તત્વો સાંભળી લે. હું,..........ની પુત્રી વૃંદા, મારા મનસા, વાચા," અહીં તેનો સ્વર જરા ધ્રૂજ્યો અને ઉગ્ર થયો: "અને ઘોર છળ ન આદરવામાં આવ્યો હોત તો, કર્મણા પાળેલા શિયળના બળથી સંકલ્પ કરું છું, કે વિષ્ણુને હું વરું તે પહેલાં તો પાષાણ હૃદયનાં એ પાષાણનું રૂપ ધરશે. અને અમારી જોડ કોઈ તોડી નહિ શકે." તેણે દિશાઓમાં નજર ફેરવી અને ઉમેર્યું: "શંખચૂંડ, નાથ!—" અને દિવ્યાલંકારોથી શોભતો શંખચૂંડનો સૂક્ષ્મ દેહ વિષ્ણુને પડખે ઊભો રહ્યો.

વૃંદાએ પાલવ પાંગરી તેને પ્રણામ કર્યા. તેનો સ્વર બદલાઇ ગયો. કૃષ્ણને મનાવવા મથતી રાધિકાના જેવા નમ્ર, મધુર સ્વરે તેણે કહ્યું: "નાથ, અજાણતાં થયેલી મારી ચૂકથી રોષ ના કરો. હું સાથે જ આવું છું. આપણને કોઈ જુદાં નહિ પાડી શકે."

શંખચૂંડે એક વિજયી કટાક્ષ વિષ્ણુ તરફ ફેંક્યો. વિષ્ણુની વિશાળ લોચનમાં હેતના નીર ઝળક્યાં. અપાર્થિવ આ પ્રેમથી તેમના હૃદયના ઊંડાણ પણ હાલી ઊઠ્યા હતા.

તેમણે એક ડગલું આગળ ભર્યું અને કરૂણા અને સ્નેહથી ભરેલે સ્વરે કહ્યું: "તમારી જોડ કોણ ખંડશે, વૃંદા? શંખચૂડ તો પૂર્વજન્મે મારો પાર્ષદ હતો. અને તે જો હવે તેને સાયુજ્ય મુક્તિ મળે છે—તે મારામાં સમાઇ જાય છે. હવે તો હું જ શંખચૂંડ છું. હવે બ્રહ્માના વેણુ અને તારા સંકલ્પ બંને ફળશે."

વૃંદા વિસ્મય પામી જોઇ રહી. પ્રેમ અને આનંદને નેત્રોમાંથી વહાવતું શંખચૂંડનું સૂક્ષ્મ શરીર વિષ્ણુના દેહમાં સમાતું

જતું હતું, અને વિષ્ણુની આંખો અને મુખરેખામાં શંખચૂડની આભા દેખાતી હતી. ધીમે ધીમે આ એકરૂપતા સંપૂર્ણ થઈ.

વૃંદા સ્તબ્ધ બની જોઈ રહી. એટલામાં શંખચૂડનો જ હોય એવો વિષ્ણુનો સ્વર આવ્યો. આવ, વૃંદા, આવ. હવે આ ભવ અને આ દેહ સાથે તારે શી નિસ્બત છે."

વૃંદા સ્વસ્થ બની. આવેગ માત્ર તેના ચિત્તમાંથી લય પામ્યા હતા. "પણ તમને હું વરૂં જ શી રીતે? તે પહેલાં તો તમારે પત્થર થવું પડશે." તેણે પોતાના સંકલ્પની યાદ આપી.

"વિષ્ણુના મૂખ ઉપર મોહક સ્મિત ઝળકી ઊઠયું. "હું પત્થર બનીશ અને તું? વનના પતિની અર્ચનાથી મેળવેલી સિદ્ધિવાળી તું વનસ્પત્તિ બનશે અને છતાં આપણે પરણીશું. સનાતન ઉપાધિથી પર અને બ્રહ્માંડના પ્રતીક જેવો એ શાલિગ્રામ અને નવજીવનના પ્રતીક જેવી એ વનસ્પતિ તુલસી વિલાસથી અલિપ્ત એવા મહેકતા પ્રેમનું સંસારને દર્શન કરાવશે. ચાલ, વૃંદા, ચાલ. તારા સાત્વિક પમરાટ વિનાનો મારો કૃષ્ણાવતાર શક્ય જ નથી. તારી મધમધતી સૌમ્ય સુગંધ જ ગોપિકાઓના અગોચર પ્રેમને અનુકૂળ વાતાવરણ જન્માવી શકે."

અને મહાભાગ આ બેડલીનું તારામૈત્રક રચાયું.

અને શંખચૂડના શબ પાસે ઉદાસ ઊભેલા ભગવાન શંભુએ નિરાંતનો નિશ્વાસ મૂકયો.

અને આ મહિમાવન્તી કથાના રસમાં ડૂબકીઓ ખાતો હું રસ સમાધીમાં લીન થઇ ગયો.

અને નૈમિષારણ્યે લગ્નના મહામંત્રના છેલ્લા ચરણનું દર્શન मा विद्विषावहै ।

અને આ રીતે સ્થાને અસ્થાને બોલતો મહામંત્ર સરજાયો:-

सहनाववतु, सहनौभुनक्तु सहवीर्यं च करवावहै ।
तेजस्वीनावधीतमस्तु मा विद्विषावहै ॥

[૭] મહેન્દ્રનું મદમર્દન

વૃંદા અને વિષ્ણુ અદૃશ્ય થાય છે, ત્યાં ગંડકીના તટ પ્રદેશનો પણ ધીમે ધીમે લોપ થાય છે. ભવ્યતા અને દારૂણ્ય રેલાવતું પશ્ચાદ્‌સંગીત પણ ધીમું પડી જાય છે.

અચાનક જાણે આનંદની લહેરો ઊઠતી હોય તેમ દૃશ્ય પલટાય છે. સંગીત, મનોરમ અને આનંદી બને છે; અને ખીલ-ખીલાટ હસતી બાળાઓનો સુમધુર સ્વર કાને પડે છે.

અહો ! આ તો લીલો સાળુ ઓઢી સૂતેલી કો શ્યામાના રૂપેરી પાલવ જેવી ભગવતી નર્મદાનો તટ પ્રદેશ છે ! પેલા થાક ખાતા હાથી જેવા સાતપુડાના શીખરો છે, અને પાસે જ રત્નોથી ઓપતા ગજરાજ જેવું વૈડૂર્ય શિખર શોભી રહ્યું છે.

અને તેની તળેટીના રમ્ય ઉપવન પર મારી નજર ઠરે છે. હસતી બાળાઓનો કલરવ પાસે આવે છે, અને નેપથ્યમાંથી જોરથી ફેંકાયેલો ફૂલનો દડો એક કીડીઓના રાફડા પર પડે છે. રાફડાની માટી થોડી થોડી આસપાસ ઊડે છે. ફૂલનો દડો છૂટો પડી રાફડા પર ફેલાઇ જાય છે.

'ચૂક્યાં, કુંવરીબા ચૂક્યાં.' તાળી પાડતી એક તેર ચૌદ વર્ષની બાળા બોલી અને ત્રણ–ચાર બાળાઓ દોડતી પટ પર દાખલ થઇ.

આ બોલનાર બાળા આગળ દોડતી હતી. તેની પાછળ અરાઢેક વર્ષની એક રાજકુમારી દોડતી હતી. બીજી બાળાઓ પાછળ હસતી હસતી આવતી હતી.

"સુનંદા, રહેવા દે." ફૂલદડા પાસે પહેલી બાળાને પહોંચતા જોઈ રાજકન્યાએ કહ્યું. "હજી મારે એક દાવ લેવાનો છે."

સુનંદા દૂર ખસી ગઇ. રાજકુમારી ફૂલદડા પાસે આવી. મોગરાની કળી જેવી નાજુક, પાતળી અને ઊંચી તેની શરીર વેલ હતી. રમતના ઉત્સાહ અને શ્રમથી તેના ગોરા વિશાળ કપાળપર પરસેવો બાઝ્યો હતો. અને હજી દોડવાને લીધે ઉપજેલા શ્વાસથી તેનું વિકસવા માંડેલું વક્ષ સ્થળ જરા જરા ઊછળતું હતું.

તે રાફડા પાસે થોભી. કોઇ અપૂજ્ય શિવલિંગ પર જાળાનાં થર બાઝે તેવો નાના ટેકરા જેવો લગભગ ત્રણ ફૂટની ઊંચાઇનો તે રાફડો હતો.

અને ઉપર પડેલો હાર ફેલાઇને જાણે શિવલિંગને પહેરાવેલી માળા જેવો શોભતો હતો.

"દડો તો છૂટો પડી ગયો છે!" રાજકન્યાએ શ્વાસ હેઠો બેસતાં કહ્યું.

સુનંદા તાળી પાડી હસી ઊઠી. "એ તો જાણે તમે વરમાળા પહેરાવી હોય એવો લાગે છે."

બીજી સખીઓ પણ હસી પડી. રાજકુમારીએ ખોટો ગુસ્સો દેખાડયો. "ચૂપ રહે, ચબાવલી." તેણે છણકો કરતાં કહ્યું અને દડામાંથી બની ગયેલી માળા તેણે ખેંચી. અને રાફડાનો થોડોક ભાગ માળા ખેંચાવાથી ખસી પડયો.

રાજકુમારીને કૌતક થયું. તેણે વાંકાવળી ધ્યાનથી રાફડો તપાસવા માંડયો.

રમતીયાળ સુનંદા તેની પાસે આવી. તેણે જરા નીચેથી રાફડો તપાસવા માંડયો, અને તપાસતાં તપાસતાં ખોતરવા માંડયો.

'અરે!' ચમકી હોય તેમ પાછી હડતાં સુનંદા બોલી, "સુકન્યા બા, જુઓ, જુઓ, માંહી કશું ચમકે છે."

અને કુંવરીએ વાંકાવળી તેણે બતાવેલી જગાએ નજર નાંખી.

ખરે! અંદરથી જાણે તેજ નીકળતું હોય એમ લાગતું હતું.

"કાંઈ જનાવર જેવું લાગે છે." કુંવરી બબડી.

સુનંદા એક બાવળની શૂળ લાવી, અને પ્રકાશ નીકળતો હતો તે તરફ ખોસવા ગઈ. પણ તેનો હાથ ધ્રૂજ્યો– "હટ, બીકણ," સુકન્યાએ હસીને કહ્યું. "એમ નાના જંતુઓથી ડરે છે?"

અને રમતમાં અને રમતમાં સુકન્યાએ એ શૂળ લઇ છિદ્રમાં ખોસી.

ઓહ! તેને આ કંપારી શેની થાય છે? અરે! કોક અગમ્ય પ્રેરણા તેનો હાથ કેમ થંભાવે છે? તે અચકે છે–હાથ પાછો ખેંચવા........

અને સુનંદા, રમતીયાળપણામાં તેને ધક્કો મારે છે. 'લ્યો, પોતે કેમ બી ગયા?"

અને તેના ધક્કાથી શૂળ છિદ્રમાં પેસી જાય છે. સુકન્યા ચમકી પાછી હટે છે.

અરે! તેના હાથે ગરમી શેની લાગે છે? તેના હાથ ભીના કેમ છે? તે ચમકી આંગળા તરફ જુએ છે. તેના હાથ લોહીથી ભીંજાયા છે!

અને ચીસ પાડી તે ભોંયે ફસડાઈ પડે છે.

અને રાફડો ડોલે છે. તેના પર જામેલા જાળા ખરી પડે છે:

અને સુકન્યાની સખીઓ ત્રાસથી મૂઢ બની ઉભી રહે છે.

રાફડો વધારે ડોલે છે! તે ઉંચો થાય છે!

સુનંદા ચીસ પાડી નાસી જાય છે. બીજી સખીઓ જમીન પર બેસી પડે છે.

રાફડો જોરથી હાલે છે, માટી ગરી પડે છે. માંહિથી ધૂળથી ખરડાયેલી કોક ભયાનક હાડપીંજર જેવી આકૃતિ દેખાય છે.

સુકન્યાની સખીઓ ચીસો પાડી નાસે છે.

અને અત્યાર સુધી મૂઢ જેવી જડ રહેલી સુકન્યા બળપૂર્વક સ્વસ્થતા મેળવે છે. તે ઉભી થઇ આ આકૃતિને સ્થિર નયને નિહાળી રહે છે.

તે આકૃતિ જોરથી શરીર ખંખેરે છે. સુકા, પીંગળા આંગળાથી માટી અને જાળા સાફ કરે છે, અને પોતાની આંખમાં ઘોંચાયેલી શૂળ ખેંચી કહાડે છે.

લોહીનો ધોધ વહે છે. અપવાસી, અશક્ત તે આકૃતિ બેભાન થઇ ઢળી પડે છે.

દુર ઝાડની આડમાં છૂપાઇ જોઇ રહેલી સુકન્યાની સખીઓ આગળ આવે છે, સુનંદા દોડતી આવી સુકન્યાનો હાથ ખેંચે છે. "બેન, ચાલો, નાસી જઇએ."

અને શર્યાતિ માનવની પુત્રી ગૌરવથી ના પાડે છે. તેનું શરીર અચાનક ઉંચુ વધતું હોય તેમ તે ટટ્ટાર બને છે. "આને હું આમ છોડું?" પીડીતોની સેવામાં સર્વ સમર્પતી મહીમાવન્તી મહિલાઓની પુરોગામી જેવી આ બાળા બોલી, "તો તો મારી માનવતા લાજે. તો તો હું નારી મટી રાક્ષસી બનું."

અને કોક ફ્લોરેંસ નાઇટીંગેલની અદાથી તે ધરણી ઢળેલા પુરૂષનું માથું ખોળામાં લે છે, પોતાના પાલવથી તેનું લોહી લૂએ છે, અને પાલવથી પંખો નાખે છે.

શરમીંદી થયેલી તેની સખીઓ પાસે આવે છે. એક પાણી લાવે છે, બીજી વાયુ ઢોળે છે.

ચીરમાંથી ચીંદરડી ફાડી સુકન્યા એ ઘા પર પાટો બાંધે છે.

અને પડખેની ઝાડીમાંથી ઉતાવળી છતાં ધીર ગતિથી એક સશસ્ત્ર તાપસી પ્રવેશે છે.

ઉંચી સશકત, તેની કાઠી, કઠોર વ્રતપાલનથી પાતળી છતાં મજબૂત છે. તેના વાળ અગ્નિ સેવનથી પીંગળા પડી ગયા છે; તેની આંખોમાં સતત જાગરણની પીળી રતાશ છે. તેના ખભા ઉપર ધનુષ્ય અને હાથમાં પરશુ છે.

એક છલાંગ મારી તે કુમારી પાસે આવે છે. કુંવરીની સખીઓ તેને પડખે દોડી આવે છે, કુંવરી તેની સામે નિડરતાથી જોઇ રહે છે.

સફાળો તે પાસે બેસી પડતાં બોલ્યો, "અરે, હું જરા જળ લેવા ગયો એમાં આ શું થઇ ગયું?" મૂર્છિત પુરુષને પડખે તે બેઠો, અને બોલ્યો, "ગુરૂદેવ, ગુરૂદેવ, શું થયું છે તમને?" પાસે પડેલું લોહી જોઇ તે ચમક્યો—અરે, આ લોહી શાનું?" તેના નેત્રો ક્રોધથી લાલ બન્યા.

તેનો સ્વર ભીષણ જીજ્ઞાસાથી કંપ્યો. "કોણે, કોણે મારા ગુરુદેવને ઇજા કરી ?"

અત્યારસુધી આશંકાથી ધ્રુજતી છતાં ડર વગરની સુકન્યાને હવે વાચા સાંપડી, "ઋષિરાજ, અત્યારે પહેલું કામ તો તમારા ગુરુદેવને સાજા કરવાનું છે. તમારી પાસે ઔષધી હોય તો લાવો."

અને જાણે આ ઠપકો સ્વીકારતો હોય તેમ તેણે માથું નીચું નમાવ્યું.

એટલામાં સુનંદાની નજરે કાંઇ પડ્યું. તે દોડી, અને એક છોડવો લઇ આવી.

"લો, બેન, આ ધાબાજરીઉં એ ઘા પર દાબી દો."

તરત આગંતુક પુરુષે પોતાની પાસેથી બે લાકડીઓ કહાડી અને ક્ષણ માત્રમાં અગ્નિ પ્રગટાવ્યો.

બાલિકાઓ હેરત પામી આ જોઈ રહી.

તે પુરુષે ધાબાજરીઉં બાળ્યું. સુકન્યાએ પાટો છોડ્યો, ઘા ધોયો, અને ધાબાજરીઆની રાખ ભભરાવી, નવો પાટો ઘા પર બાંધ્યો.

આગંતુકે શંખ ફુક્યો, તરત પાસેના ડુંગર પરથી કેટલાક જુવાન ઋષિપુત્રો દોડતા આવ્યા.

અને તે શંખના નાદથી પાસે નદીના પટ તરફથી કેટલાક સૈનિકો પણ દોડતા આવ્યા. આમ જંગલમાં અચાનક વસતિ ઉભરાઇ ગઈ.

જંગલની આફતોનો સામનો કરવા બન્ને પક્ષ સજ્જ હતા. બ્રહ્મ-કુમારોના હાથમાં દંડ અને પરશુ હતાં. સૈનિકોના હાથમાં તલવારો અને સાંગો હતી.

પણ ત્યાં તો ખોળામાં ઘવાયેલા ઋષિનું મસ્તક લઇ સુકન્યા બેઠી હતી. અહિં કલહ કે વિગ્રહને અવકાશજ નહોતો.

રણભેરીના સૂર વાગ્યા, અને એક ધનુર્ધારી રાજપુરુષ પધાર્યા.

શંખધારીએ તેમને ઓળખ્યા. "માનવરાજ શર્યાતિ!" તે બોલી ઉઠયો. માનવરાજે અંજલી રચી. "ભગવન્ વિદન્વત! શંખનાદ તમે કર્યો હતો ? અરે, સુકન્યા! તું પણ અહિં છે, ને! આ બધું છે શું ?"

"પિતાજી," બેઠે બેઠેજ વંદન કરતાં સુકન્યાએ કહ્યું, "પહેલાં આમની સારવારનો પ્રબંધ કરો, ને!"

"હા, બરાબર છે" વિદન્વતે કહ્યું.

અને અકસ્માત વખતે કામ લેવા ટેવાયેલા તે લોકોએ ઝડપથી કામ કરવા માંડયું. બે સૈનિકોના ભાલાને વેલાઓથી બાંધી ઝોળી તૈયાર કરવામાં આવી. ઝડપથી સુકન્યાની સખીઓએ તેમાં ઋષિકુમારો અને સૈનિકોના ઉત્તરિયો પાથર્યા; અને ચાર સૈનિકો ઝોળી ઉપાડી આશ્રમ તરફ ચાલી નીકળ્યા.

ઝોળીમાં પડેલા પુરુષ સામે જોતાં શર્યાતિએ કહ્યું. "મહર્ષિ વિદન્વત, આ ભગવાન્ અંગીરા તો નહોય ?"

એક કટુ હાસ્ય કરી વિદન્વત બોલ્યા, "માનવરાજ, આ તો છે. આંગીરસોમાં શ્રેષ્ઠ ભગવાન ચ્યવન !"

"ચ્યવન!" આશ્ચર્યથી શર્યાતિએ કહ્યું: "મહર્ષિ, એમની ઉંમર તો માંડ ત્રીસ વર્ષની હશે. ૭ વર્ષ પર તો એ સપ્તસિંધુમાં આવ્યા હતા. પણ આ તો" તેણે ઝોળીમાં નાંખેલા પુરુષ તરફ આંગળી કરતાં કહ્યું: "સાવ વૃદ્ધ દેખાય છે. ૭ વર્ષમાં આ શું થઈ ગયું ?"

કડવાશ અને કટાક્ષથી વિદન્વતે જવાબ આપ્યો, "એ તો છે મઘવાની કૃપાનું ફળ! પણ એ વાત પછી. પહેલાં તમે અહિ કયાંથી તે તો જણાવો."

"મહર્ષિ," માનવરાજે કહ્યું: "ભગવાન ચ્યવન આવ્યા ત્યારે સપ્તસિંધુમાં વસુધા વસુકાઇ જવા માંડી હતી. વર્ષે વર્ષ ઓછોને ઓછો પાક ઉતરતો હતો. એમણે અમને એનો ઉપાય દર્શાવ્યો."

"શો ?" વિદન્વતે કુતુહલથી પૂછ્યું." એમણે જણાવ્યું," માનવ-રાજે ઉત્તર આપ્યો, "કે' અવનિને થાક લાગ્યો છે. એને અગ્નિસ્પર્શ

કરાવો; અને અમે તે વર્ષે ડુંડા લણી લઇ, નકામા છોડને આગ લગાડી."

"પછી?"

"બીજે વર્ષે પાક ઘણો સરસ આવ્યો, અને ત્રીજે વર્ષે પણ; તેથી અમે ચ્યવન ભાર્ગવને આપેલા વચન અનુસાર ઘેર ઘેર અગ્નિહોત્રો સ્થાપ્યા, અને પંચયજ્ઞો શરુ કર્યાં."

"પછી ?"

શ્વાસ ખાવા થોભતા માનવરાજને અધિરાઇથી પ્રશ્ન થયો.

"પછી તો અમારા પર ઇંદ્ર કોપ્યો. કેંક અણઘડ અગ્નિહોત્રીઓનાં આશ્રમો સળગી ગયા. નગરો પાસેના જંગલો કપાયાં. દૂરનાં જંગલોમાં દવ લાગ્યા. અને ચોથે વર્ષે અનાવૃષ્ટિ આવી. પાંચમે વર્ષે સરિતાઓ ઊભરાઇ. આ વર્ષે હીમ પડી પાક બળી ગયો. એટલે એમની સલાહ લેવા અમે અહિં આવ્યા."

"અને ત્યાં તમે આ જોયું!" હજી એ કડવાસથી બોલતા વિદન્વતે ઉમેર્યું. "અહિ પણ મહેન્દ્રે બાકી નથી રાખ્યું. ત્રણત્રણ વર્ષો અનરાધાર મેહ વર્ષ્યો. ગુરૂદેવને જ્વર, શિતળા, અને અતિસારથી પીડયા. પણ ગુરુદેવ અણનમ રહ્યા. આખરે ગયે વર્ષે ઇંદ્રે એમના પર વજ્ર ફેંકયું. વિજળીના ઝાટકાથી એમના કેશ બળી ગયા. આંખોનાં તેજ ઓસરી ગયાં. ચામડી દાઝી ગઇ, અને શરીરમાં વૃદ્ધાવસ્થા જેવી જડતા અને કંપ આવ્યા."

"અરે, રે!" શર્યાતિએ હૃદયથી ઉચ્ચાર કર્યો, "મહેન્દ્રને રીઝવાય એમ નથી?"

"માનવરાજ," ગર્વભરપૂર સ્વરથી વિદન્વતે કહ્યું, "ભાર્ગવો વૈરીને નમતું આપતા નથી. ગુરૂદેવે મને કહ્યું હતું કે, 'આપણે અગ્નિહોત્રની સ્થાપના આર્યત્વના ઉદ્ધાર માટે કરી છે. માત્ર વર્ષાકાળે અને પાક વખતે સોમયાગ કરી સોમપાતાથી મંત્ર થઈ ધીમેધીમે કુસંસ્કારી થતા જતા આર્યોને ભૃગ્વાંગિરસના મહાપથ પર દોર્યા છે. અનુષ્ઠાનની મેખલાથી તેમની ભાવનાઓ અને આચારો બાંધ્યા છે. આપણે કંઇ ઇંદ્રને પૂજવાની ના નથી કહી, પણ જોડે અગ્નિપૂજા આપી છે. ઈંદ્રને એ ન

પરવડતું હોય તો તેનાથી થાય તે કરી લે. માનવરાજ, આમ અમે તો દેવો જોડે વિગ્રહ માંડયો છે."

"પણ ઋષિરાજ, એ અણસરખાનું યુદ્ધ નથી? અદશ્ય રીતે અંતરીક્ષમાં છૂપાઇને ઘા કરતા ઇંદ્રની સામે પૃથ્વી પરનાં માનવીઓ ક્યાં સુધી ઝૂઝશે?"

"રાજન્, સમર્થો સાથેના યુદ્ધમાં જ ખરો રસ હોય છે, ને?" સ્વસ્થ ગૌરવથી વિદ્વત્તે કહ્યું, "અને અદશ્યની માયાવી શક્તિને માનવી તપ, સંકલ્પ અને ભાવનાથી વશ કરી શકે છે."

"પણ અત્યારે તો ગુરૂદેવના આ હાલ થયા છે."

"હા, અત્યારે હાલ ઘણા વિષમ છે ખરા. પણ તેથી કૈં ભાર્ગવો નમતું આપશે?"

"પણ ઋષિરાજ," સહેજ ગુંચવાતા હોય તેમ શર્યાતિ બોલ્યા. "ગુરૂદેવના દેહપર આ માટી અને જાળાં શાં? વજ્રહત તેમના દેહને તમે આમ રવડતો કેમ મૂકયો હતો?"

"માનવરાજ, ભાર્ગવો ગુરૂની અવગણના કરે એ તમે માની જ કેમ શકો છો? ખરે, એ આક્ષેપ જ અસહ્ય છે. રાજન્ ભાર્ગવો ગુરુભક્તિ ચૂકશે ત્યારે તેમનું આવી બનશે."

વિદ્વત્તના સ્વરમાં તટસ્થ કડકતા હતી, તેથી સહેજ નરમ અવાજે શર્યાતિએ કહ્યું, "આવો આક્ષેપ કરવાની ધૃષ્ટતા મારાથી થાય જ કેમ? તેમાં ય તમારા પર? તમને હું સોમનાથની યાત્રાએ આવ્યો હતો–વીસ વર્ષ થયાં–ત્યારથી ઓળખું છું, પણ જરા જીજ્ઞાસાના અતિરેકથી કદાચ અવિનય થઈ ગયો હશે."

શાંત બેપરવાઇથી વિદ્વત્તે કહ્યું, "રાજન, તમારાથી એવો અવિનય થઇ જાય તો પણ શું? હું કયાં તમારૂં હૃદય નથી પીછાનતો? અને તમારી જીજ્ઞાસા સંતોષવા કહું છું કે, લગભગ મરણતોલ શરીર છતાંયે ગુરૂદેવે, મહેન્દ્રનો પરાજ્ય કરવા મહા પ્રયત્ન આદર્યો હતો. આજ ૭ ૭ મહિનાથી એ વ્રતમગ્ન હતા. એક મહિનાથી તો અખંડ સમાધિ હતી." તે જરા શ્વાસ ખાવા થોભ્યા.

"પણ તેમાં માટી, રાફડો ?"

"વજ્ર સામે પૃથ્વી જ રક્ષણ આપે." વિદન્વતે સિદ્ધાંત ઉચ્ચાર્યો. "અને તેથી જ ગુરૂ ઇચ્છા પ્રમાણે અમે તેમના શરીર પર માટી અને રાફડો થવા દીધા હતા. પણ અમે નહિ ધારેલું વિઘ્ન નડ્યું." સુકન્યા તરફ એક અર્થપૂર્ણ નજર નાંખતાં તેમણે ઉમેર્યું, "મહેન્દ્રથી સીધો ઘા ન થઇ શક્યો, એટલે તેણે તમારી પુત્રીને સાધન તરીકે વાપરી, મહર્ષિની સમાધિ તોડાવી."

તદ્દન શાંતિથી બોલાયેલા આ વેણો અસહ્ય, છતાં સાચાં હતાં.

શર્યાતિ પાસે તેનો જવાબ નહોતો. તેણે અંજલી રચી કહ્યું "ભગવન્ અજાણતાં થયેલા અપરાધ પર ક્ષમા દૃષ્ટિ રાખવી ઘટે છે."

"મહારાજ," ગૌરવપૂર્ણ બેદરકારીથી વિદન્વતે કહ્યું, "ભાર્ગવો સ્ત્રીઓ સાથે હજી સુધી વેર બાંધતા નથી, એવું કરશે ત્યારે તેમનું બ્રાહ્મણત્વ લોપ થશે અને તમારી પુત્રીએ તો પછીથી મહર્ષિનું જતન કર્યું છે. કદાચ વિધિનો એવોયે સંકેત હોય કે તેને લીધે જ મહેન્દ્રના મદનું મર્દન થાય."

સુકન્યાને કાને આ સંવાદના બોલેબોલ પડતા હતા. ઘાયલ પુરૂષ ચ્યવન હતા એવું તેણે સાંભળ્યું ત્યારે જ તેના નેત્રો આગળ છ વર્ષ પરનો એક બનાવ તાજો થયો હતો.

દૂર વિતસ્તાને કાંઠે પિતાના મહેલના પાછળના ભાગમાં તે એક સાંઝે નદીમાં છબછબીઆ બોલાવતી હતી. રમતમાં અને રમતમાં તે જરા દૂર નીકળી ગઇ, અને ત્યાં તેણે એક પારિજાતના ઝાડ નીચે નદીતટે એક યુવાનને જોયો હતો.

પાતળી છતાં સુડોળ તેની કાઠી હતી. અગ્નિ અને તડકાથી તેની ગોરી ચામડી રતુમડી બની ગઇ હતી, અને ઋષિકુમારના જેવી નાનકડી દાઢીના વાળ પણ પિંગળા બન્યા હતા..

અને તેની આંખો ! સુકન્યાને હજીએ તે સાંભરતી હતી. સૂર્ય સામે જ મિટ માંડતા ગરૂડના જેવી તેમાં તિક્ષ્ણતા હતી, કોક ધર્મઘેલા જેવી તિવ્રતા હતી, અને હૃદય સોંસરવું નીકળી જાય એવું તેનું તેજ હતું.

બારવર્ષની, તેને યૌવનભાવો હજી અજાણ્યા હતા, છતાં એને આ તરૂણ તપસ્વીની છટા ગમી હતી.

તે કાંઠે ચડવા ગઇ. પોચી પડેલી નાની ભેખડ ધસી પડી અને પોતે નદીમાં ખસી પડી. ફરીથી પગ મૂકતાં ચીકણી માટીમાં તે લપસી.

તપસ્વી કૂતુહલ પૂર્વક સ્મિતથી જોતો હતો. બીજી વાર તે લપસી ત્યારે તે જરાક હસ્યો, અને પોતે પણ હસી હતી પણ ત્રીજીવાર ફરીથી તેનો પગ લપસ્યો ત્યારે તે જરા ચીડાઈ ને બોલી ' જરા હાથ આપોને!'

તેના ખીજવાટથી હસતાં હસતાં તપસ્વીએ હાથ લંબાવ્યો, અને તેને ઉપર ખેંચી લીધી, અને કહ્યું, " કદી મારે જરૂર પડે તો તમે પણ હાથ આપશોને !"

કિશોરીને સહજ એવા મરડાટથી પોતે જવાબ આપ્યો હતો. " તમારી માફક પુછવાની વાટ પણ નહિ જોઉં."

અને જવાબમાં તપસ્વીનાં ચિંતનઘેરાં નયનોમાં અજબ તેજ વિલસી રહ્યુ હતું.

પિતા અને ઋષિના સંવાદનો અક્ષરે અક્ષર ધ્યાનથી સાંભળતી સુકન્યાને પોતાના શબ્દો યાદ આવ્યા અને તેના હૃદયમાં કંઇક અકથ્ય ભાવો ઉભરાયા. તે તરૂણ તપસ્વીએ સિદ્ધાંત માટે ઈંદ્ર જોડે આમરણાંત યુદ્ધ માંડયું હતું. રૂપ, યૌવન, તંદુરસ્તી–સર્વસ્વનું કર્તવ્યની વેદીપર તેણે બલી-દાન આપ્યું હતું અને તેની આખરી તપશ્ચર્યા પોતે જ અલબત્ત, અજા-ણતાંજ તોડી હતી. !

તેના હૈયામાં પ્રચંડ ઉર્મિનો આવેગ આવ્યો, તેના કાનમાં કોઈ ઘોર કર્તવ્યનિષ્ઠાના પડઘમ બાજ્યા, તેની નસોમાં મન્વંતરના સ્થાપક પિતામહનું લોહી વિજળીની ઝડપે ઉછળી રહ્યું. તેણે જરા આગળ આવી પિતાના હાથનો સ્પર્શ કર્યો. રાજા અને ઋષિઓ તેના સામે સવાલ પુછતા હોય તેમ જોયું.

ક્ષોભથી તેનો હાથ ધ્રૂજતો હતો, લજ્જાથી તેનું મોં લાલ લાલ થઇ ગયું હતું. સંકોચથી તેના અવાજમાં થરકાટ હતો.

પણ લજ્જા, સંકોચ, ગભરાટ તેણે બળથી દબાવી દીધા, અને કહ્યું, "પિતાજી મહર્ષિની અવદશા મને આભારી છે, તો હું જ તેમની સેવામાં સર્વસ્વ સમર્પું, તેમના ધ્યેયની સિદ્ધિ કરવા જરૂર પડે ફના થઇ જઉં એજ ઉચિત છે"

શર્યાતિ સ્તબ્ધ બની જોઈ રહ્યો. વિદ્વન્વતની આંખમાં અનેરી ચમક આવી ગઇ.

પણ તે કાંઇ પણ બોલે તે પહેલાં શર્યાતિએ સ્વસ્થતા મેળવી, અને રાજનૈતિક કુનેહથી સમય ટાળવા તેણે કહ્યું, "બેટા, અજાણતા થયેલા તારા અપરાધનોયે વિચાર કરવાનો તો છેજ, પણ તાત્કાલિક આવેશમાં કાંઈ પગલું ભરીએ તે ઠીક નહિ."

અને એટલામાં તો ઋષિનો આશ્રમ આવ્યો, અને ઘાયલની સારવારની વ્યવસ્થામાં સર્વે ગુંથાયા.

પૂર્ણિમાનો ચંદ્ર ઊગ્યો તે વખતે તો સૈનિકોએ રાજકુટુંબ માટે તંબુઓ પણ ઉભા કરી દીધા હતા.

દૃશ્ય બદલાય છે. વદ બીજના ચંદ્રનાં કિરણો હજી તો શિખરોની ટોચને અજવાળતા હતાં, તે વખતે રાજશિબિરમાં સુખાસન પર પગ લંબાવેલો શર્યાતિ દેખાય છે.

તંબુનો પડદો હટે છે, અને રાણી ગૌરી પ્રવેશે છે.

"તમારી છોકરીથી તો તોબા," કંટાળા ભરેલા સ્વરે તેણે ત્રાડુકો કર્યો, "એ દિવસથી રઢ લીધી છે તે મુકતીજ નથી. આવા મડદાં સાથે તે પરણવાનું હોય? અને તે માટે પણ આટલી ઉતાવળ?"

શર્યાતિએ એક લાંબો શ્વાસ લીધો. તેના ભવાં વિચારમાં સંકોચાયાં, એ દિવસથી સુકન્યાની સખીઓ અને માતાએ એને સમજાવવા પ્રયત્ન કર્યા હતા, પણ સુકન્યા ચળતી ન્હોતી.

'રાણી," થોડીક પળો, વિચારમાં વિતાવી માનવરાજે કહ્યું. "મને લાગે છે કે આપણે હવે આ સ્થાન છોડીએ. મહર્ષિને મટી શકે તેટલું મટ્યું છે. થોડા દિવસ પછી આવવાનું કહીશું, આથી સુકન્યાનો આવેશ શાંત

પડી જશે, આવા ક્ષણિક આવેગના પ્રસંગે સમય એજ સૌથી સારૂ સ્વસ્થતા મેળવવાનું સાધન છે."

"હા, મને પણ એમજ લાગે છે," ગૌરીએ જવાબ આપ્યો.

શર્યાતિએ તાળી પાડી, અને તેના જવાબમાં આવેલા અનુચરને વિદન્વતને બોલાવી લાવવા સુચના કરી.

દસેક પળમાં વિદન્વત આવ્યો, અત્યારે તે સંપૂર્ણ તાપસના વેશમાં હતો.

નમસ્કારવિધિ પૂર્ણ થતાં રાજાએ કહ્યું, "મહર્ષિ, આપની અનુજ્ઞા હોય તો કાલે અમે પાછા ફરીએ."

વિદન્વતના મુખ પર ન સમજાય એવો ભાવ આવી ગયો. તેની આંખો જરા ઝીણી થઈ, ભવા સંકોચાયા અને ઝડપી વિચારથી કપાળ પરની કરચલીઓ આમ તેમ સરકી રહી. ધીમેથી શબ્દો તોળતો હોય તેમ તેણે જવાબ આપ્યો, "મહારાજને અહિં તકલીફ પડે છે?"

"તકલીફ?" રાણીએ જવાબ આપવો યોગ્ય માન્યું, "ઋષિરાજ, ઉલટા અમે તમને તકલીફમાં નાંખીએ છીએ."

"મહાદેવી" અંજલી રચેલી રાખી ઋષિએ જવાબ આપ્યો, "અતિથીને તકલીફ ગણવાનું આ ભૂમિના સંતાનો શીખ્યા નથી, શીખશેયે નહિ અને મહર્ષિને નડેલા અકસ્માતથી અસ્વસ્થ બનેલાં અમે હજી તો તમારો યોગ્ય સત્કાર પણ કરી શકયા નથી. તો થોડા દિવસ રોકાઇ જાઓ."

શર્યાતિ તેના મુખ સામે જોઇ રહ્યો હતો. શબ્દો સરળ હતા, પણ 'અકસ્માત' શબ્દ બોલતી વખતે તેના નયનોમાં સૂચક તેજ હતું એમ તેને લાગ્યું. તેણે વાતને યોગ્યબળ આપવા નિશ્ચય કર્યો.

"તમારો સત્કાર માણવા ફરીથી અમારે આવવુંજ પડશે, ને! જે કામે અમો આવ્યા હતા તે કામ તો અધુરૂંજ છે ને!"

"માનવરાજ, તે કામને તો ઘણો વિલંબ લાગશે, આપને સલાહ આપવા જેવી સ્થિતિમાં ગુરૂદેવ કોણ જાણે ક્યારેય આવે."

"એ અમારૂં દુર્ભાગ્ય છે; ઋષિરાજ ગુરૂદેવને નડેલા અકસ્માતમાં અમારૂં આગમન કારણભૂત છે. એટલે વિધિ અમને જે દંડ કરે તે અમારે ભોગવ્યેજ છૂટકો છે, છતાં એક વિનંતી કરવાની છે."

"શી ?" ભવાં જરા ઉચકતાં વિદન્વતે પુછ્યું.

"ઋષિરાજ" તેની આંખોમાં આંખો પરોવી શર્યાતિએ જવાબ આપ્યો. "અણજાણતાંય થયેલા અમારા અપરાધનું થોડું પ્રાયશ્ચિત કરવા દો. મારી પાસે કાશ્મીરના નીલમણી છે, પંચનદના શ્યામકર્ણી અશ્વો છે, ગુરૂદેવને ચરણે પાંચસો શ્યામકર્ણી અશ્વો અને જ્યોતિર્લિંગ જેવા પાંચ નિલમણી ભેટ ધરવા દો."

તુચ્છકારભર્યું સ્મિત વિદન્વતના ચહેરા પર વિલસી રહ્યું, તેના હોઠ કટાક્ષમાં મરડાયા. "રાજન્ ભાર્ગવોને આવી લાલચથી પટાવવા માંગો છો ? ધન આપે અપરાધોનાં સમાધાન થાય, એમાં નથી તમને શોભા, કે નથી અમને. તમારો ભાવ છે તેજ બસ છે. અને રાજન્" એકદમ ગંભીર બનતાં તેણે કહ્યું, "મહેન્દ્રે તો વિગ્રહ માંડ્યો છે અમારી અને તમારી બન્નેની સાથે. એમાં આથી અનેક ગણા વિશેષ અને અનેકગણા કાર્યક્ષમ સહકારની અમારે અપેક્ષા છે."

શર્યાતિ તેના શબ્દનો મર્મ સમજ્યો, પણ ભીનું સંકેલવામાં ડહાપણ હતું તે તે જોઇ શકતો હતો. બોલાવા જતી ગૌરીને હાથથી વારી તેણે કહ્યું, "ઋષિરાજ, અમારૂં સર્વસ્વ તમારૂંજ છે, ને ! પણ આ વિગ્રહ માટે વિચારણા જરા સ્વસ્થ થઇને કરીશું, અત્યારે તો અમારી નૌકાઓ થોડે દૂર લાંગરેલી છે; અને પરિવાર ત્યાં ખોટી થતો હશે, માટે અમે જઇશુંજ. આઠ દસ દિવસમાં નિવાસસ્થાન સ્થીર કરી હું આપને કહાવીશ, અને આપ જણાવશો ત્યાં હું આપને મળીશ."

વિદન્વત તેની રમત સમજી ગયો, પણ તે વીંખી નાંખવામાં પોતાનું ગૌરવ નહોતું, તેણે માત્ર એટલુંજ કહ્યું, "જેવી ઇચ્છા. મારાથી કહેવાય તેટલું મેં કહ્યું, સૂચવાય તેટલું સૂચવ્યું. તમને–સમજુને વધારે કહેવાય નહિ. તમને ઠીક લાગે તેમ કરો." વાતચીત સમેટતો હોય તેમ તે ઉભો થયો "પ્રયાણ કાલે નમતે પહોરે રાખશો ને !"

સમય પારખુ ગૌરી તરત બોલી ઊઠી. "ના પ્રાતઃકાળેજ ઠીક પડશે. તાપ ચડતા પહેલાં તો અમે પડાવ પર પહોંચી જઈએ."

વિદન્વતે એક વેધક દૃષ્ટિ પતિ–પત્ની પર નાંખી, તેના હોઠ જરા જરા હસી રહ્યા. "એટલી ઉતાવળ છે? ઠીક તો મારે હવે જવું જોઈએ. સવારે તમોને વિદાય દેવા તૈયારી કરવી પડશે ને?" અને તેણે તંબુના દ્વાર તરફ પગલાં માંડયા.

"શેની તૈયારી કરવી પડશે?" તંબુના પડદા પાછળથી સુકોમળ સ્વર આવ્યો, રાજારાણીએ એકમેક સામું જોયું. બન્નેની દૃષ્ટિમાં જરા જરા ગભરાટ પેઠો. વિદન્વત બન્ને તરફ સૂચક રીતે જોતો ઊભો રહ્યો.

અને પડદો ઊંચકયો, સુકન્યા દાખલ થઈ.

બબ્બે દિવસના અખંડ ઉજાગરાથી તેની આંખોના ખૂણામાં લાલાશ હતી, મોઢા પર ફીકાશ હતી, ટટ્ટાર રહેતી તેની દેહ દષ્ટિ થાકથી નમેલી હતી, વ્યવસ્થિત રહેતા તેના વાળની લટો વિખરાયેલી હતી, અને હરણ જેવી ચપળ ચાલ અત્યારે તો હંસ જેવી મંદ મંદ હતી.

"શેની તૈયારી કરવી પડશે, ઋષિરાજ?" કૈંક આશા–કંઈક આશંકાથી મિશ્ર તેનો થડકતો પ્રશ્ન આવ્યો.

કૈંક અવર્ણનીય મમતાથી વિદન્વત આ સુકુમારી તરફ જોઈ રહે છે. કેવી અજબ ધુનમાં–કેવી ભવ્ય કર્તવ્ય નિષ્ઠાથી આ કોમળાંગી પોતાનું બલિદાન આપવા તૈયાર થઈ હતી! એ બલિદાન સ્વીકારવા આતુર પોતાના પર પણ તેને જરા ક્રોપ ચડયો, પણ તે તેણે ખંખેરી કાઢયો. પૂજ્યભાવથી છલકાતા હૈયે તેણે માથું જરા નમાવ્યું અને કહ્યું. "તમારા પિતા કાલે પ્રાતઃકાલે પ્રયાણ કરવા માંગે, છે એટલે અમારે વિદાય દેવા તૈયારી કરવી પડશે ને?"

ઉછળતા હૃદયને દાબતી હોય તેમ છાતી પર હાથ મૂકતી સુકન્યા બોલી, "કાલ પ્રાતઃકાળેજ? એટલી શી ઉતાવળ આવી પડી છે?"

તેનો સવાલ પિતાને અનુલક્ષીને હતો. શર્યાતિએ જરા મોં ફેરવી લીધું. ગૌરીએ જવાબ આપ્યો.

"નોકરો અને પરિવાર વાટ જોતાં હશે. તેમનુંયે ઠેકાણું પાડવું ને! અને હાલમાં અહિં ખાસ કામ નથી. આઠેક દિવસે પાછા આવવું હશે તો આવી જઈશું."

સુકન્યા થોડી નિમિષ માતા સામે જોઇ રહી. એ પણ આ માત પિતાની પુત્રી હતી, આ ઉતાવળનું રહસ્ય તેનાથી છુપું કેમ રહે?

તેની સુંદર ભ્રકુટિ વિચારમાં વાંકી વળી તેણે ડાબે હાથે જમણા હાથ પરની સુવર્ણ બંગડી જરા ફેરવી, પોતાના પગના અંગુઠા પર નજર ટેકાવી.

ત્રણે વ્યક્તિઓ તેના સામે સ્થીર નયને જોઈ રહી. વાતાવરણમાં જાણે અગમ્ય થડકારાં થતા હતાં. બધાના હૈયાં ભારે બનતા જતા હતા.

અને પાંચજ પળમાં તેણે વિચાર કરી લીધો, અને ઉંચું જોયું.

"કાલે નમતે પહોરેજ જજો, ને પિતાજી" તેણે નિષ્કંપ સ્વરે કહ્યું.

'જજો' એ શબ્દજ તેના નિશ્ચયનો સુચક હતો. વિદન્વતના હૃદયમાં કૈંક ઉછળ્યું. શર્યાતિ ચમકીને ટટ્ટાર થઇ ગયો. ગૌરીની આંખો અને મોં ફાટી ગયાં.

કાંઈકિ જવાની અપેક્ષા રાખતી હોય તેમ સુકન્યા થોડીવાર થોભી અને પછી વિદન્વત તરફ ફરીને ઉમેર્યું, "ઋષિરાજ, તેઓ કાલે બપોરે જ જશે!

પોતે નથી જવાની એવા આ સ્પષ્ટ સૂચનથી શર્યાતિને આંચકો લાગ્યો, અને તેની સાથેજ તેની બુદ્ધિ સતેજ થઇ. એ સૂચનને જાણ્યું અજાણ્યું કરવામાંજ ડહાપણ સમજી તે બોલી ઊઠયો, "બપોરે તો આપણને મોડું થાય. આપણે સવારેજ સૂર્ય તપતાં પહેલાં પહોંચી જવું જોઈએ."

'આપણે' શબ્દ પર મુકાયેલો આછો ભાર સુકન્યાના ધ્યાન બહાર રહ્યો નહિ. હવે અથડામણ થવાનીજ એવી તેની ખાત્રી થઇ. તે તેને માટે તત્પર થઇ.

"ઠીક, ત્યારે, સવારે જવાનું રાખો." જાણે પોતાને જરાએ નિસ્બત નહોય તેમ તે બોલી, અને જરાક થંભી ઉમેર્યું, "મેં આશા રાખી હતી કે તમે મારૂં માની બપોરના જવાનું રાખશો."

દ્વિઅર્થી આ બોલથી શર્યાતિ જરા ગુંચવાયો. ગૌરીથી રહેવાયું નહિ. તે બોલી ઊઠી, "સવારે આપણે અહિં કામ પણ શું છે?"

જાણે તદ્દન સામાન્ય વાત હોય તેમ સુકન્યાએ કહ્યું, "મેં ધાર્યું હતું, કે તમે મારૂં લગ્ન કરાવીને જશો, કેં નહિ. તમને ઠીક લાગે તેમ કરો."

શર્યાતિ ઊભો થઈ ગયો. ગૌરીને તમ્મર આવતાં તે બેસી પડી. વિદ્વન્વતની આંખો પણ આશ્ચર્યથી ફાટી ગઈ.

"તારૂં લગ્ન!" શર્યાતિ લગભગ બરાડી ઊઠયો. "અમને પુછ્યા વગર તારા લગ્નની ગોઠવણ થાય છે!" તેણે કૈંક રોષથી વિદ્વન્વત સામે જોયું.

"હું કાંઈ પણ જાણતો નથી, રાજન્" સ્વસ્થતાથી ઋષિએ કહ્યું. "તમારા કરતા વિશેષ મને કાંઇ ખબર નથી.

"તો તે નક્કી કોણે કર્યું?" આંખના રોષથી પુત્રી તરફ ફરતાં તેણે પૂછ્યું. નાફરમાન સંતાનો સામેનો પિતાઓનો અદમ્ય ઉકળાટ તેની વાણીમાં હતો,

સુકન્યા સ્થીરતાથી પિતાની સામે જોઈ રહી. તેના નેત્રોમાં પણ ટેક ખાતર શહાદત નોતરતી વીરાંગનાઓનું અસહ્ય તેજ હતું. પણ અવાજ પર કાબુ તેણે ગુમાવ્યો નહિ.

"મેંજ નક્કી કર્યું, પિતાજી" સ્વસ્થ થતાં તેણે કહ્યું, "અને તે પણ અત્યારેજ. તમે જવા ઉતાવળ કરી, એટલે મારે તુરત નિર્ણય કરવો પડયો."

વિજળી પડી હોય તેવો સન્નાટો છવાઈ ગયો. ક્રોધથી કંપતી ગૌરી ઊભી થઇ અને બોલી, "પણ તું પરણે છે કોની સાથે?"

"તે તમારાથી અજાણ્યું છે?" જાણે નવાઇ પામતી હોય તેમ તેણે પૂછ્યું. "૭ વર્ષ પર મેં આપેલા કોલની વાત તમારાથી કયાં અજાણી છે?"

"છટ્, બાર વર્ષની બાળ વયે મશ્કરીમાં બોલાયેલા બોલને તું આવો પવિત્ર માને છે?"

"માતા," ગૌરવથી ટટાર થતાં સહેજ ગરવા અવાજે તેણે કહ્યું, "હું શર્યાતિ મનુની પૌત્રી, મારા બોલ એમ માલ વગરના હોયજ નહિ."

"પણ જેને તેં બોલ આપ્યો હતો તેનામાં હવે રહ્યું છે, શું? હવે તો તે જીવતું મડદું છે."

અત્યાર સુધી મુંગો ઉભો રહેલો વિદન્વત ગુરૂનો આ તિરસ્કાર સહન કરી શક્યો નહિ. "મહારાણી," તેણે કઠોર અવાજે કહ્યું, "ભાર્ગવોના કુલપતિ માટે આ વેણુ શોભતાં નથી. મહેન્દ્રના કોપથી આજે એમની આ દશા છે, પણ જ્યાંસુધી શ્વાસ છે ત્યાંસુધી મહેન્દ્રના સબળ–અને અમારી શ્રદ્ધા સાચી હશે તો સફળ પ્રતિસ્પર્ધિ છે."

જીભા જોડી અટકાવવાના હેતુથી સુકન્યા બોલી, "માતા, લગ્ન પછી કદાચ તારા જમાતા પર આવો દેવ કોપ થાત તો તું મને પતિને ત્યજવાની સલાહ આપત? માતા, માતા, હવે કકળાટ છોડી દે, અને તારા આશિર્વાદ આપ."

હવે શર્યાતિને વાચા આવી. 'બેટા, તારી વાત પર વિચાર કરવા મેં કહ્યુંજ છે. આપણે કાલે જઇએ. આવતા પખવાડીઆમાં નક્કી કરીશું."

"વિચાર કરવાનો વખત હવે તો પતી ગયો છે! પિતાજી, છતાં આપને કાલે જવું હોય તો જાઓ. હું પંદર દિવસ તમારી રાહ જોઇશ. પછી લગ્ન વિધિ આટોપી લઇશ."

આશ્રમના વાતાવરણમાંથી પુત્રીને દૂર કરવાની નેમ નિષ્ફળ થતી જોતાં શર્યાતિનું મન કાબુમાં ના રહ્યું. "હજી તો તું પરણી નથી, ને ત્યાં સુધી તારે અમારી સાથેજ રહેવાનું છે."

સુકન્યા એનો હેતુ સમજી પળવાર જાણે આધાર માંગતી હોય તેમ તે એક પગલું પાછી હઠી, અને તેણે વિદન્વત તરફ જોયું. 'ભગવાન્, આર્યોમાં ઉત્તમ એવા શર્યાતિ મનુની પૌત્રી હું, ભાર્ગવોના કુલપતિને વરવા ઇચ્છું છું. કુલપતિ સંજોગવશાત્ મને જવાબ દઇ શકે એમ નથી, તો તેમના મુખ્ય શિષ્ય તરીકે તમને હું પૂછું છું કે, મારી માંગણીનો શો જવાબ છે?"

વિદન્વતની આંખોમાંથી પ્રકાશનાં કિરણો ફુટયાં. પળે પળે જેની તરફ પૂજ્યભાવ વધતો હતો તેવી આ સુકુમાર બાળા તેનું રક્ષણ યાચતી

હતી. તેણે માથું નમાવી, અંજલી રચી. "માતા, ભાર્ગવજનપદ તરફથી હું આપનો સ્વીકાર કરૂં છું. અત્યારથી ભાર્ગવોના તમે કુલ માતા છો," અને ભયાનક કોપથી શર્યાતિના રોમેરોમ ભભુકી ઊઠયા. "તમારા શબ્દોનો અર્થ શો ?" તેણે ઘુરકતો હોય તેમ પૂછ્યું.

વિદન્વતે તબીઅત વાળી. "અર્થ તો સ્પષ્ટ છે, રાજન્! કુમારીની ઇચ્છા નહિ હોય તો અહિંથી એ નહિ જાય."

શર્યાતિનો હાથ પાસે પડેલા શંખ પર ગયો. "અમારી સંખ્યા ઓછી છે તેથી ડરાવો છો, ઋષિજી ?"

"હું ડરાવતો નથી, હું માત્ર એક હકીકત જણાવું છું, રાજન, શંખ ફુંકવાનો કશો અર્થ નથી. મહારાજ તમે અમારા અતિથિ છો; અને તેથી સર્વથા અસ્પૃશ્ય છો. બાકી સંખ્યાનો ખ્યાલ શા માટે કરવો ? ભાર્ગવો અને કાવ્યોનું શૌર્ય જાણીતું છે. પણ અમારે તો મહેન્દ્રને મૂકી તમારી સાથે શા માટે ઝઘડવું ?"

"તો અમારી પુત્રી અમારી સાથે આવશે, ને ?" ગૌરી બોલી ઊઠી. વગર કલહે તે કામ પતાવવા માંગતી હતી. "એને પરણ્યા પહેલાં એકલી અહિં મુકાય ?"

"એકલી ?" સુકન્યા બોલી ઊઠી, "જ્યાં મારા સહસ્રભાર્ગવ શિષ્યો વસે છે, જ્યાં સમર્થ તપસ્વી વિદન્વત છે, જ્યાં ભૃગુના પૌત્ર હજી મહેન્દ્રને ડારે છે, ત્યાં—મારા પોતાના ઘરમાં હું એકલી શાની ? માતા, મારાથી મહર્ષિનું પડખું છોડાય જ નહિ,—એ મારે લીધે બેભાન પડયા છે,—હવે મારાથી એમને પારકે હાથે સોંપી કેમ જવાય ? તું તારા પતિને એવી દશામાં છોડી શકે ખરી ?"

ગૌરીની આંખો નીચી ઢળી, તેની જીભ બંધ થઈ, હતાશ થઇ તેણે શર્યાતિ તરફ જોયું.

શર્યાતિનો ક્રોધ હજી વધતો જ જતો હતો. તેણે વિદન્વત તરફ ફરીને કહ્યું, "વિપ્રવર, હું તો લશ્કરી માણસ. શબ્દોના આટાપટા મને ન આવડે. હું તો એટલું સમજું, આ મારો શંખ ફુંકી હું મારા સૈનિકો તૈયાર કરૂં

છું. હું અત્યારે જ આશ્રમ છોડી જાઉં છું, મારી પત્ની અને પુત્રી સાથે. તમે રોકશો તો જે રક્તપાત થાય તે તમારે શીરે."

બોલતાં બોલતાં તેણે શંખ હાથમાં લીધો, અને પાસે પડેલી તલવાર તરફ પગલાં માંડયાં.

વિદન્વતે હાથ ઉંચો કરી તેને અટકાવ્યો. "રાજન્, તમારા પગલાંથી ભારે અનર્થ થશે. રક્તપાત અમો નહિ કરીએ, કારણકે અતિથિધર્મ લોપાય. પણ જ્યાંસુધી આશ્રમમાં એક પણ ભાર્ગવ, પુરુષ સ્ત્રી કે બાળક હશે ત્યાંસુધી તમે જઇ નહિ શકો. શસ્ત્રો નીચા મૂકી અમો તમોને રોકીશું. અમારા શબ પરથી જ તમો અમારી માતાને લઇ જઈ શકશો."

"અને તે પહેલાં તમારી પુત્રીએ પરલોકનો વાટ ગ્રહી હશે." સ્ફુર્તિથી પાસેની ભીંત પર લટકતી કટારી હાથમાં લેતાં સુકન્યાએ કહ્યું, "પિતાજી, મારા માટે હું કોઈનાં લોહી નહિ રેડાવા દઉં. તેમ કર્તવ્ય-ભ્રષ્ટ થવા કરતાં દેહ છોડવો વધારે પસંદ કરીશ."

અને પરાજીત શર્યાતિ શંખ નીચે મૂકે છે, આશા ભંગ ગૌરી ડુસકાં ભરે છે, અને વિદન્વત, વૃદ્ધ વિદન્વત તે બાલિકાને પ્રણામ કરે છે.

અને દશ્ય બદલાય છે. આશ્રમના ચોગાનમાં લગ્નમંડપ રચાય છે.

દશ્ય ખરેખર ભવ્ય હતું. એકબાજુ વીરાસનવાળી પંજાબથી આવેલા શાર્યાતો બેઠા છે. પ્રવાસથી મલીન બનેલાં તેમનાં વસ્ત્રો છે. નિત્ય વપરાશથી ચળકતાં તેમનાં શસ્ત્રો છે. બીજી બાજુ અગ્નિસેવનથી પીંગળી

પડેલી જટાવાળા ભાર્ગવો અને કાવ્યોનો સમૂહ છે. વલ્કલોમાં ઓપતી જળ ક્રીડાથી સશકત શરીરોવાળી ભાર્ગવીઓ અને કાવ્યાઓની સામે અલંકારોથી ઓપતી રંગીન વસ્ત્રોમાં સજ્જ ક્ષત્રિયાણીઓ બેઠી છે.

પણ વનપુષ્પોથી રાચતા લગ્ન મંડપમાં અતિ કરૂણ દશ્ય છે. સાદી ચુંદડીમાં શોભતી સુકન્યાને પડખે એક ખટુલીમાં મૃતપ્રાય, કદરૂપો ચ્યવનનો દેહ પડકાયો છે. અને આ દશ્યથી સમસ્ત સમાજનું હૃદય ભરાઈ આવે છે.

ગૌરી મહાપ્રયાસે આંસુ ખાળે છે. રાજપરિવારમાં આછાં ડુસકાં સંભળાય છે. સુનંદાનો મુકત કંઠ રડી પડે છે.

અને પુરોહિત વૈશ્રાવણુનો અવાજ ગાજી ઉઠે છે. शांतिः शांतिः शांतिः

અને વેદોચ્ચાર શરૂ થાય છે. પતિને બોલવાતા મંત્રો સુકન્યા પોતે ઉચ્ચારે છે અને લગ્નક્રિયા પૂરી થાય છે.

અને અગ્નિની પ્રદક્ષિણા કરીને સુકન્યા ઉભી થાય છે. તે અંજલિ જોડે છે.

" અગ્નિદેવ, આજ તમારી સાક્ષીએ હું ભૃગ્વાંગિરસના જ્ઞાતા મહર્ષિ ચ્યવનનો હાથ પકડું છું. તમારી જવાળા જેવો અમારો પ્રેમ અમારી આપત્તિઓને ખાક કરો. તમારાં તેજ જેવો અમારો પ્રતાપ અમારા શત્રુઓને હતાશ કરો. "

કર્તવ્યનિષ્ઠાના આ અજબ દર્શનથી, પ્રસંગની કરૂણુતા ભવ્યતામાં પલટાઇ જાય છે. ભાર્ગવો જયનાદ કરે છે. શર્યાતિનાં હૃદયો પણુ ગર્વથી ઉભરાય છે. ગૌરી શાંત બને છે. શર્યાતિ પણુ પોતાની પુત્રીની મહત્વતામાં દુઃખ ભૂલી જાય છે. તેના મુખ પર પણુ અનેરા સંતોષની ઝલક આવે છે.

અને સુકન્યા ધીરે ગંભીર પગલે આગળ આવે છે. તે માતપિતાને વંદન કરે છે.

" માતા, પિતાજી; અસાધારણુ સંજોગોને લીધે આજે અમારા બન્ને વતી મારે જ આપને વંદન કરવું પડે છે. આશીર્વાદ દ્યો કે અમારૂં દાંપત્ય સુખી રહે. "

ઊર્મીના ઉછાળાટથી શર્યાતિનાં અંગો ધ્રૂજી ઊઠે છે. સુકન્યાને પાસે ખેંચી તેનું માથું તે સુંઘે છે, અને ભાવથી ભરપૂર તેનો કંઠ ગદ્દગદ્દ સ્વરે બોલે છે. " " पंथानस्तुं शिवास्ते. બેટા, તું તો ભવસાગર તરી ગઇ છું. તું તો જીવનસંગ્રામ અત્યારથી જ જીતી ગઇ છું. તેં તો તારો જન્મ સાર્થક કર્યો છે, અને તારા યશસ્વી પિતામહનું કુળ વધારે ઉજળું બનાવ્યું છે. તને હું શું આશિર્વાદ આપું? પણુ, જા, બેટા, શર્યાતિ એ જીવનમાં જે લોકકલ્યાણુને પહેલું મુકયું હોય, માનવતાને રક્ષવા, પોષવા, પ્રયત્નો કર્યાં હોય તો, તેના આશીર્વાદ છે કે, તમો ઉભય દંપતીની આકાંક્ષાઓ ફળો. "

અને ગૌરી! માતાના જ હૃદયમાં ઉભરાતા મમતાના પૂર માઝા મૂકે છે. તેની આંખ આગળથી સમાજ આખો અલોપ થાય છે. જાણે પોતાના ખાનગી આવાસમાં હોય તેમ તે સુકન્યાને પાસે ખેંચે છે, અને ગાઢ આલીંગન દઈ ચુંબન કરે છે. "મારૂં પુણ્ય, મારૂં સત્કર્મ તને ફળજો. કંટકપૂર્ણ તારો સંસાર માર્ગ પુષ્પોથી છવાઇ જજો." ભાવોના આવેગથી તેનો કંઠ રૂંધાય છે, તે બોલી શકતી નથી.

સમાજ આખો હર્ષનાદ કરે છે; અને સુકન્યા વળે છે ભાર્ગવો તરફ અને વિદન્વત ઊભો થાય છે. નમવા જતી સુકન્યાને તે વારે છે. આ જાનબાહુ પોતાના હાથ તેના માથા પર મૂકે છે. અને અપરિમિત ગૌરવથી છલકાતા સ્વરે તેને અભિનંદે છે. "પધારો, ભાર્ગવોનાં કુળમાતા તમને ભૃગુ, શુક્ર અને અંગીરાનાં સંતાનો વંદે છે. તમારાં તપ, સતીત્વ, અને સૌભાગ્ય પર જેની એક માત્ર આશા છે એવાં અમો, તમારે ચરણે અમારૂં સર્વસ્વ ધરીએ છીએ. પધારો, માતા, પધારો. આજથી તમો જ અમારા ગુરૂ છો, નેતા છો, કુલપતિ છો."

અને ઉત્સાહના અતિરેકમાં ભાર્ગવો, કાગ્યો ઉભા થઈ જાય છે. સહસ્રશંખો જયઘોષ કરીને આકાશને વીંધે છે.

સિંહ શાં ડગલા ભરતો વિદન્વત વેદી પાસે આવે છે. ઘી થી છલાછલ ભરેલાં હોમપાત્રને અગ્નિમાં ઠાલવે છે. અને કહે છે," ભગવાન, વૈશ્વાનર અનેક પ્રકારનાં બલિદાનોના ભોકતા, તું સાક્ષી છે, કે સંસારમાં ઇષ્ટ ગણાતી સર્વે વસ્તુઓ, લલનાઓને પ્રિય સર્વે આશાઓનું, કર્તવ્યની વેદી પર જે બલિદાન આજે અપાયું છે તે અજોડ છે. એ બલિદાન નિષ્ફળ ન જાય એ તારે જોવાનું છે."

અગ્નિની જ્વાળાઓ ઊંચે ચડે છે. શોષાતા ઘીનો સમ્ સમ્ અવાજ અગ્નિની સંમતિ સૂચવે છે.

વિદન્વત બીજી આહૂતિ આપે છે. મધ ભરેલો કળશ તે અગ્નિમાં ઠાલવે છે, અને આકાશ સામે નજર નાંખી તે પૂકારે છે. "ચ્યવનના અકારણ દ્વેષ્ટા મહેન્દ્ર, હું, વિદન્વત, ભૃગ્વાંગિરસનો ઉદ્ગાતા, તને આમંત્રું છું. જો, જો, મૃતપ્રાય થયેલા તારા શત્રુને એક કોડવતી કન્યા સ્વીકારે છે. તારૂં વેર ખોટું છે; નિષ્ફળ છે. આવ, આજે આપણે મિત્રતા સાધીએ."

અને આકાશમાં કાળાવાદળા ઘેરાવા માંડે છે. વીજળીનો એક ચમકારો પૂર્વમાં ચમકે છે. દૂરથી ગડગડાટ સંભળાય છે.

વિદન્વત પળવાર દિશાઓને ધારીને જુએ છે. તેનાં ભવાં સંકોચાય છે.

"સત્તાના મદથી ભરેલા મઘવા, તારે હજી વિગ્રહ ચાલુ જ રાખવો છે? ભલે, તને ગમ્યું તે અમને પણ ગમે છે."

અને સરસવની છાબડી તે અગ્નિમાં ઠાલવે છે. વાદળાંનો ઘુમટ રચાતો જાય છે.

હવે સુકન્યા આગળ આવે છે. અકલ્પ્ય ગૌરવથી તે માથું ઊંચું કરે છે, અને આકાશ સામે મીંટ માંડે છે. "આવ, મઘવા, આવ. આજે તારા કોપના પાત્ર આ ભૃગ્વાંગિરસની પત્ની તને આમંત્રે છે. તેં એના યૌવન અને તેજ હર્યાં છે. આજ યૌવન, તેજ અને ઇચ્છાશક્તિથી ભરેલી હું, તેનું સ્વેચ્છાએ અર્ધાંગ બનું છું. એના મિત્રો હવે મારા મિત્રો છે. એના વૈરી હવે મારા વૈરી છે. આવ, આવ, હું શર્યાતિ મનુની પૌત્રી, અને ભૃગુ, શુક્ર, અને અંગિરાની કુલવધુ સુકન્યા તને બોલાવું છું. તારૂં વેર હજી અધુરૂં હોય તો પુરૂં કર."

વિજળીનો એક કાટકો થાય છે. દૂર ઉભેલું એક તાલવૃક્ષ તૂટી પડે છે. ઝડપથી પગલાં ભરતી સુકન્યા ખુલ્લા ચોગાનમાં આવે છે. "નાહક વનસ્પતિને કાં કનડે છે, મહેન્દ્ર." ગર્વથી તેનો સ્વર ગાજી ઉઠે છે. "આ જો, આ મેદાનમાં હું એકલી ઉભી છું. પૌલોમીના પતિ, નિઃશસ્ત્ર એવી આ બાળા પર તારૂં વજ્ર ચલાવી લે." અને તે પોતાનો જમણો હાથ લંબાવે છે.

વાદળા ઘેરાં બને છે. સુકન્યાની આસપાસ વિજળીની રમઝટ ચાલે છે.

શર્યાતિ ઉશ્કેરાય છે. અદૃશ્ય ઘા કરતા શત્રુ સામે તેનો રોષ ઉભરાય છે, તે ઉછળી ચોગાનમાં આવે છે, અને ધનુષ સાંધે છે.

સહસ્ર સમશેરો જેવી વિજળીઓ રમી રહી છે. સહસ્ર દુંભી જેવો વાદળનો ગડગડાટ છે. સહસ્ર મહારથીઓ આખડતા હોય અને

વે ઉપર અવાજ કાઢવો હોય તેવા ફાટયા સ્વરે શર્યાતિ ગર્જે છે. " મહેન્દ્ર, નીચે આવ. પ્રત્યક્ષ થા. એક અબળા પર છૂપાઈને ઘા કરતાં લાજતો નથી ! "

જમણો હાથ લંબાવીને ઉભેલી સુકન્યા પિતાને ડાબે હાથે પાછા વળવા સૂચના કરે છે. વિદ્દન્વંત તેને પાછો ખેંચી જાય છે, અને તેના સંકેતથી બ્રાહ્મણ વૃંદ ઉભો થાય છે.

અને અગ્નિને આવાહનનો મંત્ર દિશાઓને ભરી દે છે.

ॐ प्रतिरय चारम ध्वरं
गोपी थाय प्रहू यसे।
मरुद्भि रग्न आगही ॥

અને જવ, તલ, અને લાજાની શાંતિપ્રેરક આહુતિઓ યજ્ઞકુંડમાં હલવાય છે.

આકાશને યે સળગાવવું હોય તેમ યજ્ઞકુંડની જ્વાળા ભડભડ ઊંચે ઉંચે ચડે છે....

ને દિશાઓને ચીરતો વિદ્દન્વંતનો અવાજ ગાજી ઉઠે છે.

" ભગવાન્ હુવ્યવાહન, તપ અને શક્તિ માટે તમારૂં પૂજન સ્થાપ્યું તેથી વિલાસ અને ભુક્તિનો અધિષ્ઠાતા ઈન્દ્ર અમને સતાવે છે. દેવ, અમે એને અવગણ્યો નથી, છતાં એ અમને સંતાપે છે. એનાં શસ્ત્રો નિષ્ફળ કરો."

ફરી આહુતિઓ અપાય છે, અગ્નિમાંથી તણખાઓ ઉડે છે અને તે વધારે રેડે છે, અને મેઘનું તોફાન જરા શાંત પડે છે.

અને સુકન્યાની નિશાની સમજીને ચ્યવનની ખટુલી તેની પાસે લાવવામાં આવે છે. અને સમર્થ કો રાજરાણીની અદાથી સુકન્યા પતિને પડખે ઉભી રહે છે, અને પડકાર કરે છે.

" આવ, મઘવા, આવ; વિલાસ અને ભુક્તિની લાલચથી લોકો તને ભજે છે. તે ગુમાવવાના ડરથી તેઓ તારી સત્તા સ્વીકારે છે. પણ મને તું શું કરી શકે એમ છે ? મેં વિલાસ તરછોડયો છે, ભુક્તિને ઠોકર મારી છે. તારામાં શક્તિ હોય તે કરી લે."

અને પતિના મસ્તકને ખોળામાં લઈ તે બેસે છે. તેનો હાથ પતિના જર્જર અંગ પર ફરે છે.

પળવાર ગાજવીજ શાંત થાય છે, અને તરત એક કડાકા સાથે ઝૂંપડીની આસપાસ વિજળી ફરી વળે છે.

મેદની સ્તબ્ધ બની અંજાઇ જાય છે. દરેકના શ્વાસ ઊંચા ચડી જાય છે.

ત્યાં તો દિશાઓમાં રણકા દેતું સુકન્યાનું સુકોમળ હાસ્ય સર્વેના હૈયાને ધરપત દે છે. સહસ્રનુપૂરોની રમઝટ જેવો તેનો મીઠો અવાજ વાતાવરણને છાયી દે છે.

" મરુદ્ગણો, સાંભળી લો ! વાસના અને વિકાર વિના સંધાયેલું અમારૂં જોડું ખંડીત નહિ થાય. મેં હાથ ઝાલ્યો છે, સાથે જીવન વિતાવવા, સાથે વાર્ધક્ય સેવવા, સાથે પરલોક સંચરવા, ઇંદ્રના પ્રેર્યા તમે ગમે તે કરો, તમે અમને જુદા નહિ પાડી શકો."

મોટા તોફાન પહેલાં જેમ વાતાવરણ શાંત થાય છે તેમ બન્યું. વિજળી બંધ થઇ. વાદળા થંભી રહ્યાં. દૂર દૂર ગર્જનાઓ સંભળાવા લાગી.

અને મડદા જેવા પડેલા પતિના શરીરને ખોળામાં ઉઠાવી લેતી સુકન્યા બોલી, " તારા આત્મા સાથે મારો આત્મા સાંધું છું. પ્રાણ સાથે પ્રાણ."

અને મરૂતો વાવા લાગ્યા. વાદળાં વિખરાવા લાગ્યાં. આકાશ નિર્મળ થયું.

આશ્ચર્ય અને આનંદથી છલકાતા સ્વરે વિદન્વતે પોકાર કર્યો, " આજ પહેલીવાર ઇન્દ્ર પરાજય પામે છે."

અને તંગ બનેલી લાગણીઓ નિરંકુશ બની. ગાંડા જેવી ગૌરી દોડતી સુકન્યા પાસે આવી. તેની સખીઓ આનંદથી રડી પડી.

સુનંદાને તો હર્ષની તાણ આવી.

શર્યાતિએ આંખો દાબી દીધી. વિદન્વતે આંખો લૂછી.

અને ઉત્સાહના ઉછળાટથી લોકસમૂહે માઝા મૂકી. બાળકો નાચવા લાગ્યાં. મોટેરા એકમેકને ભેટી પડયા. શરણાઇના જય ઘોષ ગાજવા લાગ્યા.

માત્ર સુકન્યા પતિના મૃતવત્ દેહને પંપાળતી શાંત બેસી રહી. તેને વિજયનો થાક લાગ્યો હતો. તેનાં નયનોમાં ભવિષ્યનો વિષાદ હતો.

અને દૃશ્ય બદલાય છે. રાત્રીનો પહેલો પહોર પૂરો થવા આવ્યો છે. શાર્યાતો પડાવ પર પહોંચી ગયા છે, અને લોકાચાર પ્રમાણે ભાર્ગવ સ્ત્રીઓ નવવધુને ષોડશ શૃંગારો સજાવી સોહાગ રાત્રી માટે મોકલે છે.

હકીકતની આ વિડંબનાથી સુકન્યાના મોં પર કડવું હાસ્ય આવી જાય છે. સોહાગ રાત ! તેને માટે કદી સોહાગ રાત થશે ખરી ?

સજેલી એ પર્ણકુટીમાં સુંદર એક પલંગપર ચ્યવનનું શરીર પડયું છે. આખા દિવસના આવેશમય બનાવોથી થાકી ગયેલી સુકન્યા ચ્યવાતે મને દૂર આડી પડે છે.

અને શરીર શરીરનો ધર્મ બજાવે છે. તેની આંખો મિંચાઇ જાય છે. તે તંદ્રામાં પડે છે.

અને તે સ્વપ્નું જુએ છે. પહેલાં તો ભૂતકાળનાં વિતસ્તાનો પ્રસંગ તે દેખે છે. પછી જાણે ઇંદ્રનો વિજેતા બની ચ્યવન એની માંગણી કરે છે; અને પોતે બાળવયમાં જોયેલી આકૃતિ સાથે પરણે છે. અને સ્વપ્નમાં સોહાગ રાત આવે છે.

સાસરે સાથે આવેલી સુનંદા જાણે તેને પતિના શયનગૃહ સુધી તેને સાથ આપે છે. તેના સ્વભાવ પ્રમાણે તે કૈં કૈં મીઠી મશ્કરીઓ સંભળાવે છે. મુશ્કેરાતી, અંતરના ભાવોની મધુરપ માણતી ખોટો ગુસ્સો દેખાડતી અને છણકા કરતી પોતે શયનગૃહ સુધી આવે છે. ત્યાં જાણે એના પગ સ્થંભે છે. લાગણીઓનાં પૂરથી તેનાં અંગો કંપે છે, અને સુકન્યા હસતી હસતી તેને અંદર હડસેલી દઈ દ્વાર બંધ કરે છે.

અને ત્યાં હિંડોળાખાટમાં યૌવનથી લસતો, તપથી ઓપતો, અને પ્રભાવથી ચમકતો તેનો પતિ રાહ જોઇ બેઠો છે. બંન્નેનાં નેત્રો મળે છે. વિજળીના તાર જાણે સંધાયા છે. પોતાની આંખો લજ્જાથી નીચી ઢળે છે. અંગે અંગે પરસેવો વળે છે, અને વિતસ્તા કાંઠે સાંભળેલો મરદાનગી ભર્યો છતાં મીઠો સ્વર સંભળાય છે. "આવો, કુલ લક્ષ્મી, હવે સંકોચ શો છે ?"

તેના પગ જાણે થરથર ધ્રુજે છે. ઈચ્છા છતાંયે આગળ વધાતું નથી. ફરીથી એ રસભરપૂર અવાજ આવે છે, "સિંહણ જેવી તને યે શરમ સતાવે છે ?" અને એક છલંગ મારી ચ્યવન તેને બાહુપાશમાં જકડી લે છે.

પ્રથમ આલિંગનની પરમ સંવેદના જાણે તે અનુભવે છે, અને પતિનો હાથ જરા શિથિલ થતાં પોતે બળ કરી તેના શરીરમાં લપાય છે......

અને એક દાબેલી ક્રીડીયારી સાથે તેનું સ્વપ્ન ભંગ થાય છે. ઓ! એ આલિંગનની ઉષ્મા ક્યાં ગઈ? તે આંખો ચોળે છે. સ્વપ્નમાં સરતાં સરતાં તે પતિને પડખે સરકી પડી હતી! અને તેનો હાથ અત્યારે એ બેભાન શરીરને અડગો હતો.

તે સફાળી બેઠી થઈ, વા બારીઆમાંથી વદ ત્રીજનો ચંદ્રમા પ્રકાશ રેલવતો હતો. દૂરથી તમરાંઓ પોતાનું સંગીત ચલાવતા હતા. અને રજનીગંધાની માદક સુગંધ વહીને ઠંડો પવન ફુંકાતો હતો.

હજી એ સ્વપ્નાની અસર તેના મગજ પર હતી. તેની નસોનસમાં રૂધીર ઉકળતું હતું. પુરુષના સબળ બાહુમાં લપાવાની તાલાવેલી તેના અંગે અંગમાં હતી. તેના રોમરોમ એ પ્રથમ મિલનના તલસાટથી તલસી રહ્યાહતા.

અને પડખે પડેલા પુરુષ પર તેની નજર પડી. તેને કમકમા આવ્યા અરે! આની સાથે જીવન કેમ જશે? તેના અંતરમાં કડવાસ જન્મી.

ચંદ્રનો પ્રકાશ પુરો ફેલાયો. તેણે પોતાના શૃંગાર જોયા. તેનો ક્રોધ ભભુકી ઉઠયો. તેણે તે ઉતારવા માંડયા.

દૂર સરીતામાં સરતી કોઈ નૌકામાંથી નાવિકનું પ્રણય ગીત સંભળાયું.

માતપિતાની ઇચ્છા વિરૂદ્ધ, લાગણી વશ થઈ કરેલા લગ્નની બેવકુફી જાણે તેને સાલવા લાગી. તેના માથામાં જાણે હથોડા ટીપાવા લાગ્યા. ભયંકર ઉન્માદથી તેના દાંત કચકચ્યા. અસહ્ય આવેશથી તે બારણા તરફ દોડી.

મહેન્દ્ર! તારો જય તે વખતે કેવો હાથ વેંતમાં હતો?

પણ બારણા પાસે પડેલું મૃગચર્મ તેના પગમાં અટવાયું. તે ઠોકરાઈ અને નીચે પડી. અને તેનું સ્વત્વ જાગ્રત થયું.

"અરે! હું શું કરતી હતી?" વૃત્તિઓ પર કાબુ લાવવાનો મહા પ્રયત્ન કરતાં તે બોલી, "મારા જીવનને હું વ્યર્થ કરતી હતી." ગાલ પર આંગળી ટેકવી તે વિચારમાં પડી. "હા, સમજાયુ. મહેન્દ્રે પ્રેરેલા મદને મારી નિંદ્રા, મારા શ્રમનો લાભ લીધો હતો." કઠોર નિશ્ચયથી તેની આંખો સળગી ઉઠી. "મહેન્દ્ર, હવે તું પણ ચેતજે. હવે હું ગાફેલ નહીં રહું, હો।"

તેણે જળપાત્રમાંથી પાણી લઈ હાથ મોં ધોયા. અર્ધ બેભાનમાં અવગણેલા પતિ સામે જોયું, અને વંદન કરતાં બોલી, "ભાર્ગવ શ્રેષ્ઠ બીનઅનુભવી બાલિકાનો આ પહેલો અપરાધ મનમાં ન લાવશો, હોં! નહિ લાવો, ને?" જરા લાડથી તેના ગાલ પસવારતાં તેણે કહ્યું, "માણસ છું ભૂલ થઇ જાય."

તે નાની યજ્ઞ કુંડી પાસે ગઇ. સમિધમાંથી અગ્નિ સળગાવ્યો, "અગ્નિદેવ, સચરાચરના જ્ઞાતા, મારા હૃદયની શુદ્ધિના તમે સાક્ષી છો. મારે ઘણું વેઠવાનું છે. હું વેઠવાં તૈયાર છું. મને બળ દેજો."

આનંદથી હસતા હોય તેમ અગ્નિદેવે આછો ગુરગુરાટ કર્યો. સુકન્યા ફરી પતિ તરફ વળી.

ઇંગુદીના તૈલથી તેણે તેમના દેહનું મર્દન કર્યું. મૂખમાં દૂધ અને ઔષધી રેડયાં, અને ભસ્મથી શરીરને માલીસ કર્યું.

અને આશ્રમના કૂકડાએ છેલ્લા પહોરની ચેતવણી આપી.

સુકન્યાએ પતિને ઠીકઠીક સુવાડયા, અને નિત્યકર્મ માટે બહાર નીકળી! હજી આશ્રમ સુનસાન હતો. નદીનો રસ્તો નિર્જન હતો, વિશાખામાં વિલાસતો ચંદ્ર હજી પશ્ચિમ તરફ ઢળવાજ માંડયો હતો.

પણ સુકન્યાને પોતાના આવેશ, પ્રવૃત્તિથી દાબી દેવા હતા. તે સ્થિર પગલે નદી તરફ ગઇ.

આ સ્થળે નદીનું નીર ઊંડુ નહોતું, પણ જરા વેગવાળું તો હતુંજ. ચૈત્રના ઉકળાટને લીધે ઠંડી પણ ઝાઝી નહોતી. સુકન્યાએ પગ બોળ્યા. તેને પાણીનો સ્પર્શ ગમ્યો.

તેણે આસપાસ જોયું. હજી માણસોના અવરજવરને વાર હતી. સ્ત્રીઓને પ્રિય એવાં નવસ્ત્ર સ્નાન માટે તેને ઇચ્છા થઇ.

એક પત્થર પર તેણે વસ્ત્રો ઉતાર્યાં.

સદા જાગ્રત મદન કદાચ તે વખતે હાજર હશે!

પાણીમાં પગ મૂકતાં તેણે પોતાનું પ્રતિબિંબ જોયું. સ્વચ્છ ચંદ્રપ્રકાશમાં તેનો કાંચનવર્ણો દેહ ઓપતો હતો. પાતળી કટી, સુગોળ સ્તનો, સુડોળ હાથ અને સુરમ્ય જંઘા તેની નજરે પડયાં.

પોતાના અપ્રતિમ લાવણ્યથી તે ક્ષણભર મુગ્ધ બની.

કદાચ પુષ્પધન્વાએ તે વખતે શર છોડયું.

અનિમેષ નયને પોતાનું સૌંદર્ય નિરખતાં તેનાં મૂખમાંથી એક નિઃશ્વાસ સરી પડયો. “આ રૂપ, આ જોબન! તે એળેજ જવાનું ને? દેવોએ જેને માટે તલસે એવું મારૂં સૌંદર્ય વિલાહિત વિધવાવસ્થામાં વેડફાવાનુંજ ને?”

તેની આંખમાંથી આંસુ સર્યાં.

પણ જાગ્રત તેના આત્માએ આ મોહનિંદ્રા તોડી નાંખી. “હું શું બોલું છું?” જાણે ચમકતી હોય તેમ તે બોલી.

અને તેણે પાણીમાં શરીર ઝબકોળ્યું.

હાશ! માતાનો હાથ ફરતાં મનના ઉદ્વેગ શમે તેમ, નદીના જળથી તેનો ઉશ્કેરાટ શમી ગયો.

ધીમે ધીમે તેણે પાણીમાં સરવા માંડયું. પાએક કલાક એમ તેણે થાક અને તાપ ઉતાર્યા, અને પછી એકલા એકલા એ છીછરા જળમાં છબછબીઆં બોલાવવા માંડયાં.

અને ફરીથી કમાન છટકી! અહીં જળક્રિડા માટે કેવી અનુકુળતા હતી? નિર્મળ નીર, સુંવાળી રેતી, ચંદ્રનો પ્રકાશ! તેને જળક્રીડા કરવાનું મન થયું.

વિતસ્તાને તીરે તેણે અનેક યુગલોને જળકેલી રમતાં જોયાં હતાં. પોતે કોની જોડે એવી કેલી રમે? પોતાની એકલતા તેને સાલી.

દૂર એક ચકોરી ચકોરના વિરહથી વિલાપ કરતી સંભળાઈ—આઘેના કુંજમાં બપૈયો ટહૂકયો, અને કામદેવે ફરીથી શરસંધાન કર્યું.

આવેશથી તેણે શરીર નદીના પટમાં પછાડયું. " મા, નર્મદા, ખોળે લે. મારાથી આવી એકલતા કેમ સહેવાશે ? "

નદીનાં પાણી એના શરીર પર ફરી વળ્યાં. નદીનાં વહેણુ એને ધીરેથી તાણી જવા લાગ્યાં. તેણે પોતાની જાતને તણાવા દીધી.

ચિંતા સમસ્ત છોડયાથી ઉપજતી આનંદ સમાધિમાં તે લીન થતી હતી તેવામાં આ શું બન્યું ? નદીએ તેના દેહને પાણીમાંથી કેમ બહાર ફેંકી દીધો ?

અહા ! ભાર્ગવોની કુળદેવી શી નર્મદા એને ડૂબવાજ કેમ દે ? મધ વહેણમાં રેતીના રચાયેલા ટાપુના છીછરા કિનારા સાથે સુકન્યા અથડાઇ.

અને તે બેઠી થઇ. તરતજ તેને ભાન આવ્યું. " આપઘાત ? " પોતાના પગલાની મનમાં સમાલોચના થતાં તે બબડી. " હું, સુકન્યા, શર્યાતિની પુત્રી, કાયર બની આપઘાત કરૂં ? " અને તે આશ્રમ તરફ પાછી ફરવા પાણીમાં માર્ગ કાપવા લાગી.

પોતાનાં વસ્ત્ર મૂકયાં હતાં ત્યાં તે પાછી આવી ત્યારે ઉદયાચળના દ્વાર ઊઘાડતી ઉષાની આંગળીઓ દેખાતી હતી.

તેણે કપડાં બદલવા માંડયાં. રાજકૂળને યોગ્ય વસ્ત્રો ત્યજી વલ્કલો તેને પહેરવાનાં હતાં. તેણે વલ્કલની કંચુકી લીધી, પણ પહેરતાં ફાવ્યું નહિ.

રાજકૂળનાં સુખી, નિશ્ચિંત જીવનથી તેનું શરીર ઠીક ઠીક ખીલેલું હતું. તેના પયોધરને કંચુકીનો સ્પર્શ ખુંચ્યો, અને તે સાંકડી પણ પડી.

સ્તન યુગલને જોર કરી કંચુકીમાં સમાવવાનો પ્રયત્ન કરતાં તેનું મન ફરી ચગડોળે ચડયું. આ તેના સુંદર સ્તનનો ગર્વ કોઇ તોડવાનું નથી ! એનું કોઇ સંતાન તેમાંથી પોષણ મેળવવાનું નથી ! એનું માતૃત્વ વણમ્હોર્યુંજ રહેવાનું છે !

તે પોતાના સ્તન તરફ જોઇજ રહી. જગતના પોષણનો પાયો, બાળકના અમૃતનો ભંડાર, શ્રમિતોના દુઃખનો વિસામો માતાના સ્તન છે. પોતે કોને પોષશે, કોને વિસામો આપશે !

પળવાર શીત આવતી હોય તેવી કંપારી તેને આવી ગઇ. પોતાનું નિષ્ફળ સ્ત્રીત્વ–વંધ્ય માતૃત્વ તેને કંપાવી ગયું. પણ મન હવે તો કાબુમાં આવવા ટેવાયું હતું ને !

તેણે કંચુકી બીડાવતાં ફરીથી સ્તન સામે જોયું. " શું સુંદર સ્તન વિધિએ નિર્મ્યાં છે. ઘાટ, રૂપ અને શક્તિમાં બંને એક સરખા—જાણે અશ્વિનો ! "

ફરીથી તે ચમકી ! આ દેવો એને કેમ સાંભર્યા ? તે ગુંચાઇને વિચારમાં પડી.

અને મનને ફરીથી વિકાર ન ઉપજે એવાં પગલાં લેવાનો દૃઢ નિશ્ચય કરી તે આશ્રમમાં પાછી ફરી.

પતિની આવશ્યક સારવાર કરી તેણે વિદન્વતને બોલાવ્યા. "ઋષિવર, મારે આજે યજ્ઞ કરવો છે."

" માતા, " હાથજોડી વિદન્વતે કહ્યું, આપણા યજ્ઞમાં મહેન્દ્રના વેરથી દેવતાઓ આવતા નથી. તેથી આપણે તો અગ્નિહોત્ર એજ યજ્ઞ છે."

"મહર્ષિ, જોઇએ તો ખરાં–આટલાં ભાવના અને નિષ્ઠાને સમજનાર કોઈ પણ દેવ મળે છે ? નહિ તો પછી કદાચ નવા જ દેવોનું નિર્માણ કરવું પડે."

અદ્ભૂત આ પ્રસ્તાવથી વિદન્વત દિંગ થઇ ગયો. આ તેજસ્વી બાળાની કલ્પના કેટલી ભવ્ય હતી ? પણ આ કેવી અસંભવિત વાત તે કહેતી હતી ? નવા દેવો તે થાય ?

પણ કાલે જ તેની શક્તિનો પરચો તેણે નહતો દેખાડ્યો ? પોતાની શંકાનું આમ સમાધાન કરી વિદન્વતે યજ્ઞની તૈયારી કરી.

અગ્નિની સ્થાપના થઇ. દિગ્પાળોની આરાધના થઈ, અને બલિદાન અર્પતાં પહેલાં દેવોના આવાહનની વિધિનો સમય થયો.

યજમાનપદે બેઠેલી સુકન્યાએ અગર અને બીજા સુગંધી દ્રવ્યો અગ્નિમાં નાખ્યા, અને કહ્યું, "મરૂગણો, ભાર્ગવોની કુલમાતા હું અમારા યજ્ઞમાં બલિ લેવા તમને નિમંત્રુ છું. પધારો."

ધૂપના સફેદ ધુમાડામાં તેણે જોયું, એકેય દેવની આકૃતિ દેખાઇ નહિં.

નિરાશ ન થતાં તેણે ફરીથી કહ્યું, "આવ, મઘવા, આવ. યુદ્ધ તો યુદ્ધને સમયે શોભે. અત્યારે તો હું તારા શત્રુની પત્નિ છતાંયે તને બલિ આપવા માગું છું. આવ, મારૂં બલિદાન સ્વીકાર."

ફરી ધૂપ નાંખ્યો. ધુમાડો ઉંચે ચડયો. કાંઇ દેખાયું નહિ.

આ પ્રમાણે જ બીજા દેવોને આવાહન કર્યું, પણ તે નિષ્ફળ ગયું.

અને હવે સુકન્યા ઉભી થઈ. "ભગવાન યજ્ઞનારાયણ, તમે સાક્ષી છો, કે દેવોને મેં કરેલું આવાહન સાચા હૃદયનું હતું. તેમણે તે મિથ્યા દ્વેષથી નકાર્યું છે. પિતૃગણો, તમે પણ આ વાત જાણો છો. હવે હું કરૂં એમાં વચ્ચે આવવાનો દેવોનો અધિકાર નથી."

તેણે ઉત્તમોત્તમ ધૂપો મંગાવ્યા, અને ઉત્તરાભિમુખ ઉભા રહી, અંજલીમાં ધૂપ રાખી, પ્રાર્થના કરી. "વૈશ્વાનરની સાક્ષીએ હું, ભાર્ગવોની કુલમાતા અશ્વિનોને નિમંત્રુ છું. દુઃખોના શામક, રોગ અને વ્યાધિના સંહારક, આરોગ્ય અને આયુષ્યના પ્રદાતા, હે અશ્વિનો, નિર્બંધ વિલાસ અને નિર્બંધ ભૂક્તિનાં તમારા વિરોધને લીધે ઇંદ્રે તમને બલિ આપવા મનાઈ કરી છે. હું ઈંદ્રથી ન ડરનાર ભૃગ્વાંગિરસની ભાર્યા, એના મનસ્વી શાસનને અવગણું છું. આવો, હે અશ્વિનો, માનવની દૃષ્ટિએ દેવોમાં તમે શ્રેષ્ઠ છો. આવો અને મારો હવિ સ્વીકારો."

આકાશમાં અચાનક વાદળાં ધસી આવે છે, ભયંકર ગડગડાટ સંભળાય છે. યજ્ઞ ભંગ કરવા જાણે રાક્ષસો આવતા હોય તેમ ઈંદ્રના અપમાનનું વેર લેવા જાણે સમગ્ર અમરસેના રણે ચડે છે.

ઘેરાતા મેઘમંડળ તરફ ઉપહાસથી જોતી સુકન્યા ટટાર ઉભી રહી પોકારે છે, "આવ, મઘવા, આવ. પણ હવે તને પહેલાં હવિ નહિ મળે, તે અધિકાર ત્હેં ગુમાવ્યો છે.

દૂર વિજળી પડે છે. વિદન્વત અગ્નિમાં ઘી હોમે છે. સુકન્યા ખડખડાટ હસી પડી બોલે છે, "મહેન્દ્રની સ્મૃતિ કાચી લાગે છે. હજી ગઇ કાલે જ પાછો ગયો હતો તે ભૂલી ગયો છે, કે પછી પોતાનું અપમાન જોવાને આવે છે?"

અને પૂર્વ દિશા તરફ પૂંઠ ફેરવી તે અગ્નિમાં ધૂપ નાંખે છે અને કહે છે, "અશ્વિનો, આવોઃ મારૂં નિમંત્રણ ચોખ્ખું છે. હું ઇંદ્રથી ડરતી નથી. તમે ન ડરતા હો તો જરૂર આવો."

તિવ્ર, માદક સુગંધી મંડપમાં ફેલાઇ જાય છે. ધૂપના સફેદ, સર્પાકાર ગુંચળાં આકાશ તરફ ચઢે છે અને છેક ઉપરના વર્તુલોમાં બે યુવાન, તેજસ્વી મુખાકૃતિઓ દેખાય છે.

ઉલ્લાસથી કૂદીને વિદન્વત સુકન્યાના હાથમાં હવિપાત્ર આપે છે. સુકન્યા અશ્વિનોને પ્રણામ કરી અગ્નિમાં હવિ ઠાલવે છે.

વાતાવરણમાં ભયાનક તાંડવ ખેલાય છે. હજાર પડઘમ બજતાં હોય તેવો ભયંકર કડાકો થાય છે.

અને સત્વની જ બની હોય તેવી સુકન્યા પડકાર કરે છે. "અશ્વિનો, તમે મહેંદ્રની પામરતાના સાક્ષી છો. મિથ્યા વેરની ધૂનમાં તે પોતે બલિ લેતો નથી અને બીજાને લેવા દેતો નથી. પણ હું, સુકન્યા, એ અન્યાય સાંખવા તૈયાર નથી. હું તમોને ફરીથી બલિ આપું છું, અને તે સ્વીકારશો."

અને ફરીથી તે હવિ આપે છે. વાતાવરણમાં વિજળી ચમકે છે, કડાકા થાય છે.

અંતરિક્ષમાં સસ્મિત ઉભેલા અશ્વિનોનાં મુખ ગંભીર બને છે. તેમની ભ્રકૂટીઓ સંકોચાય છે.

યજ્ઞમંડપ પાસે જ વિજળી પડી. ભોંયમાં સમાઈ જાય છે.

અને અશ્વિનોની આંખો કોપથી તગતગી રહે છે. બન્ને એકજ સાથે અવની પર ઉતરી યજ્ઞમંડપમાં પ્રત્યક્ષ થાય છે.

ગડગડાટ શાંત થાય છે. અશ્વિનો એક સાથે બોલે છે. "દેવોના દેવ મહેન્દ્ર, વિલાસ અને ભુક્તિ માટે યોજાતા યાગોમાં અમે કદી આવતા નથી. એવા તુચ્છ બલિની અમને પરવા નથી. પણ તારો ડર અમને લાગશે એમ તું ગણતો હોય તો તારી ભૂલ છે. ત્યાગ અને પ્રેમની આ વિલક્ષણ મૂર્તિના હાથનો બલિ અમારે સહસ્ર અશ્વમેધના હવિથી વધારે પ્રિય છે. તારો રોષ અન્યાયી છે, અને અમારે તેની પરવા નથી."

પ્રકૃતિ શાંત થાય છે. હજી વાદળાં ઘેરાયેલાં છે.

આશ્ચર્યથી મૂઢ રહેલા ભાર્ગવો હવે ભાનમાં આવે છે. સુકન્યા અર્ધ્ય લઇ અશ્વિનોને અર્પે છે. વિદન્વત તેમની સ્તુતિના સ્તોત્રો ગાવા માંડે છે.

પૂજા ઉપચાર પૂર્ણ થતાં અશ્વિનો બોલે છે, "ભગવતી, તમારૂં દુઃખ, તમારૂં વ્રત અમારાથી અજાણ્યું નથી. અમને મહર્ષિ પાસે લઈ જાઓ."

વિદન્વતની સુચનાથી ચ્યવનની ખટુલી બહાર લાવવામાં આવે છે.

ફરી વિદ્યુતના સળવળાટ થાય છે. અશ્વિનો ગૌરવથી આકાશ તરફ જૂએ છે. "મઘવા," તેમણે કહ્યું, "આવી આપખુદી તો કદી દેવોનો સર્વનાશ કરશે. મનુષ્યો ભૂલેચૂકે યે તને હવિ નહિ આપે. માટે તારા અન્યાયનો પ્રતિકાર કોઇએ કરવો ઘટે છે."

અને ચ્યવન તરફ ફરી તેઓ અંજલીમાં જળ લે છે. "મહા અથર્વણ, આર્યત્વના સંરક્ષક, ઉઠો—અમો અશ્વિનો, તમારા દંપતીના અખંડ પ્રેમથી પ્રસન્ન થઇ તમને અમારૂં નિત્ય યૌવન અને આરોગ્ય સમર્પીએ છીએ. ઉઠો, ઉભા થાઓ. સુકન્યાના હૈયામાં વસો છો એવા સુંદર અને સશક્ત."

ભાર્ગવો અનિમેષ જોઈ રહે છે. સુકન્યાનું હૈયું ફાટ ફાટ થાય છે. તેનાં નસકોરાં જોરથી ચાલે છે.

અને ખટુલી પર પડેલો દેહ હાલે છે. અહા, હવે તે થપગ પછાડે છે. અરે હવે તે બેઠો થાય છે.

સુકન્યા જોરથી છાતી પર હાથ દાબે છે. તેની આંખો મીંટ મારવાનું ભૂલી જાય છે.

અરે મહર્ષિ ઉભા થયા—પણ હજી જરાગ્રસ્ત તો હતા જ.

અને અશ્વિનોની આંખો હસી ઉઠે છે. "મહા અથર્વણના દેહ પર ભગવતીએ લેપેલું તેલ છે. જરા એમને સ્નાન કરાવો, ને."

અને તરત સુગંધી જળ હાજર થાય છે.

જડ જેવી ઉભેલી સુકન્યામાં પ્રાણ સંચરે છે. તે ઝડપથી પતિને પડખે દોડે છે. બીજાઓને પાણી રેડતાં અટકાવે છે.

"એ કામ, એ કામ મારૂં છે." હાંફતાં હાંફતાં તે બોલે છે, અને પતિ પર અભિષેક કરી શરીર ચોળે છે.

અરે, સાપની કાંચળી ઉતરે તેમ મહર્ષિની ચામડી ખરી પડે છે. અને તદ્દન નિરોગી ચામડી દેખાય છે.

અને એક છલાંગ મારી ઋષિ ઉભા થઇ જાય છે. આંખેથી પાટો છોડી નાંખે છે, અને ચારે તરફ કૌતુકથી જોઇ રહે છે.

સુકન્યા હૃદયને ફાટતું રોકે છે. તેનાં અંગે અંગ આનંદથી ધ્રુજે છે.

"વિદ્દન્વત, શું મઘવાનો પરાજય થયો?" સૌથી પહેલો એ સવાલ ચ્યવન પૂછે છે, અને એવામાં અશ્વિનોને દેખે છે.

"કોણ અશ્વિનો, પધારો. કેમ અમને પાવન કર્યા?"

"મહા અથર્વણુ તમારાં પત્નિના આમંત્ર્યા અમે આવ્યા હતા. અમારૂં કામ હવે પુરૂં થયું છે. અમે હવે જઇએ છીએ."

ચ્યવન તેમને થોભવા ઈશારત કરે છે. તે સુકન્યા તરફ ફરે છે. પળવારમાં ત્રિકાળજ્ઞ તેમનું મન વસ્તુસ્થિતિ સમજી જાય છે. તે સુકન્યાની પાસે જાય છે.

"શાર્યાતિ, છ વરસ પરનો કોલ પૂરો પાળ્યો હોં."

અને આનંદના આઘાતથી મૂર્છિત થઈ સુકન્યા ઢળી પડે છે.

"માતા, માતા," વિદ્દન્વત પોકારે છે. સમાજમાં વિષાદ ફેલાય છે.

"ગભરાશો નહિ" અશ્વિનો આશ્વાસન આપે છે અને સુકન્યા બેઠી થાય છે.

'ભાર્ગવી, સ્વસ્થ થાઓ" વિતસ્તાના તટ પર સાંભળેલો અવાજ તેને કાને પડે છે. "હજી આપણે આપણો પહેલો યજ્ઞ કરવાનો છે. અશ્વિનો, આપ પણ થોભવાની કૃપા કરશો."

ફરી સમિધ અને હુત દ્રવ્યો આવે છે, અગ્નિની સ્થાપના થાય છે, અને મહા અથર્વણુ ચ્યવન દેવોને આવાહન કરે છે.

પહેલો હવિ તે અશ્વિનોને આપે છે. "આરોગ્ય અને સ્વાસ્થ્ય એ પ્રારંભની સિદ્ધિ છે. એના વિના બીજું બધું નકામું છે." એ હવિ આપતાં તે જણાવે છે. "માટે પહેલો હવિ તમારો જ હોય."

અને પછી ધૂપ દ્રવ્યોની અંજલી રચી તે પડકાર કરે છે. "આવ, મઘવા, આવ. તારા પરાજયમાં હું રાચતો નથી. સમર્થોનો પરાજય તે સમષ્ટિને હાની જ છે. અને હવે તને વેર રાખવું પાલવે એમ નથી. આવ, હું ચ્યવન અથર્વણ, તને મિત્ર ભાવે આમંત્રુ છું. જનતાના કલ્યાણ માટે આપણો વિરોધ શમવો જોઇએ, માટે આવ."

શરદની ચાંદનીમાં તરતી રાજહંસ જેવી એક વાદળી આવે છે. કામણગારી કોક કન્યકાની આંખોમાંથી નીકળતી વિજળી જેવી મીઠી વિજળી ચમકે છે. માતાનાં આંસુ જેવા મધુરા છાંટા પડે છે. સ્વર્ગમાંથી સદેહે મહેન્દ્ર નીચે ઉતરે છે.

"મહા અથર્વણ" ચ્યવન–સુકન્યાના અર્ધ્ય સ્વીકારતાં તે કહે છે. "તમારાં તપ અને શક્તિ કરતાં ભગવતીનાં ત્યાગ અને ટેક આગળ હું હાર્યો છું. અને હવે વચન આપું છું, કે જ્યાં જ્યાં એવો સર્વ સમર્પતો પ્રેમ અને ત્યાગ હશે ત્યાં ઇંદ્રની કદી અવકૃપા થશે નહિ.



યજ્ઞ સમાપ્તિના ઘંટનાદ સાથે સાતમું ચિત્ર લય પામે છે, અને ચિત્રપટ પલટો લે છે. સાચાં લગ્નના ધ્રુવતારાને ઉદ્દેશતા સપ્તર્ષિ જેવા આ ચિત્રપટોએ જાણે એક વસ્તુ સાબીત કરી હોય તેમ હવે દેખાય છે એના પરિણામના છુટા છુટા દશ્યો, નગરો, આશ્રમો, ગામોમાં સાચાં દાંપત્યની ફોરમ રેલાઈ રહી છે. ઘેર ઘેર કિલ્લોલના કલરવો સંભળાય છે, અને માનવજીવનની આ અગત્યના આદર્શની સાધના પછી, બીજા વ્યવહાર આદર્શો રચવામાં તપોવનો ગુંથાય છે. આના છુટા છુટા દશ્યો ઝડપથી ચિત્રફલક પર સરે છે.

પહેલા દેખાય છે અત્રિ અને અનસૂયા.

અલકનંદાના તટપર તેમનો આશ્રમ ઊભો છે. આસપાસનો પ્રદેશ તદ્દન વેરાન દેખાય છે. વૃક્ષોના ઠુંઠા બન્યા છે. ખેતરોમાં ધૂળ ઊડે છે, કારણ કે, સંસારના દાવાનળથી યે વધારે કઠોર દુકાળ દેશને સંતાપે છે. અલકનંદાનો પટ પણ એક સાંકડી નહેર જેવો બન્યો છે.

ઊગતા પરોઢમાં પતિ–પત્ની અચિંત આકાશ સ્હામે જોતાં બેઠાં છે, નદી કિનારેથી માણસો અને પશુઓની હાર દૂર દેશ ચાલી જતી દેખાય છે. બન્નેની આંખ મળે છે. “ભગવાન્” અંજલી રચીને અનસૂયા કહે છે, “આપણા આશ્રમ પાસેનો દેશ ખાલી થતો જાય છે.”

“ખરૂં છે ભગવતી, ઈન્દ્ર કોપ્યો છે અને તેથી મેઘ પણ રૂઠયા છે. બધા વગર ચાલશે પણ, પાણી વગર માણસને ચાલશે !”

“એ બધું સાચું છે, નાથ, પણ આપણે અહિંયા હોઈએ અને એ ત્રાસનો ઉપાય ન થાય એમાં આપણને નાનમ લાગે ને ! આપણી તપશ્ચર્યા અને આપણી નિષ્ઠાનો પછી અર્થ પણ શો છે ?”

અત્રિએ દૂર નજર નાંખી, કાંઈ નિશ્ચય કર્યો. અને સ્નાન કરવા ગયા.

તે દિવસથી અત્રિએ ઘોર તપશ્ચર્યા આદરી. અને અનસૂયાએ એમાં ભંગ ન પડે તે માથે લીધું.

દશ્ય બદલાય છે. એક શીલાસન પર સમાધિમાં અત્રિ બેઠા છે અને અનસૂયા કમંડળ લઇ નદીની ભેખડો ઉતરે છે.

'અરે આ શું? ઉનાળામાં યે છલકાતી અલકનંદાનો પટ આજે સાવ કોરો હતો. એના જળ જાણે મૂળમાંથી સૂકાઇ ગયા હતા.

અનસૂયા આભી બની જોઇ રહે છે, તે પતિ તરફ સચિંત નજર નાંખે છે એમને ઊઠવાનો વખત થયો છે અને જળનું ટીપુ પણ નથી. નજીકમાં એકકે જળાશય પણ નથી. એક પળ તેના મુખ પર ગભરાટ ફેલાય છે, અને તે બ્હાવરી બની આસપાસ જુએ છે. પછી કુદરત પર જાણે તેને ક્રોધ ઉત્પન્ન થાય છે, પણ તે ભાવ પણ તરત ચાલ્યો જાય છે અને કોઇ કઠોર નિશ્ચય તેના મુખ પર દેખાય છે.

તે કમંડળ ભોંય પર મૂકે છે અને બે હાથે દંડને પકડે છે. 'ભગવતી ગંગા' હું અનસૂયા. તમને નિમંત્રણ આપું છું. મ્હારા પતિ માટે મારે પાણી જોઇએ છીએ. એમની સેવામાં ચૂકુ તો મારે માટે મરણ સિવાય બીજો માર્ગ નથી. તેથી અમારા એક પ્રાણજીવન અને એકપણ ભૂલ વગરના મ્હારા સતીત્વની તમને આણ છે. જ્યાં હો ત્યાંથી જળ "આપો, નહિ તો અનસૂયાની સેવા તૂટશે અને તેને પ્રાણ ત્યાગવો પડશે.'

તે દૂર નજર માંડે છે. આવતા પાણીનો અવાજ સાંભળવા કાન એકાગ્ર કરે છે પણ કાંઇ દેખાતું નથી–સંભળાતું નથી.

તેની આંખો વધારે તિવ્ર બની. તેનાં ભવાં સંકોચાયાં. તેના મુખ પર બલિદાન દેવા તત્પર થતી વ્યક્તિનું અપાર્થિવ તેજ ઝળકી ઊઠયું. તેણે બન્ને હાથે દંડ જોરથી પકડયો અને ઝડપથી રેતી ખોતરવા માંડી. 'કારણ વગર ગંગામૈયા પણ રૂઠયાં છે ને? તો ભલે અહિંયાં જ મ્હારો ભૂમિદાહ થાય. મહર્ષિ ઊઠે ત્યારે મારે મ્હોં શું બતાવવું? એ પહેલાં હું અગ્નિમાં સમાઇ જઉં એ બહેતર છે.'

તેણે ખૂબ જોરથી રેતી ખોદવા માંડી અને થોડી વારમાં પોતે સમાઇ શકે એટલો ઉંડો ખાડો ખોદ્યો અને પતિને દૂરથી નમસ્કાર કરી તેણે અંદર ભૂસકો માર્યો.

અરે! તેના પગને ઠંડક કેમ લાગે છે! તે વાંકી વળે છે, પગ પાસેની રેતી હાથમાં લે છે અને તે ભીની લાગે છે. કોઇ અજબ ભાવથી ઉશ્કેરાઇ તે વધારે ઉંડું ખોદે છે અને થોડીવારમાં ખાડો પાણીથી ભરાઇ જાય છે. આ પ્રમાણે ઇતિહાસમાં પહેલો વિરડો ખોદાય છે.

તેનું હૃદય આનંદથી ઉભરાઇ જાય છે. મરણમાંથી પાછી આવેલી તેની નસેનસમાં ઉલ્લાસ વ્યાપે છે. એક બાળકની ચપળતાથી તે ખાડામાંથી કૂદકો મારી બહાર આવે છે, કમંડળ તેમાંથી ભરી લે છે અને પોતાના ગૌરવને ન છાજે એવી ઝડપથી દોડતી મહર્ષિ પાસે પહોંચી જાય છે. તે પહોંચે છે તે વખતે જ ઋષિ ધ્યાનમાંથી આંખ ઉઘાડે છે, અને તેની તરફ કૂતુહલથી જોઇ રહે છે. તેના કપાળ પર પરસેવાનાં ટીપાં છે. તેના મુખ પર શ્રમની રતાશ છે. તેના વાળ વીખરાઇ ગયા છે. તેની છાતી હાંફે છે, તેનાં વસ્ત્રો રેતીવાળા છે.

અને પતિના ચરણ પાસે કમંડળ મૂકતા તે બેસી પડે છે, અને મહર્ષિ સવાલ પૂછતા હોય તેમ તેની તરફ જોઇ રહે છે. હાંફતાં હાંફતાં તે જવાબ આપે છે, "નાથ, આપના તપોબળ અંગે આપની કૃપાથી આજે ગંગા માતા રીઝયા છે.' અને સુકાયેલા કંઠે તે બધી વાત સંભળાવે છે.

મહર્ષિના મુખ પર પ્રસન્નતા ફેલાઇ રહે છે, તે એક અંજલી પાણી પીએ છે અને અનસુયાને પાસે ખેંચી તેના માથા પર હાથ ફેરવે છે, તેના વાળ સમા કરે છે, પોતાના ઉપવસ્ત્રને ભીનું કરી તેના મુખ પર ફેરવે છે અને તેને પાણી પાય છે.

"દેવી, માનવકૂળને આજ તમે તાર્યું છે, હવે ઇન્દ્રના કોપ છતાંયે માનવીઓ જીવી શકશે."

તે રાત્રે અત્રિ અને અનસુયા આશ્રમ છોડી પર્યટન આદરે છે. અને સ્થળે સ્થળે વીરડા, કુવા અને વાવો ખોદી માણસોને જીવતાં શીખવે છે.

આ પછી દ્રશ્ય બદલાય છે. ઉપલી વાતને વર્ષો વીત્યા છે, આ દંપતીની પ્રખ્યાતિ ત્રિલોકમાં ફેલાય છે. યમ અને સૂર્ય પણ અનસુયાની વિનંતી માન્ય રાખે છે અને દેવાંગનાઓને તેની ઇર્ષા આવે છે.

વસંતની ઉગતી બપોર છે. અત્રિ ઋષિ નજીકમાં કોઇ આશ્રમમાં ગયા છે અને અનસુયા ઘરકામમાં રોકાઇ છે.

બારણેથી અવાજ આવે છે. "અહાલેક, ભગવતી ભીક્ષા આપો" અને અનસુયા બહાર આવે છે. અને ત્રણ અવધૂતોને જુએ છે. ઘરમાં ભોજન તૈયાર નથી પણ અતિથીને કંઇ પાછા મોકલાય ? તે તેમનો સત્કાર કરે છે અને ઝડપથી રસોઇ તૈયાર કરે છે.

અતિથીઓ આસન પર બેસે છે, સામે પાત્રો મુકાયા છે. અને અનસુયા પીરસવાને આગળ આવે છે, અને વચ્ચે બેઠેલો અતિથી બોલી ઊઠે છે " ભગવતિ અમારૂ વ્રત છે કે અમારે નવસ્ત્રા પુરૂષ કે સ્ત્રી પાસેથીજ ભોજન ગ્રહણ કરવું માટે આપ વસ્ત્રો દુર કરવા કૃપા કરો, નહિ તો અમારે ભુખ્યા ચાલ્યા જવું પડશે." અનસુયાને રોમેરોમ શીત વ્યાપ્યા હોય તેવી કંપારી આવી. તેની આંખો ક્રોધથી ભભુકી ઊઠી અને ક્ષોભથી તે જોડેના ઓરડામાં ચાલી ગઈ.

કેવી બેહુદી માંગણી ! એક પળ તેમને શાપ આપવાની તેને ઇચ્છા થઈ, પણ અતિથિ ધર્મ સાચવવાને તેણે બળ કરી મન ઉપર કાબુ મેળવ્યો.

તેણે ઝડપથી વિચાર કર્યો અને અવધૂતોને બરાબર ઓળખવા માટે બહાર આવી તેમને કહ્યું " આવી વિચિત્ર માગણીથી મને ધર્મસંકટમાં મુકનાર તમે કોણ છો ?"

" અમે મહામાયા પ્રકૃતિના ઉપાસકો છીએ, અને પ્રકૃતિ સદાયે નગ્ન હોય છે." તેમનામાંથી ઊંચા રતુબડાં એક જણે જવાબ આપ્યો.

" અને ભગવતીને અમારી માંગણી જો નામંજુર હોય તો, અમે રજા લઇએ. અમને કંઈ રોષ નથી." અત્યાર સુધી મુંગા રહેલા સૌથી ગૌર બાંધી દડીના અવદુતે કહ્યું.

" જરા બેસજો" કહી અનસુયા જોડેની ઓરડીમાં ગઇ. તેણે તેમને ઓળખ્યા હા, તે ગૌરવ વર્ણના બ્રહ્મા હતા. તે તાંબા વર્ણના શંકર હતા અને પહેલા બોલનાર શામળા તે વિષ્ણુ હતા.

" આ ત્રિમૂર્તી મારી કસોટી માટે ? દેવોના દેવ જેવા આજે મારી પરિક્ષા કરવા માંગે છે, ઠીક, તેણે ઝડપથી વિચાર કર્યો અને બહાર આવી

ત્રણે દેવોને નમસ્કાર કર્યાં અને કહ્યું: "દેવાધી દેવો, આમ વેષ બદલવાની શી જરૂર હતી? ખેર, ગમે તે વેશમાં તમે પૂજવા યોગ્ય છો. હજી યે તમારી માગણી ઉભી છે?" ઓળખાવાથી જરા શરમીન્દા પડેલા ત્રણેએ હકારમાં ડોકું ધુણાવ્યું.

અદ્‌ભુત ગૌરવથી અનસુયાએ માથું ઉંચક્યું અને તેમના સામે તીવ્ર નજરે જોયું. "મહાદેવો, લજ્જા ઉપર શીલનો આધાર છે અને શીલ ઉપર સમાજનો આધાર છે. લોકોના અધિષ્ઠાતા તમે મારી પાસે સમાજના પાયા જેવી લજ્જા લોપાવવા માંગો છો. તમારા હાથે એવો અધર્મ હું કેમ થવા દઉં!" "તો અમે રજા લઈએ?" વિષ્ણુએ પૂછ્યું "ના ભગવાન, સમાજના બીજા પાયા રૂપ આદિત્ય છે. એ ધર્મ મારાથી ન તોડાય. તમારી માંગણી હું સ્વીકારૂં છું"

દેવોના મુખ પર ઝડપથી સ્મિત આવ્યું અને ગયું. અનસુયાએ તે જોયું અને તેની આંખમાં કોઈ અજબ ચમક આવી, તેણે કહ્યું: "દેવો, નિર્વિકાર એવી મને મારૂં શરીર તમને દેખાડવાથી પાપ લાગવાનું નથી, પણ પરસ્ત્રીના દેહના દર્શનનું પાપ તમને લાગે તેમાંથી હું તમને બચાવીશ. પતિ-પત્નીને અને બાળક માતાને ન વસ્ત્રી જુએ એમાં દોષ નથી, માટે હું માતા રૂપે તમને ભીક્ષા આપું છું."

એમ કહેતાંજ તેણે પૂંઠ ફેરવીને વસ્ત્ર ફગાવી નાંખ્યું, અને દેવોની તરફ ફરી. પણ આ શું? તેના મ્હોમાંથી માતા શબ્દ નીકળતાંજ તે અવધૂતોનાં રૂપ બદલાવા લાગ્યાં હતાં અને તે તેમની તરફ ફરતાં જ તેમને સ્થાને ત્રણ બાળકો આસનો પર ખિલખિલાટ રમતા હતા. અનસુયા એમને એમ દોડી માતૃત્વના ઝરણા હૃદયમાં ઉભરાઈ આવ્યા અને તેણે તેમને પયપાન કરાવ્યું. —અને રાત્રે અત્રિ ઘેર આવ્યા ત્યારે ઘરમાં ત્રણ ઘોડીયાં બંધાયાં હતાં અને તેમાં ત્રણ બાળકો કિલ્લોલ કરતા હતા.

આમ ગુરૂઓમાં શ્રેષ્ઠ એવા દત્તાત્રેયનો જન્મ થયો અને દેવો પણ મનુષ્યોને ત્યાં જન્મ લેવામાં અભિમાન માનવા લાગ્યા.

[૯] પ્રકૃતિથી પર

ચિત્રપટમાં દ્રશ્ય ઝડપથી બદલાય છે. ફરીથી ૭ મા પટમાં જોયેલો નર્મદાનો કાંઠો નજરે પડે છે, અને પ્રેમના સ્વરો રેલતા સંગીત વચ્ચે નદી કીનારે એક યુવાન જોડલું નજરે પડે છે. બન્ને વેષે તપસ્વી છે. જો કે સ્ત્રીના શરીરમાં રાજકુળની સુકુમારતા છે. તાજા જ થયેલા લગ્નની મધુરતા તેમને વિંટળાઇ વળી છે, અને બન્ને જાણે નાના બાળકો હોય તેમ રમતે ચડ્યા છે.

યુવાન ઋચિકનો પુત્ર અને વિશ્વામિત્રનો ભાણેજ જમદગ્ની છે. અને કન્યા રાજર્ષિ પ્રસેનજીતની મોટી પુત્રી રેણુકા છે. હજી આશ્રમ ભાર ઊઠાવતા પહેલાં તેઓ નવા લગ્નનો આનંદ ઉજવે છે.

જળક્રીડા કરી તાજા પાછા આવેલા તેમણે એકમેક પર પુષ્પો નાંખ્યાં. દોડાદોડી કરી અને એવી રમતો રમી થાકી ગયા. આખરે પુરુષે ધનુષ ઊઠાવ્યુ અને તીર ફેંકવા માંડયાં. અને રેણુકા દોડી દોડીને તે તીરો લઈ આવવા લાગી. શરૂઆતમાં રેણુકા ઝટ ઝટ તીર લાવી દેતી હતી. પણ ધીમે ધીમે તેમાં વિલંબ થવા માંડયો અને આખરે તો ઋષિને લાંબો વખત વાટ જોવી પડી. સ્વભાવથીજ અગ્નિ જેવા ઋષિનો કોપ સળગી ઊઠયો અને રેણુકા પાસે આવતાં તે તડૂકી ઊઠયા: "કેમ, આટલું મોડું કેમ થયું ?" સ્હેજ કંપતા સ્વરે રેણુકાએ કહ્યું. "નાથ, ઉપરથી સૂર્ય સોળે કળાએ સળગે છે, નીચે ધૂળ અને રેતી ધગધગે છે. એટલે વચ્ચે જ્યાં જ્યાં વૃક્ષ હોય ત્યાં ત્યાં તેની છાયામાં વિસામો લેતી હું આવું છું. એટલે મને ઢીલ થાય છે. હું શું કરૂં ? તડકામાં ફરવાની ટેવ નથી એટલે એવું થાય છે. વખત જતાં બધુ કોઠે પડી જશે." પણ કોપ શમે તો જમદગ્નિ શાના ? તેમનો કોપ રેણુકા તરફથી સૂર્ય તરફ વળ્યો અને તેની તરફ તેમણે તીર તાકયું.

પાસેથી પસાર થતા એક વૃદ્ધ બ્રાહ્મણે આ જોયું. અને યુવાન પ્રણયીની આ ઘેલછા જોઈ એ સહેજ હસ્યો અને પાસે આવ્યો. "ઋષિકુમાર" જમદગ્નિને સંબોધીને તેણે કહ્યું, "સૂર્ય ઘણો દૂર છે ત્યાં તમારૂં બાણ

કેવી રીતે પહોંચશે?" જમદગ્નિએ જવાબ આપ્યો. "સંકલ્પને દિશા કાળ કે અંતર નડતાં નથી. ઋચિકભાર્ગવના પુત્ર જમદગ્નિના સત્ય અને દૃઢ સંકલ્પથી પ્રેરાએલું મારૂં બાણ સૂર્ય જ્યાં હશે ત્યાં પહોંચશે જ."

વૃદ્ધ બ્રાહ્મણના મ્હોં પર આછું સ્મિત આવ્યું ને ગયું. "ઋષિકુમાર" તેણે નમ્રતાથી પૂછ્યું, "સૂર્ય લાગટ ફર્યાજ કરે છે તેને તમે કેવી રીતે વીંધશો?" "બ્રાહ્મણ શ્રેષ્ટ સૂર્ય બરાબર મધ્યાહ્ન સમયે સૂર્ય અર્ધી નિમિષ સ્થિર ઉભો રહે છે. તે વખતે હું તેને નીચે પાડીશ." વૃદ્ધ બ્રાહ્મણના મ્હોં પર માર્મિક સ્મિત છવાયું. તેણે પૂછ્યું, "આટલા કોપનું કંઈ કારણ? સૂર્ય જગતના સર્વે સ્થાવર જંગમ પદાર્થોનો આત્મા છે. તેને પાડવાથી વિશ્વમાં પ્રલય થશે." સૂર્ય સામે તાકી રહેલા જમદગ્નિએ કહ્યું, "ગમે તે થાય, એણે મારી પ્રિયતમાને ત્રાસ આપ્યો છે, એ હું કેમ કરી સાંખી શકું?"

"શું ત્રાસ આપ્યો છે!" નમ્રતાથી બ્રાહ્મણે પૂછ્યું.

ઋષિરાજ, ભાથામાંથી સંભાળપૂર્વક એક તેજસ્વી બાણ કાઢતાં જમદગ્નિએ જવાબ આપ્યો. "તેના પ્રચંડ કિરણોથી મારી સ્ત્રીના અંગેઅંગ ત્રાસી ઉઠયાં છે, તેણે તપાવેલી ધરણીથી તેના કોમળ પગમાં વેદના થઇ છે. મારે માટે આટલું બસ છે." તેણે બાણને ધનુષ ઊપર ચઢાવ્યું. "થોભો, ઋષિકુમાર, હું બન્ને વસ્તુના ઉપાય બતાવું છું." એમ કહી તેણે પોતાની મોટી ઝોળીમાંથી એક નાનું છત્ર અને જોડાની જોડ કાઢયાં.

જમદગ્નિનો રોષ સમી ગયો અને બ્રાહ્મણ જોતજોતામાં અદષ્ય થયો.

દષ્ય પલટાય છે. ઉપલી વાતને વર્ષો વીત્યાં છે. જમદગ્નિ હવે તો ભારતના શ્રેષ્ઠ મહર્ષિઓમાંના એક ગણાય છે. અને સમાજના અનેક ઉકળતા પ્રશ્નો તેમની સમક્ષ રજુ થાય છે.

હેમંતનો પ્હો ફાટે છે, અર્ધ સૂર્યોદયને અંજલી અર્પતા ઋષિ ધ્યાનમાં બેસે છે અને રેણુકા પાણી લેવા નદી કાંઠાનો ઢોળાવ ઉતરે છે. તે નદીમાંથી પાણી ભરે છે. અને ઢોળાવ ચઢવા તૈયારી કરે છે, દસ પગલાં તે માંડ ચઢી હશે, ત્યાં ઋષિનો એક શિષ્ય દોડતો ઢોળાવ ઉતરે છે અને પગ લપસવાથી ગબડતો ગબડતો રેણુકાના પગ પાસે આવે છે. વિચારગ્રસ્ત રેણુકા ચમકીને બે ડગલાં પાછી હઠે છે અને તેના માથા પરનું બેડું ગબડી અને ફુટી.જાય

છે. શિષ્ય કપડાં ખંખેરતો શરમીંદો બની ઉભો થાય છે અને બેબાકળી રેણુકા તેને પૂછે છે, "કદ્રુ, આ શું? આટલો રઘવાયો કેમ?"

થોથરાતે અવાજે તે જવાબ દે છે, "ભગવતિ, મહર્ષિ નારદ પધાર્યા છે અને તે સમાચાર કહેવા હું આવતો હતો." સ્વસ્થ બનતી રેણુકાએ કહ્યું, "તારા સમાચાર આનંદજનક છે, પણ આ બેડુ ફુટ્યું તેનું શું?"

હું બીજું બેડું લઈ આવું." આશ્રમ તરફ વળતો કદ્રુ બોલ્યો.

તેણે ઝડપથી આશ્રમ તરફ દોડવા માંડ્યું, પણ વીસેક પગલાં ચાલતાં તે હાંફી ગયો અને ધીમો પડયો. રેણુકાએ પુર્વ દિશામાં જોયું અને કદ્રુના ભારે શરીર પર નજર નાખી અને તે ચિંતાથી બબડી, "તે આશ્રમે પહોંચશે તેટલામાં તો સૂર્યોદય થશે અને મહર્ષિ ધ્યાન છોડશે. આમ પણ હું મોડી તો છું જ હવે શું કરવું?" તેણે આસપાસ નજર નાખી. કોઈપણ ઝાડ એવું નહોતું કે જેના પાંદડાનો પડીઓ બનાવાય. ફુટેલા બેડાનો કોઈ ટકડો એવો નહોતો કે જેમાં ખોબો પાણી પણ લઇ જવાય અને પુર્વમાં સૂર્યોદય પહેલાનો સફેદ લીસોટો દેખાવા માંડયો હતો. "આજ પચીસ વર્ષે મારી સેવામા ચૂક આવશે." તે બબડી અને નદી સામે જોઇ રહી, અચાનક તેને કંઇ ખ્યાલ આવ્યો, તેના ભવા કોઇ કઠોર વિચારથી સંકોચાયા, અને તેની આંખમાં અથાગ ચમક આવી.

તે ઝડપથી નદીમાં ઊતરી, બેડાની ઉઢાણી વસ્ત્ર પહોળું કર્યું અને નદીમાં ચારે છેડા ઝાલી ઝબકોળ્યું.

"ભગવતી નર્મદા! મારી લાજ રાખજે, હું, રેણુકા, પ્રસેનજીતની પુત્રી અને ભાર્ગવોની કુળવધુ. મારા એકનિષ્ટ તપોમય જીવનથી તને વિનવું છું કે મારી સેવામાં ખલેલ ના પડે તે જોજે; નહિ તો આજે અને અત્યારેજ તારે મારૂં શરીર સ્વીકારવું પડશે. મારા પતિ ધ્યાનમાંથી ઊઠે કે તરત મારે પાણી પહોંચાડવું જ જોઇએ, નહિ તો મરણ પામવું તે વધારે બહેતર છે."

થોડી પળ મટકુ માર્યા વગર તે લુગડા સામે જોઇ રહી અને તેને બહાર કાઢ્યું. અહો! લુગડામાં પાણી ભરાઇ રહ્યું હતું.

તેણે નદી તરફ આભારની દૃષ્ટિથી જોયું. "માતા તારો ઉપકાર હું કે મારા ગોત્રજો કદીએ નહિ ભૂલીએ." પૂર્વમાં સૂર્યનું બિંબ દેખાવા માંડ્યું

હતું. "અરે! એટલુંજ બોલી તે ઝડપથી આશ્રમ તરફ દોડી. તેની ઉમરમાંથી જાણે ત્રીસ વર્ષ ઓછાં થયાં હોય તેમ ફલાંગો મારતી આશ્રમ પાસે આવી પહોંચી અને સૂર્યબિંબ અડધું દેખાય અને આંખ ઉઘાડે તેની એક પળ પહેલાં તે મહર્ષિની પડખે આવી ઉભી.

સામે શિલાસન પર બેઠેલા નારદ કૌતુકથી તેની સામે જોઈ રહ્યા અને જમદગ્નિએ આંખો ઉઘાડી, અંજલીમાં જળ લેવા હાથ લાંબા કર્યા અને વસ્ત્રમાંથી રેડેલા જળવતી સૂર્યને ત્રણ અંજલી આપી.

આમ પ્રાતઃકર્મ પુરૂં કરી જમદગ્નિએ પહેલાં નારદનો સત્કાર કર્યો. અને પછી બન્ને રેણુકા તરફ ફર્યા. બન્નેની નજર એ ઝોળી ઉપર સ્થિર થઇ. આશ્ચર્યથી જમદગ્નિએ પૂછ્યું: "ભગવતિ, આમ કેમ?" આંખો નીચી ઢાળતાં તેણે જવાબ આપ્યો, "ગોળી ફુટી ગઇ અને નવી ગોળી લઇ આવવા વખત નહોતો એટલે ભગવતિ નર્મદાએ કૃપા કરી આ વસ્ત્રનું વાસણ બનાવ્યું છે, એ આપના તપોબળનો પ્રભાવ છે."

"અને તમારા સતીત્વનો નહિ?" મીઠાશથી હસતા જમદગ્નિએ કહ્યું, "દેવી, તમારા સતીત્વ અને તમારી એકનિષ્ઠાએ કુદરતનો ક્રમ ઉલટાવ્યો છે."

અને નારદે કહ્યું: "મહર્ષિ. તમારા દાંપત્યમાં પ્રકૃતિને પલટવાનું જોર છે અને હું આશા રાખું છું કે, તેનો ઉપયોગ સમાજમાં ફેલાતી જતી અંધાધુંધી દૂર કરવામાં થશે."

"આપના આશિર્વાદ ભગવાન!" બન્ને દંપતિ શીર નમાવે છે અને દૃશ્ય પુરૂં થાય છે.



મહીમાવંતી આ આકૃતિઓ નક્ષત્ર મંડળમાં સમાતાં જાણે આકાશમાં કાળી વાદળી છવાય છે. પ્રલયના મેઘ જેવી ગર્જના સંભળાય છે.

આ શું? સ્વપ્નમાં સ્વપ્ન પટ જોતાં મેં જરા આંખો ચોળી, અને જોયું ત્યાં ધૂળના ગોટેગોટ ઉડતા હતા, ભયાનક ચિત્કારો કાનને બહેરા બનાવતા હતા, યુદ્ધની આંધીમાં જાણે સ્વપ્ન પટ છવાયો હતો.

ધીમે ધીમે દૂર દેખાતું દૃષ્ય પાસે આવતાં સ્પષ્ટ થતું ગયું. એ તો હતું દેવ અને દાનવોનું છેલ્લું યુધ્ધ. અને દૃષ્ય સ્પષ્ટ થતાં દેવોની તરફથી રણે ચડેલા દશરથનો રથ મારી નજરે પડયો.

અચાનક દૈત્યોની રેખા તૂટી. રથ પાસેની ધૂળની ડમરી ઓછી થઈ અને રથમાં મેં દશરથની આકૃતિ જોઇ.

પણ મધ્ય વયના છતાં સુરેખ, એવડા બાંધાના એ યુવાન રાજવીના વીરોચિત રૂપ પર મારી આંખ ટકી ના ટકી ત્યાં તો મેં તેને પડખે એક સુકુમાર, તેજસ્વી બાળાને દીઠી અને હું ચમકયો.

એ તો હતી કૈકેયી, તેની ત્રીજી વારની પત્ની-જેના રાજમાં એકકે અનાચાર નહોતો-જેની પ્રજામાં એકકેને અસંતોષ નહોતો-જેના જીવનમાં એકકે દુષ્કર્મ નહોતું એવા કૈકય રાજાની પુત્રી.

પળવાર મારા મનમાં વિચાર તરંગો ઉભરાયા. આર્યોના આદર્શો-સહચારની, જીવન અદ્વૈતની ભાવના પર સંતાન લાલસાએ ઘા કરવા માંડ્યા હતા. બહુ પત્નીત્વની હીણી પ્રથા પુરજોરમાં શરૂ થઇ હતી.

પણ હજીએ આર્યાઓની પરંપરા તો ચાલુ હતીને! પુરુષો સખા થવા વિસરે, પણ સ્ત્રી કાંઈ એમ ધર્મ ચૂકે! કૈકયરાજની લાડીલી બાળા હજી નવપરિણિતા હતી, ત્યાં પતિને સંગ્રામના કહેણ આવ્યા. તેણે સાથે યુદ્ધે ચડવાની હઠ લીધી—શચીએ જે નથી કર્યું તે તેણે કર્યું—પોતે પતિની સાથે યુધ્ધે ચડી.

વીરાસન વાળી બેઠેલા પતિને પડખે એ પણ બેઠી હતી. નાજુક એની દેહલતામાં રણચંડીનો તરવરાટ હતો. નાના એના મુખડા ઉપર બાજની એકાગ્રતા હતી, સુકોમળ એના બાહુમાં નાનકડું ધનુષ્ય હતું.

એણે પતિનું ધ્યાન ડાળ તરફ ખેંચ્યું. સમરાંગણના અનુભવી પતિએ એ દિશામાં જોયું, ડોકું ધુણાવ્યું, અને રથ એ તરફ વાળી શંખનાદ કર્યો.

લડાઇનો ઝોક અચાનક ડાબી તરફ ઝુકયો, અટપટી ચાલથી હજીસુધી ટકી રહેલા દૈત્યદળો તૂટયા-દેવોએ આશ્ચર્ય અને આનંદથી હર્ષનાદ કર્યો. રણદુંદુભી જોરથી વાગવા લાગ્યા. દૈત્યોની હરોળ તૂટી-દશરથનો વૃષભધ્વજ વેગથી આગળ ધસ્યો

અરે, આ અચબુચ કીકીયારી શેની થાય છે? ઉલ્લાસમય દેવસેના કેમ સ્થંભે છે. દશરથનો રથ કેમ ડોલે છે?-કેમ સ્થંભે છે?

હા! સંગ્રામની કટોકટીને કાળે એના રથની ખીલી તૂટીને નીકળી ગઇ છે. પૈડું ડોલવા લાગ્યું છે. રથ ચાલે તો તૂટી પડે એવું છે, માટે રથ થંભી જાય છે.

દેવસેનાના સેનાનીઓ મુંઝાય છે. દશરથ ગુંચવાય છે: નાસતા દાનવો ફરી ટોળે મળે છે. ફરી ધસારો શરૂ થાય છે.

અરે, કોઈ ખીલી લાવો-ખીલી લાવો. ઝટ રથ સાબદો કરો નહિ તો મહામહેનતે મેળવેલો વિજય પરાજયમાં પલટાશે!

ખીલી નથી મળતી, મળે છે તે બેસતી નથી. રથ ચાલે એમ નથી. આર્યોનું ભાગ્ય પરવારતું લાગે છે, દેવોનો પરાજય નક્કી લાગે છે.

ના, આર્યોના ભાગ્ય પરવાર્યાં નહોતાં. દાનવોનો નાશ નક્કી હતો. વિધિના એ નિર્માણ હતાં.

અત્યાર સુધી દુશ્મનના દળને ચકોરતાથી નિહાળતી કૈકેયીએ, એ દળોને વ્યવસ્થિત ગોઠવાતા જોયા. પોતાની સૂચનાથી થએલા આક્રમણનું ફળ નાશ પામતું જોયું. દેવોના સેનાનીઓને મુંઝાતા જોયા. દેવોના ટોળાઓને અસ્તવ્યસ્ત બનતા, વિખરાવા તૈયાર થતા જોયા.

અને જગદંબાની અદાથી તે રથમાંથી નીચે કૂદી. પલકવારના પણ વિચાર વિના તેણે રથના ખીલાને સ્થાને પોતાની આંગળી ભેરવી, અને સારથીને પડકાર કર્યો:—" રથ આગળ લે. "

પળવાર મેદની સ્થંભી ગઈ. અપૂર્વ એ દશ્યથી—અપૂર્વ આ વર્તનથી—અણકલ્પ્યા આ સાહસથી દેવનાયકો કંપી ઊઠયા. દશરથ પણ અવાક્ થયો. તેણે પુકાર્યું "દેવી! દૂર હટો."

પણ હવે સંગ્રામનો દોર તો આ સુકુમારીના હાથમાં હતો. હવે તો સેનાપતિપદ સાચ્ચે તેનું જ હતું. "પળેપળ કિંમતી છે, ત્યાં વેવલાપણા માટે વખત છે?" તેણે પ્રકૃતિસિધ્ધ સત્તાથી ઉચ્ચાર્યું. "જલદી કરો, રથ આગળ ચલાવો, "

અને એ રણચંડીના હૂકમને અવગણવાની કોની તાકાત હતી? સ્તબ્ધ બનેલા દશરથે ધનુષ્ય ઊઠાવ્યું—જડ બનેલા સારથીએ ડર પામી રથ હાંકયો—સાથે આંગળીના ટેકે રથ ટકાવતી કૈકેયી પણ દોડી.

અને અનર્ગળ ઉત્સાહના પૂર દેવોની સેનામાં ફેલાયા, ગગનભેદી ગર્જના સાથે એ દળો ચાર ગણા બળથી ઉપડયા.

દૂર ટેકરી પર ઉભેલા દાનવોના આર્ય સેનાપતિ તિમિધ્વજે દશરથના રથને ધસતો જોયો. એને ટેકવતી એક અરાઢ વર્ષની કોમળ બાળાને જોઈ. અને "જ્યાં આવી બાલિકા યુદ્ધે ચડે ત્યાં વિજયની આશા વ્યર્થ છે." એવું કહી તેણે પારોઠના પગલાં માંડયા, અને દાનવોમાં નાસભાગ શરૂ થઇ.

વિજયના કેફથી ગાંડાતૂર બનેલા દેવોએ એ નાસભાગ પૂરી કરી.

દશરથે રથ થંભાવ્યો. નાસતા દાનવોના સર્વનાશ માટે પાછળ પડવાની ઘોડેસ્વાર દળને સૂચનાઓ મોકલી, અને તે નીચે ઉતર્યો.

દેવસેનાના નાયકો પણ રથને વિંટળાઈ વળ્યા.

અને કૈકેયીએ પૈડાના છિદ્રમાંથી આંગળી બહાર કાઢી; એનો કૂચ્ચો થઈ ગયો હતો.

મોં પર જરાયે દુઃખ બતાવ્યા વિના, તેણે લોહી છટકાવી નાંખ્યું, અને કાંડા આગળ સાડીનો છેડો બાંધ્યો.

અને ઇંદ્રપુત્ર જયંત પોતે આગળ આવ્યા, એણે વિજયની નિશાની રૂપ વૈજયંતિ માળા દશરથના ગળામાં આરોપવા માંડી.

દશરથે એ માળા હાથમાંથી લીધી, અને દેવોના હર્ષનાદ વચ્ચે કૈકેયીના ગળામાં આરોપી.

સામ્રાજ્ઞીની છટાથી તેણે તે માળા સ્વીકારી, પણ તરત તે ગળામાંથી કાઢી.

"મારૂં સર્વસ્વ તમારૂં જ છે ને." આર્યનારીનો મહિમાવંતો બોલ તેણે ઉચ્ચાર્યો, "આ માળા તો અહિંજ શોભે." અને તે માળા તેણે પતિને ચરણે ધરી.

અને અમરોએ આનંદથી તાળી પાડી. પણ માળા ધરાવતા હાથની કુચ્ચો વળી ગએલી આંગળી પર સર્વનું ધ્યાન ગયું.

તરત અશ્વિનોનો સહચારી સુષેણ આગળ આવ્યો. તેણે એ આંગળી પર અમૃત રેડયું.

અને અનેકવિધ ભાવોથી રૂંધાતા સ્વરે દશરથે કહ્યું, 'દેવી, તમે આજે સ્વર્ગનેયે ઉધ્ધાર્યું છે. તમે ઇક્ષ્વાકુ કુળને તાર્યું છે. માંગો, આ એવડા કાર્યના બદલામાં મારી પાસે ગમે તે બે વરદાન માંગો."

ભીષ્મે જેને સર્વોત્તમ રાજર્ષિ ગણ્યો હતો એ કેકયની પુત્રી :શું માંગે? એણે મોહક સ્મિત કર્યું. "તમારૂં તે બધું મારૂં જ છે ને." અનાદિકાળથી આર્યાઓનો અણપૂર્યો અભિલાષ એણે ઉચ્ચાર્યો. "તો મારે શું માંગવાનું હોય?"

અને દેવાંગનાઓમાં દુર્લભ આ સર્વ સમર્પણની ભાવના જોઇ અમરો સ્તબ્ધ થયા. દશરથ પણ એટલુંજ બોલી શક્યો, "તમારૂં કહેવું સાચું છે છતાં, કંઈક પણ માંગો."

"મારે શી ઉણપ છે; નાથ? છતાં કદી જરૂર પડશે તો તે વેળા માંગીશ."

હવે જયંતે કૈકેયી પાસે આવી અંજલી કરી. "માતા, તમે અમરોને આજે અભય આપ્યું છે. તેનો બદલો આપવા કહેવાનું અમારૂં ગજું નથી.

એવું કહી અમે તમને અપમાનીએ પણ નહિ, છતાં અમારી પાસેથી કાંઇ પણ માંગી અમારા ઋણભારને હલકો કરો,"

"દેવકુમાર," સામે અંજલી ધરી કૈકેયીએ કહ્યું, "હું તો નાનું બાળક છું. મને આવું કહી તમે શરમાવો નહિ. અને અર્ધે ઇંદ્રાસને બેસનાર કુકુત્સ્થના કુળમાં વરેલી મને શી ખોટ છે? હા, એટલું થાઓ કે રઘુના વંશમાં સદાએ શૌર્ય, સૌજન્ય અને ટેક વાસો વસે."

અને ચિતોડ, નેપાલ અને શિવાજીનો ઇતિહાસ સાક્ષી પુરે છે, કે કૈકેયીની આશા પુરેપુરી ફળી છે

જીવનસહચારના આ દ્રશ્યથી મારૂં હૃદય ભરાઇ આવ્યું, આજ કૈકેયીને આપણે કેટલો શાપ આપીએ છીએ! ત્રણ પત્નીના પતિએ જીવનસખા થવાની કળા વિસારી, પતિની આવી અજોડ સહચરી, પુત્રની એ વીજ પ્રેમાળ માતા બની, અને ક્ષણિક મગજ ગુમાવી તેણે પોતાના પુત્ર માટે રાજ્ય માંગ્યું–કોણ માનવી ભૂલ નથી કરતું? છતાં આટલી ભૂલનો કેવો દંડ ઇતિહાસે આને દીધો છે?

અને કૈકેયી જેવી જ અદ્દભૂત માતાને ભરત જેવો પુત્ર સાંપડે! રામાયણ અને મહાભારતના અસંખ્ય પાત્રોમાં ભરતના જેવું—માત્ર ભિષ્મને કદાચ બાદ કરતાં, બીજુ એકકે પાત્ર નથી. કૈકેયીને વગોવનારા વાલ્મિકિએ પોતે રામને મોઢે કહેવડાવ્યું છે, કે:

"તારા જેવો ધન્ય કોણ હોય! તારા બરોબરીઓ કોણ હોઇ શકે? જે પ્રયત્ન વગર મળેલા રાજ્યનો ત્યાગ કરવા ઇચ્છે છે!"

ખરે, આવા પુંત્રરત્નની માતામાં દૂષણ સંભવેજ શેનું? અને એની વત્સલતાનો એને દંડ ઓછો મળ્યો છે?

ભગવતી કૈકીયી, તને અન્યાય કરનારાં પામર છે,–પણ તને પારખવાં જે હૃદય અને ભાવનાં જોઇએ તે કોનામાં છે?

[૧૧] પતિમય જીવન

અને કૈકેયીનો ઇતિહાસ વિચારતા ઊઠેલા ઉદ્વેગથી જાણે સ્વપ્ન પટની ઉપરના અજવાળા પણ ઝંખવાતા લાગે છે. અત્યાર સુધીના સર્વે ચિત્રો ઊગતા પરોઢના જેવા સુનેરી, આછા ગુલાબી પ્રકાશ પટની પાટી પર આલેખાતા હતા. હવે તેને સ્થાને સંધ્યાનો ઘેરો રતુમડો પટ દેખાવા લાગ્યો,—જાણે આર્યાવર્તની સંધ્યાના મંડાણ થયા હોય.

અને એ પટ પર મેં એક સાથે ત્રણ આકૃતિ જોઇ.

જે વંશે બ્રાહ્મણોને યે બ્રહ્મતત્ત્વ શિખવ્યું, જેણે જગતને અજોડ અને સર્વ સંપૂર્ણ તત્વજ્ઞાન આપ્યું, જે કુળને ચરણે ભારતકાર વેદવ્યાસે પોતાના ભાગવતકાર પુત્ર શુકદેવને સત્યજ્ઞાન શીખવા મોકલ્યા, જેની છત્રછાયામાં યાજ્ઞવલ્કય, ગાર્ગી અને અષ્ટાવક્ર જેવા સમર્થ જ્ઞાનીઓ ફાલ્યા, જેની સ્ફુરણાથી વાજસનેયી સંહિતા અને અનેક ઉપનિષદો રચાયા, અરે—જે રાજર્ષિઓની પરંપરાના નિર્વિલેપ જીવન આગળ પ્રલયંકારી દાવાગ્નિ જેવો પરશુરામનો પુણ્ય પ્રકોપ લય પામ્યો, અને જેમનાં નિર્વિલેપ જીવન જ શ્રી કૃષ્ણના ગીતાધર્મના પાયારૂપ છે, તે ઇતિહાસમાં અજોડ એવા જનક કુળની તે કન્યાઓ હતી. મધ્યમાં ઊભી હતી સ્ત્રીઓને થતા સનાતન અન્યાયના પ્રતીક જેવી સીતા; એને જમણે પડખે દૂર ઉભી હતી ઊર્મીલા (જેને વાલ્મિકિ જેવા સહૃદય કવિએ ઉવેખી છે, અને રવીંદ્ર જેવા કવિએ જેને કાવ્યમાં પહેલીવાર સ્થાન આપ્યું છે,) અને ડાબે પડખે આછી દેખાતી ઉભી હતી ભરતપત્નિ માણ્ડવી એને તો સંભારવાની હજી કોઇને પડી નથી.

ઉદ્દાલકે શોધેલો લગ્નનો મહામંત્ર તો ક્યારનો ભૂલાયો છે—રુરુ, અગત્સ્ય અને વસિષ્ઠની પરંપરા લય પામવા લાગી છે. વેદકાળના આર્ય આદર્શો તો ક્યારના પુરા થયા છે, હવે તો આવ્યો છે રામાયણ-મહાભારતનો એક પત્નીત્વ જેમાં અલૌકિક ગણાતું એવો ઇતિહાસ યુગ—અને તે યુગની આ પ્રતિમૂર્તિઓ.

અને મારું સ્વપ્ન પણ પલટો લે છે. હવે ઝડપી., મૂક દશ્યો વધારે દેખાય છે. બેક ગ્રાઉન્ડ મ્યુઝીક–પટાંતર સંગીત વધારે સ્પષ્ટ થાય છે.

અને કરૂણા રેલતા એ સંગીતમાં આ ત્રણે આકૃતિઓ મુંગી મુંગી તરે છે.–જાણે મુંગો ઠપકો આપતી હોય તેમ.

અને પલકમાં ચિત્ર બદલાય છે. એકલી સીતાનું જીવન જાણે આલેખાય છે.

પહેલાં દેખાય છે પરશુરામનું ત્ર્યંબક પલાણતી સાત વરસની બાળા–દાનવેન્દ્ર દશગ્રીવ રાવણના અગાધ બાહુબળને ભોંઠું પાડનાર આ ધનુષ્યનો દંડ તેણે આસાનીથી ઉપાડયો છે, અને દેવ દાનવ અને ક્ષત્ર સમૂહ જેનાથી ત્રાસતા તે પરશુરામ અને સીતાના પિતા જનક એ દશ્ય આશ્ચર્યથી જોઈ રહે છે......

અસુર દળો સંહારની અંબિકાની કલ્પના આ કથાએજ આપી હશે ને! તેનું બાલવય પણ આવું સમર્થ હોવું જોઇએ.

અને પછી હું જોઉં છું, સીતા સ્વયંવરની પૂર્ણાહુતી. હજુ તો લગ્ન મંગળો પુરાં થાય છે, ત્યાં દિગ્પાળો ડોલે છે, મેદિની સ્થંભે છે, વાયુ પણ ત્રાસ પામે છે.

કારણ કે દૂરથી આવે છે હિમાલય શો અડગ, કાલાગ્નિ શો દુઃસહ પરશુરામ–ક્ષત્રિય કુળનો અનિવાર્ય સંહારક.

પુરાણ કાળની ભાવના નીચે લખતા ભવભૂતિએ સીતાને ભારે અન્યાય કર્યો છે. એણે કલ્પી છે એના જમાનાની—સમાજની નિષ્ઠુર ચક્રોમાં ચગદાયાથી નિઃસત્વ બનેલી કો ડરપોક, કોમળ હૃદય નારી.

પણ ભગવાન શંકરના ધનુષ્યને રમાડનાર, વસુંધરાની એ પુત્રી મને તો જુદે રૂપે દેખાય છે. દાનવોનો સંહારક દશરથ ક્ષોભ પામે છે. ચાપ અને શાપ બન્નેથી શત્રુ સંહારે એવો જનક પણ આ ભય સામે લાચાર છે. બ્રહ્મવર્ચસના અધિષ્ઠાન જેવા વસિષ્ઠને માર્ગ સુઝતો નથી. નવું બ્રહ્માંડ સરજવાની શક્તિ ધરાવનાર વિશ્વામિત્ર પણ પોતાનાથી બલિષ્ઠ પોતાના ભાણેજના પુત્ર સામે નિર્બળતા અનુભવે છે. કદાચ કૈકેયી જ આ વખતે

માર્ગદર્શન કરાવશે એવું મને ક્ષણભર લાગે છે. ત્યાં હજુ સુધી પરાજય નહિ અનુભવેલા રામના હૃદયમાં આજુબાજુનાંની ભીતિ કે અશ્રદ્ધાનો સંચાર થાય તે પહેલાં તેના ડાબા હાથમાં એક નાજુક હાથ સળવળે છે. તેના હાથને એની નવપરિણિતા સ્ત્રીનો હાથ શ્રદ્ધા અને દૃઢતાથી દાબે છે. તે પડખે ઉભેલી પત્નીના સામે જુએ છે, તેની આંખોનો ઉત્સાહ વાંચે છે, અને તેની નસોમાં રણોત્સાહ વ્યાપે છે.

અને પછી તો ગાંધર્વોએ ગાયું છે તેમ रघुकुल कुलेन्दुर्विजयति ।

* * * *

અને દૃશ્ય પલટાય છે. રામે વનવાસના વાઘા સજ્યા છે. સીતાના હાથમાં પોતાના વનવાસના વાંધા છે. રામ પૌરાણિક વેવલાઓની બધી દલીલો કરે છે. સીતાનો જુના આર્યત્વને અનુરૂપ–લોપામુદ્રાના જેવો–એક જ જવાબ છે. "હું આવી છું તમારી સાથે, તમારા જીવનની સંગાથિની તરીકે–કોશલના રાજપદને મારે લેવા દેવા નથી.–મારો ધર્મ તમારે પડખે રહેવાનો છે." સત્પંથે વળતી સ્ત્રીને કોણ રોકી શકે છે?

અને દૃશ્ય બદલાય છે–જનસ્થાનના નિર્જન અરણ્યને સંસ્કારવન્તુ કરતી જાનકી દેખાય છે, અને લય પામે છે. અને દેખાય છે લીલમ-લીલા લંકાની અશોક વાટિકા.

દેવોનેય વશવર્તી બનાવનાર રાવણ સીતાને કેમ વશ ન કરી શક્યો? મહાન્ વ્યક્તિઓની મહત્તા સમજવાની જેમણે લાયકાત ગુમાવી હતી એવા પુરાણકારોએ તો ખુલાસો કર્યો છે, રાવણને શાપ હતો કે કોઇ પણ સ્ત્રી પર એની ઇચ્છા વિરૂદ્ધ એ બળાત્કાર કરે તો મરણ પામે. પણ એ શાપથી. ડરે એવો ભીરૂ રાવણ હતો? કે એ શાપનો પ્રતિકાર કોઈ રીતે મેળવવાનો માર્ગ એ દેવોને દાસત્વ કરાવનારને મળે એમ નહોતો?

પણ ખરૂં કારણ તો બીજું જ લાગે છે. સંકલ્પ માત્રથી પ્રાણ છોડી શકે એવી સ્ત્રીને એ સતાવી કેમ શકે? તેમજ જેણે બાલવયમાં ત્ર્યંબકને રમાડયું હતું, તેના સત્વને ઉશ્કેરવામાં શો માલ હતો?

ગમે તે હોય–મેં તો મારા સ્વપ્નપટમાં રાવણને સીતા પાસે આવતો અને જતો જોયો. તે આવતો ઉત્સુકતાથી–પણ સીતાના સ્થિર, શાંત અને સ્વસ્થ વદન પર નજર ટેકવવા તેની તાકાત નહોતી. અને હમેશાં તે મનની વાત મનમાં રાખી, બોલ્યા ચાલ્યા વગર પાછો જતો જોયો. અજીત સ્ત્રીત્વના અણનમ, શાંત બળને તેનો આત્મા પિછાની લેતો, અને આર્યોમાંયે અનુપમ એવો તે રાક્ષસ એ બળને આર્યોએ ભવલેજ આપ્યું છે એવું માન આપતો.

પછી પ્રસંગો ઝડપથી પલટાવા લાગ્યા. સંપૂર્ણ સત્ય ને ક્ષતિ આવે એવા પગલાં લઈ રામે વાનરસેના એકત્ર કરી, અને લંકા પર સ્વારી કરી, અને એ રીતે અનાર્યોની એ જાતિ પાસે એકમેકનો ધ્વંશ કરાવ્યો.

આ વખતે રાવણે સીતાને માયાથી છળવા પ્રયત્ન કર્યો. આનો વિચાર કરતાં સ્પષ્ટ લાગે છે, કે સીતાના સતિત્વ પરજ આ યુદ્ધના જય પરાજયનો આધાર હતો. શંખચૂડ–જેમ વૃંદાનાં સતિત્વ પર જાલંધરના આયુષ્યનો હતો તેમ. પણ આર્યોએ વગોવેલો આ રાક્ષસ રાજા પૌરાણિકોના વિષ્ણુ જેવો સતીના પતિનો સ્વાંગ લેવાનો હલકો ઉપાય ન આદરી શક્યો. તેણે રામના મૃત્યુનું માયાવી દૃશ્ય દાખવ્યું, પણ સતી એમ છેતરાય એમ નહોતું.

અને સતીનું સત ટક્યું–રાવણ હાર્યો અને રામ જીત્યા.

અને પછી આવે છે શરમ ભરેલો અગ્નિ સ્નાનનો પ્રસંગ–અગ્નિ કે જેના સ્પર્શથી પવિત્ર થાય છે એવું માનનાર રામ સીતાને તેના સતીત્વની પરીક્ષા આપવા અગ્નિમાં મૂકે છે. એ મર્યાદા પુરૂષોત્તમ હોય તો તેનું અજ્ઞાન આપણને અચંબો પમાડે છે, અને લોકસંગ્રહ ખાતર તેમ કર્યું હોય તો મન કરતાં દેહને, ભાવના અને વિચાર કરતાં આચારને મહત્વ આપવામાં તે લોકમાનસને અધોગતિ તરફ દોરે છે.

આવા કાંઇ વિચારો મારા મનમાં ઊઠયા. ત્યાં તો આવ્યો સીતા વનવાસનો બીજો પ્રસંગ. એક નીચ પુરુષના મિથ્યા અપવાદથી ભરમાઇ, લોકસંગ્રહના ખોટા ખ્યાલથી પ્રેરાઇ, પોતાનાંજ સંતાનને ગર્ભમાં ધારણ કરતી એવી પત્નીને રામ તેને પોતાનો પક્ષ સંભળાવવાની તક આપ્યા વિના છેતરીને વનવાસમાં મોકલે છે. અને ત્યાં એને સંઘરે છે કોણ? અનાર્યમાંથી આર્ય બનેલા વાલ્મિકી!

આર્યત્વના આહ્રાસથી, સ્ત્રીત્વના આ અપમાનથી મારાં નેત્રો અજપ બને છે, આંખે પટ દેખાતો બંધ થાય છે, છતાં લક્ષ્મણની જોડે રામને છેલ્લો સંદેશો મોકલતી સીતાના અવાજ કાન પર પડે છે;—

साहं तपः सूर्यनिविष्टदृष्टिरूर्ध्वं प्रसूतेश्चरितुं यतिष्ये ।
यथा पुनर्मे जननान्तरेऽपि त्वमेव भर्ता न च विप्रयोगः ॥

સીતાનો આભાવપુર્યો શ્લોક કાનમાં ગુંચતો હોય છે, ત્યાં દૃશ્ય બદલાય છે, અને આભવનવાસનો નિર્ણય થયો તે દિવસ પાછો દેખાય છે. લક્ષ્મણ પણ રામ જોડે જવાના છે, એ વાત જાહેર થઇ ગઇ છે, અને તેની પત્નિ ઊર્મિલા આતુર નયને તેની વાટ જુએ છે. તે પોતે પણ સીતાના જેવી જ જનકકુળની રાજપુત્રી હતી તેને પણ પ્રતાપી અને પ્રેમાળ પતિ મળ્યો હતો. તેને પણ પોતાને શું કરવું તે નક્કી કરવાનું હતુ.

લક્ષ્મણ આવે છે, વસ્ત્રાલંકાર ઉતારી નાંખી તેણે વલ્કલ ધારણ કર્યા છે, અને પત્ની વીષેની ચિંતાથી તેનું ચિત્ત આકુળવ્યાકુળ છે.

ઊર્મિલાએ પતિને પ્રણામ કર્યા અને તેમની બોલવાની રાહ જોતી ઉભી રહી.

ગંભીર અવાજે લક્ષ્મણે પુછ્યું, "તમે શું નિશ્ચય કર્યો છે દેવી?"

"નાથ," ઊર્મિલાએ હાથ જોડતાં કહ્યું "આર્યાઓના રીતરીવાજ તમારાથી કયાં અજાણ્યા છે ?"

"એટલે તમે જોડે આવવા માગો છો? કે પાછળ રહેવા માગો છો કે પછી પિતાને ઘેર જવું છે ?"

"આપની શી ઇચ્છા છે ? આપની ઇચ્છા પ્રમાણે હું કરૂં. માત્ર પિતાને ઘેર જવાની વાત પડતી મુકો. એ અપમાન આપના કુળને હું આપી શકુ નહિં."

"દેવી, આ બાબતમાં મારી ઇચ્છા ચાલે નહિ. હું સ્વેચ્છાથી વનવાસ સ્વિકારૂં છું, એટલે વનવાસ કે વિયોગનો તમારે માટે નિર્ણય કરીને હું અત્યાચાર કરવા માગતો નથી."

વનવાસ કે વિયોગ ! બન્ને પરિસ્થિતીનો ચિતાર આવતા ઊર્મિલા કમકમી ઊઠી અને તેનું મ્હોં ફીકકુ પડી ગયું. પણ વિયોગ કરતા વનવાસ

વધારે સારો તો ખરોજને! પતિની સાથે ગમે તેવાયે દુઃખમાંયે દિવસો નીકળી જશે. સીતાએ એમજ કર્યું હતું.ને!! પણ વનવાસનો સ્વિકાર કરતાં પહેલા જ તેના મનમા એક સવાલ ઊઠ્યો: વનવાસ જવામા પોતાનુ સુખ સધાતુ હતું પણ પતિના સુખનું શું? અને પોતે તો પતિના સુખમાં સુખ માનવું જોઈએ! ને તેણે પતિને સીધો સવાલ પુછ્યો "નાથ, આર્યોના સત્ય-પાલનના નામે હું જાણવા માગું છું કે હું સાથે આવીશ તો બોજારૂપ નહિ થઇ પડું ને? મને સાચુ જ કહેજો,"

લક્ષ્મણ વધારે ગંભીર બન્યો. તે આ સવાલનું રહસ્ય સમજ્યો. તેણે કહ્યું "દેવી, બન્ને રીતે તમે મદદગાર થઈ પડશો. સાથે આવશો તો રામ સીતાની પરીચર્યામાં સુંદર મદદ કરી શકશો. ઘેર રહેશો તો વધારે એકાગ્રતાથી હું તે સેવા કરી શકીશ."

ઉર્મીલા હસી. પતિ આખી જવાબદારી પોતાને માટે ઢોળવા માગતા હતા. ખરૂજ ને! રઘુકુળની એજ રીત હતી કે પહેલા પારકો વિચાર કરવો

તેણે જવાબ આપ્યો. "સીતાજીએ સાથે આવવું જોઇએ; કારણકે વડીલને કોઇની પરીચર્યા કરવાની નથી, પણ તમારી જવાબદારી ભારે છે, ને તેમાં હુ વધારો નહિ કરૂં."

લક્ષમણે નિરાંતનો વિશ્વાસ મુકયો, "આર્યા, ચૌદ વર્ષનો વિયોગ મારા કર્તવ્યની સરળતા માટે તમે કબુલ કરો છો! તમારા જેવી પત્ની મળવાથી ખરેખર હું ભાગ્યશાળી છું."

એક ડુમો દાબી દેતાં ફીકકુ હસીને ઉર્મિલાએ કહ્યુ "વિયોગ તો પ્રેમમાં વૃદ્ધિ કરે છે, ને નાથ? અને મારા હૃદયમાં તમે સદાયે હાજર હશો." તેનું ગળુ ભરાઈ આવ્યું, ને તેણે આંખ ફેરવી લીધી.

અને લક્ષ્મણના હૃદયમાં પણ ખળભળાટ થયો, તે નાક સાફ કરવાને બહાને બહાર ગયો અને અત્યાર સુધી સ્થિર રહેલી ઉર્મિલા જમીન ઉપર પછડાઇ પડી, અને વાતાવરણમાં મુંગુ મુંગુ કરૂણ સંગીત ફેલાઇ રહ્યું.

પતિને પગલે

રૂપલા ચિત્ર પછીના થોડા જ દિવસ પછીનો સમય છે. એ જ મહાલયના બીજા વિભાગમાં મુસાફરીની તૈયારી કરતી ભરતની પત્ની માંડવી બેઠી છે અને પાછળથી અવાજ આવે છે ' બા સાહેબ ! '

તે પાછળ ફરીને જુએ છે અને આ સર્વ અનર્થના મૂળ મંથરાને હાથ જોડીને ઉભેલી જુએ છે. તેના મ્હોં ઉપર ચોકખો અણગમો દેખાય છે, અને તિખા સ્વરે તે પૂછે છે: ' અહિં શું કામ છે, મંથરા ? ' અપમાનને ગળી જઈ મીઠું હસીને મંથરા જવાબ આપે છે "રાણીસાહેબે કહેવડાવ્યું છે કે તમે ભરતકુમારને સમજાવો કે આ ખોટી જીદ છોડી દે " " એ કામ મારૂં નથી, " રોષથી માંડવીએ કહ્યું. " મને મારા પતિની બુદ્ધિમાં વિશ્વાસ છે. એ કરતા હશે તે બરાબર જ કરતા હશે "

" પણ બા સાહેબ ! આ તો કેકય કુળને અન્યાય થાય છે, નાના રાણીના લગ્ન વખતે મહારાજાએ કબુલ કર્યું હતું કે નાના રાણીનો પુત્ર તેમના પછી ગાદીએ આવશે. એ કરારનો ભંગ થાય, એમાં કૈકય કુળનું અપમાન છે અને એમાં રાઘવોનું એ ગૌરવ ઘટે છે. "

માંડવી મરડાટમાં ખડખડ હસી પડી. "એવું માનતા હો તો તું યે ભુલે છે, અને નાની રાણીએ ભુલે છે. કુંવરજીના આ નિર્ણયથી તો ઉભય કુળનું ગૌરવ વધશે. "

મંથરા તાજુબ બની જોઈ રહી. " એવું તે બનતું હશે ? " તેણે ખાતરી ન થતી હોય તેમ પૂછ્યું.

અપ્રતિમ ગૌરવથી માંડવીની દેહલતા ટટાર થઇ. તેના મુખ પર અનેરૂં તેજ ઝળહળી ઊઠયું. " દાસી, સંસારના સ્વાર્થમાં રચેલા પચેલા એવા તમોને–સામાન્યોને–મહાપુરૂષોના કર્મોના સાચાં મૂલ્ય કરતાં ક્યાંથી આવડે ! એ સમજવા માટે પણ હૃદયની વિશાળતા જોઇએ છીએ. " જરા શોભી કપાળ પર હાથ ફેરવી, તેણે ઉમેર્યું, " રાજ્યો માટે તો પિતા પુત્રને

અને પુત્ર પિતાને હણે છે. ભાઇઓ એકમેકના ગળા કાપે છે. મારા પતિ એક જ એવા છે, કે જે યત્ન વગર મળેલા રાજ્યને સ્વીકારતા નથી. એવા મહાનુભાવ પતિની પત્ની હું એમનો, એમના લોકોત્તર કાર્યમાં વિરોધ કરૂં ? તો તો મારા જીવતરમાં ધુળ જ પડી, ને! જા, ચાલી જા, ફરીથી આવી હલકી વાત લાવીશ નહિં."

અને નીચું મોં રાખી મંથરા વિદાય થઇ. જતાં જતાં મોં મચકોડી બબડતી ગઈ, "બેય સાગર ઘેલડાં છે. મારે શું ? હાથે કરી સ્વાર્થ ચૂકે તેને કરીએ પણ શું ?"

અને દૃશ્ય પલટાય છે. ચિત્રકૂટની પવિત્ર છાયામાં રામ અને ભરત મળે છે, પણ રામનો નિશ્ચય ડગતો નથી. પ્રેમ કરતાં કર્તવ્યને શ્રેષ્ઠ ગણનાર રઘુ કુળનું લોહી કસોટીમાં પાર ઉતરે છે.

સમર્પણમાં નિષ્ફળ નિવડેલો ભરત પોતાનો તંબુ શોધે છે. ઋષિઓનાં નિર્ણયની રાહ જોતી માંડવી ત્યાં બેઠી છે.

ભરતના મુખ પરથી જ તે તેની નિષ્ફળતા સમજી જાય છે, છતાં પૂછાઈ જાય છે, "વડીલે ના માન્યું ?"

હકાર સૂચવતું માથું ધુણાવી ભરત ભોંયે ફસડાઈ પડે છે. લાગણીઓના યુદ્ધથી તેનું હૃદય ભરાઇ આવે છે,

અને માંડવી એકાગ્ર મને વિચાર કરે છે, ઊઠીને પતિ પાસે આવે છે, અને તેનો હાથ પસવારે છે.

"નાથ, શા માટે નિરાશ થાઓ છો ! એ એમનો ટેક ન છોડે તો આપણે પણ આપણો ટેક જાળવી બતાવીશું."

મુંઝાતો હોય તેમ ભરત તેની સામે જોઇ રહે છે. "શી રીતે ?" એ ટુંકો પ્રશ્ન જ પૂછે છે.

જાણે સાદી જ વાત કરતી હોય તેમ તે જવાબ આપે છે, "વડીલ વનવાસમાં રહે, ત્યાંસુધી તમે વાનપ્રસ્થ રહો, અને એમના વતી રાજ્ય સંભાળો: તમે વનવાસ અને રાજ્યભાર બન્ને સહન કરો."


ભરત આશ્ચર્યથી માંડવી સામે જોઇ રહ્યો. શો સરસ ઉકેલ તેણે બતાવ્યો હતો! તેના હૃદય પરનો ભાર ઉતરી ગયો. પણ એક નવી મુંઝવણ થઇ.

" પણ, દેવી, તો તમારૂં શું?"

નયનો નીચાં ઢાળતાં તેણે ધીમેસ્વરે કહ્યું, "જે ઊર્મિલાને આવડયું તે મને નહિ આવડે? મારે પણ ત્યાંસુધી વાનપ્રસ્થ પાળવું જોઇએ ને!"

બળવાન આવેગથી ભરતે તેને આલીંગન દીધું, "દેવી, અમારા ત્યાગમાં રાચતા અમે હવે જ સમજી શકીએ છીએ, કે તમોજ ખરી ત્યાગિનીઓ છે અને અમારો ત્યાગ તમારા ચારિત્રને લીધેજ છે."

અને ઉછળતા આનંદનું સંગીત વાતાવરણને ભરી દે છે.



વિરામ

પટાંતર

આદિ કવિના વચનો

જનક પુત્રીઓનાં ભવ્ય દર્શનથી મારૂં હૃદય ઉભરાતું હતું, ત્યારે પણ મનમાં ઉંડે ઉંડે સીતાત્યાગના પ્રસંગથી ઉપજેલો ભગવાન વાલ્મિકિ પરનો રોષ સળવળતો હતો. તેમજ તે સાથે એક એવો ભાવ પણ આવ્યો હતો, કે આ તો ઈતિહાસના આધાર વગરની દંતકથાઓ છે. પુરાણકાળની કાલ્પનિક વાર્તાઓ છે. ટુંકમાં સ્ત્રીઓના શોષણ માટે બ્રાહ્મણોએ મારેલાં ગપોડાં છે.

આવા વિચારોમાં હું મશગુલ હતો, ત્યાં તો ચિત્રપટ લોપ થયું. સામે સફેદ રંગનો પ્રકાશ પડ્યો, અને વિરામ સૂચવતા વેદકાલિન મંત્રોનું ભવ્ય સંગીત રેલાવા માંડયું, અને હું આંખો બંધ કરી મારા ઉપર જણાવેલા વિચારો ઘોળવા લાગ્યો.

મારૂં હૃદય જાણે નિર્મળ કાચની આરસી જેવું હોય તેમ તેના છૂપા છૂપા વિચારો પણ પકડાઇ ગયા હોય એમ લાગ્યું; કારણ કે અચાનક સંગીત બંધ થયું, આકાશ ફાટતું હોય તેવો એક અવાજ થયો, મેં ચમકીને આંખો ઉઘાડી અને સફેદ પટ પર ભુરા ફોકસમાં તરતી એક આકૃતિ જોઈ.

હું ટટ્ટાર થઇ ગયો. આંખો ચોળી, તીણી બનાવી એ આકૃતિને ઓળખવા પ્રયત્ન કરવા લાગ્યો.

શ્યામવર્ણું, છતાં ઊંચું અને પ્રતિભાવાન તેમનું શરીર હતું. વેષભૂષા ઋષિની હતી, અને આંખોમાં બ્રહ્મચર્યત્વનું તેજ હતું.

અને જાણે જયનાદ થતો હોય તેમ સંગીતના સૂર બદલાય છે, અને ભગવાન્ પ્રાચેતસ-મહર્ષિ વાલ્મિકીનો જયનાદ થાય છે.

જેના ઉપર હું મનમાં કટાક્ષ કરતો હતો, તેમનેજ સામે જોઈ હું જરા ગભરાયો. તેમણે પોતાની આંખો મારી આંખોમાં પરોવી, અને મેં તેમને પ્રણામ કર્યા.

મહર્ષિના ઓઠ ઉઘડયા. માયાથી ભરપૂર છતાં ગૌરવથી ઘેરો સ્વર મારે કાને પડયો. "કલિયુગના માનવી, વિરાટ યુગની મહાન ભાવનાઓને વામનયુગના તારા ગજથી શા માટે માપે છે? અમારા શબ્દો, અમારા કાવ્યોમાં ઘણાં ફેરફાર થયા છે; મધ્યયુગના બુદ્ધિહિનોએ એમાં પોતાના સંકુચિત ભાવો ડાહ્યા છે, અને એમ માનવ રૂપે નારાયણ એવા મહર્ષિ વ્યાસ અને મેં વહેવડાવેલી નિર્મળ ગંગાના નીર ડહોળી નાંખ્યાં છે, ગંદા કર્યાં છે, અને તેની પારદર્શકતા, આરોગ્યમયતા અને સંવર્ધક પોષકતા નષ્ટ કર્યાં છે.

"છતાં હજી એ નીરમાં અનેક રત્નો ઝળકે છે, એમાં હજી સમાજના પુનરૂદ્ધાર–માનવના કલ્યાણની તાકાત છે."

"કારણ કે આદર્શો આંખ આગળ રજુ હોય તો કોઈ દિવસ પણ ભાવનાઓનો જન્મ થાય. ભવ્ય આદર્શ અને સુંદર ભાવનાને શક્તિ પ્રમાણે અનુસરવાનું કોઈક દિવસ પણ મન થાય. અને એ અનુસરણમાંથી જ સમાજના સીમાસ્તંભો પ્રગટે છે, સમાજનું ચારિત્ર્ય ઘડાય છે, અને કુદરતના કહેરથી નીચે પડેલો સમાજ ફરી ઊંચે ચડવા લાગે છે." સ્વર જરા શાંત થયો, એમનાં વાકયો મનમાં ઉતારતો હું અંજલી જોડી નમી રહ્યો.

અને ફરી સ્વર આવ્યો, "તને આ કથાઓ કલ્પનાના પાયા પર રચેલી લાગે છે. ભૌતિક પાર્થિવવાદમાંજ માનનારો હાલનો મનુષ્યવર્ગ ભલે એમ માને! છતાં એની કિંમત ઓછી છે? એ કથાઓએ કૈંક પરાક્રમી જોડલાં ઘડયાં છે, અને એ સિદ્ધિ ઓછી છે? ભાવનાની તારી ભૂખથી જ ચિત્રપટો જોવા ભાગ્યશાળી થયો છે. અને હજીએ તું ઇતિહાસ-કાળમાં બનેલા ચિત્રો જોશે."

મેં નરમ બની જઈ માથું નમાવ્યું, અને ફરીથી દૂર જતો હોય તેમ સ્વર આવ્યો, "યાદ રાખજે કે આદર્શ અને ભાવના એ હરકોઈ રાષ્ટ્રનું અણમોલ ધન છે. એના પર રાષ્ટ્રની મહત્તા અને અસ્મિતાનો આધાર છે. એનો જે દ્રોહ કરે છે તે રાષ્ટ્ર અને માનવકુળનો દ્રોહ કરે છે."

સ્વર શાંત થયો. અદ્ધર ચઢતા ફોકસમાં આકૃતિ લીન થઈ.

ન સમજાય એવા ભાવો અનુભવતો હું મૂઢ જેવો બેસી રહ્યો.

અને નાટકનો સૂત્રધાર નેપથ્યમાંથી બોલતો હોય તેવો અવાજ આવ્યો, "બતાવેલાં ચિત્રો કરતાં યે વધારે ભાવવાહી એક ચિત્ર કાપી નાંખવામાં આવે છે, કારણ કે ઇતિહાસકાળ પૂર્વેનું હતું, અને એમાં પ્રસંગો નહોતા. એ હતું ગાંધારીનું ચિત્ર–જેણે પતિ અંધ છે તે જાણતાંજ આંખે પાટા બાંધ્યા હતા, અને જીવનભર અંધત્વ વેઠ્યું હતું. આમ પતિનાં સર્વાંગી અનુકરણનું આ સુંદર ચિત્ર રજુ ન કરવા બદલ અમે દિલગીર છીએ" અવાજ બંધ થાય છે. આછું સંગીત રેલી રહે છે, અને બીજા ભાગની શરૂઆત સૂચવતા ટકોરા વાગે છે.

એ રીતે 'હસ્તમેળાપ'નો બીજો ખંડ શરૂ થાય છે,



શાંત સંગીતને બદલે કલ્લોલનું થડકતું સંગીત સંભળાય છે, અને તેમાં શંખ, રણભેરી, પડઘમ વિગેરે યુદ્ધ સૂચક નાદો ઉમેરાય છે.

પણ આતો યુદ્ધનો દેખાવ નથી. આતો લાગે છે રમત ગમતની હરીફાઇ! કારણ કે એક બાજુ નગરનારીઓ શાંતિથી બેઠી છે, બીજી બાજુ પુરુષો વિશેષિત ઉત્સુકતાથી રમતો નિહાળે છે, કુમારો અને કુમારીઓનાં ટોળાં તેમાં ભાગ લેવા ગોઠવાતાં હોય છે.

એ નગર છે કપીલવસ્તુ–શાકયોની રાજધાની ઉત્તરે હિમાલય અને દક્ષિણે શીવાલિકથી રક્ષાયેલી એ પ્રજાએ પોતાની નવીજ સમાજસંસ્થા ઉભી કરી હતી. એમનામાં ગણ મહાજનોની સત્તા હતી, એમના આગેવાનો બધા રાજા કહેવાતા. એકજ રાજાની સત્તા સ્વીકારવા આ સ્વાતંત્ર્ય પ્રેમી પ્રજા તૈયાર નહોતી.

કુદરતથી રક્ષાએલા છતાં સંખ્યાએ અલ્પ એમને લડાયક બળ કેળવવાની જરૂર હતી, આથી દરેક પુરૂષ અને સ્ત્રી આજે તેમની વાર્ષિક હરીફાઈનો ઉત્સવ ઉજવતા હતા. આવા ઉત્સવોથી તેઓ લડાયક ખમીર જાળવતા અને તરૂણોમાં સારી સ્પર્ધા ઉત્પન્ન કરતાં. ઢોલકો જોરથી વાગે છે, ઉભા રહી કરવાની તીરંદાજીની હરીફાઇ પુરી થઇ છે; હવે દોડતે ઘોડે નિશાન તોડવાની હરીફાઇ છે.

ઘોડા ઘુમાવતા કેટલાક કુમારો આવે છે. દરેકે દોડતે ઘોડે ભાલાથી ધાર્યું નિશાન પાડવાનું હોય છે.

એ પ્રમાણે દોડતે ઘોડે તીર મારવાની, પટાની, એમ ઘણી હરીફાઇઓ થાય છે. શાકયોનાં મુખ્ય રાજા શુદ્ધોદનના પુત્ર સિદ્ધાર્થ કુમારોમાં સૌથી વધારે કુશળતા બતાવે છે.

અને એવી જ હરીફાઇઓ કુમારીકાઓમાં થાય છે, તેમાં આગળ તરી આવે છે. યશોધરા

તે દિવસે જ બન્નેનું વેવિશાળ નક્કી થાય છે, અને થોડા દિવસમાં લગ્ન લેવાય છે.

પરણીને ઊઠયા પછી તે પોતાના સસરાને પગે લાગે છે. શુદ્ધોદન તેને માથે હાથ મૂકે છે, અને કહે છે. "બેટા તારા પતિના જન્માક્ષરમાં લખ્યું છે કે તે ચક્રવર્તી થશે કે મહાયોગી થશે, એને સંસારમાં બાંધી રાખવાની ચોકસાઇ રાખજે.

અને પોતાનાં સૌંદર્ય અને શક્તિમાં વિશ્વાસ ધરાવતી તે મીઠું હસી માથું નમાવે છે.

અને પછીનું દશ્ય છે, રાજકુળના એક મહોત્સવનું. અખંડ રાસ જેવાં તેમનાં લગ્ન જીવનને ફળ સાંપડયું છે. યશોધરાને પુત્ર પ્રસવ્યો છે, અને ગામ આખું ઘેલું થઇ તેનો ઉત્સવ ઉજવે છે.

શિકારે ગયેલો સિદ્ધાર્થ સાંજે ઘેર આવે છે. ત્યાં તેને આ મંગળ વધાઇ મળે છે.

અરે! તેના મુખ ઉપર ઉપજેલો આનંદ કેમ લોપ પામે છે? તેના મુખપર ગંભીરતા કેમ ફેલાય છે? તેના હૃદયના ઉછળાટ કેમ શાન્ત થઇ જાય છે.

મહાભાગ્ય જેવો ગણાતો પુત્ર જન્મ તેને બંધન જેવો કેમ લાગે છે?

તેને ઉંઘ આવતી નથી, તે અગાશીમાં ફેરા આંટા મારે છે. નક્ષત્રો જાણે એને પોકારે છે, "જગત્ કલ્યાણ કરવાનું છોડી કેમ બેસી રહ્યો છું?" તે નિશ્ચય પર આવે છે.

અને તે રાત્રે તે સંસાર ત્યજવા નિર્ણય કરે છે!

મહેલમાં સર્વત્ર સુનકાર છે. ગામ આખું ઉંઘમાં પડયું છે, અને સિદ્ધાર્થ પોતાના વિશ્વાસુ અનુચર છન્નને ઘોડા તૈયાર કરવા કહે છે.

નીકળવાની પળ આવી છે, સિદ્ધાર્થ સજ્જ થઇ બહાર નીકળવા જાય છે. ત્યાં તેના પગ અચકાય છે. "એકજવાર મારે, એકજવાર મારે જોઇ લઉં" તે બબડે છે. ઉંબરા આગળ તે થોભે છે અને પાછો વળવા વિચાર કરે છે. 'જો તે જાગતી હશે તો, મ્હને નહિ જવા દે. મ્હારાથી નહિ જવાય! તેની

વિશ્વાસભરી સ્નેહભરપૂર આંખ મ્હારાથી જોવાશે જ કેમ ?" તે એક ડગલું પાછો ફરે છે; અને વિચાર આવે છે, કે "જો હું આવો નરમ હોઉં તો નીકળે પણ શો ફાયદો છે!" મનને દઢ કરી બીલકુલ ખખડાટ ન થાય એમ તે ઉંબરો ઓળંગે છે. અને ખાત્રી કરે છે કે યશોધરા ઉંઘતી હતી.

પ્રસુતિના શ્રમથી શ્રમિત તે ગાઢ નિંદ્રામાં હતી. એણે વેઠેલી વેદનાથી શરીર પાતળુ અને ફીકકું પડી ગયું હતું અને તેથી તે ઘણી સુંદર લાગતી હતી. સિદ્ધાર્થનું લોહી જોરથી ધબકવા લાગ્યું. તેના કાન જાણે બ્હેરા બની ગયા, પણ તેણે સંયમ જાળવી લીધો. પત્નીના લાવણ્યનું નખશીખ પાન કરી તેણે તેને પડખે સૂતેલા બાળકને જોયું. પૂનમના ચંદ્ર જેવો તે બાળક માતાની સોડમાં નિરાંતે ઉંઘતો હતો. સિદ્ધાર્થના હ્રદયના બંધ તૂટતા લાગ્યા. આ સુંદર પ્રતાપી બાળક પોતાનો હતો. પણ પોતે તેને કદી રમાડી શકશે નહિ, પોતે તેના શિક્ષણ પર ધ્યાન આપી શકશે નહિ, સમૃદ્ધ અને પ્રતાપી પિતાનો તે પુત્ર છતે બાપે નબાપો બનતો હતો અને તે બાપની સ્વેચ્છાથી. તેની નસેનસ ખેંચાવા લાગી. તેની આંખે અંધારા આવ્યા. ગળામાં ડૂમો ભરાયો. બળથી ડૂસકું દબાવી દઇ પલંગની બીજી બાજુ જ્યાં બાળક સૂતો હતો તે તરફ સાચવીને ગયો, તેણે એકીટસે બાળકના મુખ પર નજર ઠેરવી. કાંઇ સુંદર સ્વપ્ન જોતો હોય તેમ બાળકના હોઠ જરા મલકયા અને સિધ્ધાર્થને વિચાર આવ્યો, 'એને હું એક ચુંબન તો લઉં. એને ઉછાળવાનો નથી, એને ખાંધે બેસાડવાનો નથી, આંગળી ઝલાવી ચાલતા શીખવવાનો નથી. ગરીબમાં ગરીબ પિતાના બાળકને જે કાંઇ લાડ મળે છે તેમાનું કાંઇ પણ એને મળવાનું નથીઃ–તો એક ચુંબન તો લઉં!"

તે વાંકો વળ્યો બાળકનું સ્મિત વધારે વિશાળ થયું. સ્વપ્નના આનંદમાં તેણે હાથ હલાવ્યા, અને યશોધરાએ પડખું ફેરવ્યું. ચમકીને સિદ્ધાર્થ પાછો હઠી ગયો. હવે બાળકને ચુંબન કરવું અશક્ય હતું. તેના હ્રદયના ચૂરા થઇ ગયા. ભારે પગલે તે બહાર નીકળી ગયો, અને છન્ન જોડે ચાલી નીકળ્યો.

દશ્ય બદલાય છે.

બીજા દિવસનું અર્ધું રહવાર વીત્યું છે, અને યશોધરા સિદ્ધાર્થની વાટ જોતી સૂતી છે. તે વિચાર કરતી હતી, 'હમણાં કુમાર આવશે. પુત્રને જોશે

અને તેમના હૃદયમાં આનંદ અને અભિમાનના પૂર ઉભરાશે. અમારો પ્રેમ સહસ્ત્ર ગણો વધશે. તેના હૃદયમાં કાંઇ કાંઈ ભાવો થયાં અને બાળક સ્હામે જોતાં તે બોલી. 'કેવો સુંદર છે! બરાબર, એમના જેવોજ !"

બપોર થવા આવ્યા છે અને કોઈ આવતું નથી. યશોધરાના આનંદમાં ઓટ આવે છે, તેને જરા ખીજ ચડે છે 'આવે દિવસે પણ શિકારનો આવો નાદ! પોતાના પહેલા સંતાનને જોવાની જાણે આતુરતાજ નહિ! હું પણ એમનો નાદ ભૂલાવી દઉં. આવે ત્યારે મુંડજ ફેરવું. રૂસણુંજ લઉં. બાળકને સંતાડી દઉં. અને પોતાની ભૂલ કબૂલે, આજીજી કરે અને ફરીથી આવું ન કરવાનું વચન આપે ત્યાંસુધી રૂસણું છોડું નહિ.' પ્રેમાળ મુગ્ધાના જેવા ભાવ તેના હૃદયને ડોલાવી રહ્યા. બપોર થઇ ગયા છે. છન્ન પાછો આવ્યો છે. રાજકુળમાં કકળાટ ફેલાઈ રહ્યો છે, અને સુવાવડીને આઘાત ન પહોંચે તેની તકેદારી રાખવામાં આવે છે. અને જ્યારે તેની ચિંતા ખૂબ વધી જાય છે, ત્યારે એક વૃદ્ધ દાસી તેને ખબર આપે છે 'યુવરાજ કામે રોકાઇ ગયા છે, તે થોડા દિવસ પછી આવશે.'

યશોધરાનું મન માનતું નથી. તે સિદ્ધાર્થને ઓળખતી હતી ને ! તેને જન્મ વખતની ભવિષ્યવાણી સાંભરે છે. તેના મનમાં આશંકા આવે છે. 'કોણ સમાચાર લાવ્યું છે ?' તે પૂછે છે. 'છન્ન' દાસી જવાબ આપે છે. 'છન્નને બોલાવ' તે ગૌરવથી આજ્ઞા કરે છે અને દાસી જાય છે.

મનમાં વાત ગોઠવતો છન્ન ધીમે પગલે આવે છે અને વંદન કરે છે. યશોધરા પલંગમાં આડી બેઠી થાય છે અને સવાલ પૂછે છે: 'યુવરાજ ક્યાં છે, છન્ન ?' નજર નીચી ઢાળીને થોથરાતે સ્વરે છન્ન કહે છે. 'યુવરાણી–' અને તેના શબ્દને કાપી નાંખતો ગૌરવભર્યો અવાજ આવે છે 'સામું જોઇને સાચુંજ બોલ, છન્ન, હું પણ સિંહની સિંહણ જ છું. મ્હને રણમેદાનના ખેલ પણ આવડે છે. જે વાત મોડે વહેલે હું જાણીશ તે આજે જ કહેવાથી નુકસાન નથી. અત્યારે તું અસત્ય બોલીશ તો ત્હારા યુવરાજને, મ્હને, મ્હારા કુમારને કદાચ–શાક્ય જનતાને ભારે નુકસાન થશે. વિચારવું હોય તો વિચારી લે, ઘડી પછી કહેવું હોય તો ઘડી પછી કહેજે.' આટલું બોલતાં થયેલા શ્રમથી થાકી જઇ તે પલંગમાં આડી પડી.

છન્ન થોડી વાર નીચું જોઈ રહ્યો. યુવરાજથી યે યુવરાણી પર તેને વધારે ભાવ હતો. હજી યુવરાજની છેલ્લી વિદાયના ઘા હૃદયમાં તાજા હતા. તેણે કપાળ લૂછ્યું, જોરથી ગળું ખોખાર્યું અને યશોધરાની સામે જોયું. તેની આંખોમાંથી આંસુ વહેતા હતા. 'બા–' એટલો શબ્દ જ તે બોલી શક્યો અને ભોંય પર ફસડાઈ પડયો.

પણ આટલો શબ્દ જ બસ હતો. પોતાના ભવિષ્યમાં ફેલાયલો અંધકાર યશોધરા સમજી ગઈ. તેની આંખો મિંચાઇ ગઇ.

પોતાની નબળાઇ પર ઉકળતો છન્ન એકદમ ઊભો થયો અને એકદમ પંખો નાંખવા લાગ્યો.

યશોધરાની આંખમાંથી થોડા આંસુનાં ટીપાં નીકળ્યા અને તે તરત બેઠી થઈ. એટલી વારમાં તેના દેદાર ફરી ગયા હતા. તેનો મરોડ તૂટી ગયો હતો અને તેની ઉંમરમાં દસ વર્ષનો વધારો થયો હતો. પણ રાજ-કુટુંબોને સંયમ જાળવવો પડે છે અને તેણે સંયમ જાળવ્યો જ, અને તદ્દન ભાવહીન અવાજે છન્નને વિગતો પૂછી. છન્ને વિગતો જણાવી, અને એક ઉંડો નિશ્વાસ લઇ તેણે પૂછ્યું. 'મ્હારે માટે કંઈ કહ્યું છે ?'

'યુવરાણી' છન્ને જવાબ આપ્યો. 'એટલું જ કહ્યું છે કે જગતના કલ્યાણને માટે એને હું દુઃખના ખાડામાં ધકેલું છું, પણ એથી યે વધારે દુઃખ મ્હારા હૃદયમાં લેતો જાઉં છું; પણ કર્તવ્ય આગળ એવાં જ મહામૂલા બલિદાન દેવાં પડે અને એ યશોધરા સમજશે જ.'

'તેમણે પોતાના પુત્રને સંભાર્યો હતો ?'

છન્ને આંખો લૂછી જરા ઉલ્લાસ ભરેલા સ્વરે કહ્યું: 'માતા મ્હે જ્યારે નગુણા અને હૈયાસૂના હોવાનો આરોપ તેમના પર મૂક્યો ત્યારે તેમણે કહ્યું 'છન્ન, ત્હને નહિ સ્હમજાય. મ્હારા પહેલા બાળકને જોવા હું ગયો હતો, તેને ચુંબન લેવા વાંકો વળ્યો હતો. અમારા હોઠ છેક પાસે આવી ગયાં અને યશોધરા જાગે એ ભયે એ અધુરા વાત્સલ્યની આગ હજી મારા હૃદયમાં બળે છે, અને જ્યાં સુધી ફરીથી હું એને મળીશ ત્યાં

સુધી ફરીથી બળતી રહેશે. અને અગ્નિ તો પાવક છે, તે મ્હને પાવન કરશે એ અધુરૂં વાત્સલ્ય જગત પર ફેલાશે. એટલું કહી આંખ લૂછતા તે ચાલ્યા ગયા.'

થોડી પળ ત્યાં શાંતિ ફેલાઇ રહી. અનેક વિચારોનું ઘમસાણ યશોધરાના હૃદયમાં થતું હતું અને છેવટે જગતના સર્વશ્રેષ્ઠ પુરુષની પત્નીને છાજે એમ તેણે કહ્યું: 'છન્ન, યુવરાજે ભેખ લીધો તો હું પણ ભેખ લઇશ, ચમકતો નહિ. હું સંસાર છોડવાની નથી. યુવરાજે મ્હને પુત્ર સોંપ્યો છે અને મ્હારે એના માતા અને પિતા બન્ને થવાનું છે. એ સાધુ બન્યા છે, હું સેવિકા બનીશ. કપિલવસ્તુના સર્વે બાળકોની યોગ્ય સંભાળ લેવાય એ જોવાનું મ્હારૂં કર્તવ્ય છે.' તે એકદમ થાકીને પથારીમાં પડી ગઈ. છન્નને જવાનું નિશાન કર્યું અને તે ભારે પગલે ચાલ્યો ગયો.

દશ્ય બદલાય છે. વર્ષોની તપશ્ચર્યા અને મનન પછી સિદ્ધાર્થને સત્ય સાંપડે છે. હવે તે ભગવાન બુદ્ધ અને તથાગત બન્યા છે અને ભારતના શ્રેષ્ઠ નરનારીઓ તેમને અનૂસરે છે. તેમની કીર્તિ દિગન્તમાં ગાજે છે. સોળે વર્ષે તે ઘર તરફ પગ માંડે છે.

કપિલવસ્તુમાં આનંદ રેલાઇ ગયો છે. આવે છે, તેમનો માનીતો સિદ્ધાર્થ, જેણે મુઠ્ઠીભર શાકયોને જગતમાં જાણીતા કર્યા છે. જેણે પ્રજાઓને મિથ્યા ધર્મમાંથી વાળી છે! યશોધરાને સમાચાર મળે છે. તે અનેરા ભાવથી પતિની વાટ જુએ છે.

કપિલવસ્તુ આવી. તથાગત ભિક્ષા લેવા નીકળે છે. તેના રૂપ રંગ પલટાઈ ગયા છે. છતાં કરૂણાભર્યા નયનો અને શાંતિ ભરેલું મુખ તેમને તરત ઓળખાવે છે. તે સિદ્ધા રાજમહેલ તરફ જાય છે. રસ્તે મેદની માતી નથી. છેલછબીલા રાજકુમારને જેમણે પહેલાં જોયો હતો તે નરનારીઓની આંખ આંસુથી ભરાઈ જાય છે છતાં એકજ ઘોષ ઊઠે છે 'તથાગતનો જય.'

હાથમાં ખપ્પર ધારણ કરી તે રાજમહેલના દ્વાર પાસે ઉભા રહે છે. ઉકળતાં હૃદયને જોરથી દબાવી યશોધરા રાહુલને લઇ ઓટલે ઉભી છે. ચાર આંખો મળે છે, તદ્દન નિર્વિલેપ હોય તેમ ભગવાન તથાગત પાત્ર

આગળ ધરે છે અને એકદમ સ્થીર અવાજે માંગણી કરે છે. 'ભગવતી ભિક્ષા દો.'

યશોધરાને પહેલાં તો કાળી નિરાશાનો ઝાટકો લાગે છે. આટલે વર્ષે મળ્યા તો યે પ્રેમનો–મમતાનો–ઓળખાણનો–પણ એક શબ્દ નહિ. તે જરા રોષથી ભગવાન બુદ્ધ સ્હામે જુએ છે, પણ તેમાંથી વહેતી અનહદ કરુણાથી તેને સાન આવે છે. 'ખરે દેવોના યે દેવ જેવાને લૌકીક આચાર પાળવાના હોયજ નહિ,' તે મન વાળે છે અને તથાગત તરફ ફરી વંદન કરી બોલે છે. 'ભગવાન, તથાગત, મ્હારૂં તો સર્વસ્વ સોળ વર્ષ પહેલાં એક મધરાત્રે અદૃશ્ય થયું હતું. હવે તથાગતને ચરણે ધરવા જેવું મ્હારી પાસે હવે છે પણ શું?'

અનહદ મમતાથી ભરપૂર સ્વરે તથાગતે કહ્યું: 'ભગવતી, તથાગતને શ્રદ્ધા હતી–અને છે કે અહિંથી એની ઝોળી ખાલી જઇ શકેજ નહિ. કંઇ પણ આપ. વસ્ત્ર, અન્ન, માટી, ભસ્મ—'

યશોધરા છળી ઊઠી 'ભગવાન, ભગવાન,' તે ગળગળે સ્વરે પોકારી ઊઠી. 'શાને શરમાવો છો?' યશોધરા શું તથાગતને સામાન્ય માણસો આપશે એવી ભિક્ષા આપશે? ના દેવ, મ્હારા પતિ ગયા ત્યારે એક મહામૂલી થાપણ સોંપી ગયા છે તે હવે હું આપને ચરણે ધરૂં છું.'

લોકો અદ્ધર શ્વાસે સાંભળી રહે છે. સોય પડે અને સંભળાય એવી શાંતિ ફેલાઇ રહે છે. સ્થિર નયને તથાગત નિહાળી રહે છે અને યશોધરા રાહુલ તરફ ફરે છે. 'આવ, રાહુલ આવ. આંસુથી છલકાતો તેનો સ્વર સંભળાય છે. 'ત્હારા જન્મથી માતા અને પિતાના ધર્મ મ્હેં બરાબર પાળ્યા છે, અને તને શાક્યોમાં શ્રેષ્ઠ બનવાને લાયક બનાવ્યો છે, આજ હું ત્હારી માતા તને તથાગતને ભિક્ષામાં આપું છું.' હવેથી તું મ્હારો મટી એમનો થાય છે. શાક્યોનો રાજકુમાર મટી બુદ્ધ સંઘનો ભિક્ષુ બને છે.'

આવા માતપિતાના પુત્રને છાજે એવી છટાથી રાહુલ આગળ આવી પિતાને વંદન કરે છે અને યશોધરા તથાગતને કહે છે. 'મ્હારૂં હતું તે મ્હેં આપને આપ્યું છે. પતિની પછી સ્રીને મન પુત્ર એ સૌથી મૂલ્યવાન વસ્તુ છે. આપને આથી વિશેષ મૂલ્યવાન ભિક્ષા જવલ્લેજ મળશે.

મેદનીમાં આશ્ચર્ય છવાઇ જાય છે. વૃદ્ધાઓ મુક્ત કંઠે રડી પડે છે. યુવતીઓ ધ્રૂસકા ખાય છે. નગરજનો આંસુ સારે છે અને શિષ્યો પણ તથાગતનો જય પોકારવાનું ભૂલી જાય છે. તથાગતની આંખોમાં પણ આંસુ નીર છલકે છે.

યશોધરાના નમાવેલા શીર પર જમણો હાથ સ્થાપી પ્રેમ અને કરુણાથી છલકાતા સ્વરે તે કહે છે 'ભગવતી, તમારા આ વર્તનથી તમે જગતને તારો છો, મોંઘેરા બલિદાન વગર દુઃખી જગતનો ઉદ્ધાર થવાનો નથી અને હવે બીજી પણ ભિક્ષા માંગુ છું. તમે પણ સાથે ચાલો.'

પતિના ચરણને સ્પર્શીને યશોધરા ઉભી થાય છે અને સાથે ચાલી નીકળે છે. તથાગતના જયનાદથી આકાશનાં ઉંડાણ કમ્પી ઊઠે છે.



૧૫] મૃત્યુના સ્વાંગ

વસંતોત્સવના જેવા ઉલ્લાસમય સંગીત સાથે કૌશાંબીના રાજમહેલનું અંતઃપુર દેખાય છે, અને હિંડોળાખાટ પર ધીમે ધીમે ઝૂલતી રાજરાણી નજરે પડે છે.

એ છે અવન્તીના પ્રતાપી રાજા ચંડપ્રદ્યોતની પુત્રી, વાસવદત્તા. જેને પરણવા માટે વત્સરાજ ઉદયને કારાવાસ સેવ્યો હતો. અને જે જોડલીને નસાડી જવા સમર્થ મંત્રીશ્વર યૌગંધરાયણે પાગલનો વેષ ધારી મહા પ્રપંચ આદર્યો હતો.

આ બન્નેના પ્રેમની આસપાસ અનેક કથાઓ રચાઇ છે. અને વિક્રમ સંવત્સર પહેલાનું લોકમાનસ એ બેલડીના પ્રેમથી ઘેલું થયું હતું.

લગ્નને વર્ષો વિત્યાં છતાં તેનું સૌંદર્ય તેવુંજ હતું. અને સ્વાધીનભર્તૃકાનો રૂપગર્વિત ભાવ તેના મુખ પર તરવરતો હતો.

આજે તેના રૂપાળા મુખ પર ક્રોધની આછી રતાશ હતી. તેનાં સુંદર ભવાં સંકોચાયાં હતાં. તેની સદાયે હસતી ઊંડી આંખોમાંથી આછી અગ્નિની ઝાળ જાણે ઝરતી હતી.

"મંત્રીશ્વર" રાણી બોલી, "આ પદ્માવતીની શી વાત વહેતી મુકાઈ છે?"

સામે બાજઠ પર બેઠેલા મંત્રીએ હાથ જોડી જવાબ આપ્યો. "મગધની રાજકન્યાની? એવી વાતો, તો, બા, ચાલ્યાજ કરે. પણ રાજાજીને કાને નાંખવાની કોણ હિંમત કરે? તમારા સિવાય બીજી સ્ત્રીની વાત કરવી એ મૃત્યુને નોતરવા જેવું છે ને?"

વાસવદત્તાના હોઠ ગર્વથી મલકાયા. તેની આંખો ચમકી રહી. "પણ મંત્રીશ્વર, મેં સાંભળ્યું છે કે, તમે પણ આ બાબતમાં રસ લો છો." મંત્રી ગંભીર બની ગયો. તેણે કહ્યુંઃ "રાણીજી, તમને લાવનાર હુંજ હતો ને તમારા પર તો મારો પિતા જેટલો હક્ક છે ને? તમે જાણો છો, કે તમે સંમતિ આપો તોયે મહારાજ કબુલ કરે નહિં, તો પછી તમારી જોડે મસલત કર્યા વગર અમે શું કરી શકવાના છીએ?"

"મ્હારા પર શોક્ય લાવવામાં યે મસલત કરવાની છે ! મંત્રીજી, ત્હમે પણ અદ્દભૂત છો !" ત્હેણે મરડાટથી કહ્યું.

મંત્રીએ ખૂબ ગંભીરતાથી કહ્યું, "ત્હમે તો જાણો છોજ કે, મ્હારે ત્હમારા બેનાં સુખ અને કલ્યાણ સિવાય કોઇ હેતુ નથી. અને અત્યારે તો ત્હમે બન્ને મને પિતા જેટલું માન આપો છો. નવી રાણી આવે કંઈ મ્હારી સ્થિતી સુધરવાની નથી. ઉલટી બગડે એવા પૂરેપૂરા સંજોગો છે. પણ રાણીજી ! રાજનું, રાજવંશનું, અને ત્હમારૂં બન્નેનું હિત હું સ્હમજી શકું છું એવી તમને શ્રદ્ધા હોય તો મ્હને ધીરજથી સાંભળો." રાણી વિચારમાં પડી ગઇ. મંત્રીના શબ્દો સાચા હતા. એના શબ્દો વિષે શંકા કરાય તેમ નહોતું, અને એનું સાંભળવાની પોતાની ફરજ પણ હતી. ઝૂલો સ્થિર કરતાં તેણે મંત્રીને કહ્યું, 'ત્હમારા બધા મુદ્દા મને સ્હમજાવો.'

ગળું ખુંખારી મંત્રીએ કહ્યું, 'ત્હમારે પરણે આઠ વર્ષ થયાં પણ હજી રાજકુળમાં સંતાન જન્મ્યું નથી. પ્રજા આ વસ્તુ તરફ ભયની નજરે જુએ છે. વળી પદ્માવતીને સિદ્ધનું વચન છે કે, તેનો પતિ ચક્રવર્તી થશે. વળી મગધ જોડે વેર કરવું આપણને પોષાય તેમ નથી; કારણ કે આપણા કરતાં તે ઘણુંજ બળવાન છે. આ સર્વે મુદ્દા પદ્માવતી જોડે લગ્નની તરફેણના છે, પણ વિરૂદ્ધમાં એ સર્વેથી વજનદાર મુદ્દો છે. અને તે એ છે કે, તમારી અનુમતિ હોય તો એ વત્સરાજ એવી સુચના સ્વીકારે નહિ. તમે પોતે દબાણ લાવો, જીદ પકડો, રૂસણું કરો તો પણ એ કબુલ કરે એમ નથી. આથી કદીયે નહિ મુંઝાએલી મ્હારી બુદ્ધિ લાચાર બની છે. અને મ્હેં પોતે એ વિચાર લગભગ માંડી વાળ્યો છે. તમને કાને નાંખવા પૂરતું આ તમને કહ્યું છે પણ હવેથી હું એ વિચાર છોડી દઊં છું.'

બન્ને ગંભીર વિચારમાં પડયાં અને દશ્ય બદલાયું.

વાસવદત્તા શયનખંડમાં નિદ્રાવશ દેખાય છે અને મંત્રી સાથેની બપોરે થયેલી વાતચીત પર જાણે વિચાર કરતી સુતી હોય તેમ તેના કપાળ પર આછી કરચલીઓ પડે છે. અરે ! ખરાબ સ્વપ્ન જોતી હોય તેમ તેનાં ભવાં સંકોચાય છે. તેના મ્હોં પર વેદના છવાય છે. તેની છાતી

જોરથી ઉછળે છે અને હોઠ પહોળા થાય છે, પણ જાણે સ્વપ્નુ સુધરતું હોય તેમ આ ભાવો આછા થતા જાય છે. અને ધીમે ધીમે તેના મ્હોં પર માત્ર આશ્ચર્યના ભાવ રહે છે અને દ્રશ્ય બદલાય છે.

બીજી સવારે તાકીદે તેડાવેલો મંત્રીશ્વર તેને મોઢે સ્વપ્નાની વાત સાંભળે છે.

"મંત્રીશ્વર, મને જાણે સ્વપ્નું આવ્યું કે હું બળી મરી અને તમારા રાજા પદ્માવતીને પરણ્યા." મંત્રીના મ્હોં પર થતો ફેરફાર જોવા તે થોભી. મંત્રી આ અદ્દભુત નારી તરફ આભો બની જોઇ રહ્યો. તેણે માન્યું કે સ્વપ્નાંની વાત જુઠ્ઠી હતી, અને રાણી આપઘાત કરીને પતિને ચક્રવર્તી બનાવવા માગતી હતી. અરે! પોતે કેવો બેવકુફ હતો! શા માટે તેણે આવી વાત કાલે કહી? તેના હૃદયમાં ચીરાડો પડયો. તેનાં અંગે અંગ કંપી ઊઠયાં. આંખમાં આંસુ સાથે તે બોલી ઉઠયો. "રાણીજી! રાણીજી! આપઘાત કરવાનું સુચવો છો? એક હજાર ચક્રવર્તી પદ, એક હજાર જન્મ સુધી, મળતા હોય તો પણ તે નકામા છે. તે કદી નહિ થવા દઉં અને એવું કરશો તો બીજીજ પળે હું જીવતો નહિં હોઉં."

પોતાની લાગણીઓ છૂપાવવા માટે તેણે બે હાથમાં મ્હોં નાંખી દીધું. તેના ખભા ઊંચા થવા લાગ્યા.

રાણીના હૈયામાં બહુ દુઃખ થયું. શા માટે તેણે આ પિતા સમા પ્રેમાળ પુરુષની કસોટી કરી હતી? તે ઉભી થઇ, મંત્રીને માથે હાથ મૂકયો, અને કહ્યું "પણ પુરૂં સાંભળો તો ખરા?"

મંત્રીએ ડોકું ધુણાવ્યું. "આથી ઉલટી વાત હોય તો સાંભળુ, નહિં તો અત્યારેજ જીભ કચરી નાંખીશ."

ખૂબ નરમાશથી રાણીએ કહ્યું. "પિતાજી! હવે એકલા હઇશુ ત્યારે એ નામે બોલાવીશ. મારી વાત તદ્દન ઉલટી છે."

મંત્રીએ ઉંચું જોયું અને આંખો લુછી.

"પિતાજી, સ્વપ્નાની પૂર્ણાહુતી વિચિત્ર હતી, અને નવદંપતીને આશિર્વાદ દેવામાં હું હાજર હતી." મંત્રીની આંખો આનંદથી ચમકી રહી. તે પ્રશંસાથી એની સામે જોઇ રહ્યો. "બળવામાં હું સાથે હતો કે નહિ?"

"યાદ નથી," સહેજ મ્હોં મલકાવતા તેણે જવાબ આપ્યો. મંત્રી પણ માર્મિક રીતે હસ્યા. અને બન્ને કંઈ ગોઠવતા હોય તેમ પાસે આવ્યા. અને દૃશ્ય ઝાંખું થયું.

અચાનક અસંખ્ય પક્ષીઓની કીકીયારીઓ સંભળાય છે, અને ચિત્રપટ પર ધુમાડાના ગોટા દેખાય છે. આ ધુમાડો વિખરાતાં અગ્નિની લબકારા લેતી જીભો વચ્ચે ઝડપથી ભસ્મીભૂત બનતા તંબુઓ દેખાય છે.

દૂરથી સૈનિકો દોડતા આવે છે. પાસેની વાવમાંથી પાણી છાંટે છે. પણ આગ શમતી નથી.

"રાણીજી, ક્યાં ? રાણીજી ક્યાં ?" એવો કારમો કોલાહલ ઊઠે છે. સૈનિકોનાં મ્હોં કાળાંમેશ બની જાય છે. અને ગાંડપણના રઘવાટથી તેઓ સળગતું ઓલવવા પ્રયત્ન કરે છે.

અને હાંફળી ફાંફળી દોડી આવતી દાસીઓ, ભોંયપર ફસડાઈ પડે છે.

આગ ધીમી પડે છે. ખૂબ જોખમ ખેડી કેટલાક સૈનિકો બળી ગયેલી અને અર્ધી બળતી રાવટીઓમાં ઘુસી જાય છે. પણ થોડા બળેલાં હાડકાં અને રાખ સિવાય કાંઇ દેખાતું નથી.

સૈનિકોનો આગેવાન હાથમાં બળેલા અલંકારો સાથે બહાર આવે છે, માથું કૂટે છે અને બોલે છે, "થઇ ચૂક્યું. રાણી અને પ્રધાનજી બન્ને બળી મૂઆં."

અને ભયાનક કાગારોળવાળું દૃશ્ય પુરૂં થાય છે.

દૂર જંગલની અંધારી કેડી પર એક વૃદ્ધ તાપસ અને યુવાન તાપસી ચાલ્યાં જતાં હોય છે. એ છે મરેલાં મનાતાં રાણી અને પ્રધાનઃ—

પછી નજરે પડે છે મગધની રાજધાની રાજગૃહ પાસેનું તપોવન. રાજકુમારી પદ્માવતી તપોવનના દર્શને પધારી છે. અરાઢ વર્ષની ઊગતી યુવાનીમાં પ્રવેશતી તે બાળા છે. તેનો પતિ ચક્રવર્તિ થશે એવું સિદ્ધ વચન છતાંય તેનાં વદન પર કે વર્તનમાં ગર્વનું નામનિશાન નથી. પણ માનવતા અને અનુકંપાના ભાવો તેનાં સુમનોહર ચક્ષુઓમાં ઉભરાય છે. વિશાળ ભાલવાળા તેના ગોરા, લંબગોળ મુખ ઉપર બુદ્ધિ અને રાજ-

કુટુંબોચિત્ત ગૌરવ છે, પણ હિંદના સર્વશ્રેષ્ઠ રાજવીની લાડીલી કન્યા હોવા છતાંય તેમાં આછકલાઇ કે ઘમંડ નથી. આજે તે તપોવનના વાસીઓની જરૂરીયાતો પૂરી પાડવા બેસતાં શીઆળા માટે અન્ન કે વસ્ત્ર જોઈતાં હોય તો આપવા આવી છે.

કુલપતિના દર્શનથી પાછી ફરતી રાજકુંવરીની આસપાસ તપોવન-વાસીઓ ઉભરાય છે. અને તેમની જરૂરીયાતો સંતોષવામાં આવે છે. કુમારીની પાલખી આવે છે, અને કુમારી જવા તૈયાર થાય છે.

"કંચુકીજી," એક હાથ પાલખીના દંડ પાસે ટેકવી કુમારી કહે છે, "શંખનાદ કરી ઘોષણા કરો, કોઇ રહી જતું ન હોય."

અને શંખનાદ થાય છે, અને કંચુકીનો બુલંદ સ્વર ગાજી ઉઠે છે, "આશ્રમવાસીઓ, જો કોઇને વસ્ત્ર, કંબલ કે બીજી કોઇ જરૂરીયાત હોય તો અહીં પધારે. મગધની રાજકુમારી તેની અભિલાષા પૂરી પાડશે."

ત્રણ વાર આ પ્રમાણે નાદ થાય છે. અને ત્રીજીવાર એ નાદના પડઘા શમે છે, ત્યાં આશ્રમની બહારથી અવાજ આવે છે, "શોભજો, મારે એક વિનંતિ કરવાની છે."

અને આશ્રમ બહારથી એક વૃદ્ધ તાપસ પ્રવેશ કરે છે. લાંબા પ્રવાસથી તેનાં વસ્ત્ર ધૂળવાળાં છે, તેની કાયા શ્રમિત થઇ છે. જોડે એક યુવાન તાપસી છે. રાજકુમારી કુતૂહલથી જોઇ રહે છે. તાપસના વેશમાં આ બન્નેનું તેજ ઢાંકયું રહેતું નથી. આ સામાન્ય તાપસો નથી એવી એને શંકા થાય છે.

કુમારી પાલખી પાસેથી ખસે છે, બન્નેને પાસેના શિલાસન પર બેસવા સૂચવે છે, અને દાસી પાસે પાણી અપાવે છે.

આવનારાઓને થાક ઉતારવા સમય આપી, પદ્માવતી વૃદ્ધ તાપસને તેની જરૂરીયાત જણાવવા પૂછે છે.

હાથ જોડી. યૌગંધરાયણ (વૃદ્ધ તાપસના વેશમાં તે જ હતો) કહે છે, "કુંવરીબા, હું બંગદેશનો બ્રાહ્મણ છું. આ મારી પુત્રી આવન્તિકાનો પતિ વર્ષોથી કાશી ગયો છે. હું એને શોધવા માટે તે તરફ જવા માગું છું. તો ત્યાંસુધી તેને આપની પાસે રાખવા કૃપા કરશો."

અજાણી યુવતિના સંરક્ષણનો ભાર માથે લેતાં પદ્માવતી જરા અચકાય છે. તેના મનોભાવને સમજતો કંચુકી જવાબ વાળે છે, "બ્રહ્મદેવ, અજાણી યુવાન અને સ્વરૂપવતી બ્રાહ્મણબાળાની જવાબદારી માથે ઊઠાવવી સહેલ નથી. અને તેમાંયે કુમારીની વય એવી જવાબદારી ઊઠાવવાને યોગ્ય નથી."

તે જમાનામાં રાજનીતિમાં અજોડ એવો યૌગંધરાયણ આમ સહેલાઈથી દબાય એમ નહોતું. આકાશ સામે નજર નાંખી, એક ઊંડો નિસાસો મૂકી તે બોલ્યો, "જેવી દૈવની મરજી. બાકી આ દેશમાં અજાણ્યા ના હોત તો તમારી પાસે શું કરવા આવત ? અને કુમારીની વયનો તો વિચાર જ ખોટો છે. સિંહનાં બચ્ચાં જન્મે ત્યારથી જ પરાક્રમી હોય છે.મગધની રાજકુમારીની સહૃદયતા,બુદ્ધિ કે કર્તવ્યનિષ્ઠા વિષે શંકા લાવવી એ જ પાપ છે. છતાં કુમારીની ઇચ્છા ન હોય તો કાંઇ નહિ. આ તો તમે શંખનાદ કરી ઘોષણા કરી, તે રસ્તે જતાં મેં સાંભળી એટલે હું અહીં આવ્યો. પણ, ખેર, બેટા," વાસવદત્તા તરફ ફરતાં તેણે કહ્યું "તારે નસીબે હજી વધારે રખડવાનું લખ્યું હશે. નહિ તો મગધની રાજકુંવરીની ઘોષણા જુઠી પડે ?"

કંચુકી મુંગો થઇ ગયો. પદ્માવતીના મ્હોં પર જરા ક્રોધ, જરા શરમની લાલાશ ઉભરાઇ આવી. તેણે વાસવદત્તા સામે જોયું.

અને ભવભૂતિએ કહ્યું છે, ને કે, આપણા મનને ન સમજાય એવો કોઈ આંતર હેતુ પરસ્પરના આકર્ષણનું કારણ છે. આ પ્રમાણે આ બન્નેના હૃદયમાં કોઇ અકારણ સ્નેહની ધારા વછૂટી.

પદ્માવતીએ આવકારમાં હાથ લંબાવ્યા. રાજરીત સમજનારી વાસવદત્તાએ એ હાથને સ્પર્શી આંખે લગાડયા, અને કુમારીને પાદવંદન કરવા નીચી નમી.

પણ પોતાના કોમળ હાથથી તેને બળપૂર્વક વારતી પદ્માવતી બોલીઃ "બ્રાહ્મણ ક્ષત્રિયને વંદન કરે તે ઇષ્ટ નથી, બહેન. આવ, મારી પાસે આવ. આજથી તું મારી બહેન છે. અને ઉંમરે પણ તું મોટી છું. હવે તો તારે મારી સંભાળ લેવાની."

વાસવદત્તાની આંખમાં આનંદનાં આંસુ આવ્યાં. આ કુમારીને કદાચ પોતાનો પતિ સોંપીજ દેવો પડે તો પણ શું? ખરે, પોતાનો છળ સુસ્થાને જ હતો!

અને યૌગંધરાયણે પણ નિરાંતનો નિઃશ્વાસ મૂકયો. પદ્માવતીનો પતિ ચક્રવર્તિ બને કે ન બને–પણ આવી પત્ની મેળવનાર ભાગ્યશાળી તો ખરોજ.

વાસવદત્તાને પડખે લેતાં પદ્માવતીએ યૌગંધરાયણને કહ્યું: "પિતાજી, તમે સુખેથી મારા બનેવીને બોલાવવા જઇ શકો છો. તમે જ્યારે આવશો ત્યારે તમારી અવન્તિકા મારી પાસે કુશળ હશે." કંચુકી તરફ ફરતાં તેણે ઉમેર્યું, "આર્ય, અવન્તિકાના પિતા એ પણ હવે તો મારા વડીલ થયા. એમને યાત્રાની સર્વે સગવડ પૂરી પાડવી એ હવે તમારી ફરજ છે."

યૌગંધરાયણનો કંઠ ભરાઇ આવ્યો. સ્નેહથી ગદ્‌ગદ સ્વરે તેણે કહ્યું, "કુમારી, સિધ્ધનું વરદાન પામેલી તને અકિંચન એવો હું શું આપી શકું એમ છું? પણ જા, જીવનમાં મેં સ્વાર્થ કરતાં પરાર્થ વધારે પ્રિય ગણ્યો હશે તો મારા તને આશિર્વાદ છે, કે તારો પતિ ચક્રવર્તી થાઓ કે નહિ, પણ તારો સંસાર સદાયે આનંદમાં વીતશે."

અહીં વ્યવહારકુશળ કંચુકી વચ્ચે બોલે છે. "બ્રહ્મદેવ, આપ જાઓ તે પહેલાં એક વાત જણાવવી જોઇએ. આપને આવતાં કદાચ ઝાઝો વખત વીતે અને એ અરસામાં કુંવરીબાનું લગ્ન લેવાય તો?"

જરાયે અચકાયા વિના જવાબ મળે છેઃ– "કુંવરીબાને અનુકૂળ હોય તેમ કરે. હું તો મારી થાપણ લેવા કુમારી જ્યાં હશે ત્યાં જઇશ."

પદ્માવતીનું મ્હોં કુંકુમવર્ણું બને છે. તે મ્હોં ફેરવી લે છે. અને આડું જ જોઈ રહી બોલે છે, "પિતાજી,અવન્તિકા ત્યાં પણ મારી પાસે હશે. હવે તમારે એની ચિંતા કરવી નહિ."

અને સજળ નયને વાસવદત્તા પોતાના વફાદાર મંત્રીની વિદાય લે છે. કંચુકીએ મોકલેલા માણસ સાથે મંત્રી જાય છે. અને કુમારીની પાલખીમાં વાસવદત્તા ગોઠવાય છે, અને આ રીતે આ હૃદયસ્પર્શી છતાં ભવ્ય દશ્ય પુરૂં થાય છે.

ધીમા વહેતા ઝરણાંના કલરવ જેવું પશ્ચાદ્ભૂ (બેકગ્રાઉંડ) સંગીત અચાનક પલટો લે છે, અને તેને સ્થાને ઢોલ ત્રાંસાનો ગડગડાટ, વેદમંત્રોના ઉચ્ચાર અને લગ્નનાં મંગલ ગીત સંભળાય છે, અને અનેક દીપમાળાઓથી ઝળહળતો, મહામૂલાં આસનોથી શોભતો, અને રંગબેરંગી વસ્ત્રાભૂષણોથી ઓપતાં નરનારીઓથી ખીચોખીચ ભરાયેલો લગ્નમંડપ કૌશંબીના રાજમહેલ આગળના વિશાળ ચોકમાં નજરે પડે છે.

વેદી પાસેની બાજઠો પર વરવધૂના વેશમાં કોણ બેઠા છે? અલંકારો અને પુષ્પોના ઢગેરા છતાં પદ્માવતી તો તરતજ ઓળખાય છે. પણ વરની મુખમુદ્રા ધ્યાન ખેંચે છે. નવાં લગ્નનો ઉલ્લાસ તેના પર તરવરતો નથી. તેની વિશાળ આંખોમાં વિષાદ ચોખ્ખો જણાઈ આવે છે. તેમાં તાજી શમેલી ઘેલછાની આછી આછી ચમક છે. તેના મોં ઉપર પ્રસંગને ન છાજતી ગંભીરતા છે. ગંભીર માંદગીમાંથી ઊઠયો હોય તેમ તેના ગાલ બેસેલા છે, શરીર કૃશ છે અને થાક લાગતો હોય તેમ વારેવારે તે પીઠ મરડે છે.

એ છે વત્સરાજ ઉદયન. વાસવદત્તાના અકાળ અને કરૂણ અવસાનથી તેને સખત આઘાત લાગ્યો હતો, અને કેટલોક સમય તો તે ગાંડો જ બની ગયો હતો. સેનાપતિ રૂમણ્વાન અને વિદૂષક વસંતકની લાગટ દેખરેખથી જ તે આપઘાત કરતો અટકયો હતો. આજે એ ઘોર પ્રસંગને વર્ષ વીત્યે તેણે સહેજ સ્વસ્થતા પ્રાપ્ત કરી હતી, અને માત્ર રાજનૈતિક કારણસર આ લગ્ન તેણે કબુલ રાખ્યું હતું.

વરની આ ઉદાસીનતાની છાયા વધૂના મુખ ઉપર પણ પડે છે. પ્રસંગને સાહજિક લજ્જા સાથે આ ઉત્સાહઘાતક ઉદાસીનતાથી તેના મુખ ઉપર પણ આછી છાયા છે. છતાં પોતાના સૌંદર્ય અને યૌવનથી પતિને ફરીથી ઉલ્લાસમય બનાવવાની તેને શ્રદ્ધા છે.

લગ્નવિધિ પુરો થાય છે, અને દૃશ્ય બદલાય છે.

નગરમાં રાજાના લગ્નની ઉજવણીની ખુશાલીના ઊઠતા નાદો દૂરથી સંભળાય છે. નગરભોજન, ગરીબોને દાન, ઠેર ઠેર આનંદનું વાતાવરણ ફેલાવે છે, અને અંતઃપુરમાં સોહાગરાતની તૈયારી થાય છે.

પદ્માવતીની સાથે આવેલી અવન્તિકા તેને સજ્જ કરે છે. લાલ કમળ જેવી તેની પગની પાનીને અળતાથી વધારે સુરંગી બનાવે છે. કમર સુધી પથરાતા તેના વાળને ઉત્તેજક ચમેલીના તેલથી ઓળી સુંદર ચોટાલો ગુંથે છે. અને તેમાં સુગંધી હિંગળો ભરે છે. ઉપર મોતીની સેરો પુરે અને ફુલના ગજરા ઘાલે છે. આંખમાં કાજળ આંજી ગાલ પર તેની નાની ટપકી પાડે છે, અને કપાળમાં મનોહર ચંદ્રક રચે છે.

પછી સુકોમળ તેના દેહને સર્વોત્તમ વસ્ત્રોથી શોભાવે છે. કસકસતી કેસરવર્ણી કંચુકીથી તેનો ઉર પ્રદેશ ઢાંકે છે, અને ઉપર મોતીની માળાઓ પહેરાવે છે. ચીનથી આણેલા આસમાની રેશમનો રત્ન કણીઓથી ઝળહળતો ચણીઓ પહેરાવે છે, અને ઉપર બારીક જરીનું હીરાકસી કસુંબલ ઓઢણું ઓઢાઢે છે. છેવટે નપૂર અને રત્નમેખલાથી માંડી સોળે શણગાર સજાવે છે.

અરે! પોતાનાજ પતિ પાસે મોકલવા માટે પોતાની જ શોકયને તૈયાર કરતાં શા શા ભાવો તેના હૈયામાં ઊઠયા હશે? માનવસહજ ઈર્ષ્યાથી એના દાંત કેવા ભીંસાયા હશે? પોતે જાતે કરેલી યોજનાના ધાર્યા ફળથી પણ જાત પર કેવો રોષ આવ્યો હશે? આજે થનારા વિલાસના ખ્યાલથી તેને પોતાની સોહાગરાત નહિ સાંભરી હોય? આથીજ તેણે સૌથી પહેલાં અળતો લગાડવા પસંદ કર્યું હશે, જેથી મોં નીચું રહેતાં તેના મુખભાવો છૂપા રહે.

ગમે તેમ હોય. તેણે ખૂબ કુશળતાથી સંયમ સાચવ્યો છતાં તેનો ક્ષોભ પદ્માવતીથી છૂપો રહી શક્યો નહિ. અળતો લગાવતાં તેના હાથ ધ્રૂજતા હતા, કંચુકી બાંધતાં તેણે વધારે પડતું જોર વાપર્યું હતું: કટી-મેખલા તો થોડીવાર તેના હાથમાં જ રહી ગઇ હતી, અને છેલ્લે જ્યારે રક્ષામાલિકા બાંધી ત્યારે તેની આંખમાં આંસુનો ચળકાટ હતો.

પદ્માવતીને લાગ્યું કે અવન્તિકાને પોતાનો પતિ સાંભરે છે. કોડભરી મુગ્ધાને થતા અકથ્ય ભાવોથી ભરપૂર તેના સરળ હૃદયમાં અનુકંપાની લહેર ઉભરાઇ, અને તેણે અવન્તિકાની હડપચી પકડી તેનું માથું ઉંચું કર્યું.

"બહેન," પદ્માવતીએ ખૂબ હેતથી કહ્યું: "ઘર સાંભર્યું નહિ? અને પિતાજીના પણ સમાચાર નથી તેથી હૈયું દુભાય છે, નહિ?"

પોતાની નબળાઇ પર ચીડાતી અવન્તિકાએ તત્કાળ સ્વાસ્થ્ય મેળવ્યું. તે હસી–પરીક્ષામાં નિષ્ફળ નિવડેલા પોતાની નાસીપાસી છૂપાવવા બેદરકારી બતાવતું હાસ્ય કરે છે તેવું હસી; અને બોલી: "કુંવરીબા-ભૂલી, રાણીજી, આજે એવા વિચાર હોય? અત્યારે તો તમારા નવા જીવનમાંનાં પ્રવેશનો જ ખ્યાલ કરવાનો.

પદ્માવતી જરા શરમાઇ, છતાં અવન્તિકાને પાસે ખેંચતી બોલી, "તોયે સાંભરે તો ખરૂં જ ને, બહેન પણ શું થાય? આપણે કાલે જ તમારા પતિ અને પિતાજીની શોધમાં માણસો મોકલીશું. મારાં સુખમાં હું તારૂં દુઃખ ભૂલું તો મને ધિક્કાર જ ને!..." જરા સંકોચથી તેણે કહ્યું, "બ્રાહ્મણ અને ઉંમરે મોટી એવી તને મારાથી આશિષ તો ન જ અપાય,– પણ પ્રભુ પાસે મારી આજે માંગણી છે, કે મન, વચન અને કાયાથી કોઈનુંયે અહિત મેં ના સાખ્યું હોય તો તાકીદેજ તારા મનના તાપ શમો, તારા પ્રિયજનો તને મળો."

લાગણીના ઉભરાથી તેનો સુર થરડાયો. અવન્તિકાની આંખોમાં આંસું છલકાયાં. તેના મનમાં વિચાર આવ્યો–સરળહૃદયા આ બાળા શું માગતી હતી? પોતાનાથી અજાણી એ આ શું ઈચ્છતી હતી? આજેજ પતિ સાથે પ્રથમ પ્રસંગ પાડતી વખતે એની શૉકયને એ પતિ પાછો મળે એ જાતની એ ઇચ્છા કરતી હતી! આ વિચિત્ર સંજોગ પર અવન્તિકાને જરા હસવું પણ આવ્યું, અને તેથી તેણે પૂરી સ્વસ્થતા મેળવી.

"તમારી આશિષ જરૂર ફળશે," હેતથી પદ્માવતીને માથે હાથ ફેરવતી તે બોલી, "પણ હવે ઊઠો, મોડું થાય છે."

સંકોચ, લજ્જા અને ક્ષોભથી પદ્માવતીના અંગો કંપી ઊઠયા, છતાં તે ઉભી થઈ.

અવન્તિકા એક થાળમાં પૂજનસામગ્રી, ફુલહાર, મેવા અને મુખવાસના દાબડા મૂકે છે, અને શયનગૃહ સુધી સાથે જાય છે. શયનગૃહનું

દ્વાર આવે છે. અંદર હિંડોળાનો કિચુડ કિચુડ અવાજ થતો હોય છે. ખરે, રાજા તો આવી ગયા લાગે છે!

પદ્માવતીના પગ થંભી જાય છે. તેનું હૃદય જોરથી ધબકે છે. તેનો શ્વાસ રૂંધાતો લાગે છે. તેનાં અંગેઅંગ કંપે છે. તેના મુખ પર પરસેવો બાઝે છે.

નવવધૂની આ અકળામણ અવન્તિકા સમજે છે. તે થાળ સાચવીને દ્વાર પાસેના એક આસન પર ગોઠવે છે. પદ્માવતીને પાસે ખેંચી તેનું મોં લૂછે છે, અને આછા આલીંગનમાં દાબી ગાલ પસવારે છે. એક ઉમળકાનું ચુંબન ગાલ પર લઇ વાંસે હાથ ફેરવી ખૂબ ધીમેથી કહે છેઃ "ગાંડી મારી બેન, આમાં ગભરાય છે શું? અત્યારે તો તારો જન્મ સફળ થવાનો છે. આમાં ગભરાવાનું શું છે?"

પદ્માવતીનો ક્ષોભ ઓછો થાય છે. છતાં છળેલી હરણી જેવી તેની આંખો અને સહેજ ઉછળતી છાતી તેના મુગ્ધાપણાની સાક્ષી આપે છે. તે વસ્ત્ર ઠીકઠાક કરી અંબોડા પર જરા હાથ ફેરવે છે.

અવન્તિકા એક હાથમાં થાળ ઉઠાવી બીજે હાથે તેને શયનગૃહ તરફ દોરી જાય છે, અને બારણા આગળ ઉભી રહી તેને માથે હાથ મૂકે છે; 'સુખી થજે' તે બોલે છે અને તેના હાથમાં થાળ આપે છે.

થાળ હાથમાં લેતી પદ્માવતી જરા ખમચાય છે. અંદર હીંચકો હાલતો બંધ થાય છે, અને દ્વાર તરફ આવતાં પગલાં સંભળાય છે.

હવે અવન્તિકાને ગભરાટ થાય છે. નવવધૂનો નુપૂરઝંકાર રાજાએ સાંભળેલો એ ચોક્કસ. અને બહાર થયેલી ઢીલને લીધે અધિરાઇ કે કુતૂહલથી તે પોતે બારણા તરફ આવતા હતા. જો તે બારણું ઉઘાડશે અને પોતાને જોશે તો? મોડું વહેલું પોતાને પ્રગટ તો થવાનુંજ હતું, પણ આજે-અત્યારે પ્રગટ થવું કેટલું ખરાબ? જો અત્યારે રાજા એને જોઈ જાય, અને ઓળખી કાઢે તો શા શા ઉત્પાત થઇ જાય? પદ્માવતીનું જીવન વહાણ કદાચ ખરાબે ચડી જાય.

એક નિમિષમાં તેને આવા વિચારો આવ્યા. તેણે તરત પોતાનું મોઢું કપાળ ઢાંકે એટલું નીચું ખસેડ્યું. પદ્માવતીને જોરથી બારણામાં હડસેલી, બારણું વાસી તે પાસે જ આવેલા પોતાના ઓરડા તરફ દોડી.

બારણા તરફ આવતાં રાજાની નજર અર્ધઉઘાડા બારણામાંથી તેના ઉપર પડી, પણ તેનું મુખ દેખાયું નહિ. શરીર પણ પડખેથી દેખાયું, છતાં તેના અંગમરોડમાં તેને કાંઇ પરિસ્થિતિ ના ભાસી.

"એ કોણ હતું, દેવી? અવન્તિકાના અણધાર્યા હડસેલાથી જરાક લથડીઉં ખાઇ ગયેલી પદ્માવતીને ટેકાવી, તેનો થાળ લઈ તેણે પૂછ્યું: "મને કોઇ ઓળખીતું લાગ્યું."

નીચી નજર રાખી કિંચિત ધ્રૂજતા મંદ સ્વરે પદ્માવતીએ જવાબ આપ્યો, "મારી ધર્મની બહેન, મારી સખી છે. બંગદેશની બ્રાહ્મણબાળા છે."

વત્સરાજે ભવાં સંકોચી માથું જરા ધુણાવ્યું, અને પદ્માવતીને હિંડોળા તરફ લઇ જતો બોલ્યો, "એની છટા, અને એની ચાલ મને કોઈકનો ખ્યાલ આપે છે."

પણ હિંડોળા આગળ પહોંચતાં જ વાર્તાલાપ બંધ થયો, અને બન્ને એકમેકની પિછાન સાધવામાં તલ્લીન થયાં.

અને હવે અવન્તિકાનો શયનખંડ દેખાય છે. ધડકતે હૈયે તે દોડતી આવી પથારીમાં પડી છે. પોતાની યોજના સફળ થવાનો આનંદ તો ક્યારનોયે ઊડી ગયો છે, પણ હવે તો હૃદયમાં આગ જલતી હોય તેમ તે તેના પર જોરથી હાથ દાબે છે. અને ખાટલામાં ફસડાઇ પડે છે, અદમ્ય ઊશ્કેરાટથી તેના રોમેરોમ સળગી ઊઠ્યા છે. તેની આંખો તગતગે છે, તેના દાંત પીસાઇને નીચલા હોઠને લગભગ કચરી નાંખે છે.

તરત તે પડખું ફેરવે છે, ઓશીકાને બાથમાં લઇ ભચડી નાંખે છે, અને છેવટે ઓશીકામાં માથું ઘાલી, મોંમાં લુગડું દબાવી, ધ્રુસકે ધ્રુસકે રડે છે.

આખી રાત તે પડખા ઘસીને વિતાવે છે. તે પોતે જો આઠેક દિવસ સમાલી લે, અને પદ્માવતીને પતિના હૃદયમાં સ્થાન મેળવી લેવા દે તો પછી

જાહેર થવામાં વાંધો નથી. પણ પદ્માવતીનો આટલો ઉત્કટ પ્રેમ એને ગુપ્ત રહેવામાં અડચણરૂપ છે. છતાં આવેશ સમાયાથી તેની આંખો ઊગતે પરોઢીએ મિંચાય છે. અને દૃશ્ય બદલાય છે. રાજાના શયનખંડમાં રાજા માંદગીને બીછાને સૂતો છે. આગલે દિવસે શિકારેથી પાછા ફરતાં સખ્ત જ્વરથી તે બિમાર પડયો છે, અને આજ બપોરે તેનો જ્વર વધી ગયો છે.

રાણી પોતે પરિચર્યા કરે છે. વૈદના સૂચવ્યા પ્રમાણે ઉપાયો થાય છે. રાજા લગભગ બેભાન છે.

આ વખતે અવન્તિકાથી આઘા રહેવાયજ કેમ? તે પણ રાજાની સીધી નજર ન પડે એમ ખાટલાની પાંગત પાસે નીચે બેડી છે, અને જરૂર પ્રમાણે રાણીને વસ્તુઓ આપે છે.

થોડીવારે રાજા શાંત થતો લાગે છે. પદ્માવતીને આખી રાતનો ઉજાગરો છે. તે કહે છે, "બ્હેન, તું બેડી છે, ને? હું જરા આડો પડું છું. મહારાજ જાગે કે કૈં માગે તો મને ઊડાડજે." અને તે પડખેની ખાટલીમાં લંબાવે છે.

અવન્તિકા ઊઠીને રાજાના માથા પાસે બેસે છે. રાજાને માથે મુકેલું આમળાનું પોતું સરખું કરે છે. અને રાજા ઘેનમાં જ લવે છે. "વાસુ, વાસુ!"

વાસવદત્તાનું હૃદય ફાટફાટ થાય છે. હજીએ રાજા તેને ભૂલ્યો નથી. હા. પદ્માવતીએ કહ્યું હતુંજ ને કે જાગૃત હોય ત્યારે રાજા તેની સાથે ખૂબ પ્રેમથી વર્તતો, પણ ઉંઘમાં તો વારંવાર જૂની રાણીને સંભારતો. નવા લગ્નથી પણ તેનું કચએલું શરીર વળતું નહોતું.

પતિનું સુકાયેલું મ્હોં જોઈ તેના હૃદયમાં વ્યથા થાય છે. એક સિદ્ધના વચન ખાતર શા માટે તેણે આવા પ્રેમાળ ભર્તાર જોડે પ્રપંચ ખેલ્યો હતો? શા માટે એના હેતાળ હૈયાને દુઃખમાં શેકી નાંખ્યું હતું? એક ગરમ નિઃશ્વાસ તેના મુખમાંથી બહાર પડે છે.

રાજા વધારે અસ્વસ્થ બનતો લાગે છે. તે માથું આમતેમ ધસે છે. અવન્તિકા તેના કપાળ પર હાથ ફેરવે છે.

અને જાણે અમૃતનો સ્પર્શ થયો હોય તેમ રાજા શાંત થાય છે. તે હાથ ખસેડે છે, એટલે ઘેનમાંજ રાજા કપાળ પર હાથ ખોળતો હોય તેમ પોતાનો હાથ ફેરવે છે, અને માથુ હલાવે છે. વાસવદત્તા ફરીથી હાથ મુકે છે.

મીચેલી આંખોમાંથી જ તે હાથ પકડી રાખી રાજા શાંત ઉંઘમાં પડે છે.

એ ઘડીમાં પદ્માવતી જાગૃત થાય છે. અવન્તિકા પોતાનો હાથ છોડાવી ખસી જાય છે. રાણી તેની જગાએ બેસે છે.

ઉંઘમાંજ રાજા બોલે છે–"વાસુ, આવી ખરી, નહિ !" અને તેની આંખ ઉઘડે છે. પદ્માવતીને જોતાંજ તે બોલે છે. "વાસુ, ક્યાં છે, રાણી ?"

પદ્માવતીની આંખોમાં આંસુ ઉભરાય છે. ઉદાર હૃદયા તેને, વાસવદત્તા પરના પ્રેમથી દુઃખ નથી, પણ ઉલટું તેને આવા પ્રેમથી ચહાતા પતિ તરફ કરૂણા પ્રગટે છે. "નાથ, મોટી બહેન ક્યાંથી હોય ? પણ તે આપની ચિંતા તો કરતાંજ હશે, ને ! સ્વર્ગમાંથી ?"

"ના, પદ્મા, ના." રાજા લગભગ પૂકારી ઊઠે છે. હમણાંજ તેણે મારે કપાળે હાથ મૂક્યો હતો, ને ? હું તેનો હાથ ના ઓળખું ?"

અને ફરીથી તે લવારીએ ચડે છેઃ— "વાસુ, વાસુ, પાછી જતી રહી ? તો પછી મારે અહીં શાને રહેવું ? અરે રે !" અને તે એક દીર્ઘ નિઃશ્વાસ છોડે છે.

પદ્માવતીની આંખમાંથી આંસુની ધાર ચાલે છે. તે પતિની છાતી પર માથું ઢાળી દે છે, "નાથ, નાથ, વાસુ બહેનની ખોટ પૂરી પાડવા બનતું કરીશ. નાથ, મારા સામુ જુઓ. મારા મરણથી વાસુબહેન સજીવન થતાં હોય તો, હું અબઘડી મરણને ભેટવા તૈયાર છું–તમે કહો તેમ કરૂં પણ જરા તો મારા સામું જુઓ."

દૂર બેઠેલી દાસીઓ હિબકાં લે છે, અવન્તિકાએ ખાટલાનો પાયો જોરથી પકડી રાખ્યો છે. તેનું શરીર કંપવા થયો હોય તેમ થર થર ધ્રૂજે છે.

મહાપ્રયાસે ભાન સાચવતો હોય તેમ વત્સરાજ આંખો ખોલે છે. પદ્માના માથા પર હાથ ફેરવે છે, અને પોતાની અજાણી શૉક્ય તરફનો તેનો

દ્વેષહીન ભાવ જોઈ તેના હૃદયમાં તેને માટે મમતા ફોરે છે. "પદ્મા, પદ્મા, મને માફ કર. વાસુના પર આટલો ભાવ છતાં મેં તારી જોડે લગ્ન કરી તને દ્રોહ કર્યો છે. છતાં તને સુખી કરવા બનતું બધુંજ કર્યું છે, ને! પણ લગ્નની રાતે તારી સખીને અધુરી જોઈ, અને વાસુ યાદ આવી. તે હજી પણ સાંભરે છે."

આટલું બોલતાં તે થાકી જાય છે, હાંફે છે અને આંખો મીંચે છે. પદ્મા તેનું માથું ખોળામાં લે છે, અને અવન્તિકા પાસે ચંદન માગે છે.

લથડીઉં ખાતી અવન્તિકા ઉભી થાય છે, અને પદ્માવતીને ચંદન-પાત્ર આપે છે. તેની આંખો રાજાના મોં પર પડતાં તેને ફરી ચક્કર આવે છે, અને તે બેસી પડે છે. બેસતાં તેનો હાથ રાજાના હાથ પર પડે છે.

ફરીથી બેભાન બનેલો રાજા તે હાથ જોરથી પકડી રાખે છે. "હાશ," તે લવારી કરે છે. "વાસુનોજ હાથ, હવે નહિજ છોડું."

બળ કરી અવન્તિકા હાથ છોડાવે છે અને રાજા ઉન્માદમાં બેઠો થઇ જાય છે. "જતી રહી! પાછી નાઠી?" તે લગભગ ચીસ પાડે છે અને ફાટી આંખે જોઇ રહે છે.

પદ્માવતી બળથી રાજાને ખોળામાં સુવાડવા જાય છે. અને અવન્તિકા તરફ દયામણે મોંઢે જોઇ રહે છે.

અને તેની આંખોમાં વિષાદ અને અનાથતા જોતાં, અવન્તિકાના મગજમાં કડાકા બોલે છે. હજીએ ગુપ્ત રહેવાનો તેનો નિશ્ચય ડગમગવા લાગે છે.

"વાસુ, ઓ પદ્મા, વાસુ!" પદ્માવતીના ખોળામાં પડતાં બેભાન રાજા દુઃખનો પોકાર કરે છે, અને અવન્તિકાના અંગાંગમાં વિજળીનો ઝાટકો લાગે છે. રાજાના હોઠ ભુરા થવા લાગ્યા છે. રાજાના અંગ ઢીલા પડી ગયા છે.

અને એક છલાંગ મારી અવન્તિકા ખાટલા પર ચડી જાય છે. રાજાના હાથ હાથમાં લે છે, અને પોકારે છે—"પ્રાણેશ્વર!"

આભી બનેલી પદ્માવતી જોઇ રહે છે, હીબકા લેતી દાસીઓ આશ્ચર્યથી મૂંગી થઇ જાય છે. વત્સરાજ સંભળાવે છે. "વાસુ" સુકાતા હોઠ પર જીભ ફેરવતાં બંધ આંખે તે બોલે છે, "વાસુ, તું આવી? સાચ્ચેજ આવી છે?"

અને લજ્જા મર્યાદા, શિષ્ટતાના બંધનો તુટી જાય છે. પૂર્ણિમાની રાત્રે સમુદ્ર કરુણ આનંદથી નદીને આમંત્રણ દેતો હોય ત્યારે ક્યા અંતરાયો નદી તોડી નાંખતી નથી?

"સાચ્ચેજ નાથ, સાચ્ચેજ" ઝડપથી વાંકી વળી તેના હોઠપર લાંબુ ચુંબન લેતાં તે કહે છે, "હવે તો ખાત્રી થઇને?"

"વત્સરાજ હાથ પહોળા કરે છે, અવન્તિકા તેમાં સમાઇ જાય છે. પળવાર પતિને દ્રઢ આલીંગન આપે છે. "નાથ, હવે તો યમરાજ પણ આપણને વિખુટાં નહિ પાડે."

એક નિરાંતનો નિઃશ્વાસ લઇ વત્સરાજ થોડી પળ પડી રહે છે. પછી આંખો ઉઘાડે છે. તે હવે ચકર વકર ફરતી નથી, પણ હજૂએ તેમાં બાવરાપણું અને અર્ધી ઘેલછા જેવો ગભરાટ છે. "વાસુ" અવન્તિકાનો હાથ ધીમેથી પકડી તે હોઠે લગાડે છે, અને કહે છે "આવી તો ખરી, પણ પાછી નહિ જાયને?"

અવન્તિકા પદ્માની સામે જુએ છે. પદ્માવતી તો એમજ માનતી હતી કે પોતાનું સૌભાગ્ય સાચવવા અવન્તિકાએ આ સ્વાંગ ભજવ્યો છે. તે દયામણે મોઢે અવન્તિકા સામે જુએ છે. તેની મુંગી આંખો તેને આ નાટક ચાલુ રાખવા વિનવે છે.

ધ્રૂજતા હોઠ સાથે અવન્તિકા રાજા તરફ ફરે છે. "નહિ જાઉં બસ હવે તમે સુઈ જાઓ. પછી ખૂબ વાતો કરીશું." તે રાજાનાં કપાળ અને આંખો પર હાથ ફેરવે છે.

"ના ના, મને ભરોસો નથી! રાજા હજીએ અર્ધ બેભાન અવસ્થામાં બોલે છે." બેવાર આવીને જતી રહી. રોજ રાત્રે સ્વપ્નામાં આવી જતી રહે છે." ના, ના, એ માથું ધૂણાવે છે, અને બુમ પાડે છે. "પદ્મા, પદ્મ, પદ્મ."

પદ્માનું હૃદય ઉછાળા મારે છે. આટલે વખતે આજેજ રાજા તેને આવાં લાડભર્યાં નામે બોલાવતો હતો. તે ઝડપથી પાસે આવે છે. ઉંસ પર શરીર ઝુકાવી રાજાની આંખમાં આંખ પરોવે છે. “નાથ!” એકજ શબ્દ તે બોલી શકે છે.

“રાજા એક હાથે અવન્તિકાનો હાથ પકડે છે, બીજો હાથ પદ્માના મોં અને માથા પર ફેરવે છે. પદુ, જો આ તારી મોટી બહેન, આવી છે—યમલોકમાંથી મને બચાવવા આવી છે. તેને ના જવા દેતી હોં. તું એને નહિ જવા દે ને!” અને એમ કહી અવન્તિકાનો હાથ પદ્મા તરફ ખેંચે છે.

પદ્મા તે હાથ પોતાના હાથમાં લે છે. “હું નહિ જવા દઉં નાથ. જરૂર પડશે તો હું જઇશ, પણ એને નહિ જવા દઉં, બસ?”

“હવે મને નિરાંત થઇ.” રાજા બડબડયો, અને બન્નેના ખોળામાં એક એક હાથ નાંખી સાંભળી રહ્યો.

વાસવદત્તાએ પોતાનો છૂટો હાથ તેના કપાળ પર ફેરવ્યો. “હવે તો શાંતિ થઇને? ચાલો સુઈ જાઓ જોઉં.” જાણે નાના બાળકને પટાવતી, આજ્ઞા કરતી હોય તેમ તે બોલી, અને રાજા સંતોષનો નિઃશ્વાસ મૂકી ઉંઘમાં પડયો. ધીમે ધીમે એ ઉંઘ ગાઢ થવા લાગી.

બે ઘડી પછી વૈદ આવ્યા, અને રાજાની નાડી જોઇ. “અરે, અચાનક આટલો બધો સુધારો!” આશ્ચર્યથી તેમના મુખમાંથી શબ્દો નીકળી પડયા, “રાણીજી, કાલે તો મહારાજ હરતાફરતા થઇ જશે. હવે જરાયે ફીકર કરવા જેવી નથી. આ તો ચમત્કાર જ જેવું થયું છે.” નવાઇથી માથું ધુણાવતાં તેમણે કહ્યું. આભારથી છલકાતી આંખોએ પદ્માએ અવન્તિકા તરફ જોયું. અવન્તિકાએ નીચું જોયું.

સુચનાઓ અને ઔષધો આપી વૈદ ગયા. રાજા તો અતાગ સંતોષની ઉંડી ઉંઘ લેતા હતા.

રાજાના ઓશીકા પાસે જમીન પર અવન્તિકા નીચું જોઇ બેઠી હતી, પગના અંગુઠાથી તે જમીન ખોતરતી હતી.

પદ્માએ પાસે સરકી, તેના ખભા પર હાથ મૂકયો. "અવુ, બહેન, તારો પાડ કયે ભવે વાળીશ? તેં તો મારૂં સૌભાગ્ય બચાવ્યું છે."

અવન્તિકાએ તેની સામે જોયું. તેની આંખોમાં વિષાદ હતો. અત્યારે તેના મનમાં ઉગ્ર મંથન ચાલતું હતું. તે વાત કરવા જેવી સ્થિતિમાં નહોતી, "પછીથી વાત કરીશું, બહેન." તે ધીમેથી નાકે આંગળી અડાડતી બોલી. "મહારાજ તદ્દન સ્વસ્થ થાય પછી,—ત્યાંસુધી મૂંગા જ રહેવું ઠીક છે."

સાયંકાળ પછી રાજાએ આંખ ઉઘાડી. "પદ્મુ, વાસુ, બન્ને છો ને?" તેણે અર્ધઉંઘમાં જ પૂછ્યું.

ઝડપથી અવન્તિકા ખાટલા પર બેઠી, રાજાને માથે હાથ મૂકયો. પદ્માવતીનો હાથ તો રાજાના હાથમાં જ હતો.

"બન્ને છીએ," અવન્તિકાએ જવાબ આપ્યો. "હવે તો તમને સારૂં થઇ ગયું છે, પણ વૈદરાજે બહુ બોલવાની ના કહી છે. આજની રાત આરામ જ લો, ને."

"આરામ!" ફીકકું હસીને રાજાએ કહ્યું, "આજે હવે આરામ હોય? હવે તો તું પાછી આવી છે. પદ્મુ, પદ્મુ, ગામમાં પડો વગડાવી ઉત્સવ જાહેર કરો."

"આજે નહિ, મહારાજ," અવન્તિકાએ દૃઢતાથી કહ્યું, "અત્યારે તો તમારે મારૂં માનવાનું. કાલે રોજ જેવા તંદુરસ્ત બનવું છે ને? તો દવા અને દુધ લઇ પાછા સુઇ જાઓ. પદ્માવતી," જાણે પોતે મોટી રાણી હોય એવી સ્વાભાવિકતાથી તેણે કહ્યું, "મહારાજને દવા ચટાડો."

વત્સરાજ કોણીને ટેકે ઉંચો થયો. "વાસુ, તું પહેલાંના જેવી જ છે, હોં. મને હુકમ જ કરે છે, નહિ? પણ આવો સાદો વેશ તો બદલ."

"બધું કાલે." તેણે ટુંકો જવાબ આપ્યો, અને પદ્માએ તેને વૈદે આપેલી માત્રા આપી.

"તારા ખોળામાં માથુ મૂકીને દવા લઇશ." નાના બાળક જેવી [illegible] રાજા બોલ્યો.

અવન્તિકાના મોં પર વિચિત્ર ભાવો પસાર થયા. તેનાં ભવાં સહેજ સંકોચાયાં. તેણે પદ્મા સામે જોયું. પદ્માએ તેને રાજાની ઇચ્છા પૂરવા આંખથી જણાવ્યું.

કોઇક વિચાર દાબી તે આગળ ખસી અને રાજાનું માથું પોતાના ખોળામાં લીધું, "પદ્માવતી, દવા ચટાડો." તેણે કહ્યું.

પદ્માએ દવા ચટાડી અને દૂધ આણ્યું. "દૂધ તું પા." રાજાએ અવન્તિકાને કહ્યું.

અવન્તિકાના હોઠ મુસ્કેરાટથી જરા ધ્રુજ્યા. "ઠીક, નવી રાણીને બહુ તસ્દી નથી આપવી, ખરૂં" જાણે મજાક કરતી હોય તેમ તેણે કહ્યું, "પણ હું એને કયાં જવા દઉં એમ છું? પદ્મા, આવો, જરા રાજાજીને ટેકો આપો."

અવન્તિકા તરફના રાજાના વલણથી પદ્માના હ્રદયમાં જો જરાયે ઇર્ષાનો અંશ ઉપજવા માંડયો હશે, તો તે આ શબ્દોથી નાશજ પામે! લજ્જા, મુસ્કેરાટ અને આભારની ત્રિવિધ લાગણીથી અવન્તિકા તરફ જોતાં પદ્મા ઓશીકા પાસે બેઠી, અને રાજાએ એના જમણા ખભા પર હાથ રાખી, ડાબા હાથ અને ખભા પર શરીર ટેકવી દૂધ પીધું. મોં લૂછી, બન્નેના હાથને ટેકે રાજા પથારીમાં સૂતો.

"હવે ઉંઘી જાઓ" અવન્તિકાએ કહ્યું.

"મને ઉંઘ નથી આવતી, વાસુ, આપણે વાતો કરીએ."

"ના, અત્યારે હું કહું તેમ કરવાનું. નહિતો નબળાઇને લીધે પથારી લંબાય. કાલ તો બહાર ફરવું છે, ને?"

"હા," ઉત્સાહથી રાજા બોલ્યો, "કાલ તો તારા પુનર્જન્મનો ઉત્સવ ઉજવીશું. આપણે વસંતોત્સવ હોય તેમ આખો દિવસ વિહાર કરીશું. બાગમાં જઈ ફાગ ખેલીશું, કાલે રંગરાગમાં જ દિવસ ગાળીશું. તું અને હું—"

"અને પદુ નહિ?" જરાક કઠોર સ્વરથી અવન્તિકાએ કહ્યું. "એને લીધે અને એને ખાતર તો હું અહીં આવી છું. મહારાજ, એને જરાએ ઓછું આવશે તે પળે હું જતી રહીશ. માટે ખૂબ સાવધાન રહેજો."

"ના, ના, તું જતી ના," ભડકતો હોય તેમ રાજા બોલ્યો. "અને પદુએ મને વ્હાલી છે. હોં" પદ્માનો હાથ, હાથમાં લઈ તેણે કહ્યું. "એના હૃદયની સરળતા અને ઉદારતા હું નથી સમજતો? પણ શું કરૂં, તું કેટલે વખતે મળી. એટલે તારી જોડે વધારે બોલું છું. પદુ, ઓછું ના લાવતી, હોં," અને તેણે પદ્માનો હાથ આંખ પર દાબ્યો.

"તમે બહુ બોલો છો. ચાલો, હવે શાંત થઈ સુઈ જાઓ" અવન્તિકાએ કહ્યું, રાજાએ બન્ને તરફ નજર નાંખી. અવન્તિકા સમજી, તે જરા આઘી ખસી "ના, હવે પદુનો વારો" તેણે કહ્યું "પદ્માવતી, પતિને સુવાડી દો. હું પણ જરા એમના પગ પાસે આડી થાઉં છું. મારૂં યે શરીર છે, ને" એમ કહી તે પલંગ તરફ જવા ખસી, ખસતાં ખસતાં તેણે સૂચક રીતે પદ્મા તરફ જોયું. તેનો નીચલો હોઠ જરા લાંબો થઈ સંકોચાયો, અને તેણે પુંઠ ફેરવી.

વાસવદત્તનું મન પોતાની તરફ દૃઢ કરવાની સુચના હતી, એમ પદ્મા સમજી ગઈ, અને શરમથી લાલ લાલ થઈ. દાસીઓને તો બહાર પહેલેથી જ બેસાડી હતી. અવન્તિકાની પીઠ ફરતાં જ તે વાંકી વળી, રાજાને એક ચુંબન કર્યું અને કહ્યું, "હવે સુઈ જાઓને, નાથ."

રાજાએ તેના ખોળામાં હાથ નાંખ્યો "હા, સુઈ જાઉં છું. પણ વાસુને જો જે, હોં"

અને મધ્યરાત્રિ સુધી બન્ને સખિઓ શાંત જ બેસી રહી, પછી રાજાની તબીયત તદ્દન સ્વસ્થ થવાથી તેણે પરિચારકને પાસે બેસાડી આડી પડી.

પદ્માવતી એવું માનતી હતી કે, અવન્તિકાનું શરીર અને દેખાવ વાસવદત્તાને ખૂબ મળતાં આવવાથી રોગગ્રસ્ત રાજા છેતરાયો હતો, અને તેમનો જીવ બચાવવા અવન્તિકાએ વાસવદત્તાનો સ્વાંગ ભજવ્યો હતો. પોતાનું સૌભાગ્ય આ પ્રમાણે રક્ષવા માટે તેને ખૂબ આભારની

લાગણી થતી હતી, કારણ કે પરપુરુષને પતિ તરીકે સ્વીકારી તેની પત્ની તરીકે વર્તવું, એ એક ચારિત્ર્યવાન બ્રાહ્મણબાળા માટે જેવો તેવો ભોગ નહોતો. પણ રાજા બરાબર સારો થતા અવન્તિકાને ઓળખી કહાડશે તો શું થશે તેની ચિંતા પદ્માને પહેલાં તો થવા લાગી, પણ જે કુનેહથી અવન્તિકાએ અત્યારે પ્રસંગ સાચવી લીધો હતો, તેથી તે રાજાને લાગનારા આઘાતને તદ્દન આછો બનાવી દેશે, એમ માની તેણે મન વાળ્યું, અને આખા દિવસની ઉર્મિઓની અથડામણથી થાકેલા મગજને લીધે તે નિદ્રામાં પડી.

અવન્તિકાના મગજમાં જુદાજ વિચારો ઘોળાતા હતા. પોતાની મૂળ યોજના પ્રમાણે પદ્માવતીનો સંસાર થાળે પડે એટલે પોતાને જાહેર થવાનું હતું, પણ હજી રાજાના મન પર તો પોતાનોજ કાબુ હતો. કાલે રાજા એનો સ્વીકાર કરે એટલે પદ્માવતીનો સંસાર રસહીન બની જાય એવા બધા સંજોગો હતા. આ વખતે કેમ વર્તવું?

મોડી રાત સુધી તેણે અનેક યોજના ઘડી અને ભાંગી. છેવટે એક નિશ્ચય પર આવી તેણે આંખ મીંચી.

અને કૂકડો બોલતાં પહેલાં તો તે ઉભી થઈ. પદ્માવતી શાંતિથી ઉંઘતી હતી. તે તેના નિર્દોષ, સુંદર મુખ તરફ તાકી રહી. "કોડભર્યા તારા હૃદયને હું નિરાશ નહિ કરૂં." તે બબડી. "પ્રભુ મને બળ આપે." પછી તે વત્સરાજના પલંગ પાસે ગઈ.

રાજા તદ્દન તંદુરસ્ત માણસના જેવી સ્વસ્થ નિંદ્રામાં હતો. તેના મોં પર પરમ સંતોષનો ભાવ હતો.

થોડીક પળ તે પતિના મુખ સામે જોઈ રહી. એકવાર તેણે તેને છોડયો હતો. ફરીથી તે તેને છોડી જવા માંગતી હતી. તેના હૃદયમાં સહસ્ર વીંછી કરડતા હોય એવી વેદના થઈ.

તેણે આસપાસ જોયું. પરિચારક ક્યારનો નિદ્રાવશ થઈ ઘોરતો હતો. ઓરડામાં એકાંત હતું. ચમેલીના તેલનો દીવો મંદ મંદ બળતો હતો. રાજા જાણે કોઈ રમ્ય સ્વપ્ન જોતો હોય તેમ સહેજ હસ્યો.

અને વર્ષભરથી દાબી રાખેલો પ્રેમ તેના રોમેરોમમાં સળગી ઊઠયો. સૌંદર્ય અને સ્નેહ મૂર્તિ જેવા—ભગવાન અનંગના સાક્ષાત અવતાર જેવા—આ પતિને કેમ છોડાય ? તેના હૃદયના મૂળમાંથી ઉઠતો નિઃશ્વાસ નીકળ્યો, તેની આંખોમાં ઝનુની તેજ આવ્યું, તેનું શરીર પતિ તરફ ઢળી પડયું, તેનું મુખ તેના મુખને લગભગ અડયું.

અને સ્વપ્નમાં રાજા બોલ્યો, "વાસુ!"

ઉર્મિઓનો ધસારો અસહ્ય થયો. તે લચી પડી, રાજાના પલંગમાં, તેણે રાજાના હોઠપર ચુંબન લેવા મોં લંબાવ્યું. અને સ્વપ્નગ્રસ્ત રાજા ફરી બોલ્યો, "વાસુ, તારોજ છું, હોં."

આ કારમી પળે તેને પદ્મા સાંભરી, અને ઉર્મિઓનો ઉકળાટ શમી ગયો. અરે! પોતે શું કરતી હતી? પોતાના શુભ નિશ્ચયો કયાં ગયા? તે મન મારીને ખસી ગઇ, પણ ખસતાં ખસતાં બે ઉનાં ટીપાં રાજાના મોં પર પડયા.

અને રાજા અડધો જાગૃત થયો. યંત્ર માફક તેણે હાથ લંબાવ્યો, અને ખસવા જતી અવંતિકાની ડોકમાં તે પડયો. હવે તે પુરો જાગૃત થયો, તેણે તેને ઓળખી, અને બળથી પાસે ખેંચી આલીંગન લીધું.

વર્ષ દિવસે સુખના એ દરીઆમાં ડૂબકી ખાતાં તે ત્રિકાળને ભૂલી ગઇ. એક ઘડી સુધી તો બન્ને નવપરણિત દંપતીના આવેશથી ભીડાઇને પડી રહ્યાં. પણ ત્યાં કૂકડો બોલ્યો, અને વાસવદત્તાને ભાન આવ્યું.

"રાજન, છોડો મને." હજીએ નહિ ધરાયેલા અને ચુંબનોની ઝડી વર્ષાવતા રાજવીને તેણે કહ્યું.

"હજી કાલે જ તો તમે મરણ પથારીએ હતા. છોડો—ખરાબ દેખાય."

પરમ આહ્લાદની જ્યોત જેનાં મુખ પર ઝગતી હતી અને છતાં પરમ અધિરાઇથી જેનાં અંગો કંપતા હતા અને પરમ અસંતોષથી જેનું હૈયું ઉછળતું હતું. એ રાજા આવા સ્વરથી અપાયેલી આજ્ઞા માનવા ટેવાયેલો હતો. તે એક જ શબ્દ બોલ્યો. "જેવી તારી ઇચ્છા, વાસુ!"

પતિના મુખ પર કોમળ હાથ ફેરવી તેણે તેના આવેગને શાંત પાડયો.

"હવે સૂઇ જાઓ" તેણે કહ્યું, "આજે તમારે મોડું ઊઠવાનું છે."

પ્રભાત પહેલાંના શિતળ સમીરની એક લહેરી આવી. તેણે પતિને પડખે સૂવાડી રજાઈ ઓઢાડી, અને ફરીથી માથે હાથ ફેરવી સૂઇ જવા સુચવ્યું.

આજ્ઞાપાલક બાળક જેવો રાજા આંખો મીંચી સૂઈ ગયો. થોડીવાર તેને માથે હાથ ફેરવતી તે બેસી રહી. રાજા ફરી ઉંઘમાં પડયા છે, એની ખાત્રી થતાં તે ઊઠી, એના ચરણને સ્પર્શી માથે હાથ લગાડયો, અને મનમાં બોલી. "આ છેલવેલી જ આપણી મુલાકાત છે, નાથ! મારો પહેલો છેહ તમે માફ કરત, આ બીજીવારનો દ્રોહ તમે કદી માફ નહિ કરો. પણ શું કરૂં? હું પદ્માનો કેવી રીતે દ્રોહ કરૂં? એની આશાઓ ઉચ્છેદું તો કયે ભવ છુટું? એ કરતાં કર્તવ્યપાલન કરીને તમારાજ જાપ જપતાં હું મરૂં તો શું ખોટું? પછી ભવેભવ આપણને કોણ વિખુટું પાડશે?"

તે પાંગતેથી ખસવા જાય છે. પગે લકવો થયો હોય તેમ પગ ઉપડતા નથી. શરીરની નસેનસ તૂટવા લાગી છે. પણ આખરે તે અવન્તીના વીર રાજકુળની કન્યા હતી. મહા પ્રયત્ને તે લાગણીઓ વશ કરે છે. "મારે હાથે જ મેં મારા સંસારમાં દાવાનળ સળગાવ્યો છે. એનો પરિતાપ મારે જ ખમવો જોઇએ. એમાં પદ્માને કેવી રીતે બાળાય?" અને તે ભારે પગલે પલંગથી દૂર જાય છે.

બારણાં આગળ તે ફરીથી થંભે છે. પતિ તરફ ફરે છે. દીવાનું ઝાંખુ તેજ તેના સુંદર મુખ ઉપર પડતું હતું. તે તરસી આંખોએ અડધી ઘડી તે મુખ સામે જોઈ રહે છે. તેના શરીરના અંદરના ભાગમાં ભયાનક દાહ વ્યાપે છે. અમૃતમંથન વખતે નીકળેલા હાલહલનું પાન કરતા ભગવાન શંકરને કદાચ આવો દાહ થયો હશે!

પિયુતરસ્યાં નયનોને બળાત્કારથી પાછાં વાળે છે. પણ ઉમરો ઓળંગતાં જ તેને તમ્મર આવે છે. પાંચ પળ તે બારસાખને અઢેલી ઉભી રહે

છે, પણ પગ કહ્યું નથી કરતા. તેના ઘુંટણ વળી જાય છે. તે ભોંયે ફસ-
ડાઇ પડે છે.

જોરથી ધબકતાં હૈયાં પર તે મુકકીઓ મારે છે. હાથે હણેલા ભાગ્ય માટે તે કપાળ કૂટે છે. દાબેલા જ્વાળામુખીના લાવા જેવી આંસુની ધાર છૂટે છે, અને આરંભકાળથી મુંગે મોઢે યાતના સહેતી ધરતીને કદીક આવતા ધ્રુસકા જેવું એક ડચકું તેના ગળામાંથી નીકળી પડે છે.

દૂર બાગમાં મોર ટહૂકે છે, અને તેની તંદ્રા તૂટે છે. યુગાંતરે શેષ મૂકે છે તેવો તોલદાર એક નિસાસો મૂકી તે ઊભી થાય છે. જે કરવાનું છે તે માટે હવે થોડો જ સમય છે.

અને જાણીબુઝીને મોત તરફ ધસતા યોદ્ધા જેવી અકુદરતી સ્ફુર્તિ તેના અંગોમાં આવે છે. તે ઝડપથી પોતાની ઓરડીમાં આવે છે. પ્રયાણ માટેનાં સાધનો અર્ધી ઘડીમાં તૈયાર કરે છે, અને પ્રવાસીનો વેશ સજી પદ્મા પાસે આવે છે.

પદ્માનો ચહેરો જોતાં તેનો અંતરનો તાપ જરા શાંત પડે છે. "કાંઇ નહિ, મારા જવાથી આ તો સુખી થશે, ને! અને એ સમજશે એટલે મને સંભારશે જ. મારૂં બલિદાન વ્યર્થ નહિ જાય."

પદ્માને આગલા દિવસનું સ્વપ્નું આવતું હોય એમ લાગે છે. તેને વિષાદ હોય છે તે ક્ષણમાં પલટાઇ આશ્ચર્ય અને નિરાંતના ભાવો દેખાય છે, છુટકારાનો એક નિસાસો મુકતાં તે સ્વપ્નમાંજ લવે છે. "અનુ, બહેન માજણી બહેન પણ તારા જેવું ના કરે."

સ્વપ્નમાં કળાતી પોતાની પ્રશંસાથી અવન્તિકાનું દુઃખ પૂરેપૂરૂં શાંત થાય છે. આ બાળા ઉપર તેને ઉમળકો આવે છે. તેના ગાલ પર હાથ ફેરવી તે બોલે છે "પદ્દુ, બહેન, ઊઠ" પહેલી જ વાર તે એને તુંકારાથી સંબોધે છે.

પદ્મા સફાળી ઊઠે છે, અર્ધ જાગૃત તે બાવરી બની આંખો ચોળે છે. અને પૂરી જાગૃત થતાં અવન્તિકાનો પ્રવાસ વેશ જોઇ આંખો ફાડી જોઇ રહે છે.

અવન્તિકા તેના પડખે બેસે છે. તેનો વાંસો પંપાળે છે, અને કહે છેઃ "બહેન મને રજા આપ. મારે હવે અહીં રહેવું જોઇએ નહિ."

પદ્માવતી થોડીવાર મૂઢ જેવી સામે જોઇ રહે છે. અવન્તિકાના આ અણુધાર્યા પ્રસ્તાવથી તેની બુદ્ધિ કામ કરતી નથી.

"પદુ," ખૂબ ભાવથી અવન્તિકા તેનો ગાલ પસવારતાં કહે છે. "આજ પહેલી ને છેલ્લીવાર ટુંકારાથી બોલાવું છું, તે માફ કરજે. પણ એ તો મારો હકક છે, હું જાઉં છું. મને કદી કદી સંભારીશને ?"

પદ્માવતી પૂરી સભાન બની છે. "તમે જાઓ છો ? શા માટે ? હજી કાલે તો તમે મારૂં સૌભાગ્ય રક્ષ્યું છે, અને આજે મને છોડી જાઓ છો ?"

મમતાથી તે પદ્માનો હાથ હાથમાં લે છે, અને કરૂણાર્દ્ર સ્વરથી કહે છે. "એ સૌભાગ્યમાં ઉણપ ન આવે માટે તો હું ખસી જાઉં છું. કાલના બનાવ પછી હું અહીં રહું તો શાએ ઉત્પાત થાય ?"

"પણ તમે જશો તેથી ઉત્પાત નહિ થાય ? મહારાજ તો તમને વાસવદત્તાજ માને છે. તેમણે તો મને તમારી ભાળવણી કરી છે. કાલ તમને નહિ દેખે તો શુંનું શું થઇ જશે ? મારે તેમને શો જવાબ દેવો ?"

"મગધની ચતુર રાજકુમારીને એ પણ શિખવવું પડશે ?" બનાવટી હાસ્ય મુખ પર લાવી અવન્તિકા બોલી, "કહેજે, ને, કે વાસવદત્તા સ્વર્ગથી એકજ દિવસની પરવાનગી લઇ આવી હતી. તેને દેવદૂતો બોલાવવા આવ્યા એટલે જવું પડયું છે. હવે ત્યાંથી પાછી રજા લઇ જરૂર આવશે."

પદ્માનું મગજ હવે બરાબર કામ કરતું થઇ ગયું હતું. "એવી વાત તે ચાલે ? અને મહારાજ એ માને પણ ખરા ?" તેની લાગણીઓ ઉશ્કેરાવા માંડી. "બહેન, હું જાણું છું કે તમે કોઇના કરે એવું કર્યું છે, અને તમે જવા માંગતા હો તો મારાથી તમને રોકાય એમ નથી. ફરીથી કાલનો સ્વાંગ ભજવવા હું તમને કહી શકું જ નહિ. પણ તમને આમ તો મારાથી ન જવા દેવાય. મને સાવ નગુણી ધારી ?"

ચીગળતા હૈયાને સક્ષમ બનાવી અવન્તિકાએ કહ્યું, "બહેન, પણ કાલના બનાવ પરથી જ વિચાર કરને ! મારાથી રાજાજીની આંખે હવે ચડાય એવું છે ?"

"મહારાજે તો બેભાનપણામાં જ તમને વાસવદત્તા કલ્પ્યાં હતાં ને ! એ ભાનમાં હશે એટલે તરત પોતાની ભૂલ સમજશે, અને એમના જીવન માટે કરેલો છળ માફ કરવા જેટલા તો તે ઉદાર છે જ." નરમાસથી પદ્માવતીએ જવાબ આપ્યો.

"એ ઉદાર છે, એની ના નહિ." વિચાર કરી બોલતી હોય તેમ અવન્તિકા બોલી. "પણ કાલે વધારે પડતી છૂટ લેવાઈ હતી ને ! એટલે જ તેમની નજરે ચડવામાં માલ નથી."

પળવાર પદ્માના મોં પર સહેજ કઠોરતા આવી. "તમારા કહેવાનો હું શો અર્થ કરું, બહેન ? મહારાજ વિલાસી અને રસિક છે, પણ પરસ્ત્રી લંપટ તો નથી જ. એ જાણશે કે તમે પરદારા છો એટલે તમારે શો ભો રાખવાનો છે ?"

અવન્તિકાએ જોયું, કે પદ્માવતી આગળ દીલ ખોલ્યા વગર છૂટકો નથી, નહિ તો એના મનમાં રોષ રહી જાય. પળ થોભી તે બોલી. "એ જ વાંધો છે ને બહેન. હું પરદારા નથી."

સ્થિર જમીન પર ઉભેલાના પગ પાસે જમીનમાં અચાનક ચિરાડ પડે અને તે છળી ઊઠે, તેમ પદ્મા છળી ઊઠી. "શું ? તમે શું કહો છો ?" તેણે ચિત્કાર કર્યો.

એક કરુણ સ્મિત મુખ પર લાવી અવન્તિકાએ કહ્યું, "મારા શબ્દો સ્પષ્ટ નથી ? પદ્મા, મારી લાડકી, હું અવન્તિકા નથી, હું વાસવદત્તા જ છું."

વાદળા વગરના વાદળમાંથી અચાનક વિજળી પડે અને જેવા ભાવ થાય તેવા પદ્માવતીએ અનુભવ્યા. "તમે—તમે વાસવદત્તા જ છો ?"

"કહ્યું નહિ ?" હજીએ એ જ કરુણ સ્મિત સાથે જવાબ આપ્યો, "અને તેથી જ મારે અત્યારે જ જવું જોઇએ."

"પણ મને બધું સમજાવો તો ખરાં." હજીએ પુરી સ્વસ્થ ન થએલી પદ્માએ પૂછયું.

"અત્યારે વખત નથી, બહેન. પણ જોતી નથી, મહારાજને મારા પર કેવો ભાવ છે, તે? તે બેભાનપણામાં પણ મારો હાથ ઓળખે છે, તે સ્વપ્નામાંએ મને ઝંખે છે. બહેન, મને જવા દે. નહિ તો તારો સંસાર ખારો થઈ જશે."

પાંચ પળ બન્ને શાન્ત રહ્યા. પદ્માનું મગજ ઝપાટાબંધ વિચાર કરતું હતું. તેણે કહ્યું, "અને આ જાણ્યા પછી હું તમને જવા દઉં એ બને ખરૂં? તમે મને કેવી ધારો છો?"

"પદુ, આમ ઉશ્કેરાય છે શા માટે? હું જાંઉ તેમાં જ તારૂં હિત છે. મને રોકવામાં તું તારા પગ પર જ કુહાડો મારે છે."

ભારતના તે સમયના બે શ્રેષ્ઠ રાજકુળોની પુત્રીઓ વચ્ચે આમ ખાનદાનીની સરસાઇ ચાલવા માંડે છે.

આંસુથી છલકાતે નયને પદ્મા કહે છે, "તમે ના હોત તો કાલે મારૂં સૌભાગ્ય નષ્ટ થાત. તમે જશો તો મારૂં હૃદય સુકકું થશે. તમે રહેશો તો મારૂં શું જવાનું છે?"

ઉમળકાથી તેને પાસે ખેંચતી વાસવદત્તા કહે છે, "તારૂં શું જવાનું છે? ગાંડી, હજી બાળક જ રહી. હું રહીશ તો તારૂં સર્વસ્વ જશે. એ પતિ તારો નહિ રહે. મારો જ થઈ જશે. તારા બધા મનોરથ મનમાં સમાઇ રહેશે. માટે મને જવા દે." અને તે ઉભી થાય છે.

અપ્રતિમ ગૌરવથી પદ્માવતીના દેદાર ફરી જાય છે. તેના મુખ પર સ્વેચ્છાથી બલિદાન બનનારાઓનું તેજ ઝગહળે છે. તે છલાંગ મારી વાસવદત્તાનો હાથ ઝાલે છે.

"ભલે, મારા મનોરથ નષ્ટ પામે. તમે છો તો તે જીવતા રહ્યા છે. તમે હશો તો તેમના હૃદયમાં મને સ્થાન ના યે મળે પણ તેમના ચરણમાં તો મળશે, ને? બહેન, મોટી બહેન, હું તને નહિ જ જવા દઉં."

આ સ્નેહ, આ ખાનદાનીથી વાસવદત્તાની આંખોમાં ઝળઝળીઆં આવે છે. તેનું ગળું રૂંધાય છે. એક ખુંખારો ખાઈ તે બોલે છે. "તારા જેવી સ્નેહાળ બહેનનો સંસાર હું શીદ સળગાવું? એવું કરૂં તો કયે ભવે છૂટૂં ? બહેન, મારૂં માન–જીદ ના કર–મને જવા દે. હું અહિં રહી તારો સંસાર બગાડું તો આર્યાવર્તના સંસ્કાર કેન્દ્ર જેવું અવન્તી લાજે. માટે સમજ–મને જવા દે."

પદ્માએ ઝાલેલો હાથ છૂટો કરીને તે ચાલવા જાય છે.

"મોટી બહેન," ખૂબ કંપતા સ્વરે પદ્માવતી બોલે છે. "તમે અવન્તિનાં છો, તો હુંયે મગધની છું. જે દેશમાં વિદેહી જનકોની પરંપરા પ્રગટી હતી, જ્યાં સીતા, ઊર્મિલા અને માંડવી જન્મ્યા હતા, ત્યાં મેં પણ જન્મ લીધો છે. અમને પણ અમારૂં સર્વસ્વ મીટાવતાં આવડે છે માટે તમને જવા તો નહિજ દઉં."

વાસવદત્તા પણ પોતાના નિશ્ચયમાં મક્કમ છે. આવા ભાવનો ગેરલાભ કેમ લેવાય ? "આજે તો હું જઈશ. તું સ્વસ્થ થઈ વિચાર કરજે, અને હું તને કાલે મળી જઈશ."

પદ્માની નાજુક ચિબુક જોરથી ભીડાય છે. તેની આંખમાં ભયંકર નિશ્ચયનું તેજ આવે છે. "આટલું કહ્યા છતાં પણ તમે નહિ માનો એમ ? ઠીક, જાઓ. પણ તે પહેલાં જોતાં જાઓ કે, મગધની રાજકન્યાઓમાં પણ સ્વાર્પણ અને સમર્પણની આવડત હોય છે."

વાસવદત્તા ગુંચવાઈને ઊભી રહે છે. પદ્મા ઝડપથી દીવી પાસે દોડે છે. હાથમાં કોડીઉં ઉપાડે છે. "તમને ઝંખતા પતિ પાસે રહેવામાં મારા સુખનો ખ્યાલ જ તમને નડે છે, ને ? લો, તમારી એ શંકાનું મૂળ હું નાબૂદ કરૂં છું." અને દીવાની જ્યોત પર તે પોતાનું લુગડું ધરે છે, લુગડું સળગવા માંડે છે.

મુંઝવણમાં ઊભેલી વાસવદત્તા ભડકી ઊઠે છે. દોડતીક તે પદ્માની પાસે આવે છે. બળતા લુગડાને હાથવતી મસળી નાંખે છે. "આમ કરવું તું ?" તે ચીસ પાડે છે, "આમ થતું હશે !"

સારે નશીએ ચીની રેશમનું વસ્ત્ર હોવાથી ઝાઝું સળગ્યું નહોતું, બન્નેમાંથી એકકેને ઇજા થઈ નહોતી. પણ લાગણીના પ્રત્યાઘાતથી પદ્મા બેભાન થઇ ઢળી પડે છે, અને વાસવદત્તા રોઈ પડે છે. "પદ્મ, ઓ પદ્મ, તને શું થાય છે?"

અને પાછળના બારણામાંથી સંસ્કારી સ્વર આવે છે, "કેમ, બે બહેનોએ સવારના પહોરમાં શું માંડયું છે?"

ચમકીને વાસવદત્તા પાછળ જુએ છે. બારણામાં વત્સરાજ ઉભો છે. વાસવદત્તા લુગડું માથે જરા નીચું ખેંચે છે. અને વાત રોળી વાળવા કહે છે. "કાંઈ નહિ, પદ્માવતીને જરા અસુખ થઈ આવ્યું છે."

વત્સરાજ માર્મિક સ્મિત કરે છે, "હજીએ મારી જોડે ખેલ કરવા છે? હું ક્યારનો તમારી વાત સાંભળું છું."

અને પદ્માવતી આંખો ઉઘાડે છે, "હવે તો નહિ જાઓ, ને મોટી બ્હેન!" તે પૂછે છે.

વાસવદત્તાનાં આંસુ માઝા મૂકે છે. પદ્માને તે હૈયા સરસી ચાંપે છે. "તને મુકીને હું કયાં જાઉં, મારી લાડકી. તને દુભવીને હું ક્યારે છુટૂં યે નહિ."

અને આ બે શૉકયો વચ્ચેનો અજોડ સ્નેહ જોઇ પોતાને ભાગ્યશાળી માનતા વત્સરાજની આંખોમાં નીર ઉભરાય છે. તે બન્નેની પાસે બેસે છે, બન્નેના હાથ હાથમાં લે છે.

ત્રણેમાંથી એકકે બોલી શકતાં નથી. ભાવોના પ્રબળ આવિર્ભાવમાંજ એ હૃદય ત્રિપુટી પરમ ઐક્ય. પરમ સંવેદના, પરમ શાતા અનુભવે છે.

તે પછીના દશ્યોમાં ખાસ કાંઈ નથી. નગરમાંજ ગુપ્ત રહેલો યૌગંધરાયણ પ્રગટ થાય છે. ખુલાસાઓ અપાય છે. નગર ઉત્સવમાં ઘેલું બને છે.

પણ હૃદય પર તો એકજ ચિત્ર ભુસાતું નથી. વાસવદત્તાના ખોળામાં પડેલી પદ્મા અને બન્નેની પાસે બેઠેલો વત્સરાજ ઉદયન.

કૌશામ્બીની ઉત્સવ પરંપરા પછી તરતજ લગ્નનાં મધુરાં ગીતો શરણાઇઓના સરોદો અને ઝળહળતી દીપમાળાઓથી રાચી રહેલું પાટલીપુત્ર દેખાય છે.

રાજમહેલનાં અંતઃપુરમાં અગર અને ચંદનની ખુશબો પ્રસરી છે, અને ત્યાં એક શયનખંડમાં મધમધતા ફુલોની શય્યા શોભે છે, સુવાસિત તેલોની દીવીઓમાંથી પણ માદક મોહક સુગંધ ફેલાય છે.

એક ગોખમાં કેસર અને બરાસથી સુવાસિત કરેલા આસવોનાં પાત્રો છે. બાજઠો ઉપર ખુમચાઓમાં મેવા મસાલાથી ભરપુર ખાદ્ય પદાર્થો છે.

પીવાનાં પાણીને પણ વાળા અને ખસથી સુગંધિત બનાવાયું છે. અને તેને ઠંડુ રાખવા કુંજાઓને ખસની ટટ્ટીથી મઢી લેવામાં આવ્યા છે.

ફુલશય્યાથી લાદેલો પલંગ, લાકડાનો બનેલો છે, અને તેના દરેક અંગમાં રત્નો ઝગે છે, વચ્ચે સોનાની સાંકળોથી હીંચતો હિંડોળાખાટ સુખડનો બનાવેલો છે, અને તેને રૂપાની ઘંટડીઓની ઝાલર છે.

સ્પષ્ટ છે કે કોઈ અતિ ધન સંપન્ન અને વિલાસી રાજવીનું આ શયનગૃહ છે. અને આજે ત્યાં સોહાગરાત્રી ઉજવવાની છે.

પડખેના ઓરડાઓમાંથી વીણા, સિતાર વિગેરે તાર યંત્રો પર ધીમા છતાં કામોત્પાદક સંગીતના ઝરણો વહે છે, અને વાતાવરણમાં પ્રણય વિલાસ અને રંગની ભરતી આવે છે.

બારણા પર ઝુલતો ઝીક કસબથી શોભતો અતલસનો ચક હઠે છે અને નૂપુરના ઝંકાર સાથે નવવધુના વેશમાં એક યૌવના પ્રવેશે છે.

હિમાલયની તળેટીમાં મળી આવતો તપ્ત કાંચન જેવો તેનો વર્ણ છે. પહાડી પ્રદેશની લાલ સુરખી તેના ગાલપર ઝગારા મારે છે. લડાયક કોમની સુદૃઢ દેહયષ્ટિમાં રાજકુળનું ખમીર તેના શરીરને અજબ કાંતિ આપે છે. ઉંચી, એકવડા કોઠાની છતાં માંસલ, તે બાળા ઝાકઝમાળ દીપમાળાના તેજને પણ ઝાંખું પાડે છે, એ છે ધ્રુવદેવી, વૈશાલીની રાજકન્યા,

પણ સિંહણુ જેવી પાતળી કટિ છતાં તેમાં કેમ સિંહણુ જેવો મરોડ નથી ? અંગેઅંગ ગૌરવ ઝરતું શરીર છતાં તેની ચાલમાં કેમ ગૌરવ નથી. ? પિયામિલનની પ્રથમ રાત્રીના ઉલ્લાસ કે આશંકા, ઉત્સાહ કે લજ્જા, આતુરતા કે ગભરાટ તેના મુખપર કેમ દેખાતાં નથી ? ઉલટું તેના મુખપર ગુંચવણુ છે, અને મુંઝવણુમાં હોય તેમ લમણે હાથ દે છે. તેના પગ જાણે ભારે લાગે છે. તેની ચાલ જાણે થોડી થોડી લથડતી છે. અંદર આવતાં જ તે જાણે થાકેલી હોય તેમ એક સુખાસન પર બેસી પડે છે. અને મુંઝવણુમાં હોય તેમ લમણે હાથ દે છે. તેની જોડે આવેલી દાસી આ જૂએ છે. તેના હાથમાં સોનાની નકસી ભરેલી તાસક છે. અને તેમાં કસ્તુરીથી મહેકતાં, તેજાનાથી ભરપૂર અને સોનાના વરખમાં લપેટેલાં તાંબૂલનાં બીડાં, અને અન્ય મુખ-વાસના પદાર્થો છે. એક આસન પર તે તાસક ગોઠવે છે, અને ધ્રુવદેવી પાસે આવે છે.

"કુંવરીબા," જુની ટેવથી આ સંબોધન તે વાપરે છે. "આજ તમને શું થઇ ગયું છે ? જે ઉત્સાહથી તમે અહીં આવ્યા હતા, જે ઉલ્લાસ પ્રત્યેક નવવધૂને થાય, તેમાંનું કાંઈ આજે દેખાતું નથી. આવા બાવરાં કે જડ મેં તમને કદીએ જોયાં નથી. લગ્નક્રિયા વખતે પણ તમે જ યંત્રવત જેવાં કામ કરતાં હતાં !"

"વિશાખા," વિચારમાં ઊંડી ઉતરતી ધ્રુવદેવી જવાબ આપે છે.

"મને પણુ સમજણુ નથી પડતી કે મને શું થયું છે. છેક સાંજ સુધી મને તદ્દન સારું હતું. પણુ માંહ્યરામાં જવાની બે ત્રણુ ઘડી પહેલાં મારું માથું જરા ભમવા લાગ્યું, અને મારું મગજ જાણે કામ કરતું અટકી ગયું. ખૂબ જ પ્રયાસથી મેં મારા શરીર ઉપર કાબુ રાખી લગ્નક્રિયા પતાવી છે."

વિશાખા વિચારમાં પડી જાય છે. રણુવાસની ચતુર વડારણો કરતાં કુંવરીની સખી તરીકે તેની પદવી જેમ ઘણી ઉંચી તેમ તેની ચતુરાઈ અને બુદ્ધિ પણુ વધારે છે. ઝડપભરથી બપોરના બનાવો સંભારવા માંડે છે. અચાનક તેને કંઇક ખ્યાલ આવે છે. અને તેનાં ભવાં સંકોચાય છે.

"કુંવરીબા," કોક ભયાનક વસ્તુ સૂચવતાં પહેલાં થતા ક્ષોભથી તેનો અવાજ કંપે છે. "પેલો બ્રાહ્મણ તમને ગૃહશાંતિનો પ્રસાદ આપી ગયો, તે પછી આમ થયું કે પહેલાં?"

ધ્રુવદેવીને કંઈક સમજણ પડે છે. "તે પછી થોડીજ વારમાં, પણ તે તને કયાંથી સાંભર્યું?"

વિશાખાની આંખોમાં આછી કઠોરતા આવે છે. "અમે એની પાસે પ્રસાદ માંગ્યો હતો, પણ તેણે બીજા પાત્રમાંથી આપ્યો. તમારા માટે જુદા પાત્રમાં લાવ્યો હતો."

બન્ને સખીઓની આંખો મળી. તે આંખોએ મુંગો વાર્તાલાપ કર્યો. બન્નેની આંખોમાં તિક્ષ્ણુતા આવી.

આવેશથી કંપતા હોઠે ધ્રુવદેવીએ પૂછ્યું, "એટલે તારૂં એવું માનવું છે કે મારા પ્રસાદમાં કેફની દવા હતી?"

"મેં તો માત્ર એક કલ્પનાનો તુકકો જણાવ્યો, કુંવરીબા. પણ તે સિવાય તમારી અસ્વસ્થતાનું બીજું કાંઈ કારણ સૂઝતું નથી." સહેજ આંખ નમાવી વિશાખા બોલી.

ધ્રુવદેવીએ કપાળ પર હાથ દાબ્યો તેના માથામાં જોરથી લોહી ધબકવા લાગ્યું. તેના લમણાં જાણે ફાટફાટ થવાં લાગ્યાં.

"આવું કરવામાં શો હેતુ હોઇ શકે?" તે બબડી, અને માથું હાથમાં નાંખી દીધું.

વિશાખા તેની પાસે સરકી. "આમાં આટલાં આકળાં શું કરવા થાઓ છો? કદાચ કોઇએ મશ્કરી પણ કરી હોય!"

ધ્રુવદેવીએ માથું ઉંચું કર્યું. એક બગાસું ખાધું. "એમ હોય તો સારૂં." તે જરા ઘેરાતા સ્વરે બોલી. "જો કે, આવી વખતે આવી મશ્કરી કરનારાની ખબર તો લેવી જ પડશે! પણ કદાચ બીજો કોઇ ખરાબ હેતુ હોય તો!"

વિશાખા વિચારમાં પડી. હજી તો ગઈ સાંજે જ તેઓ આવ્યા હતા એટલે મગધના અંતઃપુરની આંટીઘુંટીઓથી તે માહિતગાર નહોતી.

તેમજ ગણચીત્રાક વૈશાલીના લિચ્છવીઓમાં રાજખટપટની મેલી રમતો જાણીતી નહોતી.

"એવો ખરાબ હેતુ શો હોઇ શકે ?" તેણે ગુંચવાતાં ગુચવાતાં પૂછ્યું.

ધ્રુવદેવીએ માથું જોરથી ધુણાવ્યું. પાસેના કુવામાંથી થોડું ઠંડુ પાણી પીધું. અને મોં પર છાંટયું, અને એ રીતે તત્કાળ પુરતું મગજને શાંત પાડયું. "બીજો શો હોય ? પણ જાણે કોઇ ભયાનક છળ મારી સાથે રમાતો હોય એમ મારા હૃદયમાં થાય છે."

"એવો છળ કોણ રમે ? એમાં એને ફાયદો શો ?" વિશાખાએ ચિંતાતુર મુખે પૂછ્યું.

"એ તો શું ખબર પડે ? સમય આવે જણાશે." ધ્રુવદેવીએ કહ્યું. ફરીથી તેણે આળસ મરડી. "આખી લગ્ન વિધિમાં હું લગભગ બેભાન જેવી હતી. જોતી, સાંભળતી બધું, પણ કશું સમજતી નહિ. માત્ર હસ્ત-મેળાપ વખતે મને જાણે અજાણ્યો સ્પર્શ થતો હોય તેમ મારા અંગમાં શીત વ્યાપ્યું હતું, એટલું યાદ છે. પણ કોઇ કહેતું હોય કે આ ખોટું થાય છે, તેમજ અત્યારે પણ મનમાં જાણે કોઈ કહે છે, 'ધ્રુવદેવી, સાવચેત, ખૂબ સમાલજે !"

વિશાખા આભી બની જોઇ રહી. પરસ્પરની અને બન્ને કુટુંબોની અનુમતિ અને રાજીખુશીથી લેવાયેલાં લગ્નમાં શું સમાલવાનું હોય ?

"પણ શેનાથી સમાલે ?"

"તે તો કોણ જાણે ?" ધ્રુવદેવીએ કહ્યું.

"પણ જો મને ઘેનની દવા આપી હોય તો આજે રાત્રે જ કાંઈ અત્યાચાર થવા સંભવ છે."

વિશાખાના શરીરમાં લોહી જાણે થીજી ગયું. શો અત્યાચાર સંભવતો હતો ? તેના મનમાં ભયાનક કલ્પના આવી. રાત્રી દરમિયાન જ શું વર-વધૂનાં ખૂનની કે અપહરણની કેં યોજના હશે ? વધૂ પર થયેલો પ્રયોગ શું વર ઉપર પણ અજમાવવામાં આવ્યો હશે ? આ કલ્પનાથી તે હેબત આઈ ગઈ, તેનું મગજ પણ ભયથી જડ થઇ ગયું.

ત્યાં તો ધ્રુવદેવીએ ફરીથી આળસ મરડી બગાસાં ખાવા માંડયાં. તેની આંખો ભારે થવા લાગી.

વિશાખા, વિશાખા," કોક અજ્ઞાત ભયથી ભડકતી હોય તેમ તે બોલી ઉઠી. "મને કૈં કૈં થાય છે. અત્યાર સુધી તો મગજ માત્ર જડ હતું. હવે તો આંખો ખૂબ ભારે થતી જાય છે. મગજ પર જાણે ઘેન ચડે છે. હું કદાચ તદ્દન બેભાન બની જઇશ તો?"

અને વિશાખાની જડતા તરત ઉડી ગઇ. તેના મગજે ઝપાટાબંધ કામ કરવા માંડયું. આસવો અને શરબતોથી ભરેલાં પાત્રો તરફ તે દોડી. તેમાંના પદાર્થો તપાસ્યા. છેવટે બે કુપ્પી પસંદ કરી, અને એકમાંથી તેણે સુવર્ણની વાટકી ભરી.

"લો, બા, આ ખાટા દાડમનું શરબત છે. તે તમને ભાંગ કે કોઇ કેફી ચીજ આપી હશે તો ઉતારી નાંખશે. અને આ છે મૃત સંજીવની સુરા. તે જો કોઇ વિષારી પદાર્થ આપ્યો હશે તો તેનું ઘેન કાઢી નાંખશે."

ઘેરાવા માંડતી આંખે ધ્રુવદેવીએ પહેલાં શરબત લીધું. અર્ધી ઘડીમાં તેને જરા શાંતિ વળી. આંખ પરનો ભાર ઓછો થયો. પછી તેણે સુરા પીધી. તેના અંગેઅંગમાં ચેતન પ્રસર્યું. અને સ્વસ્થ થઇ બેઠી.

"બા," વિશાખાએ પૂછ્યું, "સુભદ્રને તૈયાર રહેવા કહું? કદાચ રાત્રિએ જરૂર પડે."

મગજ સ્વસ્થ થતાં જેના વિચારો વ્યવસ્થિત થવા માંડયા હતા, એવી ધ્રુવદેવી બોલી, "એ બિચારો કેટલું કરી શકશે? એની પાસે માત્ર સો માણસો છે."

"હા, પણ વૈશાલીનાઓ તો અહીંના હજારને ભારે પડે ને." ગર્વથી વિશાખાએ કહ્યું.

"ઠીક, કદાચ કોઇ રાજશત્રુનું કાવત્રું હશે તો એ ખપ લાગશે. એને જણાવજે કે મારો શંખ સાંભળતાંજ રાજમહેલને ઘેરી વળે અને અહિં આવી પહોંચે. તું પણ જાગતી જ રહેજે."

વિશાખા ઉભી થઇ. "હવે હું જાઉં, મહારાજ પધારતા હશે."

"થોભ," કાંઈક વિચાર આવતાં ધ્રુવદેવીએ કહ્યું, "તારી રક્ષા સોય આપી જા."

"તમારે તેનું શું કામ છે?" વિશાખાએ અચંબાથી કહ્યું.

"મેં કહ્યું નહિ કે હસ્તમિલાપ વખતેજ મને અંતરમાંથી વિષાદ થયો હતો? અને આ વેશ સજ્યો ત્યારે મારી સોય રહી ગઈ છે."

વિશાખાએ અંબોડે હાથ ફેરવી અકીકના માથાવાળી એક લાંબી સોય ખેંચી કહાડી ધ્રુવદેવીને આપી. પ્રસંગની ગંભીરતા વધારે લાગતાં તે મુંગી જ બની ગઈ હતી.

ધ્રુવદેવીએ તે સોય પોતાના વાળમાં સાચવીને ખોસી, અને વિશાખાને જવા સૂચન કર્યું.

વિશાખા જતાં ધ્રુવદેવીએ ઓરડામાં આંટા મારવા માંડયા. સહસ્ર યોદ્ધાઓની વંશ જ તે અજ્ઞાત ભયથી ડરતી નહોતી, પણ તેને ડર હતો તેને મળેલા ઔષધનો. તેથી તે અંગે અંગમાં સ્ફુર્તિ જાળવવા ફરવા માંડી.

પચીસેક પળ વીતી હશે અને બારણા બહાર પગલાં સંભળાયાં. બહારથી એક વડારણનો અવાજ સંભળાયો. "મહારાજ, આ તરફ."

ધ્રુવદેવીએ પતિને સત્કારવા ફુલનો હાર હાથમાં લીધો, તેનો ભય ભૂલાઈ ગયો. તેના અંતરમાં ઉમળકો આવ્યો. તેની આંખોમાં પ્રણયીને સત્કારવાનું તેજ આવ્યું. તેનાં મુખ પર સ્ફૂર્તિ ફેલાઇ. મુગ્ધાની આતુરતાથી તે બે ડગલાં આગળ વધી.

અને બારણા પરનો ચક હડી ગયો. અને સુંદર વસ્ત્રાલંકારોમાં દીપતો એક ઉંચો સ્વરૂપવાન યુવાન ઉંબરો ઓળંગી દાખલ થયો.

મગધના રાજવંશને શોભે એવો એનો ઠઠેરો હતો. તેના ગૌરમુખ પર સત્તાશાળીનું ગૌરવ હતું, પણ વિશાળ તેની આંખોમાં લંપટતાની છાંટ હતી. સહેજ મરડાતા તેના હોઠોમાં લાલસા અને સ્વાર્થીપણાંના ચિન્હો હતાં. સહેજ ઢીલી તેની હડપચીમાં ચારિત્ર અને મનની દ્દઢતાના અભાવનું સૂચન હતું. દાખલ થતાં તેની આંખમાં વિજયનો કેફ હતો.

માથું સહેજ નમાવી તે બારણામાં દાખલ થયો, અને કોમળ, સ્વરે ધ્રુવદેવી બોલી. "પધારો મહારાજ."

ચમકતો હોય તેમ તેણે માથું ઉંચું કર્યું: ચાર આંખો મળી. છળી હોય તેમ ધ્રુવદેવી એક પગલું પાછી હઠી.

"તમે હજી જાગો છો?" અચાનક યુવાનના મોંમાંથી બોલ સરી પડયા, અને તે ખમચાઇને ઉભો રહ્યો.

આમ કેમ? પ્રથમ પ્રસંગે મળતાં પ્રણયીઓના ભાવ કેમ તેમના મુખ પર નથી, છે તેટલા પણ ઓસરી જાય છે! બન્નેના મોં પર જુદા જુદા પ્રકારનું આશ્ચર્ય કેમ દેખાય છે?

ધ્રુવદેવીએ શબ્દ સાંભળ્યા. "તમે હજી જાગો છો!" અને તેના મગજમાં આંચકો લાગ્યો, તેમાં આછો પ્રકાશ પડવા લાગ્યો, પોતાને ઘેનની દવા અપાવવામાં આ યુવાનનો હાથ હતો.

શરીરને સંકોળી તે ટટાર ઉભી રહી. સ્વસ્થ કઠોરતાથી તેણે પ્રશ્ન પૂછ્યો. "તમે-તમે કોણ છો?"

પોતે ભૂલમાં બોલાયેલા શબ્દોથી ઉપજતો પસ્તાવો એક હાસ્યમાં ઉડાડી દઈ તે બોલ્યો, "રાણી, આ સવાલ કેવો? હજી આજેજ પરણ્યાં ને ભૂલી જાઓ છો! હું તમારો પતિ મહારાજ રામગુપ્ત."

ધ્રુવદેવીના મગજમાં પૂરો પ્રકાશ પડયો. પોતાનું ઉપવસ્ત્ર શરીરને બરાબર લપેટતી બોલી, "તમે મારા પતિ ક્યાંથી? મારે માટે તો કુમાર ચંદ્રગુપ્તનું માંગું આવ્યું હતું અને સ્વીકારાયું હતું."

રામગુપ્ત હસ્યો. તે જરા આગળ આવી એક સુખાસન પર બેઠો. "તમારી વાત સાચી છે, દેવી, પણ આજ ચૌરીમાં તો આપણું પાણી-ગ્રહણ થયું હતું"

"તે કેમ બને?" ધ્રુવદેવી ઉશ્કેરાટથી બોલી, "કુમાર ક્યાં છે? કાલે તો અમારા સામૈયા વખતે મેં તેમને જોયા હતા."

આસનની પીઠપર અઢેલી, પગ લાંબા કરી રામગુપ્ત જરા હસ્યો,

"તમારા આગમનના આનંદમાં તેમણે જરા વધારે સુરાપાન કર્યું. એટલે આજના મંગળ મૂહૂર્તે તે વિધિમાં ભાગ લે એવી તેમની દેહ કે મનની સ્થિતિ નહોતી, એટલે મારે તેનું સ્થાન લેવું પડ્યું." તેના હોઠ જરા લુચ્ચાઈમાં લાંબા થયા, તેની આંખો જરા ચમકી રહી.

ધ્રુવદેવીના મગજમાં આતશ પ્રજળી ઊઠયો. પોતાની અને પોતાના પ્રિયકર સાથે ખેલાયેલી બદમાશી તેની નજરે ખુલ્લે ખુલ્લી જણાવા લાગી, છતાંયે કૃત્રિમ શાંતિ ધારણ કરી તેણે પૂછ્યું. "કુમાર છે ક્યાં?"

તેની દેખીતી શાંતિથી રામગુપ્ત છેતરાયો. જરા આંખો ચગાવી તેણે કહ્યું, "કુમાર! એ તો રાત્રે તબીઅત બગડી એટલે હવાફેર કરવા ગયા છે."

દરેક પળે ધ્રુવદેવી પોતાની કફોડી સ્થીતિ વધારે સમજતી હતી, અને તે છટકબારી શોધવા મથતી હતી. તેણે એવા જ અવાજે પૂછ્યું, "હવાફેર કરવા ગયા કે તમે મોકલ્યા?"

રામગુપ્ત હસી પડયો. "એ તો જેમ ગણો તેમ. બાકી નિર્ણય કરવા જેટલું તેમને ભાન તો નહોતું જ." તેણે સુખાસનમાંથી ઊઠી શીરપેચ ઉતાર્યો અને ઉમેર્યું "તે હવે એની વાત પડતી મૂકીએ તો? હવે તમારે અને કુમારને શું?"

કટોકટી પાસે આવતી હતી, અને હાલમાં મગજ ગુમાવે પરવડે એમ નહોતું. ધ્રુવદેવી ક્રોધ અને રોષને દાબી રાખી બોલી, "કેમ મારે અને એમને શું? હું તો એમને મનથી વરી ચુકી છું."

રામગુપ્ત ખડખડાટ હસ્યો? "એમ તો કૈં કૈં લોકો મનમાં પરણે અને મનમાં રાંડે, તેથી કાંઇ હકીકત બદલાય છે. અગ્નિસાક્ષીએ તો હું તમારો પતિ છું."

ધ્રુવદેવીના સમગ્ર શરીરમાં કંપારી આવી. "મહારાજ, તમે મને પરણ્યા એ છળથી પરણ્યા છો. મને ઘેનની દવા આપી તમે લગ્ન કર્યું છે. એ પિશાચ લગ્ન છે, આર્ય લગ્ન નહિ. એ હું ના સ્વીકારું તો?"

અનેક પ્રણય પ્રસંગોના અનુભવી રામગુપ્તે તેનું મન પારખવા તીણી નજરે જોયું. તેની આવી દેખાતી શાંતિ અને બેદરકારી સમજાતી નહોતી. તેણે જવાબ આપ્યો, "રાણી, પ્રેમ અને યુદ્ધમાં છળને કોઇ પાપ ગણતું નથી, છતાં જે છળ થયો છે તેમાં તમેજ જવાબદાર છો."

"હું ? મારે શું ?"

"દેવી," અનુભવી રસયોદ્ધાની પદ્ધતિથી તેનું મન મનાવી લેવા તેણે ખૂબ પ્રેમાર્દ્ર સ્વરથી કહ્યું.

"વૈશાલીથી આવી કુમારે તમારી વાત રાજપુરોહિત મારફત મને કહેવડાવી, ત્યારે મારા મનમાં તમારે માટે જરાએ વિચાર નહોતો. મેં અનુમતિ આપી. અને વિવાહ ગોઠવ્યો. પણ કાલે સામૈયા વખતે તમને જોયાં, અને મારૂં મન ચળ્યું."

મીઠી ખુશામત કરતા પ્રેમાર્થીની ઢબે તે જરા થોભ્યો, અને આંખ અને અવાજમાં ખૂબ ભાવ લાવી બોલ્યો, "દેવી, તમારા રૂપથી તો યોગેશ્વર શંભુ પણ ચળે, તો રાજવૈભવમાં ઉછરેલો અને સમૃદ્ધિ અને વૈભવશાળી મહારાજ્યનો મારા જેવો રાજા કોણ માત્ર ? માટે એ છળ-માંનો કાંઇ પણ દોષ હોય તો તે તમારા અપ્સરાઓને લજવે એવાં અલૌકિક રૂપનો છે,—મારો નથી."

ધ્રુવદેવી નિરૂત્તર રહી. તેને પોતાની અસહાયતા પૂરેપૂરી સમજાઇ. માથું મેલીને યે તેને રક્ષે એવો તેનો પ્રિયતમ અહિં નહોતો. તેના રક્ષકો તરીકે આવેલા સો માણસો અહિં શું કરી શકે એમ હતું ? અને જ્યારે આ બળવાન રાજ્યનો રાજા પોતે જ તેની સામે છે, તો પોતાનાથી શું થઇ શકે એમ હતું. તેને રૂંવે રૂંવે ક્રોધ વ્યાપ્યો, પણ અસહાયોના કોપની કિંમત કેટલી ?

તેના મૌનમાં પોતાનો વિજય સમજીને રામગુપ્ત ઉભો થયો, અને તેની તરફ આવતો બોલ્યો. "હવે એ વાત બંધ કરીએ, દેવી, હવે તો તમે મગધનાં મહાદેવી, પતિનો સત્કાર તો કરો." તેણે તાંબુલની તાસક હાથમાં લીધી અને ધ્રુવદેવીની પાસે આવી કહ્યું, "લો, તમારા સુશોભન હાથે એક તાંબુલ તો આપો."

અને ધ્રુવદેવીની ધીરજ ખૂટી. ચાર ડગલાં પાછી હઠી ગઈ, અને બોલી, " મહારાજ, ચોખવટ કરવી જ સારી, હું આપને જેઠ તરીકે જ જાણું છું, પતિ તરીકે નહિં."

રામગુપ્તની આંખમાં એક ચમક આવી અને ગઈ. " રાણીજી, એમ મોઢે બોલે કાંઇ હકીકત બદલાતી હશે? મારા ભાઈની જોડે વેરનું જોખમ ખેડીને મેં તમને મારાં કર્યાં છે. અને તમને તો ઘણોજ લાભ કરી આપ્યો છે. એક ફટાયાની પત્નીને બદલે તમે ભારતના સર્વથી પ્રતાપી સિંહાસને બેઠાં છો, તમારા કુટુંબીઓ પણ આ વસ્તુ વધાવી લેશે, ઉલટું આ સ્થીતિથી તેમને ઘણોજ આનંદ આપશે. આમ બધી રીતે જે થયું છે તે ઠીકજ થયું છે." તે સ્થીરતાથી ધ્રુવદેવીની સામે જોઈ રહ્યો.

મોં ફેરવી લેતાં ધ્રુવદેવીએ કહ્યું, " મહારાજ, પણ મેં તમારા ભાઇને કોલ આપ્યો છે."

રામગુપ્ત સમજ્યો કે તેના વચનની અસર થઇ છે. તે અસર પૂરી કરવા માટે જીભમાં ભારોભાર મીઠાસ આણતો તે બોલ્યો, " દેવી, તમારા હૃદયની વિશાળતા અને ઉદારતાને લીધે તમે એ કોલ આપ્યો. એથી શું તમારૂં આશાભર્યું જીવન બગાડી નાંખશો? મને એ કોલની બધી ખબર છે. શિકારે જવાં નીકળેલો એ ફરતો ફરતો વૈશાલી આવી પહોંચ્યો, અને રાજપુત્ર તરીકે બે દિવસ તમારે ત્યાં મહેમાન રહ્યો. વૈશાલીના સીધા, સરળ, એકમાર્ગી લડાયક લોકો અને મગધની કળા, સમૃદ્ધિ અને અનેક-રંગી સંસ્કારોવાળી પ્રજામાં તરી આવે એવો ફેર છે. આથી તેમાં આતો રાજકુમાર; એટલે તેનાથી સર્વે અંજાય એમાં નવાઇ નથી. તેમાં તમે બહારની દુનિયાથી સાવ અજાણ્યા. આથી તમને એના તરફ આકર્ષણ થાય એ સ્વાભાવિક છે. એજ પ્રમાણે મગધના પંચરંગી નારી સમાજ કરતાં તમારૂં અમીરવતુ સૌંદર્ય તેને પણ આકર્ષે તે કુદરતી છે. આથી એજ દિવસના ટુંકા ગાળામાં તમને લાગ્યું કે તમને એને માટે ભાવ છે. તમારા ભોળપણ, તમારી કુદરતી ભાવવશતાનો તેણે લાભ લીધો, અને તમારી પાસે પ્રેમ માંગ્યો. તમે કોલ આપ્યો. યૌવન, વસંત, દુનિયાનો બીન અનુભવ અને ઘણુજ ઉદાર હૃદય–આ ચારે વસ્તુઓએ તમને લાંબો વિચાર કરવા

વખત ન આપ્યો. દેવી. સંવનન આવા ટુંકા હોય? તેથી જ પુરા વિચાર કે પુરતો સમય લીધા વિના આપેલા આવા કોલની ઝાઝી કિંમત નથી."

ધ્રુવદેવી વિચારમાં પડી. આ પુરુષે જે કહ્યું તે બધું સાચું હતું. ચંદ્રગુપ્ત જોડે એનો સહવાસ નામનોજ હતો, અને પરસ્પરની પુરી પિછાન વગરજ આ કોલ અપાયો હતો. દસ–પંદર પળ તે વિચારમગ્ન રહી.

રસખેલના કુશળ ખેલાડી રામગુપ્તે જોયું કે પલ્લું પોતાની તરફ નમે છે. સ્ત્રી હૃદયોના પુરા અનુભવી તેણે હવે નવી ચાલ આદરી.

તેણે એક સુખાસન ધ્રુવદેવી પાસે મૂક્યું. બીજું થોડે આઘે મુકી તે પર બેઠો અને કહ્યું, "આમ ક્યાં સુધી ઉભા રહેવું છે? બેસો તો ખરાં." અને ધ્રુવદેવી બેઠી.

એક મોટો વીંઝણો બન્નેને પવન આવે એવી રીતે ખાતાં રામગુપ્તે કહ્યું, "રાજકુળનાં તમે, વસ્તુસ્થિતિ ના સમજો એવાં નથી. જે થયું છે તે ન થયું થવાનું નથી, અને થયું છે તે ઘણે અંશે સારૂંજ થયું છે. તો તમારે હવે હકીકત સ્વીકારી લેવીજ જોઇએ. તમારા જેવા સમજુને શું કહેવાનું હોય?"

ધ્રુવદેવીએ તેની તરફ નજર ફેરવી. વ્યવહાર દૃષ્ટિએ તેનું કહેવું સાચું હતું. રૂપ, વય, યૌવન, ધન દરેકમાં રામગુપ્ત ચંદ્રગુપ્તથી ઉતરતો નહોતો. વ્યવહારની દરેક દૃષ્ટિએ આ સંબંધ ચડિયાતો ગણાય. અને હવે બીજો માર્ગ પણ શું હતો? હવે આ લગ્ન ફોક થઇ શકે એમ નહોતું ને કદાચ રામગુપ્તને તરછોડે તોયે ચંદ્રગુપ્ત તેને મળે એમ નહોતું. તેના પોતાના કુટુંબીઓ પણ આ સંબંધને આવકારશે એ ચોક્કસ હતું. આમ સંજોગો સમાજ, સગાંવહાલાં સર્વે "પડયું પાનું નભાવી લેવા"ની તરફેણમાં હતાં.

તેણે ઓરડામાં આસપાસ જોયું. અત્યાર સુધી અસ્વસ્થ અને વ્યાકુળ રહેલી તેણે ઓરડો પુરો જોયો પણ નહોતો. અત્યારે તેણે એમાં ખીચો–ખીચ ભરેલો વૈભવ જોયો. રત્નજડીત દીવીઓમાંથી ઊડતી મહામૂલા અત્તરો અને તેમાંની સુગંધ અનુભવી. સુવર્ણ, રત્ન, અને મોતીથી દીપતા સરંજામ જોયા, અને આ વૈભવનો સ્વામી તેને ચરણે છે એવું ભાન અનુભવ્યું.

પણ આ સાથેજ એક સુંદર, હસમુખું મોં તેની નજર સામે તર્યું. તેની આંખોમાં નિખાલસતા હતી. તેના હોઠમાં મધુરતા હતી, તેના મુખ પર નિષ્કપટ લડવૈયાની સરળતા હતી. ધ્રુવદેવીના હૃદયમાં સુતેલા મમતાનાં ઝરણ ફુટી નીકળ્યાં. તેણે રામગુપ્તે બિછાવેલી મોહજાળમાંથી છૂટવા પ્રયત્ન કર્યો. પણ તેની ઇચ્છાશક્તિ દુર્બળ થઇ ગઇ હતી. તેનું મગજ એકાગ્ર થઇ શક્યું નહિ. તેણે એક ઉંડો નિઃસાસો નાખી માથું ધુણાવ્યું, અને અસહાય નજરે રામગુપ્ત તરફ જોયું.

સ્ત્રી હૃદયનો અનુભવી રામગુપ્ત તેને બારીકાઇથી નિહાળી રહ્યો હતો. તે સમજી ગયો કે તેનું મન ડામાડોળ થવા માંડયું હતું. તે મનને સ્વસ્થ થવાનો સમય ન આપવો જોઇએ. તેથી આ સ્થીતિપર મેખ મારવી જોઇએ. તે ઊઠયો; પલંગ પાસે મુકેલી સોનાની એક પેટી ઉપાડી લાવ્યો, અને તે ધ્રુવદેવીના પગ પાસે મુકી જીજ્ઞાસાથી ધ્રુવદેવીએ તે પેટી તરફ જોયું. સોનાનાં ઢાંકણાં પર ચાંદી પારાનાં અક્ષરો ચળકતા હતા, "મગધની મહારાણીને પ્રથમ મિલનના માનમાં મહારાજા તરફથી ભેટ."

રામગુપ્ત પેટી પાસે એટલે તેના પગ પાસે ઉભડક બેઠો, એક ઠેસી દાબી પેટી ઉઘાડી, અને ઉભો થતાં પેટી ધ્રુવદેવીના હાથમાં આપી, પોતાનાં આસન પર ખસી ગયો.

પણ તે બેઠો ત્યારે તેના સુંદર ખભા સુધી ઢળકતા વાળ ધ્રુવદેવીના ધુંટણ પાસે હતા, તે ઊઠયો ત્યારે તેનું માથું તેનાં નાકથી થોડેજ દૂર હતું, અને તેમાં નાંખેલા ઉંચા અત્તરની મહેક તેનાં નસકોરામાં પેસી ગઇ.

ધ્રુવદેવીએ પેટીમાં નજર નાંખી અને કુદરતી કુતૂહલથી તેમાંનાં અલંકાર કાઢવાં માંડયા.

ઉપર હતી મોતીની નીલમ જડેલી દામણી. પછી નીકળ્યો લંકાનાં બોર બોર જેવડાં પાણીદાર મોતીનો નવ સેરો હાર, અને પછી આવ્યાં હીરાજડીત કુંડળ, માણેકોથી લસલસતી કટીમેખલા, અને એવાજ કોઇક સામ્રાજ્યને વેચાતું લઇ શકે એવાં બહુમૂલ્ય આભુષણો, છેલ્લે નીકળ્યા. બાજુબંધ, જેમાં અનેક નાના રત્નો વચ્ચે સપ્તર્ષિની આકૃતિમાં ગોઠવેલાં સાત પાસાદાર હિરાઓ અને ધ્રુવને સ્થાને જવલ્લેજ મળે એવાં ગજ

મૌક્તિક હતાં. પોતાનાં નામના આવા કલાત્મક સૂચનથી ધ્રુવદેવીના મુખ ઉપર આનંદ ઝળકયો, અને એક બાજુબંધ તેણે જમણે હાથે પહેરી પણ જોયો.

સુગોળ કાંચનવર્ણા તેનાં હાથ પર એ બાજુબંધ કેવો સુંદર લાગતો હતો! તે પળ વાર મુગ્ધ બની જોઇ રહી.

સાવધાનીથી જોઇ રહેલા રામગુપ્તે કાળપળ પારખી. તે માલમ ન પડે તેવી રીતે પાસે સરકયો, તે હાથપર વાંકો વળ્યો અને બોલ્યો "ખૂબજ સુંદર લાગે છે નહિ? પણ જોડે આ હોય તો?" આવું બોલતાંજ તેણે પોતાની આંગળી પરથી વીંટી કહાડી.

માઘના નિર્મળ આકાશ જેવો સ્વચ્છ, આછા આસમાની રંગનો નાની બદામ જેટલા કદનો અજબ તેજસ્વી હીરો તે વીંટી પર બેસાડયો હતો. સૂર્યસમા શોભતા તે નંગની આસપાસ ગ્રહમાળા જેવા ભિન્ન ભિન્ન રંગનાં પણ રૂચિકર મેળ સાધતાં સુંદર નંગો ગોઠવ્યાં હતાં, રામગુપ્તે તે વીંટી પર જરા દીવાનો પ્રકાશ પડવા દીધો, અને ધ્રુવદેવીનો જમણો બાજુબંધવાળો હાથ ખૂબ કોમળતાથી ઝાલી તેની અનામીકા આંગળીમાં વીંટી સરકાવી દીધી, અને જાણે બીજો કશોજ ભાવ ન હોય અને એ બાજુબંધ અને સાથે સુમેળ સાંધતી વીંટીનું સૌંદર્ય જ જાણે પોતે જોતો હોય તેમ હાથ પકડી જોઇ રહ્યો.

અલંકારો સ્ત્રી માત્રને પ્રિય હોય છે, તેમ ધનિક અને રાજકુળમાં જન્મેલી ધ્રુવદેવી આ આભૂષણોનું સૌંદર્ય નીરખી જ રહી. તે વૈશાલીની રાજકન્યા હતી. પણ પહાડની તળેટીમાં વસતા લિચ્છવીઓ શરીરસામર્થ્ય અને રણકૌશલ્યમાં જ ચિત્ત પરોવતા. વળી તેમનું રાજ્ય ગણસત્તાક હતું. આથી વૈશાલી લશ્કરી દષ્ટિએ ઘણું જ સમર્થ છતાં ધનની દષ્ટિએ તદ્દન ગરીબ હતું. ધ્રુવદેવીએ અહિં પાટલે અને હિંચકે મઢેલા રત્નો અને વપરાયેલા સોના જેવું કાંઇપણ પોતાને ત્યાં જોયું નહોતું, તો પછી આવા આભૂષણોનો તો તેને ખ્યાલ જ કયાંથી હોય? પળવાર તે ભાન ભૂલી બાજુબંધ અને વીંટીના ઝગારાથી ઓપતા પોતાના હાથને જોઈજ રહી. રામગુપ્તે તે હાથ પકડયો છે એનો પણ એને ખ્યાલ આવ્યો નહિ.

પળેપળની કિંમત સમજનારા રામગુપ્તે ધીમેથી એ હાથ પર દીવાનું તેજ પડે એમ હલાવ્યો. "શો સુંદર હાથ!" મનમાં બબડતો હોય તેમ તે બોલ્યો, "આ આભૂષણોને એ કેવો દીપાવે છે?"

આ ઉલટી ઉપમાથી ધ્રુવદેવીના મુખ ઉપર જરા સ્મિત આવી ગયું. રામગુપ્તે તે જોયું, અને મનમાં મલકાયો. તેના દાવ સીધા પડતા હતા.

ખૂબ ભક્તિભાવથી જાણે સ્પર્શતો હોય તેમ તેણે તે હાથ આંખે લગાડયો. "સોનાંના કમળ જેવો હાથ! તેનો સ્પર્શ પણ શી ઠંડક આપે છે." ફરીથી જાણે મનમાં બોલતો હોય તેમ તે બબડયો.

તેણે હાથ છોડયો નહિ, પણ ધીમેથી બોલ્યો. "દેવી, હિંડોળા પર બેસી તમે આ હાથ ઉંચો કરી સાંકળ પકડશો, ત્યારે દેવો એ દૃશ્ય જોવા અવની પર ઉતરશે." અને ધ્રુવદેવીને હિંડોળા તરફ લઇ જવા તેણે ધીમેથી હાથ ખેંચ્યો.

પુતળી જેવી ધ્રુવદેવી ઉભી થઇ. વાસનાથી ભરપૂર અને કામાતુર રામગુપ્તના અંગાંગમાં આગ જલતી હતી. પણ ઉતાવળ કરી ધાણુ ન બગાડવા જેટલો કાબુ તેણે જાળવ્યો. તેણે ધીમેથી તેને હિંચકા તરફ લઈ જવા માંડી.

ધ્રુવદેવીને ઉભા થતાં તમર આવ્યાં, એટલે તેણે રામગુપ્તનો હાથ જરા જોરથી ઝાલ્યો. રામગુપ્તનાં રોમાંચ ખડાં થયાં.

ધ્રુવદેવીએ બીજે પગલે લથડીઉં ખાધું, એટલે રામગુપ્તે તેનો હાથ પોતાને ખભે મૂકી દીધો, અને તેની કમ્મરે હાથ ટેકાવી તેને હિંચકા તરફ લીધી. તેના હૃદયમાં વિજયના ટંકાર થવા લાગ્યાં.

પણ આઠેક ડગલાં લીધાં ત્યાં ધ્રુવદેવી સ્વસ્થ બની. ખરી વાત એ હતી કે તે સુખાસનમાં બેસી પડી, એટલે તેના લોહિની ગતિ ધીમી થઇ હતી અને તેથી ઘેનની દવાએ પાછી અસર શરૂ કરેલી. શકિત હરી લેતા એ ઘેનની અસર નીચેજ રામગુપ્તના શબ્દો અને વર્તન તેણે ચલાવી લીધાં હતાં. પણ આટલું તેનું લોહી ગતિમાન થયું, અને તંદ્રા ઓછી થઇ ત્યારે તેને પોતાની સ્થિતિનું ભાન આવ્યું.

સ્ત્રીઓને કુદરતે બક્ષેલી બુદ્ધિથી તેણે સમયસૂચકતા મેળવી લીધી. રામગુપ્તનો હાથ તેની કમ્મરે હતો. આ સ્થિતિમાં તેને તરછોડવા જતાં કદાચ તે આક્રમણ કરે, તો કદાચ ફાવી પણ જાય. તેથી તેણે તેનો કે પોતાનો હાથ ખસેડયો નહિ. પણ સ્થિર અને ઝડપી પગલે હિંડોળા પાસે પહોંચી ગઇ.

આ ફેરફાર રામગુપ્ત સમજ્યો નહિ. પોતાની દવાથી ધ્રુવદેવીની દુર્બળ પડેલી ઇચ્છાશકિત પર પોતાની દલીલો, દ્રવ્ય અને ખુશામત ભર્યા છતાં સુજનતામય વર્તને જય મેળવ્યો છે એવું એ માનતો હતો. એનો ખ્યાલ પણ નહિ કે ધ્રુવદેવીને વિશાખાએ આપેલા ઘેનના ઉતારની અસર તે ચાલવા માંડતાં જ પાછી શરૂ થશે.

હિંડોળા પાસે આવતાં જ ધ્રુવદેવી તેના પર બેઠી અને રામગુપ્ત પણ તેની પીઠ ઉપર હાથ રાખી બેઠો.

“મહારાજ” સમય મેળવવા મથતી ધ્રુવદેવી બોલી “મને ભૂખને લીધે જરા ચક્કર આવે છે. કાંઇ ખાવા પીવાનું આપશો ?”

પોતાનો સંપૂર્ણ વિજય માની હરખઘેલો બનતો રામગુપ્ત તરત ઉઠયો, અને કામોત્તેજક, દ્રવ્યોથી ભરપુર મીઠાઇનો એક ખુમચો ઉઠાવી લાવ્યો.

“કાશ્મીરના સર્વોત્તમ દ્રવ્યોમાંથી કાશીમાં બનાવેલી આ મીઠાઇ છે.” એક કકડો ધ્રુવદેવીને આપતાં તે બોલ્યો. “એનાથી તમારી નસેનસમાં તાજગી આવશે.”

ધ્રુવદેવીએ માર્મિક હાસ્ય સાથે એ ટુકડો લીધો. તેમાંથી એક ટુકડો પાડી તેણે રામગુપ્ત તરફ ધર્યો. “લો પહેલો ગ્રાસ તમારો હોવો જોઇએ.”

રામગુપ્તના મગજમાં આનંદનો ટંકાર થયો. પોતાના વિજયની બીજી શી સાબીતી જોઇએ. તેણે તે કકડો આનંદથી આરોગ્યો.

તેને ક્યાં ખબર હતી કે આ પદાર્થમાં ઘેનની દવા હતી કે નહિ તેની ખાત્રી કરવા ધ્રુવદેવીએ તેને કોળીઓ આપ્યો હતો.

તે ઉત્તેજક મીઠાઇથી ધ્રુવદેવીને લોહી જોરથી ફરતું લાગ્યું. તેણે બીજા ટુકડા લીધા અને ખાધા. તેનું લોહી જોરથી ફરવા માંડયું. ઘેનના ઔષધની અસર ઘટી ગઈ.

"હવે કંઇ પીશું?" મીઠાશથી તે બોલી.

રામગુપ્તને લાગ્યું કે પોતે ગાંડો બની જશે. તેનો તલસાટ ખૂબ વધવા લાગ્યો. તેણે પૂછ્યું, "શું લઇશું?"

"તમને ગમે તે" નમણું મુખ કરી ધ્રુવદેવી બોલી, "મૃત સંજીવની છે? તે લઇએ તો કેમ?"

રામગુપ્તના મગજમાં આનંદના ટંકાર થયા. મૃત સંજીવની! જે વૃદ્ધોને યુવાન જેવા અને વૃદ્ધાને યુવતી જેવા કામાતુર બનાવી નાંખે એ સુરા માંગતી હતી? હવે તેને ચોકકસ લાગ્યું કે તેની આ સોહાગ-રાત અનુપમ નીવડશે.

"અરે, વાહ, એથી સરસ શું?" તે આનંદથી પોકારી ઊઠયો, અને ઝડપથી એ સૂરાપાત્ર અને બે વાટકીઓ લાવ્યો.

ધ્રુવદેવીએ બન્ને વાટકી ભરી, એક રામગુપ્તને આપી. એક પોતે લીધી, અને પછી શરીર સંકોરી તે હિંડોળાની સાંકળને અઢેલી પલાંઠી વાળી આડી બેઠી. રામગુપ્ત સુરાપાત્ર મૂકી પાછો આવ્યો ત્યારે તેનાથી પડખે બેસાય એમ ન હતું. એટલે તે ખુબ પાસે છતાં સામે બેઠો.

થોડીક પળ બન્ને શાંત બેઠા. ધ્રુવદેવી સૂરાથી ઉછળતા લોહીથી વધારે અને વધારે સ્વસ્થતા પ્રાપ્ત કરતી હતી, જ્યારે રામગુપ્ત એ દવા એને વિવશ બનાવે એટલી વાટ જોતો હતો.

પણ તેની ધીરજ પણ પૂરતી હતી. ધ્રુવદેવીએ વિચારમાં જરા આંખો ઢાળી, એટલે તેણે તેના પગને ધીમેથી સ્પર્શ કર્યો અને પૂછ્યું, "હવે તમને કેમ છે, દેવી?"

ધ્રુવદેવીએ પોપચાં ઉંચા કર્યાં, અને તિરછી નજરે તેની સામે જોયું. તેનું હૈયું હાલી ઊઠયું પણ ધ્રુવદેવીએ તેના મોં પરની વિલાસીતા અને

લુચ્ચાઈની રેખાઓ પરથી તેના દીલમાં એક ધ્રુજારી આવી. હવે કેમ છુટવું તેનો તેણે ઝડપથી વિચાર કરવા માંડયો.

તેણે ઉત્તરીય માથેથી પાછું ઠેલ્યું. અને અંબોડા પર હાથ ફેરવ્યો, તેના સુંદર કેશ કલાપથી રામગુપ્તનું ચિત્ત ડોલી ઊઠયું, અને હાથ ઊંચો થતાં ઢાંકેલા છતાં સ્પષ્ટ થયેલા સુદૃઢ, વિકસિત સ્તન પ્રદેશની શોભાથી તો તે વિહ્વળ બની ગયો. ઘાયલ પંખીની જેમ તે તેની સામે જોઈ રહ્યો.

ધીમું હસીને ધ્રુવદેવીએ કહ્યું, "હવે મને સારૂં છે, મહારાજ!" અને તે નીચે ઉતરી. ઉતરતાં તેનો હાથ રામગુપ્તના હાથને જરા અડી ગયો! તેનું સુકોમળ ઉત્તરીય તેના ગાલને સ્પર્શી ગયું. રામગુપ્તનાં શરીરના તારે તાર ઝણઝણી ઉઠયા.

પણ રતિશાસ્ત્ર પ્રમાણે તો હવે નાયિકાને આરંભ કરવાનો હતો. અનુભવી રસયોદ્ધા પ્રમાણે રામગુપ્ત ધ્રુવદેવીની હવેની ચાલની રાહ જોવા લાગ્યો.

ધ્રુવદેવી દસેક કદમ ગઇ. જાણે તાંબુલ લેવા જતી હોય તેમ રામગુપ્ત અધિરાઇથી તેની પીઠનો મરોડ જોઇ રહ્યો.

અને ધ્રુવદેવી અચાનક ફરી, તેની સામે જોઇ રહી. "મહારાજ" તેના સ્વરમાં ઠંડી સ્વસ્થતા હતી. "મેં આપને કહ્યું ને કે મને હવે સારૂં છે. હવે તમે જઇ શકો છો."

અણધાર્યા શબ્દથી, અણધાર્યા આવિર્ભાવથી. રામગુપ્ત જડ બની ગયો. "શું કહ્યું?" પોતાના કાનને ન માનતો હોય તેમ તે બોલ્યો.

પોતાની આગળ એક સુખાસન ખેંચી લઇ તેની પીઠને અઢેલતી તે બોલી, "મેં કહ્યું તે સ્પષ્ટ નથી? તમને ખૂબ તકલીફ આપી. હવે જાઓ. મારે આરામ લેવો છે."

રામગુપ્તનાં મગજમાં સેંકડો ભૂતાવળો જાણે નાચવા લાગ્યા. તેના હોઠ ફીક્કા પડી ગયા. "આરામ તો લેજો ને, પણ તે મારે પડખે ને?"

કઠોર નિશ્ચલતાથી ધ્રુવદેવી બોલી, "મહારાજ, તમારી કૈ ભૂલ થાય છે. મેં તમને પહેલેથી જ કહ્યું નહોતું કે હું તમને જેઠ ગણું છું."

રામગુપ્તના મગજમાં જ્વાળામુખી ફાટયો. આ સ્ત્રી અસ્વસ્થ હતી ત્યાં સુધી સ્ત્રી ચરિત્ર કરી પોતાને રમાડી ગઇ હતી તેનું તેને ભાન થયું. પોતાની બધી મીઠાશ, બધી નરમાશ, બધી ખુશામત, સ્ત્રી હૃદયને જીતવાની એ બધી યુક્તિઓ નિષ્ફળ ગઈ હતી! તે કોપથી આગળ વધ્યો. "હજીએ એ જીદ પકડી રાખવી છે. એમ?"

"મહારાજ," સત્તાવાહી અવાજથી રાણીએ કહ્યું, "ત્યાં ઉભા રહીનેજ વાત કરો, તો?"

ધૂર્ત રામગુપ્ત ઉભો રહ્યો. તે સમજ્યો કે હવે નવી જાતની જુદી રમત આરંભાય છે, આ સ્ત્રી તેણે ધાર્યું હતું તે કરતાં ઘણી વધારે ચતુર નીકળી. તેની સામે મગજ ગુમાવ્યે પાલવે એમ નહોતું.

"રાણી," તેણે જરા કઠોર બનતા અવાજે કહ્યું, "મેં તમને વધારે અક્કલવાળા માન્યા હતાં. તમારી સ્થીતિ તમે હજી સમજી શકતાં નથી, એ નવાઇની વાત છે."

લિચ્છવીઓનું લોહી હવે તો ઔષધ પર સરસાઈ મેળવી ચૂકયું હતું. તદ્દન સ્વસ્થતાથી ધ્રુવદેવીએ કહ્યું, "મહારાજ, મારી સ્થીતિ હું બરાબર સમજી છું. બળજબરીથી છતાં સમાજની નજરે તમે મારા પતિ છો. પણ મારૂં હૃદય એ સ્વીકારતું નથી."

"મોડે વહેલે એને સ્વીકાર્યા વગર છુટકો છે?" રાજાએ પૂછ્યું."

"એવી આશા રાખશો જ નહિ, રાજન? હું કદીએ તમને પતિ તરીકે સ્વીકારીશ નહિ." તેણે દ્રઢતાથી જવાબ આપ્યો.

રામગુપ્ત હસ્યો. "રાણી, મગધના મહારાજાની ઇચ્છાની આડે આવે એવું હજી સુધી કોઇ આવ્યું નથી."

"તો ભલે તેમને નવો અનુભવ થાય." બેપરવાહીથી જવાબ આપ્યો.

આ સ્વરથી રામગુપ્તને ક્રોધ ચડયો. "હવે બહુ થયું, રાણી! કદીએ કોઈનીયે ન કરી હોય તેવી ખૂશામત તમને પ્રસન્ન કરવા મેં કરી છે. તમારી લાગણીઓને આઘાત ના પહોંચે તેટલા માટે મારી લાગણીઓને દાબી રાખીને લગભગ એક પહોર તમને સમજાવ્યા છે. ગમે તેવી

માનુની માન મૂકી રીઝે એવી મેં નમ્રતા દાખવી છે. હવે તમે મને જુદા ઉપાયો લેવા ફરજ પાડશો."

"તમે શું કરશો?" ભાવહિન સ્વસ્થતાથી તેણે પૂછ્યું.

"રાણી, રાણી. હું શું કરી શકું છુ તેનો તમને ખ્યાલ છે? તમારી પડખે કોઈ નથી. મારે હોંકારે હજારો મરી ફીટે એમ છે. નકામી કડવાશ કરીને શો ફાયદો? માટે આવો. થોડા સમયમાં તમારી ઘેલછા ભૂલાઈ જશે." તે આગળ વધ્યો.

"સબૂર, રાજન્, ત્યાંજ ઉભા રહેજો." ધ્રુવદેવીએ ચિત્કાર કર્યો. એ અવાજમાં જરા ગભરાટ હતો.

રાજા આછું હસ્યો. "નહિ તો શું કરશો?" તે બીજાં બે ડગલાં આગળ વધ્યો.

ધ્રુવદેવીએ આસન પાછળ પડેલો શંખ ઊઠાવ્યો. "મહારાજ, તમે માનો છે એટલી હું નિરાધાર નથી. એક પગલું આગળ લેશો તો હું આ શંખ ફુંકીશ, અને લિચ્છવીના સો યોદ્ધા આ મહેલને ઘેરી વળશે."

રાજા હસ્યો. "મગધના લાખ સૈનિકો સામે તેમનું શું ગજું?"

"તમારા સૈનિકો આવે તે પહેલાં તમો અમારા હાથમાં કેદ હશો, મહારાજ ધ્રુવદેવીએ પોતાની રમત જણાવી.

રાજા હવે તો ખડખડાટ હસ્યો, "રાણી, મગધનો મહારાજા એવો બેવકુફ નથી કે, એનાં આગળથી પગલાં ના લીધા હોય. એ તો સો યે અત્યારે ઘેનમાં સુતા હશે, અને દરેક પર ચાર ચાર જણની ચોકી છે."

સાચી કે ખોટી આ વાતથી ધ્રુવદેવીના હાથ હેઠા પડયા. રાજાનેજ કેદ પકડી, બાન તરીકે રાખી પોતે વૈશાલી જવાનો માર્ગ મોકળો કરવાની તેની યોજના ધૂળ મળી ગઇ. તેના મુખ પર નિરાશાની કાળી ઝાંખ ફેલાઇ.

અને છલાંગ મારી રામગુપ્ત પાસે આવ્યો. બન્ને વચ્ચે એકલું સુખાસન રહ્યું, "બસ, થયું રાણી?" તેણે હાથ લંબાવતાં કહ્યું. "ડાહ્યા માણસો પરાજય સ્વીકારી ભાવિ સુધારવા મથે છે. તમારી ધૂન જાળવવાં પૂરતું કરી ચુકયાં છો. તમારી શુભનિષ્ઠા માટે કોઈ શંકા કરે એવું થયું નથી.

અને હવે તો તમે તમારૂં આ વલણ ચાલુ રાખો તેમાંજ નાલેશી છે." તે સ્થિર મને રાણી સામે જોઈ રહ્યો.

રાણીએ પણ સામે આંખ મીલાવી. તેના હૃદયનો ધીમો અવાજ હવે તો પોકાર કરતો હતો, "સાવચેત." તેણે સુખાસનની પીઠ પકડી રાખી કહ્યું, "મહારાજ, મને એવી નાલેશીની નથી પડી. મારૂં હૃદય અંધારાણી પૂરે છે કે હું તમારી પત્નિ નથી—તમારા ભાઈની છું. માટે કૃપા કરી સિધાવો."

મહાપ્રયાસે અડધા પહોર સુધી રામગુપ્તે પોતાની વાસનાને સંયમમાં રાખી હતી. હવે એ સંયમ તૂટવા માંડયો. દાબી રાખેલો ક્રોધ ઉભરાવા માંડયો.

"રાણી હદ થઇ. હવે સમજો "

"નહિ તો તમે અત્યાચાર કરશો એમજ ને!" રાજાના મુખ પર થતા ફેરફારથી તેનું સાચું સ્વરૂપ ઓળખાતાં હવે તો જીવ પર આવી ગયેલી વદેવી બોલી, "મહારાજ, વૈશાલીની કન્યાઓ એમ દબી જાય એમ નથી."

રામગુપ્તનું પોત હવે પ્રકાશવા માંડયું હતું. "તો મગધના મહારાજાને એમ રમાડીને બનાવી જવાય એમ પણ નથી. રાણી, પા ઘડીની મહેતલ આપું છું. પછી મને દોષ દેશો નહિ."

પોતાનું ઉત્તરીય ઝડપથી ખભે વીંટાળી ધ્રુવદેવીએ કહ્યું, "મારે મહેતલનું શું કામ છે? તમે થાય તે કરી લો."

અને તે ઉત્તરીય વીંટાળતી હતી તે વખતે તેના ઉત્તુંગ સ્તન પ્રદેશપર રામગુપ્તની નજર પડી. વાસનાનાં પૂર ઉછળ્યાં. તે હતો તેવોજ, હેવાન બન્યો.

શિકારી કુતરાનું ખુન્નસ તેની આંખોમાં ઝળકયું. તેનું નીચલું જડબું આગળ ધસી આવ્યું. ચીડીઆ કરતા નર-વાનર (ગોરીલા) જેવું તેનું મોં પહોળું થયું અને દાંત કચકચ્યા.

ડાબે હાથે તેણે આસન ખેંચ્યું, જમણે હાથે તેણે ધ્રુવદેવીનો ડાબો હાથ જોરથી ઝાલી ખેંચ્યો.

ધ્રુવદેવીનાં નસકોરાં ફાટી ગયાં. વિકરાળ; સિંહણ જેમ તેનો સીનો ફરી ગયો. તેની આંખમાં શિકારી કુતરા સામે ઝુઝતી બીલાડીની તિક્ષ્ણતા આવી.

બે પળ આસનની ખેંચતાણુમાં વીતી. રામગુપ્તે પગથી આસનને એક પડખે હડસેલ્યું, અને હાથથી સામી બાજુએ દબાવ્યું.

સેનાપતિઓની સંતાન ધ્રુવદેવીએ કાળપળ પારખી. એ અડધી વિપળમાં તેણે આસનપીઠ પરથી હાથ ઉઠાવી લીધો, એક જબ્બર ઝાટકા મારી ડાબો હાથ છોડાવી લીધો, અને તેજ વખતે જમણા હાથથી એક જબ્બર મુક્કો રામગુપ્તના લમણામાં ચોડયો. વૈશાલીમાં સ્ત્રીઓને પણ યુદ્ધની તાલીમ મળતી એવું આમ તેણે બતાવી આપ્યું.

તેણે હાથ ઊઠાવ્યો એટલે રામગુપ્તે સમતુલા ગુમાવી, હાથ છટકાવ્યો એટલે અડબડીઉં ખાધું, અને મુક્કો પડતાં તે જમીન પર પડી ગયો. ધ્રુવદેવીએ આસન ઊંચકી તેના પર નાંખ્યું, અને હરણી જેવી ચપળતાથી હિંડોળા પાછળ પહોંચી ગઇ.

કદીએ નહિ અનુભવેલાં આવાં અપમાન અને હારથી રામગુપ્તના ક્રોધે માઝા મુકી. સારાસારનું ભાન ભૂલી, ઝનુની પશુ જેવું ધુરકીઉં કરી તે કુદ્યો, અને ધ્રુવદેવી તરફ ધસ્યો. બન્ને વચ્ચે હવે હિંચકો હતો.

"વિશાખા !" ધ્રુવદેવીએ બુમ પાડી.

" વિશાખા નહિ આવે, મેં તેની તજવીજ કરી છે." ભયાનક મુખમુદ્રા કરી હાંફતો હાંફતો તે બોલ્યો, અને કુદીને હિંચકા પર ચડી ગયો, અને પાછી હઠતી ધ્રુવદેવીના વસ્ત્રનો પાલવ પકડયો.

તે અર્ધક્ષણમાં ધ્રુવદેવીએ આખરી નિર્ણય કર્યો; " મહારાજ ! એક પળ ઉભા રહો. " તેણે હાથ ફેરવ્યો.

રામગુપ્ત હિંચકાની બીજી બાજુ કુદીને આવ્યો. તેણે પાલવ બરાબર પકડયો હતો. ધ્રુવદેવીથી ચસાય એમ નહોતું. આ શબ્દ સાંભળી, વિજયથી હસ્યો, છતાં જરા થોભ્યો.

ધ્રુવદેવીએ અંબોડેથી હાથ ઉઠાવ્યો, ત્યારે તેમાં રક્ષાસોય હતી. " મહારાજ," તેણે ઉશ્કેરાટથી ધ્રુજતે સ્વરે કહ્યું; " હવે જરાએ પાસે આવશો તો આપણા બેમાંથી એક જણ નહિ હોય. "

ફાટે ડોળે રામગુપ્ત એ સોય જોઇ રહ્યો. છ આગળ લાંબી એ સોય પર કાળા, ભુરા, નીલા રંગનો ચળકાટ હતો.

"વૈશાલીની યુવતીઓ શિયળના રક્ષણ માટે આ સોય પાસે રાખે છે." શાંત મક્કમતાથી ધ્રુવદેવીએ કહ્યું. "હિમાલયમાંજ મળી આવતું કાલકૂટ ઝેર એને વાપેલુ છે. એનો એકજ છરકો મૃત્યુ લાવવા બસ છે. તમારો અત્યાચાર વધશે, તો કાં તો મગધ, રાજા વિહોણું બનશે, કે ધ્રુવદેવી પ્રાણ વિહોણી બનશે."

રામગુપ્ત આવી વસ્તુસ્થીતિ માટે તૈયાર નહોતો. તેણે આવી વિષ-સૂચિકા (ઝેરી સોયો) માટે સાંભળ્યું હતું. તેણે આવેશથી કંપતાં બુમ પાડી, "મુકી દો, એ સોય મુકી દો."

ધ્રુવદેવી ફીકકું હસી,—મરણને ભેટતાં હસાતું હોય તેમ—અને સોયની અણી પર તેણે અંગુઠો મૂકયો.

રામગુપ્ત ચમકયો–પાછો હઠયો. તે આટલી હદે વાત જશે એમ માનતો નહોતો. વિજયની પળેજ તે પરાજય પામ્યો. તેના હાથમાંથી પાલવ સરી ગયો.

તે સોયને હાથમાં રમાડતી ધ્રુવદેવી ભીંતને અઢેલી ઉભી હતી. રામગુપ્ત એક આસન પર ફસડાઇ પડ્યો. અર્ધી ઘડી, કદાચ એક ઘડી બન્ને મૂંગાંજ રહ્યાં. બન્ને લાગણીઓનાં પ્રત્યાઘાત જીરવવા મથતા હતા.

આવેશ શમતાં ધ્રુવદેવીએ ઉત્તરીય ઠીકઠાક કર્યું.

"હવે મહારાજ, આપ પધારવા કૃપા કરશો?" તેણે સ્વસ્થતાથી પૂછ્યું. "મધ્યરાત્રી વોતી ગઇ છે."

રામગુપ્તે કપાળેથી પરસેવો લૂછયો, અને ગળું ખંખાર્યું, "પણ રાણી, આ તે કંઈ રીત છે? આપણા કોકડાનો આમ નિવેડો આવવાનો છે?"

ધ્રુવદેવીએ કહ્યું, "તો બીજું શું થાય, મહારાજ? તમે મને છળથી પરણ્યા છો. મારૂં મન એ લગ્ન સ્વીકારતું નથી. સમાજ એ લગ્ન રદ કરે એમ જ નથી. હું એ સ્વીકારૂં એમ નથી. આમાં શું થાય? કાંતો

મને મારે પિયર મોકલી દો, કે કાંતો તમે મારી સાથે નથીજ પરણ્યા એમ વર્તો. એ સિવાય મને તો બીજો માર્ગ એકજ દેખાય છે, અને તે આ!" તેણે સૂચક રીતે રક્ષાસોય હાથમાં રમાડી.

રામગુપ્ત વિચાર કરવા લાગ્યો. અત્યારે રમતનો દોર તો ધ્રુવદેવીના હાથમાં હતો. અત્યારે નમી જવામાંજ ઠીક હતું. વળી આગળ ઉપર જોઈ લેવાશે.

તેણે માથુ ઉંચક્યું અને કહ્યું, "ઠીક છે. તમને પિયર મોકલવામાં તો બન્ને કુળનું ભૂષણ નહિ. તમારૂં મન સ્થિર થાય ત્યાંસુધી ભલે તમને ફાવે તેમ રહો."

તે ઉઠી બારણાં તરફ ગયો, અને પાછો ફર્યો. "આપણે આજ છૂટા પડીએ તે પહેલાં થોડું સમજી લઇએ. આપણી વચ્ચેની ગેરસમજૂત તમે બીજાઓથી છુપી રાખશો ?"

ધ્રુવદેવીએ વિચાર કરી માથું ધુણાવ્યું. "વારૂ" રામગુપ્તે કહ્યું. "બન્ને કુળની પ્રતિષ્ઠાનો તમે ખ્યાલ રાખો છો, તે સારૂં છે. હું પણ એ જુઠાણું નભાવી રાખવા વારંવાર આવતો રહીશ."

ધ્રુવદેવીએ તીણી આંખે તેના સામે જોયું. રામગુપ્ત એની શંકા સમજ્યો. કડવું હસીને તેણે કહ્યું. "કંઈ વહેમ લાવવાને કારણ નથી. તમારે માટેનો મારો મોહ ઉતારી નાંખવા તમે ઓછું કર્યું નથી. મારે પણ સ્વમાન છે. આજના બનાવ પછી હવે મારે તમારાથી બીજાની જરૂર નથી. પણ બહારનો દેખાવ તો ટકાવી રાખવો પડશે."

ધ્રુવદેવી એ વાત સ્વીકારતી હોય તેમ માથું નમાવ્યું, એના મૌનથી રામગુપ્ત જળી ઊઠયો. "અને તમને બીજું કહી દઉં છું. છ માસ સુધી આમ આપણે રહી શકીશું. ત્યાં સુધીમાં મને આશા છે, કે તમારી અક્કલ ઠેકાણે આવશે, કે તમારૂં યૌવન તમને ખરો રસ્તો સુઝાડશે. તમારા અપમાન છતાંયે ત્યાં સુધી તમને સ્વીકારવા હું તત્પર રહીશ. તે પછી હું તમારે માટે બીજો કાંઇ રસ્તો કહાડીશ."

બારણું ઉઘાડી તે બહાર ચાલ્યો ગયો. ધ્રુવદેવી વિચારમાં બેસી રહી.

આ સનસનાટીભર્યાં છતાં લાંબા ચિત્રનો ખંગ વાળવો હોય તેમ હવે સંવાદ વિહોણા દશ્યો ઝડપથી દેખાવા લાગ્યાં. શંખ, ભેરી અને રણતુરીના ઘોષ સાથે મગધ મહારાજ્યનાં સૈન્યની કૂચના દશ્યો દેખાયાં. વિશાળ પટવાળી શોણ, મદઝરતા હાથીના ટોળા જેવી વિંધ્યની માળા, ગરવી નર્મદા અને અપ્સરાઓને મળવા જેવો માળવાનો ઉચ્ચ પ્રદેશ નજરે પડયાં.

એક મહાસેના સાથે રામગુપ્ત વિજય યાત્રાએ નીકળ્યો હતો. સાથે ધ્રુવદેવીને લીધી હતી. કદાચ પોતાના પરાક્રમથી તેનું હૃદય જીતવાના અભિલાષ હશે !

માળવાના શકરાજાએ ભીષણ સામનો કર્યો, છતાં મગધનું લશ્કર આગળ વધતુંજ ગયું, અને આખરે આર્યાવર્તના સંસ્કાર કેંદ્ર અવન્તીને મગધ સૈન્યે ઘેરો ઘાલ્યો.

તે રાત્રે પોતાનાજ તંબુ પાસે નાંખેલા ધ્રુવદેવીના તંબુમાં રામગુપ્ત આવ્યો.

"દેવી," તેણે સગર્વ ઉચ્ચાર્યું, "થોડા દિવસમાં ભારતના હૃદય જેવું અવન્તી તમારે ચરણે ધરીશ. આશા છે કે, એ ભેટનો યોગ્ય સત્કાર થશે."

બંનેની આંખો મળી.

"મહારાજ, પરદેશી યવનો પરના આપના વિજયથી આનંદ તો થશેજ." હાથમાંનો વિંઝણો હલાવતાં ધ્રુવદેવીએ કહ્યું, "પણ એવી ભેટના બદલામાં હું શું આપી શકું એમ છું?"

"રાણી," એક આસન પર પગ લંબાવતાં તેણે કહ્યું, "આપના લગ્નને આજે છ માસ થાય છે. એટલામાં મેં બતાવ્યું તો છેજ કે હું તદ્દન નાંખી દેવા જેવો માણસ નથી. મેં તમારી તરફનું મારું વચન પાળ્યું છે. તમારૂં મન વાળવા છેવટે આ યુદ્ધ આરંભી યશ મેળવ્યો છે. થયેલું ન થયું, થનારૂં નથી. તો હવે તો તમે કાંઇક આશા આપશો."

"મહારાજ, ખરૂં છે કે, આ છ માસ તમે બરાબર વર્ત્યા છો. પણ હું શું કરૂં? મારૂં હૃદય માનતું નથી." જાણે લાચારી દર્શાવતી હોય તેમ તેણે કહ્યું, "અને છ માસમાં કુમારનાં દર્શન પણ થયાં નથી."

"એમાં મારો દોષ નથી, દેવી." રામગુપ્તે જરાયે ચીડ કે ક્ષોભ બતાવ્યા વિના કહ્યું. "આપણા લગ્નને બીજે દિવસે એમની તબીયત સુધરી, એટલે એમને ખબર આપવામાં આવી અને રાજધાનીમાં આવવાનું તેમની મુનસફી પર છોડવામાં આવ્યું. પણ તેમને લાગ્યું કે, તેમના આવવાથી પરિસ્થિતિ ગુંચવાડા ભરેલી થશે, કુમારે પોતેજ બધું ઠામ પડી જાય, તમારૂં મન અને પોતાનું મન શાંત થઈ, નવીન વસ્તુસ્થીતિને અનુકૂળ બને એ હેતુથી પોતે લાંબે પ્રવાસે જવું એમ નક્કી કર્યું અને ભગવાન સોમનાથની જાત્રા કરવા ગુપ્ત વેશમાં પુરતા સાધન સાથે નીકળી પડ્યા."

ધ્રુવદેવી તેની સામે જોઈ રહી. તેના શબ્દોમાં નિખાલસતા હતી, છતાં તેને વિશ્વાસ પડ્યો નહિ. "આ સાચું કહો છો ?" તેણે પૂછ્યું.

રામગુપ્ત સ્હેજ હસ્યો, "હું જાણતોજ હતો, કે તમે મારૂં નહિ માનો. પણ છ મહિનાથી મેં તમને જરાયે છેતરવા પ્રયાસ કર્યો નથી. તેણે એક લખોટો કહાડી ધ્રુવદેવી તરફ નાંખ્યો. "જુઓ, આમાં કુમારના પત્રો છે.

ધ્રુવદેવીએ લખોટો ખોલ્યો, અને પત્રો વાંચવા માંડ્યા. વાંચતાં વાંચતાં તેના મુખ પર ગંભીરતા છવાઈ રહી. કોઈક પત્રો તેણે ફરીફરીને વાંચ્યા. આખરે તે વિચારમાં દૂર નજર નાંખતી બેઠી. વિચારમાં અને વિચારમાં તેની આંખ રામગુપ્તના ચહેરા પર પડી. તેનું મુખ જોઈ ચોંકી જ ગઈ.

તે વાંચવામાં મશગુલ હતી ત્યારે રામગુપ્ત પોતાની તરફ ધ્રુવદેવીનું ધ્યાન નથી એ જોતાં તે ઓછો સાવધ બન્યો હતો. છ માસની ચિંતા અને આકુળતાથી ધ્રુવદેવી ફીક્કી પડેલી હતી. તેથી વધારે મનોહર લાગતી હતી. છ માસની સતત જાગૃતિ અને સાવચેતીએ તેના મુખને દૃઢતાનો વળાંક આપ્યો હતો. આથી પણ એનું આકર્ષણ વધ્યું હતું. પત્ર વાંચતાં શિથિલ બનેલી તેની દેહદ્રષ્ટિ લલચાવે એવો વળાંક લેતી હતી. રામગુપ્તના છ માસથી દાબેલા મનોભાવો સળવળવા લાગ્યા, અને ભૂખી વાસનાથી ભરેલી નજરથી લોહી તરસ્યા વરૂની જેમ તે તેના મુખ અને શરીર પર નજર નાંખતો હતો.

આ વખતે જ પત્રોમાં કુમારે દેખાડેલી બેપરવાઇથી ધ્રુવદેવીનું મન જરા ડામાડોળ બન્યું હતું, અને છ માસથી ખૂબ માનપૂર્વક વર્તનાર રામગુપ્ત જોડે તેણે મનમાં ચંદ્રગુપ્તની સરખામણી કરવા માંડી હતી. તેજ વખતે તેની નજર અસાવધ રામગુપ્ત પર પડી, અને તેણે તેના ખરા પશુસ્વરૂપને પીછાન્યું.

નજર ફેરવી લેતાં તેણે એક કમકમાટી ખાધી, વસ્ત્રો ઠીકઠાક કર્યાં, અને જાત સમાલી લીધી.

પત્રોનો બીડો ફરીથી સાવધ બની ગયેલા રામગુપ્ત તરફ ધરતાં તેણે કહ્યું, " આપનું કહેવું સાચું છે. "

રામગુપ્તે બીડો હાથમાં લીધો ત્યારે બંનેની અંગુલી સ્પર્શી ગઇ. રામગુપ્તે ધીમેથી હાથ ઝાલતાં કહ્યું. " હવે મને કાંઇક આશા આપશો ?"

ખૂબ કુશળતાથી પોતાનો અણગમો દાબતી ધ્રુવદેવીએ પોતાનો હાથ પાંચેક પળ તેના હાથમાં રહેવા દઈ પાછો ખેંચ્યો, અને કહ્યું, " મહારાજ, ખોટું નહિ કહું. હજી હૃદય પુરેપુરૂં માનતું નથી."

" તે માનશે ક્યારે ? "

ધ્રુવદેવીએ એને છંછેડવામાં સાર જોયો નહિ. તેણે સ્મિત કરતાં જણાવ્યું, બે ચાર દિવસમાં કદાચ કુમાર પણ આવી જશે એટલે હું મોંઢામાંઢ મળી વચનમાંથી છુટી થઇ શકીશ. અને એટલામાં તો તમે અવન્તી મારે ચરણે ધરશો ને ?

એના મોહક સ્મિતથી રામગુપ્ત ગુંચવાઇને ઠંડો પડી ગયો. હૃદયમાં આશા પ્રગટી. આરે આવતું વહાણ ન જોખમાય માટે તેણે અધિરાઇ દાબી દીધી. તેણે રજા લીધી, અને ધ્રુવદેવીએ તે હસતે વદને આપી.

ચિત્રપટ પલટો લે છે. સંગીત, દશ્યો ઝડપથી બદલાય છે. યુદ્ધનું વાતાવરણ ફરીથી જામે છે, અને તેના છુટક છુટક દશ્યો દેખાય છે.

વિજયના ઉત્સાહમાં રંગરાગ ઉજવતી માગધી એના પર જાણે આફતના ઓળા ઉતરે છે. આજુબાજુ જાણે ભૂતાવળ જાગી હોય તેમ

અવન્તી બહારની થાક સેના ગુજરાતની થાક સેનાની વહાર મળતાં માગધીઓને ઘેરી વળે છે.

એક સવારે રાજારાણીના તંબુઓની પાસે મોટી જાજમ બીછાવી છે. એ આસનો પર બન્ને બેઠાં છે, અને જાજમ પર મુખ્ય સરદારો વીરાસન વાળી બેઠા છે. દરેકના શરીર પર યુદ્ધની નિશાનીઓ છે. દરેકના મોં પર થાક, ચિંતા અને મુંઝવણની કાળી ઝાંખ છે.

દશ્ય શરૂ થયું ત્યારે જાણે, કાંઈ ગંભીર વાતચીત પુરી થઈ હોય એમ લાગે છે. સરદારો પ્રણામ કરી વિદાય લે છે, અને રાજા રાણી એકમેકના સામું જુએ છે.

એમની વચ્ચેનો વિચિત્ર સંબંધ દુનીઆથી છુપાવવા તેઓ સાથે જમતાં, અને રાણી ઘણીવાર મંત્રણામાં હાજર રહેતી. આવી પડેલી મુંઝવણને લીધે બન્ને વચ્ચે અંતર ઘટતું હોય એમ પણ લાગતું હતું.

પાંચ પળ તેમની આંખો મળી, રાજાએ ફીક્કા સ્મિત સાથે કહ્યું, "ભારે થઇ."

રાણીએ સહાનુભૂતિથી તેની તરફ જોયું. છેલ્લા પંદર દિવસમાં તેણે રાજાના ચારિત્રની બીજી બાજી જોઈ હતી. ગુંચવી નાંખે એવી પરિસ્થિતિમાં તેણે તોડ કાઢવા જબ્બર મહેનત કરી હતી, અને ઘણીવાર યુદ્ધે પણ ચડતો હતો. મુશ્કેલી સામે હિંમતથી ઝુઝતા દરેક માણસ માટે આદર ઉપજે છે, એવો આદર રાણીના મોં પર હતો.

"ખરી વાત છે," તેણે નરમાશથી કહ્યું. "આપણી ચારે બાજુ જાણે નાગપાશનો ભરડો ગુંથાયો છે."

"વળી તેઓએ યુક્તિઓ પણ નવી જ જાતની અજમાવી છે. સામે મોંઢે લડતા જ નથી. પાછા હઠતા જાય છે અને છુટી છવાઈ ટુકડીઓને કાપી નાંખે છે." રાજાએ કહ્યું.

"મેં સાંભળ્યું હતું," કૈંક વિચાર આવતાં રાણીએ કહ્યું, "કે ભગવાન ચાણાક્યે યવન વિજેતા અલિકસુંદર સામે એવી જ યુક્તિઓ કરી તેને મુંઝવેલો."

"વળી લડે છે ત્યારે પણ જુદી રીતે લડે છે. ઘોડા સામે ઉંટ લાવે છે, હાથી સામે તિરંદાજો અને ભાલાવાળા આવે છે, રથ સામે તરવારવાળાઓ આવે છે, અને પાયદળ સામે ઘોડેસ્વારો અને ભાલા-વાળા આવે છે."

"એ બધાં યે યવન રાજવી સાથેના યુદ્ધમાંથી મેળવેલા પાઠ છે" રાણી બોલી, "પણ, મહારાજ, કૈંક માર્ગ તો કાઢવો પડશે ને?"

"મને કાંઇ સુઝતું નથી," કપાળે હાથ ફેરવતાં રાજાએ કહ્યું, "વિદિશાનું આપણું લશ્કર પાછું હઠયું છે. મથુરાના શક પણ સળવળતા લાગે છે. આપણી પાસે પખવાડીઆનું અનાજ છે. મંત્રણા સભામાં આપણે નક્કી કર્યું હતું કે બને તો અવન્તીમાં ઘુસી જવું. આપણે વધારે વખત ટકી શકીએ, પણ ત્યાં કરેલો હલ્લો પણ કાલે નિષ્ફળ ગયો છે. શત્રુની જાળ ભેદી નીકળાય એમ નથી. હવે તો બે જ માર્ગ છે. કાં તો શત્રુને શરણે જવું, કે કેસરીઆં કરી બને તેટલાએ ઘરમાંથી નીકળી જવું."

"તમે કયો માર્ગ પસંદ કરો છો?" રાણીએ પૂછ્યું.

રાજાએ આસન રાણી પાસે ખેંચ્યું પોતાની કોણી ઘુંટણ પર ટેકવી, શરીર જરા આગળ ઝુકાવતા કહ્યું, "રાણી એ તમારા પર આધાર રાખે છે."

"મારા પર? મારી સલાહ પર?" રાણીએ પુછ્યું.

"ના" જરા ભારપૂર્વક રાજાએ કહ્યું, "તમારી સલાહ પર નહિ–તમારા પર."

રાણી ના સમજી હોય તેમ જોઇ રહી. રાજા ફીકકું હસ્યો અને બોલ્યો, દેવી, "પુરૂષ પ્રયત્ન કરે છે પ્રિયતમાને સંતોષવા. એ વિજય મેળવે છે એને ચરણે ધરવા, એ કીર્તિ વાંછે છે એના કંઠમાં કીર્તિમાળા ધરાવવા. એની એક મીઠી નજર માટે, એના આંખના એક અમીબિંદુ માટે, એના મુખના એક સ્મિત માટે, એ પ્રાણની પણ કુરબાની કરે છે.—" દૂર આકાશમાં નજર નાંખતો હોય તેમ તે બોલ્યો, અને ઉમેર્યું. "તમે મારાં થાઓ, અને રાણી, આપણે યુધ્ધે ચડીએ, હાથમાં હાથ

રાખી, ખભે ખભો મીલાવી આપણને વીંટાઇ વળેલા શત્રુઓ સામે આપણે યુધ્ધે ચડીએ, અને કાંતો મગધનો માર્ગ ખુલ્લો કરીશું, કે કાં તો એકજ રણ-શૈયા પર સાથે સૂઇશું." તેનો સ્વર–ઉત્સાહ અને આશાથી કંપી રહ્યો.

રાણી યુદ્ધપ્રિય લિચ્છવી કુળની હતી. તેની નસોમાં યોદ્ધાઓનું લોહી વહેતું હતું. તેને પોતાને પણ યુદ્ધની તાલીમ મળી હતી. રાજાના શબ્દોએ એક ભવ્ય ચિત્ર તેની આંખ આગળ ખડું કર્યું. હજારો સૈનિકોને મોખરે વેગથી ધસતા રથમાં પોતે હાથમાં ધનુષ્ય લઇને રાજાને પડખે ઉભી હોય, શત્રુઓની હરોળ તૂટતી હોય, પોતાના નામનો જયનાદ હવામાં ગુંજતો હોય—એવું તેને લાગ્યું. તેની નસોમાં સમરાંગણનો નાદ ફેલાવા માંડયો. તેનાં નસકોરાં સ્હેજ ફુલ્યાં, તેની આંખો રતુમડી બની, તેના ગાલ પર ઉત્સાહની ચમક આવી.

રાજા એના મૂખ ભાવ જોઇ રહ્યો. તે ઉભો થયો અને બોલ્યો, "રાણી, તમારો પ્રેમ મેળવવા આ સ્વારી કરી હતી. એ મળે તો હું મરણને પણ આવકારીશ. માટે મેં કહ્યું કે હવે શું કરવું તે તમારા પર આધાર રાખે છે."

ખુશામત કોને પ્રિય નથી? તેમાં સ્ત્રીઓને તો વિશેષે કરીને. ધ્રુવદેવી પણ સ્ત્રી હતી. પોતાને અપાતા મહત્વથી તેનું અભિમાન સંતોષાયું, તેનું હૃદય પુલકયું. પળવાર રાજાની દરખાસ્ત સ્વીકારવા તેને મન થયું, છતાં હૃદયમાં આછી આછી, ઘણી જ આછી શંકા રહી.

"મહારાજ," મિઠાશભરી નજરે અને મિઠાશભર્યા સ્વરે તેણે કહ્યું, "તમે વાતની રજુઆત તો બહુ સુંદર રીતે કરો છો." તેણે આળસ મરડી, અંબોડો સરખો કર્યો. "તમે કહો છો તે પર વિચાર તો કરવા જેવો છે."

સર્વાંગે આછી કંપારી અનુભવતો રામગુપ્ત બોલ્યો, "દેવી, દેવી! વિચાર ક્યાં સુધી? વખત થોડો છે. આજે કે કાલે આપણે નિર્ણય કરવો જોઇએ." તે આસન પર બેસી પડયો, "રાણી, રાણી, હજુએ મારો એકજ વાંક તમે માફ કરી શકતાં નથી?"

ધ્રુવદેવીનું હૃદય હાલી ગયું. તેણે મોં ફેરવી લીધું. "મહારાજ, અત્યારે તો થાક લાગ્યો છે. આજે સાંજે આગળ વાત કરીશું." તેના સ્વરમાં જરા ધ્રુજારી હતી.

રાજા પ્રસંગ ચુકવા માંગતો નહોતો. "રાણી," અવાજમાં ભારોભાર દુઃખ લાવી તેણે કહ્યું, "એટલું તો કહો કે મારો વાંક તમે માફ કર્યો છે."

રાણીએ સ્થીર નયને તેના સામે જોયું. "મહારાજ, હું જુઠું નહિ બોલું. મને હજી તે પ્રસંગ સાલે છે. પણ" અવાજ જરા કોમળ કરતાં તેણે કહ્યું, "મારા મનમાં રોષ નથી રહ્યો. હું તમને મિત્રભાવે જોઇ શકું છું."

અને બન્ને છુટાં પડયાં.

તે રાત્રીએ રાજાએ આશાભર્યા હૈયે રાણીના તંબુમાં પગ મૂકયો. "દેવી, યવન રાજવીનો સંદેશો આવ્યો છે. કાલે એ અંગત મુલાકાત માંગે છે. આજે આપણે નિર્ણય કરી લઈયે તો ઠીક."

દિવસ દરમ્યાન ધ્રુવદેવીએ સ્વસ્થતા પ્રાપ્ત કરી હતી. "મહારાજ, આપણો એકજ નિર્ણય હોય. કાલે સાંજે યુદ્ધે ચડીએ, અને માર્ગ કરી લઇએ."

રાજા હર્ષથી ઉભો થયો. "તો તમે મારો સ્વીકાર કરો છો?"

"મહારાજ," ધ્રુવદેવીએ કહ્યું, "હું તમારાથી કાંઈ છુપાવવા માંગતી નથી. મેં સવારે કહ્યું કે હું તમોને મિત્રભાવે જોઉં છું. પણ હજીયે પતિભાવે જોઇ શકતી નથી. બહુએ પ્રયત્ન કરૂં છું પણ હૃદય એ ભાવ સ્વીકારતું નથી."

"દેવી, દેવી!" આજીજી ભર્યા સ્વરે રાજાએ કહ્યું, "તો પછી મારે શા માટે કેસરીયાં કરવાં? તમારી આશાથી તો હું એ સાહસ કરવા તૈયાર થયો છું."

ધ્રૂવદેવીનાં ભવાં જરા સંકોચાયાં. "મહારાજ, આબરૂનો સવાલ પહેલો વિચારવાનો છે. શરણુ થવામાં મગધરાજની શી આબરૂ?"

"મારી નજરે તો તમારા વલણનો સવાલ અગત્યનો છે!" રાજાએ જરા જીદ્દી અવાજે કહ્યું. "યુદ્ધે ચડું તો તમે જરાએ આશા આપો છો?"

ધ્રુવદેવી વિચારમાં પડી. શરણાંગતની નામોશીમાં તેને એ હિસ્સો તો મળે જ ને! અને રાજાનું વલણ છેક અસ્વભાવિક નહોતું જ. છતાં પોતાને રાજા આમ ભીડાવે એ એને ન ગમ્યું.

"મહારાજ," સ્હેજ કંટાળતી હોય તેમ કહ્યુ: "એટલી આશા આપી શકું. આપણે યુદ્ધે ચડીએ, અને ઘેરો તોડી નીકળી જઈએ તો હું તમે કરેલો છળ ભૂલી જઈશ, અને હૃદયને મનાવીશ." .

"એટલુંએ બહુ છે," એક નિઃશ્વાસ મૂકતો રાજા બોલ્યો, "તો હું આક્રમણની તૈયારી કરૂં. યવનરાજવીને કાલે મળી તો આવું ને!"

"હા. એ બહાને એની વ્યૂહરચના જણાશે, અને આબરૂભર સમાધાન થાય તો યે શું ખોટું છે?"

અને ચોપદાર પ્રવેશે છે. "મહારાજ," નમન કરી તે બોલે છે. "બહાર સોરઠથી કોઇ આહીર આવ્યો છે. આપને મળવા માંગે છે."

"એને સેનાપતિ પાસે લઇ જા," રાજાએ કહ્યું.

"સેનાપતિએ જ અહીં મોકલ્યો છે. એ ભગવાન સોમનાથથી આવે છે."

"ઠીક, મોકલ એને અહિંઆં," રાજાએ જરા કચવાટથી કહ્યું.

અને થોડીવારમાં એક જુવાન આહીરે પ્રવેશ કર્યો. તેણે ઢીંચણ સુધી જાડું ધોતીયું પહેર્યું હતું. ફાટેલી ટુંકી બંડી પહેરી હતી. કપાળ અને કાન ઢંકાય એમ મોટું ફાળિયું ઘાલ્યું હતું, મોઢે બોકાની બાંધી હતી.

હાથમાંની ડાંગ તેણે દૂર મુકી, મહારાજને લાંબો પડી પગે લાગ્યો અને ધીમેથી કહ્યું, "ચોપદારને વિદાય કરો."

અવાજથી રાજા ચોંક્યો. તેણે ચોપદારને જવા ઇશારત કરી, અને આહીરને ઊઠાડ્યો. "તું, તું, અહિં કેવી રીતે આવ્યો?"

આહીર મોટેથી હસી પડ્યો. તેણે બુકાની છોડી નાંખી, ફાળીઉં ફગાવી દીધું, તેના લાંબા વાળ ખભાપર પથરાઇ રહ્યા.

ધ્રુવદેવી આશ્ચર્યથી જોઈ રહી. તેને ચહેરો ઓળખીતો લાગ્યો. પ્રવાસથી કાળા પડેલા અને સુકાઈ ગયેલા આ પુરૂષની આંખોનો અણુસાર ઓળખાયો. "કુમાર!" તે ધબકતે હૈયે બોલી.

કુમાર ચંદ્રગુપ્ત હસ્યો. "તમે ઓળખ્યો ખરો, મને આશા નહોતી."

ધ્રુવદેવીએ સ્નેહાળ સ્વરે કહ્યું, "બદલાઈ તો ખુબ ગયા છો, પણ આંખો અને કપાળ છુપાં ન રહ્યાં."

"બદલાઉં તો ખરોજ ને! છ મહિનાથી ગુપ્ત વેશે ભટકયો છું. પ્રવાસ કોઇનો સગો થાય છે?"

રામગુપ્તથી આ વાર્તાલાપ સહેવાતો ન હોય તેમ તેના મુખ પરના કચવાટથી દેખાતું હતું "દેવી." તેણે કહ્યું. દીયરનું સ્વાગત તો કરો, તે ભૂખ્યો હશે."

તેના શબ્દોએ બન્નેનાં હૃદયને ઠંડો ઘા કર્યો. પોતાના સંબંધના ભાનથી બન્નેના મુખ પરનું હાસ્ય ઉડી ગયું.

ગંભીરતાથી રાણી ઊઠી અને અતિથિના સત્કારની ગોઠવણ કરી. ચંદ્રગુપ્તે ભાઈ જોડે યુદ્ધને લગતી ચર્ચા કરી.

રાત્રે ત્રણે છુટાં પડયાં ત્યારે ત્રણેના હૃદય પર ભાર હતો.

સવારે માલવરાજને મળવા રામગુપ્ત તૈયાર થયો અને રાણીને કહ્યું, "દેવી, જાઉં છું. તમારૂં વચન તો પાળશો ને?"

ચંદ્રગુપ્તના આવવાથી ધ્રુવદેવીના મનમાં ભારે તોફાન જાગ્યું હતું. તેની સાક્ષી તેની લાલ આંખો પુરતી હતી. "કયું વચન?"

"આબરૂભેર બહાર નીકળીએ તો મારો સ્વીકાર કરવાનું?" રાજાએ કહ્યું.

"મહારાજ," તેણે અર્ધસ્વરે કહ્યું. "મને માફ કરો. મારૂં હૃદય ના પાડે છે. ફરી જુદા સંજોગોમાં વાત કરીશું."

રામગુપ્તનાં ભવાં સંકોચાયાં "એટલે તમારે મન તો મારો કંઈજ હિસાબ નથી. કાલે કુમારને જોયો એટલે પતી ગયું, પણ તમે કદી તેને મેળવી શકવાના છો?"

ધ્રુવદેવી તેનું મુખ જોતાં કંપી ઊઠી. “ નહીં મેળવાય એ જાણું છું. વારંવાર કહે શું વધારે છે ? ”

“ તો મને શા માટે ટળવળાવો છો ? ”

ધ્રુવદેવીની આંખોમાં રોષ ઉભરાયો. આ માણસ તેને દબાવીને વશ કરવા માંગતો હતો. તેણે કહ્યું, “ મહારાજ, એક સ્ત્રીના શરીરને ભોગવવાનો વિચાર અત્યારે તમને કયાંથી આવે છે ? અને હું ના પાડું તેમાં ય શું ? તમને કયાં સ્ત્રીઓનો તોટો પડે એમ છે ? જાઓ, બહાર માણસો ખોટી થતા હશે.”

રામગુપ્તે દાંત કચડયા, અને જવા માંડયું. “ ત્યારે મારે મને સુઝે તેજ કરવાનું છે ને ? ”

ધ્રુવદેવીએ સાંભળ્યું ના સાંભળ્યું કર્યું.

વિજયી શત્રુને મળી રામગુપ્ત સાંજે પાછો આવ્યો ત્યારે જાણે પોતે વિજય મેળવ્યો હોય એવા એના ઠાઠ હતા. તેની સાથે ગયેલા રસાલા ઉપરાંત માલવરાજના થોડા સૈનિકો અને પાલખીઓ તેની સાથે હતાં.

ચંદ્રગુપ્ત, ધ્રુવદેવી અને સરદારોને વિષ્ટિનું પરિણામ જાણવા મળે છે. અભિમાનથી ફુલાતો રામગુપ્ત હાથી પરથી નીચે ઉતરે છે, અને બધાના નમસ્કાર ઝીલી, આસન પર બેસે છે.

“ સેનાપતિજી, સરદારો,” ગર્વભરી નજર આસપાસ નાંખતાં તે કહે છે, “ ગુપ્તોનું ભાગ્ય હજી તપે છે. માલવરાજ જોડે સમાનભાવે સંધી થઇ છે. લશ્કરને ખબર આપો. સારૂં મુહુર્ત જોઇ આપણે સ્વદેશ પાછા ફરવાનું છે. ”

“ શું શર્તોએ સમાધાન થયું ? ” કુમાર ચંદ્રગુપ્તે પૂછ્યું.

રામગુપ્તે એક નજર તેની અને રાણી તરફ નાંખી. “ લડાઇ પહેલાંની સરહદો માન્ય રાખવી, અને બીજાઓના આક્રમણ વખતે એકબીજાને મદદ કરવી.”

“ બસ, આટલું જ ? ” કુમાર આશ્ચર્યથી બોલી ઊઠયો. “ દંડ, ખર્ચ, નજરાણું કાંઇ નહિ ? ”

" રાજ્યો પરત્વે આટલું જ," સમગુપ્તે જવાબ આપ્યો.

" પછી આવી અણધારી શર્તોના બદલામાં અમે રાજાઓ અંગત રીતે કાંઈ ભેટની આપ લે કરીએ તે જુદી વાત."

દરેકના મોં પર આનંદ ઝળકયો. રાજાએ કહ્યું, " સેનાપતિજી, સૈન્યમાં આજે ઉત્સવ ઉજવવા જણાવો. કાલે અવન્તીના દ્વાર ખુલશે, અને માલ નરેશ અવન્તીમાં જશે. આપણે પણ અહીં સુધી આવ્યા તો સીપ્રામાં સ્નાન કરી લઇએ. કાલ બપોરથી આપણા લશ્કરને વિદાય કરવા માંડો. કાલ રાત્રે આપણે પણ વિદાય લઇએ. દેવી," રાણીને એક સંદુક આપતાં તેણે કહ્યું, " માલવનરેશે ગુજરાત અને લંકાનાં મૂકતાફળો ભેટ મોકલ્યાં છે. આપણે પણ મૂક્તાફળો સામે ભેટ તરીકે મોકલવાનાં છે. કાલે તે મોકલવાની તૈયારી કરવાની!"

અને મગધનાં લશ્કરમાં આનંદ ફેલાઇ ગયો. માત્ર કુમાર ચંદ્ર-ગુપ્તને કં ભેદ લાગ્યો હોય એમ લાગતું હતું.

તેજ રાત્રે રામગુપ્ત ધ્રુવદેવી પાસે ગયો. " રાણી, શત્રુઓનો ઘેરો તોડી નીકળતાં જે મળત તે વગર યુદ્ધે મળ્યું છે. હવે જરા અમી નજર નાંખશો ?"

રાણીએ સંકોચ અનુભવ્યો. " મહારાજ, તમારી બુદ્ધિ માટે માન વધ્યું છે, પણ છતાં હજી હૃદયમાં આવેશ આવતો નથી."

" હું છેલ્લી વાર માટે પૂછું છું. રાણી. તમે અહીંથી ગયા પછી અને પતિ તરીકે સ્વીકારશો ?"

" મહારાજ, હૃદય માનશે તો સ્વીકારીશ. અત્યારથી બંધાવાય નહિ."

" ઠીક, તો તમારી આશા જ મૂકી દઉં ?"

" આપને યોગ્ય લાગે તેમ કરો. માલવપતિ કન્યા આપતા હો તો સ્વીકારી લો, મારી પૂરી અનુમતિ છે."

દુશ્મનોએ ઘેરો ઉઠાવી લીધો છે. માળવી લશ્કરનો ઘણોખરો ભાગ નીકળી ગયો છે. માત્ર રાજા, રાણી, કુમાર ચંદ્રગુપ્ત અને તેમનો અંગત

રસાલો બાકી રહ્યો છે. સાંજના ભોજન પછી પ્રયાણ કરવાનું છે. સર્વે તૈયાર થાય છે.

ધ્રુવદેવી પોતાના તંબુમાં પ્રયાણની તૈયારી કરતી હોય છે, ત્યાં રામગુપ્ત આવે છે. તેણે પ્રસ્થાનની તૈયારી કરી છે.

"રાણી," તંબુમાં આવતાં તેણે કહ્યું, "મારે તમને એક વસ્તુ કહેવાની છે."

રાણીએ આશંક તેની સામે જોયું. "શું?"

"જુઓને, જાણે માલવરાજે જે ઉદારતા મારી તરફ બતાવી તેની મારે બરાબર કદર તો કરવી જોઇએ, ને."

રાણીએ નિરાંતનો નિઃસાસો મૂકયો. આ તો વ્યવહારની વાતો કરતો હતો.

"બરાબર છે," તેણે કહ્યું. "તેમણે ઉત્તમોત્તમ રત્નો પણ ભેટ આપ્યાં છે. તમે એ પ્રમાણે કાંઇ ભેટ મોકલો."

"હું એજ વિચાર કરૂં છું." રાજાએ દેખીતા નિર્દોષભાવે કહ્યું. "અહીં કાંઇ આપણી પાસે એવાં રત્નો નથી. તો મારે એવું શું આપવું કે જેથી તેના ઉપકારનો બદલો વળી રહે?" જાણે ઊંડા વિચારમાં હોય તેમ તે આંટા મારવા લાગ્યો. રાણી પણ વિચાર કરવા લાગી.

અચાનક જાણે ખ્યાલ આવ્યો હોય તેમ રાજા ઉભો રહ્યો. અને બોલ્યો, "એજ બરોબર છે."

રાણીએ નવાઇથી તેની સામે જોયું. "શું બરોબર છે?"

"એમ કરીએ." જાણે સામાન્ય વાત કહેતો હોય તેમ તે બોલ્યો. "શેષના શિરમણી જેવું મારી પાસે એક રત્ન છે."

માલવરાજની પાસે તેનો જોટો નથી. કદાચ તેનો જોટો બીજે ના યે મળે. પણ મારે માટે તે નકામું છે. તેજ તેમને આપી દઉં?"

"કયું રત્ન?" જીજ્ઞાસાથી રાણીએ પૂછયું.

રાજા હસ્યો. તેના હાસ્યથી રાણીને કમકમાટી આવી. "તમને ખબર નથી?" તેણે પૂછ્યું, "વૈશાલીથી મને તે મળ્યું હતું. તેજ અને સુંદરતામાં તે અજોડ છે. પણ મને તે કામ લાગ્યું નથી."

"વૈશાલીથી?" ગુંચવાડામાં પડી જઇ રાણીએ પૂછ્યું, "મારા પિતાએ કોઈ એવું રત્ન તમને આપ્યું હોય એ મને ખબર નથી."

"તમારા પિતાએ નથી આપ્યું, મને મળ્યું છે." રાજાએ જરા રમતાં કહ્યું "પણ છે તેમની તરફનુંજ. એનું નામ પણ સુંદર છે. એ નામ છે ધ્રુવદેવી."

પગ આગળની જમીન જાણે ફાટી હોય તેમ રાણી છળી ઊઠી. રાજાના શબ્દોનો અર્થ ના સમજાયો હોય તેમ તેની આંખો ફાટી ગઈ. તરડાયેલા અવાજે તેણે પૂછ્યું, "શું કહો છો?"

પોતાના ઘાની સચોટતાથી ખૂશ થતો, તેની યાતનાથી આનંદ પામતો રાજા હસીને બોલ્યો, "મારા શબ્દો ચોખ્ખા નથી? હું એમ કહું છું, કે મગધનું મહામૂલું જવાહીર એની મહારાણી, એજ માલવરાજને ભેટ આપીએ, તો?"

રાણીના હૃદયમાં નિર્બળ ત્રાસનું એક લખલખું આવી ગયું. તેનું શરીર કંપી ઊઠયું. પછી તેની નસોનસમાં ક્રોધની આગ રેલાઇ, તેનું શરીર ધનુષ્ય જેવું તંગ થયું. તીખાસ્વરે તેણે કહ્યું.

"શું બોલો છો તેનું ભાન છે?"

રાજાએ જાણે અજાયબીથી આંખો પહોળી કરી. તેના કપાળમાં કરચલીઓ પડી. "મારૂં મગજ તદ્દન ઠેકાણે છે. મેં આજે નશો કર્યો નથી. અને નશો કરૂં છું ત્યારે પણ ભાન નથી ગુમાવતો. ભૂલી ગયાં આપણી સોહાગરાત્રી?"

આ અળખામણી યાદથી રાણીનો કોપ વધી ગયો. તેણે જાત ઉપરનો સંયમ ગુમાવી દીધો. તેણે પાસે પડેલું જળપાત્ર ઉપાડી રાજા પર ફેંક્યું. "તમે માણુસ નથી, પશુ છો. આવી ખરાબ વાત કરતાં, આવો પાજી વિચાર કરતાં, શરમ નથી આવતી?"

રાજાએ ગંભીરતા ધારણ કરી. "રાણી, મને લાજ શેની આવે? તમારા એકને ભોગે મેં હજારોને બચાવ્યા છે, મારા દેશનો નાશ થતો અટકાવ્યો છે, એક પણ માણસ કે એક પણ તસુ જમીન ગુમાવ્યા વિના મેં નિશ્ચિત પરાજય કે સર્વનાશમાંથી મારા રાજ્યને બચાવી લીધું છે, અને તમે? તમે મારાં કોણ છો? તમને પાછા લઈ જઇ શું કરું? કુમાર આવ્યા અને તમે બદલાઇ ગયાં. એટલે તમને મગધ લઈ જઉં, એટલે રાજકુળમાં વ્યભિચાર પેસે, કે વિખવાદ દાખલ થાય. એના કરતાં તમને અહીં મૂકી જાઉં તે શું ખોટું?"

મગજ પર જાણે હથોડાના ઘા પડતા હોય તેમ રાણી હતબુદ્ધિ બની ગઇ. તેની આંખોએ અંધારાં આવ્યાં.

"તમે લશ્કર ને જમીન બચાવ્યાં, પણ નામોશીનો ખ્યાલ કર્યો? પત્નીને વેચનાર પતિ માટે દુનિયા શું ધારે? દુનિયાની નજરે તો હું તમારી પત્ની છું."

"વાહ, ખૂબ." કટાક્ષથી રાજાએ કહ્યું, "પત્ની તરીકે તમે રક્ષણનો દાવો કરો છો, એ પણ નવાઇ જેવું છે." તે હસ્યો, "અને આપણા દેશમાં તો પત્ની પતિની મિલકત છે. પતિ તેનું ફાવે તે કરી શકે છે. અને ધર્મ અને નળ જેવા પત્નીને હારી જાય તો બિચારો રામગુપ્ત કોણ?" ટોળભર્યા અવાજે તેણે કહ્યું, "વળી પરાજીત રાજાઓની આ પત્નીઓ વિજેતાઓ જોડે જાય; એ તો યાદવોના વખતથી થતું આવ્યું છે."

રાણીએ કાને હાથ દીધા. આ નરપશુ જોડે વિવાદમાંએ શો લાભ? તે ઉભી થઇ. "કુમાર ક્યાં છે?" તેણે પૂછ્યું.

"કુમાર ગયો, છેલ્લી ટુકડી સાથે. આપણા રસાલા અને લશ્કર જોડેનો સંબંધ સાચવવાનો, ને!"

રાણીએ હતાશ થઇ ચારે બાજુ જોયું. તેના દુઃખથી રાચતો રાજા બોલ્યો, "રાણી, વળખાં મારવાં છોડી દો. તમને સોંપી દેવાની શરતે જ મેં આ સંધી કરી છે. મારાથી એમાંથી ફરાય એમ નથી."

બહારના આધારો તૂટી જતાં સત્વશાળી વ્યક્તિઓમાં સ્વાશ્રયનું ભાન અને સ્વસ્થતા ઉત્પન્ન થાય છે. રાણીએ સ્વસ્થતા મેળવી. લિચ્છવીઓનું ખમીર સ્રીત્વ પર વિજયી થયું.

તેણે એકવાર ગરદન ઝટકારી, મોંઢું લૂછ્યું. "હું જવા ના પાડું છું" તેણે મક્કમતાથી કહ્યું.

"તમારૂં કાંઇએ ચાલે એમ નથી," રાજાએ ઠંડે પેટે કહ્યું, "અહીં હવે મારા અને માલવરાજના અંગત માણસો છે. તમે ના પાડશો તો બળજબરીથી લઇ જવામાં આવશે."

રાણીએ અંબોડે હાથ નાંખ્યો, તે જોઇ તે બોલ્યો, "તમારી રક્ષાસૂચી મને બરાબર યાદ છે. પણ તે તો ક્યારનીય ચોરાઇ ગઈ છે. બીજા હથિયાર તમને ના મળે તેની પણ મેં કાળજી રાખી છે. એકવાર તમે અવન્તીમાં પહોંચી જાઓ, પછી ફાવે તે કરજો."

રાણીની આંખમાં ક્રોધનાં આંસુ આવ્યાં. "આ રીતે તમે વેર લો છો, કેમ?"

"મેં પહેલે દિવસે કહ્યું હતું, કે હું છ મહિના વાટ જોઇશ. પછી ફાવશે તે કરીશ. પણ ઠેઠ સુધી તમે મને ધુતકાર્યા કર્યો. મારા પ્રેમને ધિક્કારમાં ફેરવ્યો. હવે તમે ગમે તે કહો તેનો શો અર્થ?" જાણે વાત ટુંકાવતો હોય તેમ તેણે કહ્યું, "હવે વાતો કરવાનો અર્થ નથી. એક પહોરમાં અવન્તીથી પાલખી આવશે, તમે તૈયાર થઈ રહેજો."

હૃદયમાં ઉભરાતા તિરસ્કારને લીધે રાણી બોલવા અશક્ત હતી. રાજા ઉભો થયો અને કહ્યું: "લો, ત્યારે હવે છેલ્લા પ્રણામ. હું હોઉં અને તમે જાઓ તો ખોટું દેખાય, એટલે હું અત્યારે જ જાઉં છું. તમે મહાકાળનાં દર્શન કરી પછીથી આવવાના છો એવું કહીશ એટલે તમારૂં અહિં રહેવાનું થાય એમાં કોઇને નામોશી નહિ."

આ નફ્ફટ શયતાનીયતથી રાણી ઉકળી ઊઠી. તેણે છલંગ મારી તેનો હાથ પકડયો. "મારી રક્ષાસોય લાવો."

"આખી રાત માલવરાજ જોડે ગાળવા શક્તિ સાચવી રાખો." તેણે રાણીની પકડ છોડાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું, "અને રક્ષાસોય તમે પાલખીમાં બેસશો એટલે મળશે. તેનાથી તમે માલવરાજને મારો તો મને વાંધો નથી." ક્રૂર નફ્ફટાઈથી હસીને હાથ છોડાવતાં તેણે કહ્યું.

મુંઝવણ, ક્ષોભ, ક્રોધ અનેકવિધ ભાવોથી ગુંચવાતી રાણી જમીન પર જ બેસી પડી. રાજા પોતાનો વિજય માણતો દરવાજામાં જ ઉભો રહ્યો.

વેગથી ધસ્યા આવતા ઘોડાના દાબડા સંભળાય છે. રાજા બારણા બહાર નજર કરે છે. તેની આંખો અને મોં આશ્ચર્યથી પહોળાં થાય છે.

ઘોડેસ્વાર બારણાં પાસે જ થોભે છે. લગામ છુટી ફેંકી દઇ, કૂદકો મારી ઉતરે છે, અને બારણામાં આવે છે.

"તું પાછો કેમ આવ્યો ?" રાજા સહેજ ભ્રકૂટી ચડાવી પૂછે છે.

નિરાશાથી-મુંઝવણથી ઘેરાઇ ગયેલી રાણી ચમકીને ઉંચુ જુએ છે. તેનું હૈયું ઉછળે છે, હોઠ પહોળા થાય છે, મુખ પર આનંદની ચમક આવે છે. "કુમાર, કુમાર" એટલું જ તે બોલે છે, પછી તરત જાત સમાલી લઈ ઉભી થાય છે.

આવનાર સ્વાર કુમાર છે. તેના મુખ પર વ્યગ્રતા અને આંખોમાં તિખાશ છે. તેનાં જડબાં ભયંકર નિશ્ચયથી ભીંસેલા છે. ઝડપી મજલથી હાંફતો તે મોં પરથી પરસેવો લૂછી નાંખે છે, અને રાજાને પ્રશ્ન પૂછે છે. મેં સાંભળી તે વાત સાચી છે ?"

"કઇ વાત ?" સમજતાં છતાં એ અજાણ્યો બની રાજા પૂછે છે.

કુમારના સ્વરમાં કઠોરતા આવી. "મહાદેવી, માલવરાજનાં મહેમાન બને છે, એ ?" મહા મુશીબતે યોગ્ય શબ્દો શોધતાં તેણે કહ્યું.

રાજાએ જોયું, કે એનાથી છુપું રહે એમ નથી. "હા," તેણે ઠંડે કલેજે કહ્યું. "એ શરતે તો આપણી સેના બચી છે."

આ બેપરવાઇભરી ઠંડકથી કુમારને જબરો આઘાત લાગ્યો. તેની આંખે અંધારાં આવ્યાં. તેનો હાથ કમરની કટાર પર ગયો.

"ગુપ્તવંશની કુલવધૂ યવનને હાથ જાય તે પહેલાં મરી જવાનું નથી?" તેણે ગુસ્સાથી કહ્યું,

"કુલવધૂ!—" રાજા વિચિત્ર રીતે હસતાં બોલ્યો, "કુમાર, શાંત થઈને સાંભળ. આ સ્ત્રી મારી પત્ની થવા ના પાડતી આવી છે, અને ના પાડે છે. તારી પત્ની એ થઈ શકે એમ નથી. ગુપ્તોના રાજકુલ પર એ એક ભય ભરેલો બોજો છે. અને મેં જે પગલું લીધું છે તેમાં એનો, આપણો અને બધાનો ઉદ્ધાર છે. એ માલવરાજ પાસે જશે, એટલે આપણું કંકાસનું કારણ નહિ રહે. એના જવાથી સેના અને રાજ્ય બચે છે, તેથી તેનું કાર્ય મહાન બલીદાન ગણાશે, અને નાફરમાન સ્ત્રીના કલંકને બદલે દેશ ખાતર અપૂર્વ ત્યાગ કરનાર તરીકે તેનું નામ અમર થઈ જશે. સડેલા કોકડાના આવા સુંદર નિકાલ માટે તો તમારે મને અભિનંદન આપવું ઘટે."

આ નિષ્ઠુર, હૈયાસૂની દલીલબાજીથી કુમારનું લોહી ઉકળી આવ્યું. એક પળ આવી નિર્લજ વાત કરનાર ભાઈ પર તૂટી પડવાનું તેને મન થયું. પણ હિંદનો સુવર્ણયુગ સ્થાપવા સર્જાયેલા તેનામાં શૌર્ય સાથે મુત્સદ્દીગીરી પણ હતી. આ નરપિશાચે રચેલી પ્રપંચજાળનું તેણે પુરૂં માપ લીધું. વિગતો ખબર નહોતી, છતાં તે સમજી શક્યો કે રામગુપ્તે કશુંએ કાચું રાખ્યું નહીં હોય. હવે એકલા બળનો નહિ પણ સાથે કળનો ઉપયોગ કરવાનો હતો. આંધળીયું શૂરાતન નકામું હતું.

રોષથી સળગતી આંખો તેણે ફેરવી લીધી. ક્રોધથી કંપતા હોઠ દાંતથી કચડયા. ધબકતા લમણાને હાથ વડે દાબી દીધા, અને બે એક લાંબા નિઃશ્વાસ લઈ સ્વસ્થતા મેળવી, "દેવી શું કહે છે?" મોં ફેરવેલું રાખી તેણે પૂછ્યું.

"દેવીને વળી શું કહેવાનું હોય?" નફફટ ટાઢાશથી રામગુપ્તે કહ્યું, "મનુ મહારાજનો આદેશ છે, કે પરણ્યા પહેલાં પિતા અને પરણ્યા પછી પતિ કહે તેમ સ્ત્રીએ કરવાનું. કાયદાની દૃષ્ટિએ હું એનો પતિ છું. અને તે તેમ ન સ્વીકારે તો પતિવ્રતામાંથી ચળેલી, ધર્મદ્રોહી સ્ત્રીનો ત્યાગજ કરવાનો, શાસ્ત્રનો આદેશ છે. હું તો ઉલટો ત્યાગ કે બીજી સજાને બદલે એને મોટા સિંહાસન પર ચડાવું છું."

કુમારે જોયું કે આ જીભાજોડીમાં ફાયદો નથી. પણ કિંમતી વખત બગાડે છે. વળી પરાણે મેળવેલો જાત પરનો કાબુ પણ પોતે ગુમાવતો જતો હતો. તે ઉભો થયો અને બોલ્યો. "હું આવ્યો, ત્યારે તમે જતા હતા ને? તમે જઇ શકો છો, મહારાજ."

"અને તું?" રાજાએ પૂછ્યું.

"હું?" કુમારે કહ્યું, "હું દેવી અવન્તી જશે એટલે નીકળીશ."

રાજા ઉભો થયો. ચંદ્રગુપ્ત વખતે માળવાના સૈનિકો સાથે ઝઘડી બેસે, તો પોતે હાજર ન હોય એ ઇચ્છવા જેવું હતું. "જે થાય છે તે ઠીક થાય છે." તે મનમાં બબડ્યો, "કાંઈ ઉતાવળું પગલું ભરે અને એમને કાંઈ થાય તોયે શું? મારે એટલી ચિંતા ઓછી."

"લ્યો, ત્યારે જઉં છું." તેણે બારણામાંથી છેલ્લું ઝેરી વેણ કાઢતાં કહ્યું. "પણ તમારી પ્રણયગોષ્ટિ વહેલી પતાવજો. પાંચેક ઘડીમાં માલવ-રાજની પાલખી આવશે."

જો આંખમાંથી વરસતા ઝેરથી મારી શકાતું હોત તો, રામગુપ્ત તેજ ઘડીએ મરી જાત. તેના આ છેલ્લા ઝેરી કટાક્ષે કુમાર અને ધ્રુવદેવીની આંખોમાંથી અંગારા કાઢ્યા.

રાજા ગયો. કુમાર અને રાણીએ સામસામું જોયું.

"દેવી!"

"કુમાર!"

"શું વિચાર કરો છો?"

રાણી ફીકકું હસી. "નશીબની વિચિત્રતાનો તો! છેવટે મરતી વખતે યે તમે મળ્યાં." તેની આંખોમાં બે આંસુઓ ઝળકયાં.

કુમારે એક ઉંડો નિઃસાસો નાંખ્યો. થોડી પળ બન્ને મૌન રહ્યાં—તેમના આવેગો—તેમના ભાવો—તેમનાં દુઃખ માટે કઈ ભાષામાં શબ્દો છે?

પણ પાસેના એક મંદીરમાં પૂજાની ટોકરી વાગી, અને બન્નેની દુઃખ સમાધી તૂટી—

"દેવી!" કુમારે મૌન તોડ્યુ.

"વખત ઓછો છે, અને કરવાનું ઘણું ય છે. ઇશ્વર વખત આપશે તો વાતો કરીશું."

"કરવાનું શું છે?" હતાશ સ્વરે રાણીએ કહ્યું. "તમારા ભાઇએ જાળ ગૂંથવામાં કશુંએ બાકી નથી રાખ્યું."

"કેમ? મને દૂર કાઢ્યો હતો તે હું પાછો આવ્યો છું ને?" કુમારે કહ્યું.

"તમને ક્યાંથી ખબર પડી?"

"દેવી, સોરઠથી હું ગુપ્તવેશે પાછો આવ્યો, ત્યારે સાથે થોડા આહિરો હતા. તેઓ માળવામાં ઢોર ચરાવવા કોઇકવાર આવે છે. તેમના મુખી અર્જુન જોડે મારે મૈત્રી થઇ ગઇ.

એથીજ હું આહિરના પોષાકમાં તમારા ઘેરામાં ઘુસી આવ્યો હતો. આજે સુલેહ થતાં અર્જુન ગામમાં દર્શન કરવા ગયેલો, ત્યાં માળીને ત્યાં ફુલ લેવા ગયો, ત્યાં એણે વાત જાણી એટલે દોડતો મને કહેવા આવ્યો."

"તો આપણે મળી શક્યાં." રાણીએ કહ્યું, "હવે મને મરતાં સંકોચ નહિ થાય."

"મરવાની વાત હમણાં તો છોડો. હમણાં કરવાની વાત કરીએ."

"શું થાય એવું છે?" હજીએ રાણીએ નિરાશાથી કહ્યું.

"જે થશે તે કરીશું, નહિ તો મરતાં કોણ રોકે એમ છે!" કુમારે કહ્યું, "જુઓ, મારો પોષાક તમે લો, અને તમારો મને આપો. હું તમારે બદલે માલવરાજ પાસે જઇશ."

"એટલે મારે તમને પણ સાથે મારવા! એમ તે થતું હશે?"

"દેવી વિવાદ માટે વખત નથી. મેં બધું ગોઠવ્યું છે. માલવરાજના મહેલ પાસે અર્જુન પોતાના બસો આહિરો સાથે રઝળતો હશે; મારી સાથેની ટુકડી રસ્તામાં રોકાઈ છે, સુબંધુ તેને લઇ અવન્તીનો પૂર્વ દરવાજે દબાવશે. તમે એ ટુકડીમાં ભળી જજો."

તેણે ઝડપથી વિગતો સમજાવવા માંડી. સેનાપતિની અદાથી તેણે વ્યૂહ ગોઠવ્યો હતો, અને ઓછે સાધને ખૂબ કરવાની યોજના ઘડી હતી. રાણીની આંખમાં ચમક આવી. તેના મુખ ઉપર ઉત્સાહ આવ્યો. તેણે કહ્યું, " બરાબર, માત્ર એક વિગત બદલીએ. હું તમારી સાથે આવીશ. "

" સાથે ? કેવી રીતે ? "

" દાસી તરીકે. મગધની મહારાણી સાથે થોડી દાસીઓ તો હોય ને !"

" પણ, રાણી, જોખમનો ખ્યાલ છે ? "

" બરાબર છે. પણ તમને એકલા જવા દઉં ? જોડેજ જઇએ, મરવું પડે તો સાથે મરાય તો ખરૂં. "

" પણ, દેવી, " તેને રોકી રાખવા તેણે કહ્યું, " તમે સાથે હશો તો, મને બોજારૂપ થઈ પડશો. હું તો તમને સાચવીશ, કે શત્રુઓને સાચવીશ ?"

" કુમાર. હું લિચ્છવી કન્યા છું, બોજારૂપ નહિ પણ સહાયરૂપ થઇશ."

કુમાર મનમાં સમજતો હતો કે તે સાચું કહેતી હતી, તેણે આખરે હા કહી.

" ચાલો, મને રાણીના વસ્ત્રાભૂષણ આપો. "

અને કલાક પછી જ્યારે માલવરાજની પાલખીઓ આવી ત્યારે ધ્રુવદેવીના તંબુમાંથી રાણી અને દાસી બહાર નીકળી તેમાં બેઠાં. રાણીએ અવગુંઠન ધાર્યું હતું, અને લપેટેલા બનારસી પટોળામાં તેમના અંગો દેખાતાં નહિ. પણ દાસીની અદ્ભૂત દેહલતા દેખી માલવ સૈનિકોના હૃદય ડોલી ઊઠયા.

દૃશ્ય બદલાય છે. મધ્યરાત્રિને થોડી વાર છે. ત્યાં માલવરાજના રંગમહેલની અગાશીમાંથી ચીબરી ત્રણ ચીસો નાંખે છે.

મહેલ બહાર પડાવ નાંખી પડેલા આહિરો સળવળે છે. ચાર આહિરો ચોર પગલે રંગમહેલના ઝરૂખા નીચે જાય છે, બે આહિરો પૂર્વના દરવાજા તરફ સરકે છે.

ઝરૂખામાંથી એક પોટલું દોરડે સરકે છે, આહિરો તે લઇ લે છે.

પૂર્વ તરફ શિયાળના અવાજ સંભળાય છે. અવાજ દૂર જતા હોય છે.

મહેલને મૂખ્ય દરવાજે દસેક આહિરો કાળા કામળા ઓઢી લપાતા લપાતા આવે છે. દરવાજા પાસે ખખડાટ થાય છે, અને દરવાજો ખુલે છે.

પૂર્વ દરવાજેથી યુદ્ધના હોકોટા સંભળાય છે.

બસો આહિરો મહેલમાં ઘૂસે છે. અગાશીમાંથી શંખ ફુંકાય છે; અને ગર્જના થાય છે. " કુમાર ચંદ્રગુપ્તનો જય! "

પૂર્વ દરવાજે મગધનો વાવટો ચડે છે. તેના મોભ પર માલવરાજનું મુડદું લટકે છે.

અને સુબંધુએ પહેલાંથી મોકલેલા કાસદોને લીધે બીજી માગધી ટુકડીઓ આવે છે. રાત્રીના અંધારામાં અવન્તીનો કબજો લેવાય છે.

આમ પરાજીત મગધ વિજેતા બને છે.

એ પછીનું દશ્ય બે માસ પછીનું છે. પાટલીપુત્રના પોતાના આવાસના ઝરૂખામાં ધ્રુવદેવી બેઠી છે. દૂર શોણ નદીના પહોળા પટ પર પડતા પુનમના ચંદ્રપ્રકાશ પર તેની આંખો ઠરેલી છે. તેનું મન ભગવાન સોમનાથના પ્રદેશમાં યુદ્ધે ચડેલા ચંદ્રગુપ્તના વિચાર કરે છે.

અવન્તીથી રાણીને રામગુપ્ત સાથે આવવું પડયું હતું, બન્ને વચ્ચે હવે તો પુરો ખટરાગ હતો, હવે બન્ને ક્વચિતજ મળતાં.

ઉસ્તાદ રામગુપ્તે માલવરાજના મરણ અને અવન્તીના પતનના સમાચાર સાંભળી અવંતીમાં વિજય પ્રયાણ કર્યું, અને પાછી હડતી ગુજરાત અને સૌરાષ્ટ્રની શક સેના પાછળ ચંદ્રગુપ્તને લશ્કર સાથે મોકલ્યો. એવી કુશળતાથી અને એવા બહુમાનથી એ વર્ત્યો હતો, કે ચંદ્રગુપ્તથી ના પાડી શકાઇ નહીં. આજે એક માસથી તેના સમાચાર પણ નથી.

પોતાના વિચિત્ર જીવન કોયડાને લગતા વિચારમાં રાણી ઉંડી ઉતરી ગઈ, ત્યાં તેણે પાછળ પગસંચાર સાંભળ્યો.

તેણે પાછળ જોયું. ખંડમાં રામગુપ્ત ઉભો હતો. તેના ભવાં સંકોચાયાં. " કેમ, મહારાજ અત્યારે? " તેણે જરા અકડાઇથી પૂછ્યું.

"કુમારના સમાચાર આવ્યા છે, તે કહેવા આવ્યો છું, મારા મનમાં કે તમને રસ પડશે," તેણે ટોળમાં જવાબ આપ્યો, "તમને ખલેલ પડતી હોય તો પાછો જાઉં."

રાણીના ફીકકા મુખ પર ઉત્સુકતાનું તેજ ચમક્યું. રામગુપ્તે તે જોયું, તેના હોઠ મરડાયા.

"ખલેલ શેની ?" રાણીએ કહ્યું, "બેસો" અને તે ઝરૂખામાંથી પોતાના ખંડમાં ગઇ.

રામગુપ્તે બારણા પાસે આસન લીધું. "કુમારે અવન્તીથી નીકળી કોહદ, ખેટકપુર અને શ્રીક્ષેત્ર લીધા હતા, અને પછી ઇલિદુર્ગ અને આનંદપુર કબજે કર્યાં હતા, ત્યાં સુધીના આપણને સમાચાર મળ્યા હતા. આનંદપુરથી તે સૌરાષ્ટ્રમાં ઉતર્યા, અને વલ્લભીપુર જીતી જીર્ણદુર્ગ પર ચડયા. પંદર દિવસ પર તેમણે જીર્ણદુર્ગ જીત્યું," તે બોલ્યો, પોતાના પ્રિયકરની યશસ્વી જયયાત્રાથી રાણીનું હૃદય પુલકી ઊઠયું, માર્મિક નજરે રાજા જોઈ રહ્યો.

"પછી ?" રાણીએ ઉત્સુકતાથી પૂછયું,

"પછીના સમાચાર સારા નથી, શક લોકોએ બંડ કર્યું છે, સિંધથી તેમને મદદ મળતાં કુમારને જીર્ણદુર્ગમાં ઘેર્યા છે. મથુરાના શકો માળવાની હદ પાસે જમા થાય છે, એટલે અવન્તીથી સેના જઇ શકે એમ નથી, જુઓ આ પત્રો." તેણે રાણીને પત્રો આપ્યા.

રાણીએ તે વાંચ્યા. તેના કપાળ પર ચિંતાની કરચલીઓ છવાઈ. આમાં કૂમક મંગાવી છે, તમે કયારે મોકલો છો ?"

"કુમાર જણાવે છે, કે તે બે મહિના ટકી શકશે, કુમક મોકલીએ તો કદાચ વખતસર પહોંચે ખરી. પણ તે તમારા પર આધાર રાખે છે."

"મારા પર ?"

"હા, તમારા પર. સામ્રાજ્ય સાચવવા લશ્કર તો હું મોકલીશ જ. પણ તે થોડું મોડું પડે,–કુમારના પતન પછી પહોંચે એમ મોકલાય. ઉતાવળે જાય એવું કરવું હોય તો તે તમારા પર આધાર રાખે છે."

રાણી આ પુરુષની ભયાનકતાથી કંપી ઊઠી. તે તેને દરેક વખતે બીડાવતો હતો. ન વર્ણવાય એવો તિરસ્કાર તેના હૃદયમાં ફેલાયો. ' મહારાજ' અવન્તીના પ્રસંગ પછી તમે કયે મોંઢે મારી પાસે પ્રેમ માંગો છો ? મારા હૃદયમાં તો તમારા માટે હળાહળ તિરસ્કાર ભર્યો છે," પૂર્વની બારીમાંથી ઉગતા ચંદ્રનો પ્રકાશ રાણીના ફીકકા મોં ઉપર પડતો હતો. છુટા વાળની લટો ખભા ઉપર પથરાયેલી હતી. રાજા વિકારી નજરે તેની સામે જોઇ રહ્યો.

" રાણી " તેણે કહ્યું. " હું તમારી પાસે હૃદય માગતો નથી. માગું છું તમારૂં શરીર. અને તે પણ કિંમત આપીને. "

" શું ? " ઉશ્કેરાટથી રાણી બોલી.

" પુરૂં સાંભળી લો ગણિકાઓ ધન માટે જાત આપે છે. તમારા પ્રિયતમને બચાવવો હોય તો તમો જાત આપો. "

રાણીએ ઘૃણાથી મોં ફેરવી લીધું. " તમે જતા રહો. તમને જોતાં મને ચીતરી ચડે છે. "

" તો આંખો ખુલ્લી રાખવાની જરૂર નથી, " બેશરમ રાજાએ કહ્યું. " પણ તમારે આજે છૂટકો નથી. રાજીખુશીથી માનશો તો કુમાર પરત્વેનું વચન પાળીશ. "

" નહિ તો ? "

" નહિ તો તમને તો ભ્રષ્ટ કરીશ. આ શરીર પર મારી માલિકી છે. મેં બહુ ધીરજ વેઠી છે. " તે ઉભો થયો, અને રાણી તરફ આવ્યો.

" દૂર રહો. " રાણીએ ગુસ્સાથી હાથ હલાવતાં કહ્યું,

એક છલંગમારી રાજાએ તેનો હાથ પકડયો. " હવે બહુ થયું. " તે બોલ્યો.

રાણીએ બૂમ પાડી, " વિશાખા સુભદ્ર ! "

" કોઇએ નહિ આવે ! " ક્રૂરતાથી હસતા રાજાએ કહ્યું. અને તેને જોરથી પાસે ખેંચી.

રાણીએ જોરથી દાંત ભીંસ્યા, અને છુટા હાથે રાજાને તમાચો ખેંચી કાઢયો. રાજાની પકડ જરા ઢીલી પડી. રાણીએ હાથ છટકાવી રાજાને જોરથી ધક્કો માર્યો. રાજા આઘે ફેંકાયો. રાણી બારણા તરફ દોડી, બારણું જોરથી ધમધમાવ્યું.

રાજાની આંખો રાતીચોળ બની. ગુસ્સા અને વિકારથી તેનું ડાચું ફાટી ગયું; અને ભૂખ્યા વરૂ પ્રમાણે તેના દાંત દેખાવા લાગ્યા. સરી ગયેલું ઉપવસ્ત્ર તેણે કેડે બાંધ્યું, અને રાણી તરફ ફર્યો.

બારણા બહારથી બંધ હતાં. રાણી તેની નીચતા પુરી સમજી અને તેની તરફ ફરી. બન્ને હાથની મુઠ્ઠીઓ વાળી તેણે કહ્યું, "દૂર રહો."

રાજા ક્રુરતાથી હસ્યો, "બધાં ફોગટ ફાંફાં છે." તે આગળ આવ્યો.

"દૂર રહો," રાણી બન્ને હાથે મુક્કીઓ ઉગામતી બોલી.

"અરે, જાને !" માથું નીચું નમાવી રાજાએ ધસતાં કહ્યું, રાણીના જોરથી વીંઝાતા હાથ તેણે હાથ અને કોણી પર ઝીલ્યા, અને પોતાનું માથું તેના પેટમાં દબાવી કમર આસપાસ હાથ વીંટાળ્યા.

રાણીએ તેની પીઠ અને પડખામાં મુક્કા મારવા માંડયા.

ઝનુનથી ગાંડા બનેલા રાજાએ હાથ અને માથા વચ્ચે તેનું પેટ જોરથી દબાવ્યું, અને કમરમાંથી અદ્ધર ઉપાડી લીધી.

રાજાના માથા અને હાથની ભીંસથી રાણીનો શ્વાસ રૂંધાવા લાગ્યો. તેના મુક્કા ધીમા પડયા તેનું શરીર ઢીલું થવા લાગ્યું.

હિંસક પશુના આનંદના ઘુરઘુરાટ જેવો ચિત્કાર કરી, રાજાએ તેને પલંગ તરફ લઈ જવા માંડી.

રાણી જીવ પર આવી ગઈ. તેણે જોરથી રાજાના જમણા ખભા પાસે હાથને બચકું ભરી દાંત ભીડાવ્યા.

એક સોસકારા સાથે રાજાનો હાથ છૂટી ગયો. રાણીએ જોરથી પગ વીંઝી તેના પેઢામાં લાત લગાવી.

રાજાએ લથડીઉં ખાધું, તેની પકડ ઢીલી થઇ, તે ભોંય પર પડયો. રાણી તેના પર પડી.

અને તરત રાણી ઉઠી, અને ઝરૂખા તરફ દોડી.

રાજા તેનો હેતુ સમજી ગયો. ભૂખ્યા વાઘ જેવી તેણે છલાંગ મારી રાણીના વાળ પકડયા, "ઝરૂખેથી પડવું છે એમ ? હું પરવારૂં પછી આપઘાતની છુટ છે, તે પહેલાં નહિ." અને જોરથી વાળ ખેંચી, રાણીને પીઠ તરફ નમાવી, પાછળથી પકડી, ઉંચકી લીધી. તેના વીંઝાતા પગની પરવા કર્યા વગર પલંગ પર લઈ જઈ નાંખી, અને રાણીએ ભય અને ત્રાસની ચીસ પાડી.

એ ચીસ સાંભળી રાજા આનંદથી ઘેલછા ભરેલું હસ્યો. તેણે પછાડા મારતી રાણીને થકવી દીધી. રાણીને શ્વાસ લેવાનું અઘરૂં થઇ પડયું, તે મંદ પડયો.

અને પલંગ પર ઉંધી પડેલી રાણીને રાજાએ જોરથી ચત્તી પાડી નાંખી.

"મહારાજ, મહારાજ," ત્રાસથી રાણીએ કહ્યું, "હવે બસ કરો. મને જવા દો !" હાંફવાથી તેની છાતી ઉછળતી હતી.

કડવા હાસ્યથી રાજાએ કહ્યું, "હવે બસ કરૂં ? અરે, હજી તો શરૂઆત પણ કર્યાં થઈ છે ?" અને રાણીએ આંટી પાડી પગને ટુંટીઉં વાળ્યું હતું તે જોરથી ખેંચી તેણે સીધા કર્યા, અને પોતાના પગથી ઘુંટણ દબાવ્યા.

"હજીએ ઉછાળા મારવા છે, નહિ ?" દાંત કચકચાવતાં કહ્યું, અને રાણી પર ઊડવા મથતી ;રાણીના બન્ને હાથ જોરથી ખેંચી ઢીલા કર્યા, અને એક હાથે તેનો ખભો પકડી, નીચે દબાવી, બીજે હાથે કંચુકી ચીરી નાંખી.

અમર્યાદ સ્પર્શ થતાં જ રાણીમાં નવું બળ આવ્યું. તેણે બે હાથે રાજાને જોરથી હડસેલો માર્યો. તેના ઉપર ઝઝુંમી રહેલો રાજા તે રાણીના ઘુંટણ પર બેસી પડયો.

તેના ખુલ્લા થયેલા સ્તનનું સૌન્દર્ય રાજા ગાંડાની માફક જોઇ રહ્યો. તેના વિકારે માઝા મૂકી. આફ્રીકાના નરવાનર ભક્ષ્ય જોઈ કરે છે, તેવો એક બચકારો તેણે ,બોલાવી, રાણીના ખુલ્લા પેટ પર જોયું. તેને રોમ રોમ વાસનાની આગ સળગી ગઇ. હડકાયા કુતરા માફક તેનું શરીર કંપવા લાગ્યું, મોં પહોળું કરી તેણે હાંફવા માડયું.

એના હિંસક પશુ જેવી આંખોથી રાણી ત્રાસી ગઇ. તેણે પોતાના દેહ પર ઢાંકવા માથા નીચેથી ઓશીકુ ખેંચ્યું......

અને ઓશીકાની નીચે હાથ નાંખતાં તેના હાથને કાંઇ અડયું. તેથી નિરાશાથી બાવરી બનેલી તેની આંખોમાં ચેતન આવ્યું. તેણે ધીમેથી હાથ ઓશીકા નીચે સરકાવ્યો.

લાલસાથી રાજા હવે તો સુધબુધ વગરનો બન્યો હતો તેના નસકોરા કંપતા હતા, તેણે હોઠ પર જીભ ફેરવી અને 'હૂહીસ' એવો ચિત્કાર કર્યો. એક ઝાટકો અને રાણીની સાડી ખેંચતા, તે ઢળી પડયો.

અને રાણીએ ઓશીકામાંથી હાથ કાઢયો, અને તેના ખભા અને ગળા વચ્ચે એક સોય ઘુસાડી દીધી.........

પણ રાજા ખરેખર ગાંડો બન્યો હતો. નવ નવ માસથી તેણે વાસના દાબી હતી, આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાધાં હતાં. ત્રણ ત્રણ માસથી ભયાનક વેર અને ક્રોધ દાબ્યા હતા. અત્યારે તે વેર અને વાસના બન્ને તૃપ્ત થતાં હતાં, એ ખ્યાલથી એનું મગજ છટકી ગયું હતું.

તેથી તેનામાં ગાંડા માણસનું અમાનુષી બળ હતું. તેથી જ તેણે આ ઘા ગણકાર્યો નહી તેમજ એ ઘાની તાત્કાલિક, અસર પણ તેના પર થઇ નહિ.

ઉલટું રાણીના ઘા મારીને ઉંચા થયેલા હાથને તેણે પોતાના ગળામાં ભેરવી દીધો, અને ભૂખ્યા પશુની માફક તેને ભચડી નાંખી—

પણ એ તેનું છેલ્લું આલીંગન હતું. વાસનાની તૃપ્તી માટે તેણે રાણીના જાંઘના પ્રદેશને સ્પર્શ કર્યો, અને તેના મગજમાં ઝાટકો લાગ્યો. એક ભયંકર ચિત્કાર સાથે તેને આંચકીઓ આવી, અને આખરે તેના અંગ અકડાઈ ગયાં. અને તે રાણીના શરીરને ઢાંકી દેતો ઢળી પડયો.

જ્યારે રાણીનો હાથ ઓશીકા નીચેની સોયને અડયો, ત્યારે તેને યાદ આવ્યું હતું, કે પોતે માથું ઓળ્યું ત્યારે રક્ષાસોય ઓશીકા નીચે મૂકી હતી, તેથી સોય ભોંકવા છતાંએ અને તે પછી પણ થોડા સમય સુધી રાજાનો આ વેગ નરમ ન પડયો એટલે તેને શંકા પડી કે તે સોય બદલાઇ હશે કે તેનું ઝેર નષ્ટ થયું હશે! એ શંકા ભય અને સજ્જના

પાશવી વર્તનથી ઉપજતો ત્રાસ—એનાથી રાણીનું મગજ ચક્કર ફરતું હતું, હૃદય ફાટી પડે એમ ધબકતું હતું. ઈંદ્રિઓ બહેર મારી ગઇ હતી.

અને રાજાના દેહે મરણુ પહેલાંની છેલ્લી આંચકીઓ ખાધી, તેમાં સોયની નિષ્ફળતા અને રાજાની સફળતા કલ્પી ને તેનું મગજ જડ બની ગયું; તે બેભાન બની ગઇ.

થોડી વારે તેને ભાન આવ્યું, ત્યારે રાજાનો દેહ તેના શરીર પર પડયો હતો. તેની ડોકમાં તેના એક હાથની મડાગાંઠ પડી હતી. મડદા સાથેનાં આ આલીંગનથી તેને કંપારી આવી ગઇ.

છળી હોય તેમ તેણે આંચકો મારી રાજાનો દેહ પડખે હડસેલ્યો. જોર કરીને પોતાના ગળામાંથી તેનો હાથ કાઢી નાખ્યો અને પલંગમાંથી ફાળ મારી નીચે ઉતરી.

નીચે ઉતરતાં જ તેને પોતાની વસ્ત્રહીન દશાનું ભાન થયું. તેણે પાસેના ભંડારીઆમાંથી વસ્ત્ર કાઢી શરીર ઢાંકી લીધું.

પછી તેણે રાજા તરફ જોયું. તેને કમકમાટી આવી. ભયાનક વાસના અને વિકારોની છાપથી તેનું મોં વિકૃત બની ગયું હતું. તેણે તેના શરીર પર ચાદર નાંખી.

તેના મગજે ઝડપથી કામ કરવા માંડયું. રાજાનું મરણ તેને હાથે થયું હતું. વાંક રાજાનો હતો, અને પોતે સ્વરક્ષણમાં અને અજાણતાં જ તેને હણ્યો હતો, છતાં તેની સ્થિતિ કફોડી બની હતી.

તેણે રાજાના ગળામાંથી સોય ખેંચી કાઢી સંતાડી દીધી. ચીતરી ચડતી છતાંય તેના પોપચા ઢાંકયા, અને શબને વ્યવસ્થિત ગોઠવ્યું.

અનેક તીવ્ર આવેશો ભરેલું દશ્ય પુરૂં થયું, અને રાજાની સ્મશાન યાત્રા દેખાઇ. તરત રાજમહેલના મધ્ય ચોકમાં રાજકર્મચારીઓની સભા જોવામાં આવી. રાજાનું મરણ અજાણ્યા ઝેરી જનાવરના દંશથી અકસ્માત થયેલું મનાયું, અને કુમારને રાજા જાહેર કરી તેના આવતા સુધી કુળદેવીને રાજરક્ષક નીમવામાં આવી.

અને નાનાનાના કેટલાક દશ્યો પછીથી કોલાહલ ભર્યું એક દશ્ય દેખાય છે. પાટલીપુત્રના નગરચોકમાં ગુપ્તવંશનો આયેનો

આયાત લોકોને ઉશ્કેરે છે. "મગધના નસીબમાં વૈશાલીના ખંડીઆ થવાનું લખ્યું છે," તે બોલે છે." રામગુપ્તનું ખૂન થયું હતું ખૂન. એ તો વૈદનું મોં સોનાથી ભરી દીધેલું. અને હવે ચંદ્રગુપ્તના કંઇ સમાચાર છે? એતો સૌરાષ્ટ્રમાં શકોને હાથે હણાયા હશે, કે હણાશે. અહિંથી માગધી લશ્કર માળવા અને ગુજરાત મોકલ્યું છે, અને અહિં લિચ્છવીઓની ભરતી થાય છે."

આમ આ કુમારગુપ્ત અને તેના માણસો લોકોને ઉશ્કેરે છે. બનાવટી સમાચાર આવે છે, કે ચંદ્રગુપ્તનો પત્તો નથી. અને એ રીતે શહેરમાં બંડ થાય છે.

ધીમે ધીમે બંડનું જોર વધે છે, થોડા લિચ્છવી યોદ્ધાઓ સાથે રાણી રાજગઢમાં ઘેરાય છે, કુમારગુપ્ત નગરની સત્તા હાથ કરે છે.

રામગુપ્તના મરણને આશરે દોઢ માસ વીત્યો છે.

અંધારીઆની અંધારી રાતે રાણી રાજગઢના ગોખમાં ઉભી છે. રાજગઢમાં હવે ટકવાનું જોર નથી. અંદર ખોરાક ખુટયો છે, સૈનિકો મર્યા કે ઘવાયા છે. હથિઆરો ખુટ્યા છે. બહાર નવી કુમક, ખાસ કરીને હાથીઓની આવી છે, સૌરાષ્ટ્ર તરફથી કાંઈ સમાચાર નથી.

રાણી નીચે વહેતી નદી તરફ નજર નાંખે છે, કાલે ગઢનું મુખ્યદ્વાર તુટે એટલે આ નદીને ખોળેજ પોતે આશરો લેવાનો હશે.

તેના મનમાં શા શા વિચાર આવતા હશે? પોતે કેવા કોડથી વરસ પર અહિં આવી હતી? વરસ ભરમાં તેને માથે શું શું વીત્યું હતું? પોતાના ભાવિ પર તેને તિરસ્કાર આવ્યો. ઇંદ્રાસન ડોલે એવો જબ્બર નિઃસાસો તેના હૃદયમાંથી નીકળ્યો.

અચાનક તેની આંખ નદીના સામા તટ પર પડી. ચૈત્ર વદના તારા પ્રકાશમાં સામો રેતીનો પટ ઝાંખો ઝાંખો દેખાતો હતો. કોક વિચિત્ર પ્રાણીઓ ત્યાં દોડતાં આવતાં તેણે જોયાં.

ઝડપથી એ પ્રાણીઓ પ્રવાહ પાસે બેઠાં, અને એના પરથી માણસો ઉતર્યા. એક જણ પ્રવાહમાં ઉતર્યો-તરવા લાગ્યો.

તારાના પ્રકાશમાં, શોણના નિર્મળ નીરમાં, તેના તરવાથી થતા શેલારા દેખાવા લાગ્યા.

રાણી તાકીને જોઇ રહી. તે માણસ ઝરૂખા નીચે ઉતર્યો, અને ઉંચે જોતો હોય તેમ ઉભો.

રાણી અંદરના ઓરડામાં દોડી, ધનુષ્ય, બાણ, અને તલવાર લઇ પાછી ઝરૂખામાં આવી.

નીચેના માણસે જોરથી કોઈ ચીજ ઝરૂખા પર ફેંકી, અને રાણીની નજરે દેખાતો બંધ થયો.

નાગી તલવાર હાથમાં ઝાલી રાણી તૈયાર ઉભી. કોક ભેદી શત્રુની તેને શંકા પડી. તેણે દ્રઢતાથી હોઠ પીસ્યા.

નીચેનો માણસ દેખાતો બંધ થયો. દસેક મિનિટ વીતી. રાણી વાંકી વળી નીચે જોતી હતી. પણ કાંઇ દેખાયું નહિ.

ત્યાં ઝરૂખાને એક ખુણે એક હાથ દેખાયો. રાણી એ તરફ ફરી.

બીજો હાથ ઝરૂખાને કઠેરે ટેકાયો. રાણીએ ધીમેથી બે પગલાં આગળ ભર્યાં.

અને હાથને ટેકે એક માથું કઠેરા પર દેખાયું. રાણીએ ઘા કરવા તલવાર ઉપાડી.

"સબુર" એક સત્તાવાહી છતાં અકઠોર અવાજ આવ્યો.

તે અવાજ! રાણીના હૈયામાં કાંઇ થયું! તેણે તલવાર ફેંકી દીધી. હમણાં શું થઇ જાત! તે કલ્પનાથી તે ધ્રુજી ઉઠી. તેની આંખે તમ્મર આવ્યાં. તેણે લથડીઉં ખાધું.

અને કોણીના ટેકા ઉપર ચડેલા પુરુષે તેને પકડી ન લીધી હોત તો તે જરૂર જમીન પર પડી જાત!

પાંચ પળ રાણી તેની બાથમાં પડી રહી. પછી તેણે આંખ ઉઘાડી, "કુમાર!"

"દેવી!" રાણીને છાતી સરસી રાખી તે પુરુષે કહ્યું, "આવી પહોંચ્યો છું, હોં!"

અને બન્નેયે પહેલું ચુંબન લીધું.

"બહુ જલદી આવ્યા!" તેના બાહુપાશમાંથી છૂટતાં રાણીએ કહ્યું.

"સોરઠની ઘડીઆ જોજન સાંઢણીઓનો તે પ્રતાપ!" કુમારે કહ્યું, "ગિરિનગરમાં હું ઘેરાયો હતો, પણ આહિરોની મદદથી શકોને હરાવ્યા. ત્યાં અહીંના સમાચાર મળ્યા, જલદી આવવા સાંઢણીઓ લીધી. જ્યા-લીપુર આવ્યો ત્યાં કુમારગુપ્તના બંડના સમાચાર મળ્યા. એ દિવસથી ઘડી પણ થાક ખાધો નથી. અહીં શા હાલ છે?"

"કાલે સવારે રાજગઢ પડશે," ધ્રુવદેવીએ કહ્યું, "તમે કુમાર પાછા જાઓ. પ્રજા મારી લોહીની તરસી છે. મારી સાથે તમારે શા માટે મરવું?"

કુમાર હસ્યો. "અવન્તીમાં તમે મને એકલો જવા દીધો હતો? હવે તમને-સ્વર્ગે પણ એકલા કેમ જવા દેવાય?"...........

દૃશ્ય બદલાય છે. ઉઘડતી પરોઢે કુમારગુપ્ત હાથીઓને રાજગઢ તરફ લાવે છે. અચાનક રાજગઢના બારણાં ખુલે છે. બંડખોર પ્રજા આભી બની જોઈ રહે છે. બારણામાં મગધના રાજચિહ્નોથી વિભૂષિત ચંદ્રગુપ્ત ઉભો છે.

રાજગઢમાંથી નાદ ઊઠે છે. "મહારાજ ચંદ્રગુપ્તનો જય!" પ્રજાનાં ટોળાંઓ તેના ઉપર પડે છે.

પાટલીપુત્રના આ માનીતા યોદ્ધાના દર્શન માત્રથીજ બંડ શમી જાય છે.

અને આવે છે આખરી દૃશ્ય, મહારાજ ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક થાય છે. એને પડખે મહાદેવી તરીકે ધ્રુવદેવી છે. રાજ્યગુરૂ યાજ્ઞવલ્કયે એમનાં લગ્ન અનુમોદ્યાં છે, અને આખરે હૃદયનાં એંધાણ ખરાં પડે છે.

દોહી દેહ એક પ્રાન

આત્યાર સુધીના ચિત્રોમાં જુદીજ ભાત પાડતાં ધ્રુવદેવીના ચિત્રે મારા ચિત્તને ફરી ચગડોળે ચડાવ્યું. "માનવીઓ માફક ભાવનાઓ પણ ભ્રષ્ટ થાય છે. અને તે સાથે પ્રજાઓનું પતન થતું જોય છે" હું મનમાં બબડયો. "એક એકની અધુરી જોડ જેવા બે આત્માઓનું અખંડ મિલન એ હસ્તમેળાપની પાછળનો આર્યોનો પહેલો આદર્શ. વિલાસ તૃપ્તિએ એક થવા તલસતા આત્માઓને એકતા સરળ કરવાનું દેહ મારફતનું સાધન હતું. વંશ રક્ષણ તો તેનું એક આનુષંગિક પરિણામ જ હતું. અલબત્ત, સમાજના ઉપલા થર સિવાય કદાચ આવી ઉંચી ભાવના બધાએ નહિ પોષી હોય. પણ લગ્નમંત્રો પાછળની સાચી ભાવનાઓ તો એજ હતી.

પછી વખત જતાં વંશરક્ષા એ મુખ્ય વસ્તુ થઈ, અને તેથી અનેક પત્નીઓનું દૂષણ પેઠું.

"અને આખરે વિલાસ એજ મુખ્ય વસ્તુ બની. કામવાસનાની તૃપ્તિ એજ લગ્નનો ધ્યેય ગણાવા લાગ્યો. આર્ય ભાવનાનું ઉત્તરોત્તર પતન થતું ગયું."

સાચા કે ખોટા આ વિચારોએ મારા મન પર વિષાદની છાયા પાથરી. અને જાણે મારા વિષાદને દૂર કરવો હોય તેમ ચિત્રપટે નવા રંગ ધારણ કરવા માંડયા. નિર્દોષ, શાંતિ પ્રેરક સંગિતના સૂરો સાથે વસંતની મહેરથી મહેકતા પનઘટનું દશ્ય ખડું થયું. પનઘટ પાસે ઝુકતા વિશાળ વડની વડવાઇઓએ નાના બાળકો હિંચકતા હતા. ઉગતી સંધ્યાના સુરંગી પ્રકાશમાં તે વડ પાસેના ખુલ્લાં ચોકમાં કેટલીક તરૂણ બાલિકાઓ હોળી ખેલતી હતી. રંગબેરંગી વસ્ત્રો અને અલંકારોથી શોભતી પનિહારીઓ કૂવેથી પાણી વહી જતી હતી. સર્વે વસ્તુઓ ગામની આબાદી અને શાંતિ સૂચવતા હતા.

હોળી રમતાં રમતાં એક બાલિકાએ ગીત ઉપાડયું.

"હોરી ખેલત કૃષ્ણ કનૈયાં—
હોરી ખેલત બંસી બજૈયાં—
હોરી—હોરી—હોરી......

કિન્નરને શરમાવે એવો તેનો સુંદર સ્વર દિશાઓને ભરવા લાગ્યો.

ગીત ચાલ્યું ત્યાં સુધી પનિહારીઓ પાણી ભરતી અટકી. બાળકો હિંચતા થોભ્યા; વૃક્ષનાં પાંદડાં પણ હાલતાં નહોતાં. બાલિકાઓએ તે ગીત ગુંજવા માંડયું.

ગીત બંધ થયું, છતાં તેનો રસ જાણે માણતાં હોય તેમ પક્ષીઓ પણ પડતી સાયંકાળે માળા તરફ જવાનું ભૂલી ગયાં.

અને દસેક પળ પછી જાણે તેનો જવાબ આવતો હોય તેમ પાસેના આંબાવાડીઆમાંથી મર્દાનગીભર્યો છતાં સંસ્કારી અને સુકોમળ અવાજ ગાજી ઊઠયો.

જીવન સબ હય હોલી હોલી—
ઇસકે લીયે ફાગકી હોલી—
ઉસકે લીયે આગકી હોલી—
હોળી......હોલી—
ખેલો હોલી—
ખેલો......હોલી—

સ્વર પાસે ને પાસે આવતો ગયો. અને આખરે આંબાવાડીઆમાંથી યાત્રાળુના વેશમાં એક યુવાન બ્રાહ્મણ આવી પહોંચ્યો. ઊંચું ગોરૂં શરીર, તેજસ્વી મોં, વિશાળ ભાલ અને સ્વપ્નભરી ઘેરી આંખોએ દરેકનું ધ્યાન ખેંચ્યું.

તે સીધો પનઘટ તરફ ગયો, અને એક વૃદ્ધાને પૂછ્યું, "માજી, આ ગામમાં ધર્મશાળા છે?"

"ધર્મશાળા?" વૃદ્ધાએ જવાબ આપ્યો. "એનું શું કામ છે? તમે બ્રાહ્મણ છો, ને?"

વટેમાર્ગુએ હકારમાં ડોકું હલાવ્યું.

"પદ્મા," જે બાલાએ ગીત ઉપાડયું હતું તેને વૃદ્ધાએ કહ્યું, "આમને તારે ઘેર લઇ જા. જાઓ! બ્રહ્મદેવ, પદ્માના પિતા ગામના પુરોહિત છે. તેમના પર તમારો પહેલો હક્ક છે."

અને આર્યોની જુની આતિથ્ય ભાવના પ્રમાણે આ પ્રવાસી પદ્માવતીના પિતાનો મહેમાન બન્યો.

જગન્નાથપુરીની જાત્રાએ જવા નીકળેલો તે કિંદુબ્લકના રાજાનો લાડીલો કવિ જયદેવ હતો.

પનઘટ પાસેનાં ગીત એ વિધિના સંકેત જેવાં નીવડયાં. પદ્મા અને જયદેવની એ દિવસની ઓળખાણ જતે દહાડે લગ્નમાં પરિણમી.

દશ્ય બદલાય છે. રાજકવિ જયદેવના ચોકમાં ભગવાન્ કૃષ્ણનાં ઝૂલાનું દર્શન માંડયું છે. દાંપત્ય પ્રેમની પરમ એકતા સાધીને જેણે પ્રેમલક્ષણા ભક્તિ સહજ પ્રાપ્ત કરી છે. તે કવિરાજ અને તેની પત્ની ભગવાનને ઝૂલે ઝૂલાવે છે. અને પ્રેમભરપૂર સૂરે બન્ને ગાય છેઃ—

ઝૂલે ઝૂલત કૃષ્ણ મુરારી (૨)
ઝૂલાવન વ્રષભાન દુલારી.
ઝૂલે ઝૂલત કૃષ્ણ મુરારી.

ગીત વધતું ચાલ્યું. નગરજનોની ઠઠ પણ વધતી ચાલી, અને લોક બધું ભક્તિરસમાં તરબોળ થઇ ગયું.

પુજા પૂરી થતાં પ્રસાદ લઇ સૌ વિખરાયાં, રાજા, પ્રધાન કિ. અધિકારીઓ પણ ગયા. માત્ર વૃદ્ધ રાજપુરોહીત રહ્યા.

તેમને વંદન કરતાં પદ્માવતીએ પૂછ્યું. "ગુરૂદેવ, આજે રાણીજી ના પધાર્યાં."

"એમના ભાઇની બિમારીના સમાચાર આવવાથી તે પિયર ગયાં છે."

ઝડપથી દશ્ય પલટો લે છે. કોક નગરના રાજમાર્ગ પર ઉભરાતાં લોકોનાં ટોળાં દેખાય છે, અને તેમનો સ્વાભાવિક કોલાહલ સંભળાય છે.

જાણે કોઇ જવલ્લે આવતું પર્વ હોય તેમ લોકો કીડીઆરાં જેવાં ઉભરાયાં છે. ઓટલા, જાળીઓ, બારીઓ, ઝરૂખા અને છાપરાં પણ માણસોથી ભરચક

છલકાય છે. વિજય કરી આવતા નરપતિને વધાવવો હોય તેમ ઘણાના હાથમાં ફૂલ, કંકુ કે ગુલાબ છે.

રાજમાર્ગને છેડે આવેલા રાજનગરનું દ્વાર ખૂલે છે, અને આકાશ ચીરે એવો લોકનાદ ગાજે છે, "જય અંબે, જય અંબે."

અને છૂટા વાળે, સોળે શણગારથી સજ્જ, કંકુનાં પગલાં પાડતી અને ડગલે ડગલે કંકુ વેરતી એક પ્રૌઢા બહાર નીકળે છે. તેના મોં પર કો અજબ ઘેલછાનું તેજ છે. તેની આંખોમાં પરલોકનેજ ન્યાળતી દૃષ્ટિનું ઘેન છે. ધર્મઘેલાંઓની ઝનુનથી તેણે દેહનું ભાન ગુમાવ્યું છે, અને સ્વર્ગ ઉપરજ મીંટ માંડી છે.

શરણાઇના શોર ઊઠે છે. ઢોલ અને દદામા ગડગડે છે. પ્રજાના ઉત્સાહમાં અજબ ઉછાળો આવે છે.

લોકસમૂહ આખો પોકારે છે, "જય અંબે! જય અંબે!"

સતીની પાછળ કો રાજવંશીની ઠાઠડી નીકળે છે. પણ રૂદન કે શોકનાં ચિહ્નો નથી. અત્યારે તો સતીના ચિતાસ્નાનના ગૌરવથી બધાનાં હૃદયો છલકાતાં હતાં, ને!

અને દૃશ્ય ફરીથી બદલાય છે. ધર્મઘેલછાનું ઉન્માદક સંગીત બંધ થાય છે. તેને બદલે શાંત, આછું કરૂણ સંગીત સંભળાય છે.

કિંદુલ્વકના રાજમહેલનો રાણીવાસ નજરે પડે છે; રાજરાણીની પાસે તેમના મરણનો શોક દર્શાવવા નગરનારીઓ આવે છે, અને દિલાસાના વ્યવહારિક શબ્દો વાપરે છે.

"અમે તો જગ જીતી ગયાં, બાઇ." શોકની છાયામાંયે ગર્વ બતાવતું મુખ રાખી રાણી કહેતાં હતાં, "ભાભી સતી થયાં એટલે અમારાં તો બન્ને કુળ તરી ગયાં."

રાજકવિની પત્ની તરીકે પદ્માવતી અહિં પહેલેથી હાજર હતી. નગરનારીઓ આવતી અને જતી, અને દરેક આગળ રાણી આવાં અભિમાનનાં વેણ કાઢતી. એ નારીઓ પણ એમાં સંમતિનો સૂર પુરાવતી.

ધીમે ધીમે સામાન્ય નારીઓ ઓછી થઈ. માત્ર રાજકુટુંબની અને ઉચ્ચ અમલદાર વર્ગની સ્ત્રીઓજ રહી. હવે રાણીની ભાભીના ચિતાસ્નાનની વિગતો ખૂબ રસપૂર્વક ચર્ચાવા લાગી. રાણીનું અભિમાન પોષાવા લાગ્યું. ભાઇના મરણનો શોક તો ભાભીના ચિતાસ્નાનના આનંદમાં કયાંઈ ડૂબી ગયો!

પદ્માના સંસ્કારી ચિત્તને જરા કંટાળો આવ્યો. જ્યારે અરાઢમીવાર આ કથાનું પુનરાવર્તન થયું, ત્યારે એ કંટાળો મુખપર જરાક દેખાઇ ગયો.

ચકોર પ્રધાનપત્ની એ દેખી ગઇ. રાજા પ્રધાન કરતાં પણ જયદેવ પર વધારે પ્રેમ રાખતા. તેથી તેને સહેજ ઈર્ષા તો હતી, તેથી તે આ લાગ ચૂકી નહિ. "કેમ પદ્માવતી, તમે કાંઈ બોલતાં નથી?" તેણે ટહુકો કર્યો.

"મારે શું બોલવાનું છે?" પદ્માવતીએ જવાબ આપ્યો.

"તમે કહો છો તે કંઇ ખોટું છે?"

"ના, પણ, તમે શું ધારો છો?" પ્રધાનપત્ની વાતનો દોર છોડવા તૈયાર નહોતી. "સતયુગમાં સતીઓ થતી હવે પણ આ કલિકાલમાં અદ્દભૂત નથી?"

મનના ભાવ છુપાવવાની જેને કદી ટેવ નહોતી. તે પદ્માવતી હવે બોલી ઊઠી. "સત્યયુગ ને કળીયુગ, મનુષ્ય હૃદય હંમેશાં સરખાંજ હોય છે."

"તમારી વાત સાચી હશે, પણ રાણીજીના ભાભી જેવો પ્રેમ કાંઇ બધાંનો હોય છે?" મધ ઝરતા ઝેરી બોલો આવ્યા.

સરળ હૃદયા પદ્માવતીની આંખો સ્વપ્ન જોતી હોય તેમ સ્થીર થઈ ગઈ. "પ્રેમ! પ્રેમ! પ્રેમનાં પારાવારને કંઇ સીમા હોય છે? છતાં મને તો ભાભીજીની ધીરજ માટે નવાઇ લાગે છે."

"શી?" રાણીએ હવે તો કુતૂહલથી પૂછ્યું.

"માફ કરજો, બા. હૃદય હૃદયમાં ફેરફાર હોય છે. બાકી ભાઇસાહેબના મરણ પછી છ કલાકે ભાભી ચિતાએ ચઢયાં, ત્યાં સુધી વિયોગ વેઠી શકયા એ ઓછું છે?" રાણીની આંખમાં જરા રતાશ આવી. "તે સ્મશાનની તૈયારી સુધી તો વાટ જુએ, ને!"

"એ વાટ જોઇ શકાય તે ઓછી ધીરજ છે? મેં તો એક ઠેકાણે વાંચ્યું હતું, કે—

કોક કટારી કર મરે, કોક મરે વીખ ખાય,
પ્રીતિ એસી કીજીએ, હાય કરે જી જાય!

બોલતાં તો બોલાઇ ગયું, પણ તરત તેને ભાન આવ્યું. "માફ કરજો રાણીબા, આ તો કવિઓની કલ્પના છે. બાકી પતિના મરવાથી હતાશ થયેલી નારીઓ ઘણીવાર જીવનને બદલે મૃત્યુ પસંદ કરે. કોઈ કીર્તિની લાલસાથી પણ એવું કરે. બાકી જો આત્માએ આત્મા મળ્યા હોય, તો જરાએ વાટ જોવાયજ, કેમ?"

ત્યાં હાજર હતી તે નારીઓનાં મોં પર જાણે કાળાશ ઢળી ગઈ. રાણીની આંખોમાં જ્વાળા ઝબુકી પણ એવામાં રાજા પધાર્યા, અને વાત બંધ પડી.

પણ રાણી મનમાં તો બડબડી. "મોટી સતીની પુંછડી ના જોઈ હોય તો! તારૂંએ પારખું લેવું પડશે."

દૃશ્ય બદલાય છે. રાજા પોતાના રસાલા સાથે શિકારે નીકળ્યો છે. મધ્યાન્હ થયો છે. એક સુંદર સરોવરને કાંઠે રાજા સૂચવે છે, "કવિવર, બપોરાં અહિં ગાળીશું?"

લગભગ બેધ્યાનપણે જયદેવે જવાબ આપ્યો, "જેવી મહારાજની ઈચ્છા."

રાજાએ કવિ તરફ ધ્યાનથી જોયું. તેણે મમતાથી પૂછ્યું, "કેમ, જયદેવ આજે આમ કેમ છે? સદાનો તારો આનંદી સ્વભાવ કયાં ગયો? તબીયત બરાબર છે, ને?"

જયદેવે નિઃસાસો નાંખ્યો. "મહારાજ, તબીયત તો બરાબર છે, પણ ચિત્તમાં કંઇ ન સમજાય એવી ગમગીની છે."

"ઘેરથી ઝઘડીને તો નીકળ્યો નથી, ને!" રાજાએ મશ્કરીમાં પૂછ્યું. કવિ અને કવિપત્ની વચ્ચે એવો સુંદર મેળ હતો કે આ સવાલ માત્ર મજાકમાંજ પૂછાયો હતો.

કવિએ જવાબ ન આપ્યો. તેણે માત્ર જરા ભવાં સંકોચી અંતરીક્ષમાં જોયું.

રાજા ગંભીર બની ગયો. "ઘેર તબીયત તો સારી છે, ને ?" કવિના વિષાદથી હવે તેને પણ ચિંતા થવા લાગી.

કવિએ જરાક માથું અને ડોકું ખંખેરતો હોય તેમ ધૂણાવ્યાં, અને કહ્યું, "તબીયત તો બરાબર છે."

"તો તું ઉદાસ કેમ દેખાય છે ? તારો રોજનો રંગીલો સ્વભાવ ક્યાં ગયો ?"

જરા ધીમેથી માથું હલાવતાં કવિએ કહ્યું, "મને સમજણ નથી પડતી, મહારાજ. કારણ કશુંયે નથી, છતાં મારૂં મન ભારે ભારે લાગે છે,—જાણે કાંઇ અમંગળ થવાનું હોય તેનો આગળથી પડછાયો પડતો હોય ?— "

રાજાએ હેતથી તે વખતે હાથ મૂક્યો. अतिस्नेह्, पापशंकी, જયદેવ તમે પતિ–પત્ની કદી કદી ઝઘડતા હો તો ઠીક–આતો તમારા એક રાગની દેવોનેય ઇર્ષ્યા આવે–કાંઇ નહિ, ચાલ હમણાં નાસ્તાથી પરવારી ઘર તરફ જઈએ.

રસાલાને ત્યાં ઉતરવા આજ્ઞા અપાઈ. નાસ્તાની તૈયારી થવા લાગી. કવિ અને રાજા સરોવર કાંઠે ટહેલવા લાગ્યા.

કવિની ઉદાસીનતા દૂર કરવા રાજાએ કહ્યું, "કવિ, જો પ્રકૃતિએ કેવું સુંદર રૂપ ધર્યું છે ? આ હેલે ચડતાં પાણી, એમાં નાચતાં કમળો, અને એમાં રમતાં સારસનાં જોડલાં !"

કવિની ખિન્નતા ઓછી થઇ — "ભગવતી સરસ્વતીને રમવા આવવાનું મન થાય એવું આ સ્થળ છે, અને કાંઠે ઉભેલો આ જુના જોગી જેવો વડ અને તેની આસપાસ જટાધારી શિષ્યો જેવા આંબા–દેવી સરસ્વતીની ઉપાસના કરતા તપસ્વીઓનો ખ્યાલ આપે છે."

"તો તું અહિં સરસ્વતીનું આવાહન કર. કોઈ મહાકાવ્યનો આરંભ કર." રાજાએ તેના મનને બીજે ચીલે ચડાવવા કહ્યું.

જયદેવે માથું નમાવ્યું. "મહારાજ, મહાકાવ્ય માટે તો હૃદયની ગ્રંથીઓ તોડી નાંખે, મર્મસ્થાનોને ઝટકો લગાવી ધ્રુજાવી મૂકે એવી સંવેદના થવી જોઇએ. છતાં આપની ઇચ્છા છે, તો દેવી સરસ્વતી સુઝાડે એવું કોઇક પ્રભુ ભક્તિનું પદ ઉપાડું છું"

અને તેનો સુંદર સંસ્કારી અવાજ ગાજી ઊઠયો.

"હઠ છોડ સખે, ચલ સંગ મોરે
તુજે વ્રજમેં કહાન બુલાવત હૈ!

એનો સંસ્કારી, સુકોમળ અવાજ દિશાઓને નવડાવી રહ્યો. મંત્ર મુગ્ધ બન્યાં હોય તેમ સારસનાં જોડલાં, ચિત્રમાં આલેખેલા હોય તેમ સ્થિર થઇ ગયાં. સરોવરનાં પાણી વાયુ જોડે રમવાનું ભૂલી સ્થીર થઇ ગયાં. પવન પણ વડના પાંદડાં જોડે ગેલ કરવાનું ભૂલી ગયો.

અને તેજ વખતે પદ્માવતીના દિવાનખાનામાં રાજરાણીની પધરામણી થઇ. ભાઇનો શોક છોડવા મંદિરે જઇ તે દાસીઓ સાથે કવિને ઘેર આવ્યાં.

પદ્માવતીએ તેમને આવકાર આપ્યો. આજે તેના હંમેશાનાં શાંત, આનંદી મુખ ઉપર પણ સહેજ વિષાદ હતો.

"કેમ, આજે ઠીક નથી કે શું?" રાજરાણીએ પૂછ્યું.

"તબીયત તો આપની કૃપાથી સારી છે, બા સાહેબ" કવિપત્નીએ જવાબ આપ્યો. "માત્ર જાણે કંઈ માઠું થવાનું હોય તેમ મન પર ભાર છે."

રાજરાણીએ દાસી તરફ જોયું. "એ તો કંઈ નહિ. કદાચ કવિરાજ જોડે ટપાટપી થઇ હોય, તો પણ એવું લાગે." સૌથી મોટી દાસીએ ટકોર કરી.

પદ્માવતીનું માથું જરા ગર્વથી ઉંચું થયું. "આપ જેવા વડીલોના આશીર્વાદ છે, રાણીજી," તેણે કહ્યું, "આજે પરણ્યે પાંચ વર્ષ થયાં, પણ એકકેવાર બનાવટી કલહ પણ થયો નથી." જરા માથું નમાવી તે સત્કાર સામગ્રી લાવવા અંદર ગઇ.

"શો મરડાટ છે?" રાજરાણીએ મોં મચકોડી ધીમેથી કહ્યું. "હમણા ખબર પડશે."

"અભિમાન તો રાજા રાવણનું રહ્યું નથી." મુખ્ય દાસીએ ટકોર કરી.

"શ્ શ્" બીજી દાસીએ નાકે આંગળી મૂકતાં કહ્યું.

પદ્માવતી સામગ્રી લાવી, અને પરિચર્યામાં ગૂંથાઇ.

થોડો વખત આમ પસાર થયો, અને એટલામાં એક ખવાસ મારતે ઘોડે આંગણામાં આવ્યો.

ઝડપથી દોડવાથી તેનો ઘોડો પરસેવે રેબઝેબ હતો. તેનાં પોતાનાં કપડાં પણ અસ્તવ્યસ્ત અને ધુળવાળાં હતાં. કોઈ ભયાનક સમાચાર લાવ્યો હોય તેમ તેના મુખ પર ઘેરા શોક અને ઉંડા દુઃખની છાપ હતી.

ઘોડાની લગામ છોડી દઇ તેણે કુદકો માર્યો. અને જાણે તમ્મર આવતા હોય તેમ જમીન પર બેસી પડયો. તરત ઉભો થઇ અડબડીઆં ખાતો ખાતો તે ચોકમાં દોડયો.

"દેવી, દેવી," ફાટી આંખે અને વિકટ ચહેરે તેણે બૂમ નાંખી. રાણી, દાસીઓ, પદ્માવતી સર્વે સફાળા ઉઠી તેને જોઇ રહ્યાં.

"અરે, આ તો રાઘવ." રાણી આશ્ચર્યથી બોલી ઊઠયાં. "તું તો મહારાજની જોડે ગયો હતો, ને?"

"રાણીજી, રાણીજી," જાણે ડૂમો ભરાયો હોય તેમ છાતીએ હાથ દાબતો તે ઉભો રહ્યો.

પદ્માવતીનું હૃદય કોઇ અગમ્ય ભયથી ધડકી રહ્યું. રાણીએ જાણે ગૂંચવણમાં હોય તેમ ભવાં ચડાવ્યાં. "રાણીજી, રાણીજી, શું કરે છે? ભસી મરને!" સહેજ ચીડથી તેણે રાઘવને કહ્યું.

"રાણીજી, દેવી," જાણે પ્રયત્નથી જાત પર કાબુ મેળવતો હોય તેમ તેણે કહ્યું "ભારે થઈ. ભુંડું થયું. કવિરાજ—" અને મોંઢે પછેડી ઢાંકી તે બેસી પડયો.

પદ્માવતીમાં અચાનક ચેતન પ્રગટયું. "શું છે? કવિરાજને શું છે?"

મોઢું પછેડીમાં જ રાખીને ડોકું ધુણાવતાં તેણે કહ્યું, "બા, કવિરાજને વાઘણે માર્યા." પરાણે સ્વસ્થ થઈ તેણે કહ્યું, "રાજાજીએ વાઘને માર્યો, એટલે વિફરાયેલી વાઘણ તૂટી પડી. રાજાજીના ભાલાથી તે ઘવાઈ, પણ કવિરાજને એક થપાટ લાગી ગઈ. રસાલાના બે બીજા માણસો પણ ઘવાયા."

"પણ કવિરાજને કેમ છે? બહુ વાગ્યું છે?" વડી દાસીએ ચોખવટ કરવા પુછ્યું.

"કવિરાજ તો મરણ પામ્યા, બા." એક ડૂસકું દબાવતો હોય તેમ રાઘવ બોલ્યો." એમનો દેહ ડોળીમાં ઘાલી લાવે છે."

"હાય, હાય!" રાણી અને દાસીઓએ ચિત્કાર કર્યો.

અત્યાર સુધી પદ્માવતી પત્થરની પ્રતિમા જેવી જડ બનીને ઉભી હતી. તેનું લોહી જાણે થીજી ગયું હોય, તેનું હૃદય જાણે બંધ પડ્યું, હોય, તેમ તે ફાટી આંખે અને ફાટે હોઠે સાંભળી રહી હતી. પોતાનાંજ સૌભાગ્યનાં સર્વનાશ સાથે જાણે પોતાને નિસબત જ ન હોય! માત્ર તેની ધબકતી છાતી જ તે જીવતી હતી, એ બતાવતી હતી. રાણી અને દાસીઓના "હાય, હાય," શબ્દોએ તેને ચેતન આપ્યું.

"શું કહે છે?" ન માનતી હોય તેમ તેણે પૂછ્યું, "કવિરાજ અવસાન પામ્યા!" રાઘવે માત્ર ડોકું જ હલાવ્યું.

પદ્માવતીએ હૃદયપર હાથ મૂક્યો અને આકાશ સામે જોયું, દિશાઓમાં બાવરી બાવરી નજર નાંખી. "ના બને, ના બને," તેણે પત્થરનેયે પીગળાવે એવી ચીસ નાંખી. "ના બને. હું જીવું છું, અને એ જાય? એમ બનેજ નહિ."

રાણીની આંખ કોઈ ક્રૂર ઉપહાસથી ચમકી, પણ તેના શોકભર્યાં મુખ પર ફેર થયો નહિ. "એવું બનતું જ આવ્યું છે, બ્હેન!" તેણે જાણે હેત વરસી જતું હોય તેવા અવાજે કહ્યું." શાંત થાઓ, વિધિને ગમ્યું તે ખરૂં."

"વિધિને ગમ્યું? વિધિ, વિધિ!" જાણે ગાંડી બનતી હોય તેમ પદ્માવતી ભોંય પર ફસડાઇ પડી, લવારીએ ચડી.

"તમે આમ શું કરો છો?" વડી દાસીએ તેના ખભાપર હાથ મૂકતાં કહ્યું. "ચાલો, સાવધ થાઓ. હવે આપણે લૌકિક તૈયારી કરીએ."

તેના સ્પર્શથી પદ્માવતીનું છટકવા માંડેલું મગજ સમતોલ થયું. "લૌકિક? મારે ને લૌકિકને શું?" તે બોલી, અને રાઘવ તરફ ફરી. "રાઘવ, સાચું કહે છે? કવિરાજ ગયા?"

રડતે અવાજે રાઘવે કહ્યું, "ગયા."

વિજળીનો ઝાટકો લાગ્યો હોય તેમ પદ્માવતી ઉભી થઈ. તેની મુખકળા બદલાઇ ગઈ. તેમાંથી દુઃખ, શોક, નિરાધારી, અદશ્ય થયાં, અને કોઇ અજબ પ્રકાશ ઝળકી રહ્યો. તેની આંખમાંથી તેજના ફુવારા છૂટયા. તેનું શરીર ધનુષ્યની કમાન જેવું તંગ બન્યું.

તેણે આકાશ સામે નજર નાંખી. "નાથ, નાથ," તેણે પોકાર્યું. "એમ ના જવાય, હોં. જય, જય, હું આવું છું. ઉભા રહો!"

પવનથી નાજુક છોડ ડોલે, તેમ તેના દેહે એક ઝોલો ખાધો, અને ધરણી પર ઢળી પડયો.

"ચાળા!" મોં મચકોડી રાણી બબડી.

પણ વડી દાસી પદ્માવતી પાસેજ હતી. તેના મુખ પર આશંકા છવાય છે. તે પદ્માવતીના નાકે હાથ મૂકે છે. તેના મુખ પર ગભરાટ છવાય છે. સફાળી, અધુકડી બેસી તે પદ્માવતીના હૃદય પર હાથ મૂકે છે. એક કંપારી તેના શરીરમાંથી પસાર થાય છે.

"ખલાસ!" એટલોજ શબ્દ તેના ગુંગળાતા ગળામાંથી નીકળે છે.

અને રાણીનો મરડાટ ઉડી જાય છે. તેના હૃદયમાં ફાળ પડે છે. તે ચીસ પાડી ઉઠે છે, "શું?"

હેબત ખાઇ ગઇ હોય તેમ દાસી ફરીથી બોલે છે, "ખલાસ."

"હોય નહિ!" કોઈ ભયંકર વસ્તુ મનમાંથી દૂર કરવી હોય તેવા અવાજથી તે પદ્માવતી તરફ દોડી આવે છે. તેના અંગે અંગમાં ત્રાસની કંપારી છૂટે છે. તેના રોમે રોમમાંથી પરસેવાના રેબ ઝરે છે.

તે ખાત્રી કરે છે. પદ્માવતીએ પોતે કહેલાં વેણુ-કોઇ કટારી પર મરે-વગેરેનું પ્રત્યક્ષ ઉદાહરણ આપ્યું હતું. તે એક “આહ” સાથેજ સ્વર્ગે ગઇ હતી.

“હવે શું થશે?” રાણીએ ગભરાટથી કહ્યું. તેની મશ્કરીનું આ પરિણામ તેણે કલ્પ્યું નહોતું.

અને હતબુદ્ધિ રાણી અને જડબુદ્ધિ દાસીઓ ભય અને ત્રાસથી થીજી જઇને ત્યાં બેસીજ રહી.

ઘડીએકમાં ઘોડાઓનો અવાજ સંભળાય છે. સરોવર તટે ગીત પુરૂં કરતાંજ જયદેવને કંઇ અકથ્ય ગુંગળામણ થઇ. તેણે રાજાને કહ્યું, “મહારાજ, મારા હૃદયમાં અવનવી શંકાઓ થાય છે. મને કંઇ અમંગળના ભણકારા વાગે છે. હું ઘેર જવા રજા લઉં છું.”

રાજા ગંભીર બની ગયો. “તો ચાલો, આપણે બધા જ જઇએ. કદી નહિ ને આજ તમે આવા ઉદાસ હો, તો આપણે પાછા જ ફરવું જોઇએ.” અને તેઓ તરત પાછા ફરે છે, અને પદ્માવતીના અવસાન પછી એકાદ ઘડીમાં ઘેર પહોંચી જાય છે.

મકાન આગળ સ્મશાન જેવી શાંતિ છે. ઘરનાં દાસદાસીઓ શોકમાં નિમગ્ન છે. જયદેવ ઘોડેથી કૂદી નીચે ઉતરે છે. “દેવી, દેવી,” તે બૂમ મારે છે.

“દેવી ગયાં!” તેનો વિશ્વાસુ સેવક રડતો રડતો સમાચાર આપે છે.

વિજળી પડી હોય તેમ રાજા ચમકી ઊઠે છે. તે પણ ઘોડેથી કૂદી નીચે આવે છે. બન્ને ઘરમાં ધસી જાય છે.

રંગબેરંગી ગાલીચા પર પદ્માવતી પડેલી હતી,—જાણે રંગીન આરસપહાણ પર સંગેમરમરની પૂતળી પડી હોય તેમ. જયદેવ—દુઃખ અને મુંઝવણથી મુંગો બની ગયેલો જયદેવ—તેના પગ પાસે બેસી પડે છે.

રાણીના મોં પરની ગુનેહગારીની કાળાશ રાજાની આંખોથી છૂપી રહેતી નથી. તે વડી દાસીને ધમકાવી સાચી વાત જાણી લે છે.

અદમ્ય ક્રોધથી રાજાનું શરીર થથરી ઊઠે છે. આવી પ્રાણઘાતક મશ્કરીનો દંડ શો હોઈ શકે ?

કઠોર નિશ્ચયની ભયાનક દઢતાથી તેનાં જડબાંએ .ભીંસ લીધી. તેની આંખમાંથી ઝેરી અંગારા વર્ષ્યા. " રાણી " તેણે ખૂને ભરાયેલા સિંહ જેવી ત્રાડ પાડતાં કહ્યું, " અત્યારે જ–અબઘડી–તમે સીધાવી જાઓ. તમારી આ ગોલીઓને લઇને ચાલ્યાં જાઓ. તમારૂં મોં મને બતાવશો નહિ. "

સંહારક રૂદ્ર જેવો તેનો સીનો જોઇ દાસીઓ હેબતાઇ ગઇ. રાણીનાં તો મોતીઆજ મરી ગયા.

છતાં રાજાનો કોપ શમ્યો નહિં ભૂખ્યા વરૂ જેવી ત્રાડ પાડી. આંખ ચોરવા મથતા રાઘવ પર તે તૂટીં પડયો. અને તેને જોરથી ભીંત સાથે અફાળ્યો.

આ ધબાકાથી શોકમગ્ન જયદેવ ધ્યાન ભંગ થયો, ઉંડા વિષાદથી ઘેરા બનેલા સ્વરે તેણે કહ્યું, "મહારાજ, શાંત થાઓ ! "

રાઘવના લાંબા વાળ ખેંચી તેને આંચકો મારી ઉભો કરતાં રાજા બોલ્યો, "શું, શાંત થાઓ ! કવિરાજ, આ લોકોને તો ગોળ લગાડી લીમડે બાંધવા જોઇએ." તેણે રાઘવને જોરથી મૂક્કો લગાવ્યો.

રાઘવે ચીસ પાડી. જયદેવે આગળ આવી રાજાનો હાથ ઝાલ્યો.

" મહારાજ, મહારાજ, " ગંભીર પણ દઢસ્વરે તેણે કહ્યું, "મારૂં સાંભળશો તો ખરા, ને ! "

રાજાનો આવેશ નરમ પડયો. " બધું સાંભળીશ પણ આ ખૂનીઓને માફ કરવાનું નહિ સાંભળું," તેણે ફરીથી દાંત કચકચાવ્યા.

રાણીએ નિરાશાભરી નિઃસહાયતાથી જયદેવ તરફ જોયું. જયદેવે રાજા તરફ જોયું.

" મહારાજ, જરા થોભો તો ખરા," જાણે પોતાની પત્નીનું મરણ થયું જ ના હોય એવા શાંત, ગંભીર સ્વરે તેણે કહ્યું. " પદ્મા ગઇ છે ભૂલથી–હું સ્વર્ગમાં છું એમ માની મને ત્યાં મળવા, પણ હું તો અહીં જ છું. એટલે એને પોતાની ભૂલ જણાતાં તે પાછી નહિ આવે ? "

રાજા સડક થઇ ગયો. ચોક્કસ, કવિનું મગજ ખસી ગયું હશે. તે વગર આટલી શાંતિથી આવી બેહુદી વાત કરે ?

તેના હૃદયમાં દયાનું પૂર વહ્યું, " કવિરાજ, સ્વસ્થ થાઓ. મરેલાં કાંઇ પાછાં આવતાં હશે ?"

" એ ક્યાં મરી છે ?" જયદેવે હજી મુદ્દો પકડી રાખ્યો, " એ તો મને શોધમાં ગઇ છે."

અકથ્ય તિરસ્કારથી રાજાએ રાણી સામે જોયું. " જોયું તમારા કરતુકનું ફળ ? આવી જોડી ખંડીત કરી ! આવા કવિશ્રેષ્ઠને પાગલ બનાવ્યો ! કયે ભવે તમે છૂટશો ?"

રાણીએ હાથમાં મોઢું ઢાંકી દીધું. રાજાની આંખમાંથી વરસતો તિરસ્કાર અસહ્ય હતો.

જયદેવે તેના શબ્દો સાંભળ્યા. " મહારાજ, હું પાગલ નથી. હું પૂરા ભાનમાંજ બોલું છું. પદ્માએ આવવું જ જોઇએ, નહિ તો મારે એને શોધી કહાડવા જવું પડે."

રાજાએ હબક ખાધી. રાણી કંપી ઊઠી. શું કવિ પોતે પત્ની પાછળ સહગમન કરશે ?

બોલવા જતાં રાજાને કોઇ સમ્રાટની અદાથી રોકી જયદેવ પદ્માવતીના માથા પાસે ગયો. તેણે તેને નખશીખ નિહાળી, અને કહ્યું, " પદ્મા, પદ્મા, મને ક્યાં ખોળે છે ? હું તો અહીં જ છું. પાછી આવ !"

રાજાની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. રાણી તો ધ્રુસકાજ લેવા મંડી.

જયદેવે અનિમિષ નેત્રો પદ્માના મુખ પર ઠેરવ્યાં. " પદ્મા, ઊઠ, ઊઠ, મોડું થાય છે." તે તેના માથા પાસે બેઠો, તેને ગાલે હાથ ફેરવ્યો. " ઊઠ, ઊઠ, બધાના દેખતાં સૂઇ રહેવાય કે ?"

તેની ઘેલછા જાણે વધતી જતી હતી. હવે તો રાજાનાં હીબકાં દબાયેલાં છતાં સંભળાતાં હતાં.

જયદેવે પદ્માનું માથું ખોળામાં લીધું. " ભલે, સુઇ લે. પણ ક્યાં સુધી સૂઇ રહેશે ?" અને પછી કાંઇ વિચાર આવ્યો હોય તેમ તે

બોલ્યો, "ના, ના, હું બોલાવું ને તું ચૂપ રહે? પણ અહીં કરતાં સ્વર્ગમાં વધારે ગમે છે? ના! ના!" તેણે ડોકું ધૂણાવ્યું, મારા વગર ત્યાં પણ તને કેમ ગોઠે? પણ દેવો જ તને નહિ આવવા દેતા હોય!" તેણે પોતાને કપાળે હાથ ફેરવ્યો. "અપ્સરાઓમાં તારા જેવી કોણ છે?" જરા માથું હલાવતાં તેણે કહ્યું, "પણ તેથી શું દેવો તને રોકી રાખશે? તો આપણી ભક્તિ શા કામની?"

ખૂબ મૃદુતાથી તેનું માથું નીચું મૂકી તે ઉભો થયો, પાસે ગોખલામાં પડેલી કરતાલ લીધી, સામે ગોખમાં મુકેલી શ્રી કૃષ્ણની મૂર્તિ સામે જોયું, અને નમસ્કાર કર્યા.

લાગણીઓના ભારથી રાજા અને બીજા પ્રેક્ષકો જડ બની ગયા હતા. પડતું પીંછું સંભળાય એવી ત્યાં શાંતિ હતી. વાતાવરણમાં કોઇ અજબ તત્વનો સંચાર લાગતો હતો.

અને તે શાંતિને ગાઢી બનાવતો મેઘના જેવો જયદેવનો સ્વર આવ્યો, "દેવાધિદેવ, ગોપી જન વલ્લભ, પ્રેમની પરાકાષ્ઠા તેં અનુભવી છે. પ્રેમનું અંતરધર્મ તેં પિછાન્યું છે. તું મારૂં હૃદય જાણે છે. મારી અખંડ ભક્તિથી તને વિનવું છું કે, પદ્મા પાછી આપ. દેવો કે યમરાજ તેને પાછી આપતાં રોકે નહિ. ઓ, રાધા મનમોહન! આટલો તો તારી પાસે મારો હક્ક છે!"

અને દિશાઓને ડોલાવતી વાણીમાં, કરતાલના તાલ સાથે તેણે સ્તુતિ આરંભી.

એ સ્તુતિને અષ્ટપદી—જેમાંથી સર્વોત્તમ રસકાવ્ય ગીતા ગોવિંદનો જન્મ થયો—

પ્રેમલક્ષણા ભક્તિના નિચોડ જેવી સ્તુતિની શરૂઆત થતાં જ રાજા વગેરે કવિ અને કવિ પત્ની તરફ જોઈ રહ્યા.

પહેલું પદ પુરૂં થયું, અને પદ્માનું પોપચું જાણે ફરક્યું.

બીજું પદ પુરૂં થયું, અને તેના જમણા પગનો અંગુઠો જાણે હાલ્યો.

ત્રીજું પદ પુરૂં થયું, અને તેનો ડાબો હાથ જાણે સળવળ્યો:

ચોથે પદે હોઠ જરા કંપ્યા.

પાંચમે પદે નાસિકા જરા સંકોચાતી લાગી.

છઠ્ઠે પદે તેણે આંખ ઉઘાડી.

સાતમે પદે તેણે એક ઊંડો નિઃશ્વાસ મૂકયો.

ખૂબ ઝીણવટથી જોઇ રહેલાં રાજા, અને રાણી અન્ય પ્રેક્ષકોના હૃદયમાં કોઇ અકથ્ય ભાવનો ઉભરો આવ્યો. આઠમા પદની અંતીમ પંક્તિ—જય જગદીશ હરે !—દરેક જણે ઉપાડી લીધી, અને એ જયઘોષ પૂરો થતાં જ પદ્માએ આળસ મરડી.

રાણી મોકળે મને રડી પડી. રાજા ઉભરાતા મને જયદેવને વળગી પડયો. જયદેવ અલિપ્ત ભાવે ભગવાન કૃષ્ણચંદ્રની મૂર્તિ સામે જોઈ રહ્યો.

અને રાઘવ ખવાસનું તત્કાળ પુરતું ફટકી ગયું. હાથમાં કરતાલ લઇ " જય જગદીશ હરે "ની ધૂન મચાવતો તે આંગણા બહાર અને નગરમાં નાચતો નાચતો દોડયો.

અને આકાશમાંથી કિન્નરોનું ગાન પૃથ્વી પર રેલાવા લાગ્યું.

પ્રેમ ન જૂએ—!

ભગવાન કૃષ્ણની ભક્તવત્સલતાના નમૂના જેવાં આ ચિત્રપટ પછી તરત જ ગોવર્ધનધારીની પ્રિયપાત્રી કાલિન્દી (યમુના)નો તટ નજરે પડે છે. મંજીરા અને કરતાલને બદલે ઈરાનની .મોહક દીલરૂબા અને સતારના સૂર સંભળાય છે. અને ઓરીસ્સામાં આવેલા નાના રજવાડાની સુઘડ, નાની રાજધાનીને બદલે શહેનશાહે હિંદની સત્તા અને વિલાસભૂમિ આગ્રાનું દર્શન થાય છે.

દૂર કાલિંદીનાં કાળાં પાણી જાણે કનૈયાને શોધવા જતાં હોય એમ ખળખળ વહે છે. પાસે બલ્ખ અને બુખારાના કારીગરોએ રચેલા બાગમાંથી સુગંધી જળતા ફુવારા ઉડે છે, અને એ નદી અને બાગ પાસે ઝૂલતા ઝરૂખા જેવી અગાશીમાં દિલ્લીશ્વરો વા જગદિશ્વરો વા ની ઉપાધી પામેલો, જગતના ઇતિહાસમાં જેની જોડના કોકજ છે, એવો ભારત સમ્રાટ અકબર પોતાના માનીતા પંડીત જગન્નાથ જોડે શેતરંજની રમતમાં મશગુલ છે.

ઋતુ વસંત છે, પણ આગ્રામાં તો તે ઋતુમાં પણ ઉકળાટ છે.

રમત રંગ પર આવતા સમ્રાટને તરસ લાગે છે. તે હજૂરીઆને ખબર આપે છે.

અને અંદરથી એક દાસી માથા ઉપર સૂવર્ણનો ચંબુ ઉપાડી આવે છે.

ઈરાનની મોહક સુંદરતા એના શરીરમાંથી નીતરે છે. પાતળી, સુડોળ એની કાઠીમાં ધનુષ્યની કમાનની સ્થિતિસ્થાપકતા છે. ગોરા એના મુખપર ઇરાનના ગુલાબોની સુરખી છે. લાંબા એના અણીવાળા નયનોમાં કંદહારના હરિણોની મારકતા છે.

કળા અને સૌંદર્યના જાણકાર સમ્રાટ એને નિહાળી રહે છે. અને પછી કવિને કહે છે.

“ કવિરાજ, જુઓ, આ શાહીમહેલનું એક નૂર. એનું જરા વર્ણન કરી બતાવોને ! ”

નફીકરો, રંગીલો, જગન્નાથ હજી સુધી શેતરંજના મહોરા પર જ ધ્યાન રાખી બેઠો હતો. તે નજર ઉંચી કરે છે, અને દાસીને જુએ છે.

કુતૂહલમાંથી તેનાં નેત્રોમાં વિસ્મય જાગે છે. પછી તેમાં કો અકથ્ય ભૂખ ઊઠે છે.

દાસી નયનો નીચાં નમાવે છે.

અને સરસ્વતીના લાડીલા સંતાન જેવા કવિશ્વરના કંઠમાંથી સુંદર શ્લોક ઝરે છેઃ–

इयं सुस्तनो मस्तकन्यस्त कुंभा।
कुसुंभारुणं चारुचेलं वधानां॥
समस्तस्य लोकस्य चेतो प्रवृत्तिं।
घटे इव प्रस्थाप्य यातीव भाति॥ [१]

[માથા ઉપર ઘડો મૂકેલી, કાશ્મીરી કેસર જેવી રતૂમડી રૂડી ઓઢણી ઓઢેલી, આ સુંદર સ્તનવાળી સુંદરી, દુનિયા આખીના મનનું હલનચલન કબજે કરી, તેને ઘડામાં મૂકીને જાણે આવતી ન હોય એમ દેખાય છે.]

સુંદર કંઠમાંથી સુંદર સ્વર વડે નીકળેલા આ સુંદર છતાં ઉચીત વર્ણન સાંભળીને અકબરનું હૃદય આનંદથી છલકાઇ ગયું. "માંગો, કવિરાજ, માંગો તે આપું." તેણે ઉદારતાથી આગ્રહ કર્યો.

અને કવિએ પોતાના રંગીલા સ્વભાવને અનુરૂપ ઉત્તર આપ્યો.

न याचे गजालिं न च वाजि वारिं
नवित्तेषु चित्तं मदीयं कदाचित्।
इयं सुस्तनो मस्तकन्यस्तकुंभा
लवंगी कुरंगी दगंगी करोतु॥ [२]

[નથી હું હારબંધ હાથી ઘોડા ઇચ્છતો, કે નથી મારૂં મન કદીયે દોલતમાં લાગેલું. આ સુંદર સ્તનવાળી, માથા ઉપર ઘડો મૂકેલી, હરણી જેવી આંખોવાળી લવંગી અપાવો.]

બાદશાહ સડક થઇ ગયો. આ બ્રાહ્મણ—યવનની હવાથી યે અશુદ્ધ બનાર બ્રાહ્મણ—એક યવન કન્યાને પરણવાં માંગે છે?

તેણે કહ્યું, "પણ કવિરાજ, તમે બ્રાહ્મણ,. આ મુસલમાન?"

કવિએ કહ્યું, "સરજનાર તો ઇશ્વર છે, ને– અને પ્રેરનાર પણ તે છે. સમ્રાટ! પ્રેમ જૂએ નહિ જાત કજાત!"

અને રાજા હસ્યો. જે થતું હતું તે ઠીક થતું હતું. હિંદુ–મુસ્લીમ એકતાનો પોતાના પ્રયત્નોમાં એક મજબૂત અંકોડો રચાતો હતો.

અને એ રીતે યવનકન્યા લવંગી ભારતના સર્વશ્રેષ્ઠ કવિ અને ઉચ્ચ કુળના બ્રાહ્મણ જગન્નાથને વરી.

અને સમાજ ખળભળી ઊઠ્યો. બ્રાહ્મણોમાં હાહાકાર થઈ ગયો. પણ અકબરશાહના માનીતા કવિને તેની શી પરવા હતી ?

પછીનું દશ્ય વર્ષો પછીનું છે. વૃદ્ધાવસ્થાને આરે આવેલા જગન્નાથના હૃદયની મસ્તી હજી ઓસરી નથી. સુંદરતાની જીવતી મૂર્તિ જેવી લવંગી ઉપર કાળની અસર જ થઇ નથી. હજી તેની પાતળી દેહલતામાં ડોલરની કલીનું માધુર્ય છે.

અને જાણે કાલેજ પરણ્યાં હોય એટલા પ્રેમથી યમુનામાં જળ-ક્રીડા ખેલે છે.

ખેલતાં ખેલતાં લવંગી બોલી, " કવિરાજ, યમુનામાં તો ખૂબ ખેલ્યા, હવે ગંગા તો બતાવો." પ્રિયતમાની આવી ઇચ્છા જગન્નાથથી કેમ ઉવેખાય ?

ત્રીજું દશ્ય છે, આર્યાવર્તના ધર્મક્ષેત્ર વારાણસીનું. પંડિતજી પોતાની યવન પત્ની સાથે આવ્યા છે.

બન્ને સજોડે સ્નાન કરવા ગંગામાં ઉતરે છે. અને બ્રાહ્મણોમાં હાહાકાર થાય છે.

અને બ્રાહ્મણોનું એક પંચ પંડિત પાસે આવે છે. મણિકર્ણિકાના ઘાટ પર એક સુંદર આરસની શીલા પર પંડિતજી બેઠા છે. તેમના પગ પાસે શુદ્ધ હિંદુસ્તાની પહેરવેશમાં લવંગી બેઠી છે.

પંચનો આગેવાન અપ્પય દીક્ષિત પડિતજીને કહે છે, " શાસ્ત્રોમાં ધર્મભ્રષ્ટ માટે શુદ્ધિ નથી. યવનો જોડે દેહસંબંધ બાંધનાર માટે પ્રાયશ્ચિત નથી. છતાં તમારા પાંડિત્ય તરફ જોઈ તમો પશ્ચાતાપ કરતા હો, અને અમો આપીએ તે પ્રાયશ્ચિત્ત સ્વીકારવા તૈયાર હો તો તમને શુદ્ધ કરીએ."

સ્વમદર્શાની બેપરવાઇથી પંડીતજી કહે છે, " હું તો તમે કહો તે પ્રાયશ્ચિત્ત ન કરૂં, પણ લવંગીને હિંદુ બનાવી શકશો ?"

બ્રાહ્મણોના હૃદયમાં જાણે અરેરાટી વ્યાપી ગઈ હોય તેમ તેમનાં ડોકાં ધુણી ઊઠયાં. તેમના મુખમાંથી 'શીવ ! શીવ ! શીવ !' એવો ઉચ્ચાર થયો, "યવનને હિંદુ બનાવવાનો રસ્તો શાસ્ત્રોમાં નથી."

જરા પગ લંબાવી આળસ ખાતા પંડિતે જવાબ દીધો, "તો મારે શુદ્ધિ કરાવવી નથી. જીવન એની જોડે ગાળ્યું છે, તે ઘડપણમાં એને ત્યાગવાને નહિ !"

"જેવી તમારી ઇચ્છા !" દીક્ષિતે જવાબ આપ્યો. "પતિતોને વળી પાવન થવાનું ગમેજ શેનું ?"

જગન્નાથે જવાબ જ ન આપ્યો. તેણે ખભા ચડાવી ગંગા તરફ જોયાજ કર્યું.

પણ લવંગી પોતાના પતિને સમાજમાં ફરીથી સ્થાન મળે એ લાગ ગુમાવવા માંગતી નહોતી. તેણે અપય્ય દીક્ષિત તરફ ફરી હાથ જોડી કહ્યું, "બ્રહ્મદેવ, મારા પતિને સમાજમાં ફરીથી પ્રતિષ્ઠા મળતી હોય તો હું ખસી જવા તૈયાર છું."

અત્યાર સુધી જાણે અર્ધા ઘેનમાં પડેલા હોય એવા જગન્નાથે અચાનક માથું ઉંચું કર્યું. તેની આંખમાં રતાશ આવી. "શું કહ્યું ?" તેણે ત્રાડ મારતો હોય એમ કહ્યું.

"મહારાજ." હાથ જોડી લવંગીએ કહ્યું, "તમારા કલ્યાણના માર્ગમાં હું કાંટો થવા માંગતી નથી. હું આજેજ આગ્રા ચાલી જઇશ."

"તમે આગ્રા જાઓ તેમાં શું વળે ?" અપય્ય દીક્ષિતે સહેજ મરડાટથી કહ્યું, "તમે મ્લેચ્છ. તમારા સંસર્ગથી જાતિભ્રષ્ટ થયેલા પંડિતજી કાંઇ હવે વૃદ્ધાવસ્થાને આરે-તમને છોડી દે એટલે દોષમુક્ત થાય ?"

લવંગીની આંખોમાં કોઈ અકથ્ય તેજ આવ્યું. "જાતિભ્રષ્ટ ! એકતાને અને એક દયાને બે હૈયાં નાચી રહ્યાં તેનો દંડ આ જાતિભ્રષ્ટતા !" તેણે ઉગ્રતાથી પંડિતો તરફ જોયું. આર્દ્રતાથી પતિ તરફ જોયું, ગંભીરતાથી ગંગા સામે જોયું.

દૂર દૂર શાંતિથી વહી જતા ગંગાના નીર જાણે હસી રહ્યા. તેણે એક ધેરા નિઃશ્વાસ નાંખ્યો અને પંડિતો તરફ ફરીને કહ્યું. "બ્રહ્મદેવો, મને સ્વીકારવાથી જાતિભ્રષ્ટ થયેલા મારા પતિ મને છોડે તો યે પાછા જાતિમાં ન આવે એ મારી સમજમાં નથી આવતું. છતાં કૈં નહિ. એમના દોષનું નિવારણ કરવા હું પ્રાયશ્ચિત કરૂં તો તો ચાલે, ને ?"

"ખરૂં જોતાં તો પંડિતજીએ પોતે પ્રાયશ્ચિત કરવું જોઇએ." દીક્ષિતે જવાબ આપ્યો. "છતાં તમે તેમનું અર્ધાંગ છો, એટલે તેમની સંમતિ હોય તો ચાલે. પણ તે શું પ્રાયશ્ચિત કરો છો તેના પર આધાર રાખે."

લવંગી હસી—સવારની પહેલી લહેરીમાં જસવંતીનો છોડ હસે છે તેમ—અને પછી પતિને કહ્યુ. "નાથ, તો તમારા દોષ માટે મને પ્રાયશ્ચિત કરવા રજા આપો."

અત્યંત મમતાથી જગન્નાથ તેની સામે જોઇ રહ્યો. પંડિતોના વર્તનથી તેના પોતાના પર તો જરાએ અસર થઇ નહોતી. સમગ્ર યૌવન-કાળની આ સહચરીને તે જરાએ દૂર કરવા માંગતો નહોતો. પણ તેને કુતૂહલ થયું, અને તેણે પૂછ્યું. "પણ તું શું પ્રાયશ્ચિત કરશે એ તો કહે!"

લવંગીની આંખમાં અપાર્થિવ તેજ આવ્યું. **દીલ્લીશ્વરો વા જગદીશ્વરો વા** એ કથનના પ્રેરક મુગલીઆ ખાનદાનનું લોહી તેના મુખ ઉપર ઝળકી ઉઠ્યું. ઇરાનની ચપળ ગાઝેલ (Gazelle) હરિણી જેવી તેની દેહદષ્ટિ કોક સ્વાર્પણભૂખી સાવિત્રીની અદાથી તંગ બની. દિગંતમાં દષ્ટિ માંડતાં અસ્પર્શ્ય ગૌરવથી તે બોલી, "હિંદુ અને મુસલમાન એકજ પિતાનાં સંતાન છે. તમારી બ્રાહ્મણ જ્ઞાતિને એ સ્વીકાર્ય નથી. ભલે ન હો! પણ ભગવતી ગંગાને તો મ્લેચ્છ કે બ્રાહ્મણ એવા ભેદ વસતા નથી. એ તો સર્વેને એક સરખા સ્નેહથી સત્કારે છે, સંમાર્જે છે અને સમાવે છે. હું એને ચરણે જાઉં. મારી ગંગા સમાધિથી તો તમારો કહેવાતો દોષ નાશ થશે, ને!"

બુદ્ધિને જાણે પક્ષાઘાત થયો હોય તેમ બ્રાહ્મણો સાંભળી રહ્યા. તે કાળમાં તેમનામાં પણ જવલ્લેજ મળી આવતી, આવી સ્વાર્પણની ભાવના

આ યવન સ્ત્રીના હૃદયમાંથી ઉડે એવું તેમને એટલું તો અશક્ય લાગ્યું, કે તેઓ જવાબ દઇ શક્યા નહિ.

પણ જેણે જરાયે સ્વસ્થતા ગુમાવી નહોતી, જેની ગગનગામી કલ્પનામાં અપાર્થિવ ભાવો રમી જ રહ્યા હતા તે જગન્નાથ પોતાની પત્ની સામે જોઈ રહ્યો. તેને માટે આવો પ્રેમ તે દર્શાવે એમાં નવાઇ નહોતી, છતાંયે આવા પ્રેમના દર્શનથી તેને પોતાનું જીવતર પણ સાર્થક લાગ્યું. તે હસ્યો, ઉભો થયો અને પંડિતો સામે જોઇ બોલ્યો.

"આ ભાવના આર્ય નથી તો શું અનાર્ય છે? આવી ભાવનાવાળી સ્ત્રીને તમે ન અપનાવવા માંગતા હો તો તમારો સમાજ તમને પ્રિય હો!" અને લવંગીનો હાથ જોરથી પકડી તેણે કહ્યું, "લવંગી, તું આગ્રા જશે તો શું હું અહીં રહીશ? તને છોડવાથી મારૂં કલ્યાણ થાય? તારો દ્રોહ કરવાથી તો હું નર્કમાં યે શાંતી ના પામું."

બ્રાહ્મણો જોઇ રહ્યા. લવંગી ઉર્મિભારથી દબાઇ ગઇ.

એ પળ પછી અપ્પય દીક્ષિતે કહ્યું, " તો અમે રજા લઇએ છીએ."

જગન્નાથે આકાશ સામે જોયું. ગંગા સામે જોયું, અને કહ્યું, "દીક્ષિત, ભારતના પંડિતોમાં તમે આગળ પડતું સ્થાન ધરાવો છો. છતાં તમારાં શાસ્ત્રો તમને નથી શીખવી શકતા તે શીખી લો. એક ઘડીથી વધારે વખત નહિ લાગે."

અને લવંગીને ખોળામાં બેસાડી તેણે ભગવતીગંગાને પ્રણામ કર્યાં, અને તેને ઉદ્દેશીને સ્તુતિ કરવા માંડી.

સંસ્કૃતના સર્વોત્તમ કાવ્ય જેવા સુંદર એ ગંગા લહરીના શ્લોકે શ્લોકે ગંગાએ એક એક પગથીયું ચઢવા માંડયું.

આખા ગામમાં વાત ફેલાઇ ગઇ. લોકોની મેદની કાંઠા પર જમા થઈ.

વાતાવરણને સુમધુર સ્વરથી ભરી દેતા શ્લોકો પંડિતના મુખમાંથી ચપોચપ ઝરે જાય છે. ભગવતી ભાગીરથી પણ ચપોચપ ઉપર ચડયે જાય છે.


અને બાવન શ્લોક પૂરા થતાં ગંગા બાવન પગથિયાં ચડે છે. અને કવિના ચરણ પખાળે છે.

અને ત્યાં તો કવિની યવનપત્ની છેલ્લો—તેપનમો—શ્લોક બોલે છે. મુસલમાન કન્યાના મુખમાંથી શ્લોકો ઝરતા સાંભળી બનારસની પ્રજા આશ્ચર્ય મુગ્ધ બની.

અને એ શ્લોક પૂરો થતાં ગંગાનાં નીર હિલોળે ચડયાં. ઐરાવતની સુંઢ જેવું એક જબરૂ મોજું આવ્યું, અને જાણે રૌદ્રાભિષેક કરવો હોય તેમ પંડિત અને તેની પત્નીને અભ્યંગ સ્નાન કરાવ્યું.

રૂઢીચૂસ્ત બ્રાહ્મણોનાં મુખ કાળામેંશ થઇ ગયાં. નદીતટ પરની વિશાળ જનતાએ રૂઢી અને સંપ્રદાયથી પર એવા દાંપત્યપ્રેમની મહત્તા સ્વીકારી પંડિતજીનો જયઘોષ કર્યો.

અને એ ઉત્સાહના પૂરમાં ચિત્રપટ પણ પુરૂં થયું.



વિસર્જન

ભાગીરથીનાં ઉછળતા નીર શમતાં ચિત્રપટની સમાપ્તિ સૂચવતો **સ્વસ્તિના इन्द्रश्च वृद्धश्रवाः** નો સૌને જાણીતો શાંતિ પાઠ સંભળાવા લાગ્યો, અને તરત જ ઉઘડતી ઉષામાં રચાયેલા મેઘધનુષ જેવા સુભગરંગી વર્તુલમાં ભગવાન વ્યાસનાં દર્શન થયાં.

બેવડો બાંધો, ઉંચું માંસલ શરીર, અને ભગવાન પિનાકપાણી જેવો રતૂમડો દેહવર્ણ તેમને અનેરી પ્રતિભા આપતા હતા. શરદપૂર્ણિમાના ચંદ્રનું સૌમ્ય તેજ અને વસંતના ઉગતા સૂર્યનો પ્રતાપ તેમના વદન પર અજબ ખેલ સાધી રહ્યા હતા. તેમના વિશાળ કપાળમાં ચિંતન અને મંથનની આડી અને ઉભી રેખાઓનાં નિશાન હતાં. આંખોમાં અગાધ વિદ્વતાનું ઉંડાણ હતું, સંસારની યાતનાઓ પર સમભાવ હતો. અને શરદમાં રમતા મહાસાગરની શાંતિ હતી.

શાંતિપાઠ પૂરો થતાં તેમણે જાણે પ્રવચન કરવા માંડયું. સંધ્યાકાળે રમતા સાગરના જેવા ગંભીર સ્વરે તેમણે કહ્યું, “ કળિકાળના માનવી, માનવને માનવોત્તર બનાવે એ ધર્મ. એ વ્યાખ્યા ધ્યાનમાં રાખીને ઋષિઓએ આર્યોને માટે જીવનમાં આદર્શો આપ્યા હતા. તેમાંનો લગ્નનો આદર્શ શો હતો તે તેં જોયો. અલબત્ત, તેં જોયેલા ચિત્રોમાં ચમત્કારનું તત્વ હશે, પણ ઇતિહાસમાં, અને જો બરાબર નજર નાંખવામાં આવે તો, વર્તમાન સમાજમાં યે તને આદર્શ, યથાશક્તિ સાધતી અને સાધવા મથતી બેલડીઓ મળી આવશે.

“ ઐહિક સંપત્તિ અને બાહ્ય વિલાસ સાધનોને જ જીવનનું ધ્યેય ગણનારા વર્તમાન વૈશ્યયુગના માનવીઓ કદાચ સ્વાર્પણ પર જ નિર્ભર એવા આ દાંપત્યપ્રેમને ના પિછાની શકે. છતાં પણ જીવનની સંધ્યા ટાણે–જ્યારે ખૂબ મોડું થઈ જાય ત્યારે–તેઓને આ સત્ય સૂઝે છે જ.

“ માનવઆત્મા દેહથી શ્રેષ્ઠ છે, અને પરમાત્મા જોડે ઐક્ય મેળવતાં પહેલાંના પગથિયાં તરીકે પુરુષ અને સ્ત્રીના આત્માઓએ ઐક્ય

સાધવું પડે છે. એ ઐક્ય સંપૂર્ણ સ્વાર્પણ–સ્વનો પરમાં લોપ–કર્યા વિના સંભવતું નથી. એજ જીવન સાફલ્યની ચાવી છે. સર્વે ધર્મોએ એજ સત્ય પોકાર્યું છે. સંસારની કોઇ પણ પ્રવૃત્તિમાં જેટલે અંશે માણસ તન્મય બને–એટલે પોતાપણું ગુમાવે–એટલે અંશે એ વધારે સિદ્ધિ મેળવે છે, એ રોજના અનુભવની વસ્તુ છે. આથી જ ઋષિઓએ ભાવના અને નિષ્ઠાને શારીરિક ક્રિયા કરતાં વધારે મહત્વ આપ્યું છે. અને તેથી જ પ્રાતઃકાળે જે સતીઓ સ્મરાય છે, તે દરેકે ઋતધર્મને ખાતર, ચોખલીઆઓ નિંદે એવી શારીરિક ક્ષતીઓ સહન કરી હતી.

" **अहल्या, द्रौपदी, तारा, कुंती, मंदोदरी तथा ।** એ શ્લોકાર્થ તને આ ચિત્રોમાં જોયા તે કરતાં યે વધારે ઉદાત્ત જીવન સહચારનો મર્મ સમજાવશે."

આ નવા સત્યે મારા મગજમાં કોઈ અજબ પ્રકાશ પાડયો. હજી એ પ્રકાશનું રહસ્ય હું પુરૂં પચાવું તે પહેલાં તો ભગવાન્ વ્યાસ જાણે જતા હોય તેમ બોલ્યા, "અને તેમ છતાં પણ વ્યક્તિગત નરનારી, અને આખા માનવ સમાજ માટે તો અમે નિર્ધારી મૂકેલો આદર્શ એક જ છે–અર્ધ નારીશ્વર સાંબ સદાશીવનો. જ્યારે પતિ–પત્ની એવું ઐક્ય સાધે ત્યારે મોક્ષની સીડી પર લગભગ છેડે પહોંચી જાય છે, કારણ કે પછી વ્યક્તિ-માંથી સમષ્ટિમાં–આત્મામાંથી પરમાત્મામાં–લયયોગ સાધવામાં એકજ પગલું લેવાનું રહે છે.

" અને જ્યારે માનવકુળનાં બે અરધીઆં–નર અને નારી સમાજો– આવી પરમ્પરાર્પણની એકતાનતા સાધશે, ત્યારે જ માનવકુલ, માનવ મટી દેવકુળ બનશે. સાંબ સદાશીવની કલ્પનામાં એ આખરી રહસ્ય છૂપાયું છે."

અવાજ દૂર અને દૂર સરતો જતો હતો. માનવકુળની વિવિધ યાતનાઓના ઉકેલની આ ભવ્ય કલ્પનાનાં દર્શનથી હું મુગ્ધ બન્યો. ત્યાં તો કબીરવડની વિશાળ વનરાજીમાં સાયંકાળે લાડ કરતા પવનના જેવો મીઠો, મર્મર સ્વર આવ્યો.

" અને અર્ધ નારીશ્વર થતાં પહેલાં શંકરે કામદેવને ભસ્મ કર્યા હતા, અને તે પછી જ શૃંગાર માણ્યો હતો. નર નારીની વ્યક્તિગત કે સમષ્ટિગત એકતા માટે આ વસ્તુ પણ ધ્યાનમાં રાખવાની છે."

અવાજ બંધ થયો. નારદની વીણા જેવો મનોહર રણકાર સંભળાવા લાગ્યો, અને સહસ્ર પાંખડીવાળા કમળના જેવા તેજવર્તુલમાં ભગવાન અર્ધનારીશ્વરનાં દર્શન થયાં. સુલલિત કિન્નર કંઠોમાંથી શાંતિપાઠ ઝરવા લાગ્યોઃ—**आपः शान्तिः अन्तरीक्षश्च शांतिः**

અને સ્વપ્ન પુરું થતાં મારી આંખો ઉઘડી. ઉષાનાં કિરણ મારા ખંડમાં પડતાં હતાં. બારીની નીચલી બારસાખ પર શાંતિ અને પ્રેમનાં પ્રતિક એવાં બે કબુતરો ગૂંજતા હતા, " ઘુ હુ હુ હૂ–ઘુ હુ હુ હૂ."



પરિશિષ્ટ (૧)

હસ્તમેળાપ

આ પુસ્તકનું નામ હસ્તમેળાપ રાખવાનો ખુલાસો કરવો જોઇએ. હસ્તમેળાપ એ આપણી લગ્નવિધિમાં મુખ્ય ક્રિયા છે. લગ્ન મુહૂર્તની પળ નક્કી થઇ હોય તે વખતે હસ્તમેળાપ કરવામાં આવે છે. યુરોપમાં પણ હસ્તમેળાપ એ લગ્નનું સૂચક છે. કોઇ કન્યાનો હાથ માંગવો, હાથ મેળવવો એ લગ્નની માંગણી અને લગ્નના પર્યાય તરીકે જ વપરાય છે. આમ આર્યોએ હસ્તમેળાપને લગ્નના સંકેત તરીકે ગણ્યો છે.

આ સંકેત પાછળ કેટલાંક સુંદર સૂચનો રહ્યાં છે. સર્વે પ્રજાઓ માને છે કે માણસના ભાગ્ય તેની હથેલીમાં કોતરાયેલાં છે. તેથી વર વધૂના હાથ જોડાય ત્યારે તેમનાં ભાગ્ય જોડાય છે, એવું હસ્તમેળાપ સૂચવે છે. સ્થૂલ દૃષ્ટિએ પણ લગ્ન થાય એટલે વરકન્યાનાં ભાગ્ય જોડાય છે જ. એટલે આ સંકેતમાં કાંઇ નવાઇ ન લાગે. પણ જરા ઝીણવટથી જોઇએ તો એકલા આ ભવના સુખ દુ:ખની જ ભાગીદારી આમ સ્વીકારાતી નથી. હસ્તરેખા શાસ્ત્ર પ્રમાણે હાથમાંની રેખાઓ માણસના પૂર્વ જન્મનાં સંચિત કર્મો સૂચવે છે, અને આ જન્મમાં એમાંથી ભોગવવાના કર્મો એટલે પ્રારબ્ધ પણ સૂચવે છે. આમ વર કન્યાનો હથેવાળો થાય એનો અર્થ એટલો કે બન્ને પોતપોતાનાં સર્વ આગલા જન્મોનાં શુભાશુભ કર્મોનાં ફળને એકઠા કરે છે. આનું તર્કશુદ્ધ (Logical) પરિણામ એ ગણાય કે અત્યાર સુધી જે બે આત્મા એકમેકથી વિખુટા હતા, તે હવે પોતપોતાનાં કર્મોનું ફળ સહીયારૂં ભોગવવાના છે, એટલે હવે પછી એ બન્નેને મોક્ષ, નિર્વાણ કે ગમે તે અંતિમ પદ મળવાનું હોય ત્યાં સુધી જુદા પડશે નહિ. તેમના આ નિશ્ચયનું હસ્તમેળાપ એ પ્રતીક છે.

આ ઉપરાંત હસ્તમેળાપમાં બીજું એક સૂચન પણ છે. હસ્તસ્પર્શ એ વિશુદ્ધ પ્રેમને દર્શાવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. માતાપિતાનો હાથ માથે ફરે

એ બાળકને માટે મોટામાં મોટું લાડ છે. બીમાર માણુસ પણ પ્રિયકરના અને વડીલોના હાથના સ્પર્શથી રાહત અનુભવે છે. આમ પરસ્પર હસ્ત સ્પર્શ પણ એકમેકના વિશુદ્ધ પ્રેમના આવિર્ભાવનું સૂચન છે.

વળી જગત માત્રમાં ગંભીર કે જોખમભર્યું વચન આપવું હોય ત્યારે હાથમાં હાથ અપાય છે. આમ હસ્તમેળાપમાં લગ્નની બીજી પ્રતિજ્ઞાઓ પુરી પાડવાનો પરસ્પર ને પવિત્ર કોલ અપાય છે.

આ ઉપરાંત 'હાથ ઝાલવો', 'To give a hand', વગેરે શબ્દપ્રયોગો, મદદ કરવી, નભાવી લેવું, ઠેઠ સુધી વળગી રહેવું એવા અર્થમાં વપરાય છે. આ ઉપરથી હાથ ઝાલનાર પતિપત્ની એકમેકને જરૂર પડતાં મદદ કરશે અને આખર સુધી વળગી રહેશે એ સાચા સખ્ય (મૈત્રી) નું સૂચન હસ્તમેળાપથી થાય છે.

આ ઉપરાંત પણ હસ્તમેળાપમાં બીજાં અનેક સૂચનો સમાયાં છે. પ્રાણાકર્ષણ (Mesmerism, Hypnotism) માં પ્રાણમય કોષની વિદ્યુતની અસર કરવા માટે હાથના પાસ (passes) આપવા પડે છે, અને તે વખતે આંગળાં વાંકાં વાળવામાં આવે છે. કારણ કે એ વિદ્યુતનું વહન હાથ અને આંગળાદ્વારા થાય છે. આ પ્રમાણે ધન અને ઋણ વિદ્યુત ધરાવનારા નરનારીના હાથનું મેલાણ એ તેમના પ્રાણને પરસ્પર સાથે સાધી, પ્રાણપ્રવાહ વહેવડાવવાનો સંકેત છે.

અને દેહની પ્રણય ભૂખ સંતોષવા અને સંકોરવામાં હસ્તમીલન કેટલો અગત્યનો ભાગ ભજવે છે તે દરેક પ્રણયીએ અનુભવ્યું હશેજ. કોઇક અવિવાહિત પ્રણયીઓ એકમેકના હાથમાં હાથ મૂકી બેસી રહેવામાં, નિરવધિ પ્રેમતુષ્ટિનો આનંદ અનુભવે છે. કોઇક વિવાહિત દંપતિઓ પ્રણય કેલીના પ્રારંભમાં હસ્તમિલનથી ઉત્તેજના મેળવે છે, અને કોઈક પતિ પત્ની શાંત પડી ગયેલી રસભાવનાને, ઠંડી પડી ગયેલી પ્રેમ જ્યોતને ચતુરાઈ અને ધીરજ પૂર્વકના હસ્તમિલનથી ફરીથી સતેજ કરે છે. આમ નિરંકુશ મદનને સંયમમાં એ લાવવાનું સાધન છે, ભસ્મરૂપ બની ગયેલા અનંગને ફરીથી પ્રગટાવવાનું એ સાધન છે, અને એ રીતે માનવની એ મહાભાગ સર્ગશક્તિને વિલાસના ક્ષેત્રમાંથી રૂપાંતર કરી સર્જન શક્તિમાં

ઉર્ધ્વગામી (sublimated) કરવાનું અનેરૂં સાધન હસ્તમિલન છે. આજ પુસ્તકના બીજા ભાગ જેવાં તેના અનુસંધાનમાં લખાનારા "મનનાં મેળ" નામના પુસ્તકમાં સત્ય ઘટનાત્મક કથાઓ દ્વારા આ વસ્તુ મેં સ્પષ્ટ કરી છે.

સારાંશમાં હસ્તમેળાપ આટલી વસ્તુઓનો પ્રતીક કે સંકેત છે: (૧) વરવધૂના આ જન્મનાં ભાગ્ય એટલે સુખદુ:ખની સરખી ભાગીદારી; (૨) જન્માંતરના શુભાશુભ કર્મોની સહીઆરી ફાળવણી; (૩) આમરણાંત અને જન્માંતરમાંયે એકમેકને ન છોડવાનો કોલ; (૪) પરસ્પરનાં ગુણ દોષ નિભાવવાનો, પરસ્પરને પડી ભીડે ટેકો આપવાનો નિશ્ચય; (૫) ઉભયનાં અન્નમય કોષ (શરીર) અને પ્રાણમય કોષનાં મિલનનો સંકેત; અને (૬) નરનારીની તદ્દન સાહજીક કામવાસનાનું નિયમન, સંવર્ધન, પુનર્જીવન અને ઉર્ધ્વીકરણનાં સાધનનું સૂચન.

આમ દાંપત્યની સફળતાની ચાવી જેવા આ શબ્દ 'હસ્તમેળાપ' ને મેં દાંપત્યને લગતા મારા પ્રથમ પુસ્તકના નામ તરીકે પસંદ કર્યો છે. હસ્તમેળાપ વખતે બોલાતા મંત્રનો અર્થ અને રહસ્ય પરિશિષ્ટ (૨) માં આપેલું છે.

પરિશિષ્ટ ૨

લગ્નના મંત્રો

અહિં લગ્ન વિધિમાં વપરાતા બધા મંત્રોનો વિગતવાર અર્થ સમજાવવાનો અવકાશ નથી. અહિં તો માત્ર આ પુસ્તકમાં આપેલા, તેમ હસ્તમેળાપ વખતે ઉચ્ચારાતા મંત્રનો જ અર્થ અને તેના પરથી તારવી શકાતી ભાવના જ સમજાવવામાં આવશે.

હસ્તમેળાપ વખતે બોલાતો વેદનો મંત્ર નીચે પ્રમાણે છે.

गृभ्णामि ते सौभगत्वाय हस्तं ।
मया पत्या जरदष्टिर्यथासः ।

भगो अर्यमा सविता पुरन्धि ।
मह्यं त्वादुर्गार्हपत्याय देवा : ॥

" સૌભાગ્ય માટે હું તારો હાથ ઝાલું, જેથી તું તારા પતિ–મારી સાથે જ ઘરડી થાય.

ભગ. અર્યમા, સવિતા અને પુરન્ધિ એ દેવોએ ગાર્હપત્ય (ગૃહપતિના કામ) માટે મને તને આપી છે."

આમાં લગ્નના હેતુ રૂપ બે વસ્તુ કહી છે. બન્ને જણે જોડે ઘરડા થવાનું છે. એનો અર્થ ચોખ્ખો છે, કે મરણ સુધી બન્ને જુદા પડવાના નથી, અને પતિ બીજી પત્ની કરવાનો નથી. કારણ કે તે બીજી પત્ની કરે તો જોડે ઘરડાં થવાનો હેતુ સચવાય નહિ. બીજી વસ્તુ 'ગાર્હપત્યાય' શબ્દ છે. ગાર્હપત્યાય એટલે ગાર્હપત્ય માટે. ગાર્હપત્ય એ ગૃહપતિ પરથી વિશેષણ છે. ગૃહપતિનું કાર્ય એટલે ગાર્હપત્ય આમ ગૃહપતિનું સર્વે કાર્ય પત્નીએ કરવાનું છે, એટલે ગૃહસ્થાશ્રમના દરેક કાર્યમાં બન્નેની સરખી જુમ્મેદારી, સરખો હિસ્સો અને સરખો હકક સૂચવાય છે.

આ ઉપરાંત જે દેવો પતિને પત્ની આપે છે, એમનાં નામ પણ અર્થ ભરેલાં છે. ભગ એટલે ભાગ્ય (સૌભાગ્ય) ઐશ્વર્ય, અને સુખનો દેવ. ભગ શબ્દનો અર્થ યોનિ પણ થાય છે, એથી એ પ્રજોત્પત્તિનો દેવ ગણી શકાય. અર્યમા (પારસીઓનો અહરીમાન) એ ગતિવાચક ઋ ધાતુ ઉપરથી નીકળેલો શબ્દ છે. પ્રકૃતિનાં અંતરાયો સામે હિંમતથી અથડાઇ પ્રગતિ સાધવામાં સહાયક એ દેવ છે. આ ઉપરથી સંસારની આધિ, વ્યાધિ, ઉપાધિ વિ. ત્રિવિધ ઉત્પાતો સામે દંપતીએ કુત્તેહથી ઝૂઝવાનું છે એમ સૂચવાય છે. "**सविता वै प्रसवानामिष्टे**" સૂર્ય તો જીવન્ત પ્રાણી માત્રનો દેવ છે. એ સર્વે પ્રકારનાં શકિત અને પ્રકાશનો જન્મ-દાતા છે. આરોગ્ય એના પર જ આધાર રાખે છે. આમ જીવન અને આરોગ્ય ટકાવવા અને લંબાવવા એ લગ્નનો હેતુ છે એમ સૂચવાય છે. પરસ્પરના જીવનમાં ઉલ્લાસ, પ્રકાશ અને આરોગ્ય ફેલાય એ ગર્ભિત ધ્વની છે. આખરે 'પુરન્ધી' દેવ તે પુર—નગર અથવા ગ્રામને ધારી રાખનાર ટકાવનાર દેવ છે. ગ્રામ અથવા નગરની ઉત્પત્તિ જ સામાજિક સંગઠન

અને સમૂહગત જાગૃતિ સૂચવે છે. આ દેવનું નામ દેવા પાછળ અર્થ એ છે કે સમાજને સ્થીર કરવા, સમાજને ઉપયોગી થવા આ લગ્ન કરવામાં આવ્યું છે; એટલે પતિપત્નીના અંગત સુખભોગ કે હિત માટે નહિ પણ સમાજનાં હિત માટે દંપતી લગ્નગાંઠથી જોડાય છે, હસ્તમેળાપ કરતી વખતે આ ભાવનાઓ આંખ આગળ રાખવાની છે.

હસ્તમેળાપ વખતના મંત્રનો આ ભાવવાહી અને ભાવનાશીલ આદર્શ છે. હવે જે શ્લોકો મેં પુસ્તકમાં લગ્નના આદર્શને દાખવવાને વાપર્યા છે, તેમાં કોઇ ઠેકાણે પ્રચલિત મતોથી જુદો અર્થ તારવ્યો છે, એટલે એનો અર્થ સમજી લઇએ.

आत्मने तेऽऽस्मानं संदधामि।
प्राणैस्ते प्राणान् संदधामि॥

"તારા આત્મા સાથે મારો આત્મા જોડું છું. પ્રાણ સાથે પ્રાણ." આ બધાએ સ્વીકારેલો અર્થ મેં પુસ્તકમાં આપ્યો છે. આ અર્થમાં જે ભાવના ભરી છે તેની ભવ્યતા અને યથાર્થતા વિષે ચર્ચા કરવાની જરૂર જ નથી. છતાં વ્યાકરણની દૃષ્ટિએ એક વસ્તુ કહેવા જેવી લાગે છે. **आत्मने** ચોથી વિભક્તિમાં છે, તેનો અર્થ આત્મા માટે એમ થાય. **प्राणैः** ત્રિજી વિભક્તિમા છે. એનો અર્થ પ્રાણવડે થાય. આ ઉપરથી પદે પદનો બરાબર અર્થ કરીએ તો "તારા આત્મા **માટે** મારો આત્મા અને તારા પ્રાણ **સાથે** મારા પ્રાણ હું જોડું છું. એવો અર્થ થાય." **सम्+धा** ધાતુનો અર્થ યોજવું, સાંધવું એવો થાય છે. એટલે આ સર્વનો વિસ્તારથી વિચાર કરીએ તો પ્રાણ સાથે પ્રાણ તરત જોડાય છે. જ્યારે આત્મા મેળવવા માટે આત્માને યોજવામાં આવે છે. એવો ધ્વનિ નીકળે. આ ઉપરથી મંત્રદૃષ્ટા એવું સૂચવે છે કે દેહમિલન સાથે જ કે પહેલાં **પ્રાણની** એકતા તો થશેજ. અને તે પછી બન્નેના આત્માના ઐક્ય માટે પ્રયત્ન કરવાનો રહેશે. આમ લગ્નનો હેતુ આત્માની એકતા સાધવાનો છે, અને દંપતીએ (ખાસ કરીને પતિએ) એ એકતા માટે અને તે મળે ત્યાં સુધી પ્રયત્નશીલ રહેવાનું છે, એવો આમાં સંકેત છે.

द्वा सुपर्णा सयुजा ......વિ૦–મૂળ ઉપનિષદ્‌માં આપેલા શ્લોકનો અર્થ આત્મા અને પરમાત્માના સંબંધમાં ઘટાવવામાં આવે છે, એનો શબ્દાર્થ આ પ્રમાણે લેવાય છે–“એ સરખી પાંખોવાળા પક્ષીઓ એક વૃક્ષ પર બેઠા છે. તેમાંથી એક પિપ્પળને ખાય છે, બીજો તે જોઇ રહે છે.” આમાં આત્મા કંઇ કરે છે, અને ઈશ્વર સાક્ષીરૂપ છે એમ અર્થ ઘટાવવામાં આવે છે. અને બન્નેને સમાન રૂપવાળા ગણી તેમનું અદ્વૈત માનવામાં આવે છે.

પણ આ અર્થમાં **सखायै** તેમજ **समानं** શબ્દોનો પુરો અર્થ આવતો નથી. **सखायै** શબ્દ ચતુર્થીમાં છે, અને તેનો અર્થ મિત્ર કે મૈત્રી માટે એમ લઇ શકાય. **समानं** વૃક્ષના વિશેષણ તરીકે લઈએ તો સારા માપવાળાની અથવા બધી બાજુથી સરખું એવું વૃક્ષ થાય. એને ક્રિયા વિશેષણ તરીકે લઈએ તો ‘સરખી રીતે’ એવો અર્થ થાય. આ ઉપરથી મેં વૃક્ષને સંસારવૃક્ષ માની દંપતીને બે પક્ષી ગણ્યાં છે. અલબત્ત, ઉપનિષદ્‌ના અર્થ બ્રહ્મવિદ્યામાંજ લાગુ પડે એવી મર્યાદા સ્વીકારીએ તો મેં લીધેલો અર્થ ઘટાવવામાં છુટછાટ કરી છે એમ કહી શકાય. પણ જનતામાં પ્રચલિત સુભાષિતો ઘણીવાર કવિઓ પોતાના પુસ્તકોમાં દાખલ કરે છે, એમ ઉપનિષદ્‌કારો પણ એવા સુભાષિતો પોતાના પુસ્તકમાં દાખલ કરે એ તદ્દન અસંભવિત નથી. વળી **ऋषीनां पुनराद्यानामर्थो वागनुधावति।** એ સૂત્ર પ્રમાણે તો સંજોગો કે પ્રસંગ અનુસાર જો શબ્દોના વ્યાકરણ કે યોગાર્થને બાધ ન આવે તો ઋષિવાકયોના અનુકૂળ અર્થ કરી શકાય. આમ આ શ્લોકને દાંપત્યના ક્ષેત્રમાં ઘટાવવાને વાંધો નથી. વળી જે પાછળની બે લીટી–એક પક્ષી ફળ ખાય છે, અને બીજું જોયા કરે છે–એ પણ તે વખતનાં અને તે પછીથી અત્યાર સુધીનાં સ્ત્રી–પુરૂષનાં સંબંધ પર કડવી ટીકા જેવી છે. એ વિષે લંબાણ વિસ્તાર વળી કોઈ વખતે.

सहनाववतु सहनौ भुनक्तु—આ પ્રસિદ્ધ શાંતિપાઠનો શ્લોક મુખ્યત્વે ગુરૂ શિષ્યના સંબંધમાં બોલાય છે. જો કે ઘણી વાર બીજી ઘણી ધાર્મિક ક્રિયામાં તેનો ઉપયોગ થાય છે. પણ **नौ** એ પહેલા પુરૂષ દ્વિવચનનું દ્વિતિયા, ચતુર્થ કે ષષ્ઠિનું રૂપ છે. તેનો અર્થ અમે બેને કે આપણે

બેને, અમારે (કે આપણે) બન્નેને માટે કે અમારૂં (કે આપણું) બન્નેનું એવો થાય. એટલે આ શ્લોક બે કરતાં વધારે વ્યક્તિઓને લાગુ પડે નહિ, અને શાંતિપાઠ હોવાથી 'અમે' નહિ પણ આપણે એજ અર્થ લેવો જોઇએ.

વળી **अवतु**, **भुनक्तु**, **अस्तु**, વગેરે ક્રિયાપદો ત્રીજા પુરૂષ એક વચનમાં આજ્ઞાર્થના રૂપો છે, અને બધા પરસ્મૈપદમાં છે. એટલે કોઇ ત્રીજી વ્યક્તિ આપણને બંનેને લાગુ પડે એવી ક્રિયા કરે છે. એ સ્પષ્ટ છે. આ શ્લોકમાં **अवतु** એટલે રક્ષે એ અર્થમાં કોઇને વિરોધ નથી. પણ **सहनौ भुनक्तु**નો અર્થ આપણે બે સાથે ભોગવીએ કે સાથે ખાઇએ એવો કરવામાં આવે છે. વ્યાકરણ પ્રમાણે આ અર્થ બેસતો નથી. **भुज्** પરસ્મૈપદનો અર્થ ભોગવવું એટલોજ થાય છે, અને વ્યાકરણ પ્રમાણે તો તે આપણને બન્નેને ભોગવે એટલો જ અર્થ થાય. પહેલા ચરણમાં રક્ષણની વાત આવી છે, એટલે બીજા ચરણમાં એની ઉલટી વાત લીધી છે. સાથેજ જીવવા મરવાના કોડ-વાળા પ્રેમાળ દંપતી માટેનોજ આ મંત્ર છે—વળી **भुज्** ધાતુ આત્મને પદમાં હોય તો ખાવું એવો અર્થ થાય છે. અને અહિં આત્મનેપદને બદલે પરસ્મૈપદ વાપર્યું છે, એમાં ખાનારના પોતાને માટે નહિ, પણ ખવરાવ-નારને માટે ક્રિયા થાય છે એ સૂચવવા માટેજ પદ ફેર કરવામાં આવ્યો છે. ભગવદ્ગીતામાં આવી રીતે એકલા આત્મનેપદમાં જ વપરાતા ક્રિયાપદ **रम्**નું પરસસ્મૈપદમાં રૂપાંતર કર્યું છે, કારણ કે રમનાર પોતાના આનંદ માટે નહિ પણ પારકાના આનંદ માટે રમે છે એમ સૂચવવાનો કર્તાનો આદેશ છે. આ પ્રમાણે અર્થ લઇએ તો મેં લીધો છે એજ ખરો અર્થ છે, કારણકે દંપતીને કાળદેવ ભક્ષે તે તેમનાં જ ઉત્કર્ષ માટે, કારણકે દેહ ધારીને જે સહયાત્રા કરી હોય તે વિદેહ—સૂક્ષ્મ રૂપમાં પણ અંતરાય વગર ચાલુ રહે, અને એ રીતે ઉભય આત્માનું એક જ આત્મામાં સાયુજ્ય મેળવવાનો દાંપત્યનો હેતુ વધારે સરળતાથી અને વધારે ત્વરાથી સફળ થાય. મારી પ્રમાણિક માન્યતા પ્રમાણે તો દાંપત્યનો આર્ય આદર્શ આ શ્લોકના ચારે ચરણમાં સાંગોપાંગ ઉતાર્યો છે, અને તેથી જ મેં આરંભની વાર્તાઓ આ ચરણોની ઉત્પત્તિને અનુલક્ષીને આપી છે.

હવે ખાસ કાંઈ રહેતું નથી. **सखायौ सप्तपदा भव** । એ વાક્યમાં **सख** શબ્દ છે. **ख** એટલે આકાશ, મન, વૃત્તિ એ ઉપરથી સુખ એટલે

સારી વૃત્તિ, દુઃખ ખરાબ વૃત્તિ. આમ સમાન—એકસરખી વૃત્તિવાળા, દુઃખે દુઃખી સુખે સુખી થનારા **सखायै** ચતુર્થી એક વચન છે. એટલે એક સખાને માટે એવો આ પદનો અર્થ થાય, હવે **सप्तपदा भव** એટલે સાત પગલાંવાળી–સાત પગલાં ચાલનારી થા એવો અર્થ થાય. આમ સખા–સમ સુખ દુઃખી પતિ પત્નીને કહે છે કે "મારે માટે, (હું તારો સખો છું માટે) તું સાત પગલાં લે." સ્થુળ અર્થમાં જમીન પર સાત પગલાં લેવાય છે, પણ એમાં ખરૂં જોતાં તો અન્નમય કોષથી માંડીને નિરૂપાધિ આત્માને વિંટળાઇ વળેલા સપ્તકોષો ચડવાનું આમંત્રણ છે. આમ આ નાનાસરખા પદમાં પણ અનેરી આત્મૈક્યની આકાંક્ષા જણાઈ આવે છે.

આટલું આર્યોએ લગ્ન માટે જે આદર્શ સેવ્યો હતો તે વિષે મેં લખ્યું છે. તે આદર્શ સાધવાના વિવિધ પ્રયત્નોને તેઓએ જે કાલ્પનિક કથાઓમાં ગુંથીને પ્રચલિત કર્યા હતા, તે કથાઓ આ પુસ્તકમાં એ આદર્શને રજુ કરે એવી રીતે મેં આલેખવા પ્રયત્ન કર્યો છે.

પરિશિષ્ટ ૩

કેટલીક વાર્તાઓ વિષે નોંધ

૧. **શ્વેતકેતુ**—મહાભારતમાં આની કથા આવી છે. એણે પહેલીવાર લગ્ન સંસ્થાનું નિયમન કર્યું. તેના પહેલાંના વખતમાં મોટે ભાગે તો નર નાર સ્વેચ્છાએ મળતાં અને સ્વેચ્છાએ છુટા પડતાં. આમ હાલના મુક્ત સહચાર (Free love) જેવી સ્થિતિ પ્રવર્તતી. કોઈ કોઇ પતિપત્ની કદાચ લાંબો વખત ભેગાં રહેતાં. છતાં અત્યારે મનાય છે તેવાં પતિવ્રત કે પત્નીવ્રતનો ખ્યાલ પણ નહોતો. આવી સામાજિક અવ્યવસ્થા સાથે વિશિષ્ટ સંજોગોમાં પણ લગ્નો, બહુમતિ લગ્ન, બહુ પત્ની લગ્ન, એવા પ્રયોગો પણ થવા માંડેલા. છતાં મોટે ભાગે મુક્ત સહચારની સ્થિતિ હતી. આમાંથી વર્તમાન લગ્ન સંસ્થાનું પહેલું રૂપ શ્વેતકેતુએ આલેખ્યું. આને લીધે બીજાં

દૂષણો દૂર થયાં, પણ આર્થિક અને સામાજિક કારણોને લીધે બહુપત્ની લગ્નો નાબુદ થઈ શક્યાં નહિ.

૨, રુરુ અને પ્રમદ્વારા–આપણામાં ઘણીજ ઓછી જાણીતી આ કથા વેદકાળની સર્વોત્તમ પ્રેમકથા છે. આનાથી મુગ્ધ થઈને અર્વાચીન યોગીંદ્ર અરવિંદ ઘોષે એક સુંદર કાવ્ય લખ્યું છે, તેનું નામ ઘણું કરીને Divine Song કે Divine Love એવું છે.

૩. લોપામુદ્રા અને અગસ્ત્ય એ વેદકાળનું પ્રભાવશીલ જોડલું છે. પણ પુરાણકારો તેમનું તેજ જીરવી શકયા નથી, એટલું જ નહિ પણ રામાયણમાં આવેલા આ પાત્રોમાં વેદમાંનાં પાત્રોનું પ્રખર વ્યક્તિત્વ નથી. વળી અગસ્ત્ય અને લોપામુદ્રાએ હિંદી મહાસાગર ઓળંગેલો, અને જાવા, સુમાત્રા, અને બલી સુધી આર્ય સંસ્કારો અને આર્ય ધર્મ ફેલાવેલાં, એનો યે આપણે ત્યાં ઉલ્લેખ નથી. પુરાણકારો તો બે વિચિત્ર કથાઓ લખે છે. એક તેમના દક્ષિણ પ્રવાસની, જ્યાંથી વિંધ્ય ને ઉંચો વધતો અટકાવવા એ પાછા જ નથી ફર્યા. અને બીજી સમુદ્ર પાનની. પહેલી કથાનો અગસ્ત્ય પહેલી વાર આર્યત્વને વિંધ્યની દક્ષિણે લઇ ગયા એ ફલિતાર્થ છે. અત્યારે પણ કેરલ અને દક્ષિણના બીજા પ્રદેશોમાં અગસ્ત્ય સંપ્રદાયનાં જ્યોતિષ, વૈદક, મંત્ર, તંત્ર વગેરે શાસ્ત્રો ચાલે છે, અને તે ઉત્તર સંપ્રદાયના એજ શાસ્ત્રોથી જુદા છે. બીજી કથામાં તદ્દન ન સમજણ પડે તેવી રીતે અગસ્ત્યની રાહબરી હેઠળ પહેલીજવાર આર્યોએ સમુદ્ર ઓળંગ્યો એવો ધ્વનિ લઈ શકાય. પણ જાવામાં મળી આવતા અગસ્ત્ય અને લોપામુદ્રાના મંદીરોજ આપણને ઇતિહાસના આદિકાળમાં આર્યોએ આદરેલા અને યશસ્વી રીતે પાર પાડેલા મહા સાહસની માહિતી આપે છે. ખરે, ઇતિહાસની આવી અપ્રતિમ ગૌરવભરી કેડી ભૂલી જનાર પુરાણકારોએ પ્રજાના સાહસને રૂંધીને દેશદ્રોહજ કર્યો છે.

મેં બને ત્યાં સુધી વેદમાં આપેલાં ચિત્ર અને પુરાણ કથાના સૂચનોમાંથી આ જોડલું કલ્પી કાઢયું છે. એ કલ્પના આ અદ્ભૂત યુગલનું ખરૂં ચિત્ર આપે છે એવી મને શ્રદ્ધા છે.

૪. વસિષ્ઠ અને અરૂંધતી—ઋગ્વેદના કાળથી દરેક આર્યોએ આ બેને આદર્શ યુગલ માન્યા છે. પુરાણોમાં તો આ એકજ યુગલ એવું છે, કે જે

ત્રણુ ત્રણુ જન્મ સુધી એને એજ નામ ધારણુ કરી લગ્ન કરે છે, અને સંસારને ઉજવાળે છે. પણુ દિલગીરીની વાત એ છે, કે એમને શા માટે આ ઉચ્ચ પદવી આપી છે. તેના સ્પષ્ટ કારણો–કે કથાઓ મળી આવતી નથી. માત્ર આદર્શ અનેઅનુસરવા યોગ્ય યુગલ તો વસિષ્ઠ અને અરૂંધતીનું– [રામ સીતાનું પણુ નહિ] એટલુંજ વારંવાર જણાવવામાં આવે છે. વસિષ્ઠ વિશ્વામિત્રના વૈરના ઘણા ઉલ્લેખો વેદમાં છે. એ વૈર કે સ્પર્ધાની ઘણી કથાઓ મહાભારત, રામાયણુ અને પુરાણુમાં છે પણુ એમાં એકકેમાં વસિષ્ઠ કે, અરૂંધતીના દાંપત્યની મહત્તા બતાવે એવું કાંઇ મળી આવતું નથી. વળી એ કથાઓ વસિષ્ઠ અને વિશ્વામિત્રને ઉલ્ટો અન્યાય કરે છે અને તેમનાં ગૌરવને ક્ષતિ પહોંચાડે છે. આમ છતાં મેં એમના ગૌરવ જળવાય એ રીતે જુદી જુદી કથાઓમાંથી વસ્તુ લઇ આ વાર્તા લખી છે. છતાં વેદકાળની આ ત્રણ વંદનીય વ્યક્તિઓને પૂરો ન્યાય આપ્યાનો મને સંતોષ નથી. ભવિષ્યમાં એવો ન્યાય આપવાનો ઊંડો ઊંડો સંકલ્પ તો છેજ.

આ સાથે એક વાત કહેવી ઠીક લાગે છે. સપ્તર્ષિમાં એકલા વસિષ્ઠજ પત્ની સાથે પ્રકાશે છે, એ સર્વમાન્ય કથા છે. એટલે સપ્તર્ષિમાં છઠ્ઠો તારો જે વસિષ્ઠ નામે ઓળખાય છે, તેની પાસે એક ખૂબ ઝાંખો, નાનો તારો પ્રકાશે છે તે અરૂંધતીનો છે એવી લોકોની માન્યતા છે પણુ મારી માન્યતા જુદી છે. સપ્તર્ષિ મંડળના સાતે તારાઓમાં છ એકવડા તારા છે. માત્ર વસિષ્ઠનો તારો બેવડો (binary) તારો છે. ખૂબ સારા દૂરબીનમાંથી જેવામાં આવે તો આ એક તારાને બદલે બે તારા દેખાય છે, અને તે બન્ને જાણે સનાતન રાસ રમતા હોય તેમ એકમેકની આસપાસ ઘૂમે છે. પ્રાચીન આર્યોને આ ખબર હોવી જોઇએ, અને તેથીજ આમ સનાતન કાળ સુધી એકમેકની આસપાસ ઘુમતા આ તારાઓને વસિષ્ઠ અરૂંધતી કલ્પી તેમને અજોડ અને અલૌકિક દાંપત્યના પ્રતિક બનાવેલાં. પછી જ્યારે વેદના સર્જનાત્મક યુગનો લય થયો, અને પુરાણોનો પ્રાણહીન યુગ આવ્યો ત્યારે આવા બેવડા તારાની કલ્પના જ ભૂંસાઇ ગઇ, અને પાસેના ઝાંખા તારાને અરૂંધતીનું નામ અપાયું. ખરી હકીકત આ છે એમ મારી પુખ્ત વિચાર પછીની માન્યતા છે.

આ યુગલને જેમ જોડીઆ તારામાં આર્યોએ સ્થાન આપ્યું તેમ અગત્સ્ય અને લોપામુદ્રાને કોઇ બે તારા સોંપાયા નથી. માત્ર સર્વેથી પ્રકાશિત તારાને અગત્સ્યનું નામ આપવામાં આવ્યું છે, અને અનંતકોટિ તારાગણમાંથી માત્ર એનાજ ઉદય અને અસ્તની ગણત્રી અને ફળાદેશ આપણા જ્યોતિષશાસ્ત્રમાં અપાય છે. અગત્સ્ય વસિષ્ઠના મોટાભાઈ હતા. અને જો વસિષ્ઠ અરૂંધતીને તારાઓમાં સ્થાન મળે તો, અગત્સ્ય જોડે લોપામુદ્રાને મળવું જોઇએ તે નથી મળ્યું. માટેજ મેં એવી કલ્પના કરી છે, કે જીવનભર સહવાસ અને સાહસ કાર્યોમાં અજોડ આવી બેલડીના આત્મા એક બની એકજ તારો રચાયો છે!

૫. વૃંદા–વૃંદાના પતિનું નામ જાલંધર, અને તે સમુદ્રનો પુત્ર હતો એવી પ્રચલિત કથા છે. મેં આપેલી કથા દેવી પુરાણમાં છે. એમાં એના પતિનું નામ શંખચૂડ આપવામાં આવ્યું છે. દેવી પુરાણની કથા પુરાણોમાં વધારે માન્ય છે.

વૃંદાની કથામાં વૃંદા અને વિષ્ણુનું સંપૂર્ણ સ્ખલન બતાવ્યું છે. પૂજ્ય દેવોની આ વિડંબના કુત્સિત અને અનિષ્ટ છે, તેથી મૂળ કથા કેવી હોવી જોઇએ એની કલ્પના કરી મેં વાર્તા લખી છે.

૬. સુકન્યા—આ કથામાં પણ પુરાણોની ગૌરવ વહોણી વાર્તામાં પાત્રોની કીર્તિને અનુરૂપ ગૌરવ મળે એવો ફેરફાર કર્યો છે. પુરાણ કથાનું મોળું આલેખન શ્રી. મુનશીને સાલેલું, તેથી તેમણે આ યશસ્વી વ્યક્તિઓને ઉપલક્ષીને 'પુરંદર પરાજય' નું પુસ્તક લખેલું છે. વાચકોને તેની સાથે મારી કૃતિ સરખાવવા વિનંતી છે.

૭. ધ્રુવદેવી.—રામગુપ્તે શત્રુ સેનાપતિને પત્ની સોંપેલી, એના નાના ભાઈ ચંદ્રગુપ્તે ભાભીનો વેશ લઇ એને છોડાવેલી, અને રામગુપ્તનું મરણ થતાં દિયર ભોજાઈ પરણેલાં એટલું તો ઐતિહાસિક સત્ય છે. દિલગીરી થવા જેટલું એટલુંજ છે, કે આ ઇતિહાસનો ઉલ્લેખ એક અરબ્બી ઇતિહાસકાર તરફથી આપણને મળે છે. પુરાણોમાં એનો ઉલ્લેખ નથી. આ વિષે શ્રી. મુનશીના નાટક ધ્રુવસ્વામિની દેવી જોઈ જવા વાચકોને વિનંતી છે. વધારામાં તેઓ એ સમર્થ કૃતિ જોડે મારો અલ્પ પ્રયાસ પણ સરખાવી શકે છે.

પ્રેરક અને પ્રાણવાન સાહિત્ય રજુ કરતી
'સંદેશ ગ્રંથમાળા'ના આજેજ ગ્રાહક બનો

રૂા. ૧૫ માં ૨૦૦૦ પૃષ્ટનું શિષ્ટ વાચન

મહાગૂજરાતને સસ્તામાં સસ્તી કિંમતે સચિત્ર, શિષ્ટ અને રસમય વાંચન મળે એ હેતુથી **'સંદેશ ગ્રંથમાળા'એ માત્ર રૂા. ૧૫ માં ૨૦૦૦ પૃષ્ટનું** શિષ્ટ વાંચન આપવાની યોજના કરી છે. આ ગ્રંથમાળાનું દરેક પુસ્તક તમારી ગૃહ-લાયબ્રેરીની ઉણપ દૂર કરવા વસાવવા યોગ્ય છે. આપ આજેજ આ લોકપ્રિય ગ્રંથમાળાના ગ્રાહક બનો.

આજની કાતિલ મોંઘવારીમાં **'સંદેશ ગ્રંથમાળા' લગભગ રૂા. ૨૦ થી ૨૨ ની કિંમતનાં સુંદર પુસ્તકો (એકંદર ૨૦૦૦ પૃષ્ટનું વાંચન) માત્ર રૂા. ૧૫ માં આપે છે.**

આ ગ્રંથમાળાનું સાહિત્ય જનતાની રુચિને પોષે તેવું પ્રાણવાન અને પ્રેરક છે; આ ગ્રંથમાળાનું સાહિત્ય વૈવિધ્યપૂર્ણ અને મહાગુજરાતના સિદ્ધહસ્ત સાક્ષરોની કલમે લખાયેલું છે.

આ ગ્રંથમાળા બૃહદ્ ગુજરાતની શિષ્ટ અને સંસ્કારી ગ્રંથમાળા છે.

ગ્રંથમાળાનાં નૂતન પ્રકાશનો

નર્તકી: લે: શ્રી. ઉમાકાન્ત... ... કિં. રૂા. ૫-૮-૦ પૃષ્ટ ૫૩૭

ઈસિરદાન: લે: શ્રી. ગોકુળદાસ રાયચુરા કિં. રૂા. ૩-૦-૦ ,, ૨૮૪

આરોગ્ય-
તનનું, મનનું, દેશનું: લે: ડૉ. હરિપ્રસાદ દેસાઈ કિં. રૂા. ૩-૪-૦ ,, ૨૮૦

હસ્તમેળાપ: લે: શ્રી. મંજુલાલ સા. દેસાઈ કિં. રૂા. ૪-૦-૦ ,, ૩૦૪ આશરે

સોનલ: લે: શ્રી. પ્રાણુલાલ ટી. મુનશી કિં. રૂા. ૪-૪-૦ ,, ૪૦૦ આશરે

રજુ કરી વેપાર-ધંધાવાળાઓ માટે અભ્યાસપૂર્ણ હકીકતો આપી નવું માર્ગદર્શન કરાવ્યું છે. શરીર પરના જુદાં જુદાં ચિહ્નોનું સામુદ્રિક દ્રષ્ટિએ ધ્યાન આપી તેનું શુભાશુભ ફળ પણ આપવામાં આવ્યું છે.

આ ચાર ખંડ ઉપરાંત પુસ્તકના છેવટના ભાગમાં ઉપયોગી પરિશિષ્ટ આપ્યાં છે. જેમાં **'જગતના મહાન પુરુષોની જન્મકુંડળીઓ,'** આપવામાં આવી છે અને જીજ્ઞાસુઓ માટે અભ્યાસની કુંડળીઓ પણ આપી છે. ભાવિના લેખનો તાદ્રશ્ય ચિતાર આપતી **'પૌરાણિક વાર્તાઓ'** આપી છે તે સાથે **'ભાગ્યરેખા શું કહે છે ?'** તેમાં હસ્તરેખાઓના ફળનો અભ્યાસની દ્રષ્ટિએ નિર્દેષ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકનો ગ્રંથ પરિચય જાણીતા વિદ્વાન **પંડિત શ્રી. રામલક્ષ્મણ બી. આચાર્યે** (ન્યાય-વેદાંત દર્શન, રત્નજ્યોતિષ-માર્તંડ, આયુર્વેદાચાર્ય. ડૉ. ઓફ પામિસ્ટ્રી એન્ડ ડૉ. ઑફ એસ્ટ્રોલોજી) લખી ગ્રંથની સરસ પીછાન આપી છે.

જ્યોતિષના સર્વાંગ સુંદર આ બે દળદાર ગ્રંથોમાં સંખ્યાબંધ ચિત્રો આપવામાં આવ્યાં છે. આ ચિત્રો પહેલીજ દ્રષ્ટિએ આકર્ષે તેવાં છે. વિધિનાલેખ, રાશિચક્ર, પૃથ્વી પર સૂર્યમાળાની અસર અને જુદી જુદી ખાસીયતો ધરાવતા સંખ્યાબંધ સ્ત્રી પુરુષોના હાથના પંઝાની તસ્વીરોથી પુસ્તક અનુપમ બન્યું છે.

આ ગ્રંથ આજજ ખરીદો અને આપની જીજ્ઞાસાને સંતોષો. આજ સુધી પ્રગટ થયેલા જ્યોતિષ ગ્રંથોમાં આ પુસ્તક અદભૂત-અપૂર્વ છે. એ આપના ઘરની લાયબ્રેરીના અલંકાર રૂપ થશે-આપના કુટુમ્બમાં મિત્ર બની રહેશે. આ પુસ્તક અજોડ અને ઉત્તમ બન્યું છે. એકવાર જરૂર વાંચી લેજો.

પ્રકાશકઃ સંદેશ પ્રકાશન મંદિર

સારંગપુર, **અમદાવાદ.**

સોલ એજન્ટઃ **મેસર્સ, એન. એમ. ઠક્કરની કું.**

બુકસેલર્સ.

૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨







•• જગદંબા કસ્તુરબા ••

હસ્તમેળાપ



આવો, સખે, સમૂળ આ ભવ બંધનોને,
અગ્નિ તપોમય થકી, કરવા અશેષ,
તેજોભર્યા શમી અને અરણી સમા જો,
પ્રેમોષ્ણતા નિગૂળતાં કર સાહીએ આ.




સાવિત્રી

મૃત્યુમાંથી અમૃતમાં



સુકન્યા

મહેન્દ્રનું મદમર્દન




અનસૂયા

મહા દેવોની માતા



પતિમય જીવન



રાજે જે ભવ્ય રાસે, નિશદિન રમતાં તારકો વ્યોમ માંહિ, રાજે જે દિવ્ય ગાને, રવિ શશી પ્રકૃતિ સર્જના પ્ર...

શ્રી જે સ્થાન સ્થાને, નરની સુજનતા નારી કેરા સુહાગે, અને જો, સાધવાને, પૂનિત યુગલ આ ભવ્ય પરિણય મા...



જયદેવ-પદમાવતી

દોઊ દેહ એક પ્રાન

હસ્તમેળાપ



આધિ વ્યાધિ ઉપાધી, ત્રિવિધ જગતની આંધી સાથે વટાવી:
સંસારે સ્વર્ગ માણી, પરહીત રટતાં સૌરભો રેલવીને:
સાધી સિદ્ધિ અનેરી, મનુજ ભવતણું ભવ્ય સાફલ્યકેરી.
સાથે સ્વર્ગે જવાનાં, અચૂક વચનથી માંડીએ પાદપંક્તિ !